# રત્ન સંચય


લેખિકા

તપ ચક્રવર્તી, અનંત ઉપકારી, અચલગચ્છાધિપતિ
પ.પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.ના આજ્ઞાનુવર્તી
શાસન પ્રભાવિકા પ.પૂ. જયલક્ષ્મીશ્રીજી મ.સા.ના સુશિષ્યા
સા. જયદર્શિતાશ્રીજી (M.Sc., Ph.d.)

સંપાદિકા

શાસન પ્રભાવિકા પ.પૂ. જયલક્ષ્મીશ્રીજી મ.સા.ના
પ્રશિષ્યા સા. હિમાંશુશ્રીજી



પ્રકાશક

શ્રી શત્રુંજય એકેડમી - ચાલીસ ગામ

સૌજન્ય

અ.સૌ. વાસંતીબેન નરેન્દ્ર શાહની સ્મૃતિમાં
હઃ નરેન્દ્રભાઈ મુલજી શાહ (ચાંગડાઈ) દેવલાલી

**પ્રકાશન**

સુદિર્ઘ તપસ્વી અચલગચ્છાધિપતિ

**પ.પૂ. આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.**ના

સુવર્ણ વરસીતપ મહોત્સવ નિમિત્તે

**લેખિકા**

તપસ્વી સમ્રાટના આજ્ઞાનુવર્તી શાસન પ્રભાવિકા

પ.પૂ. **જયલક્ષ્મીશ્રીજી** મ.સા.ના

સુશિષ્યા **સા. જયદર્શિતાશ્રીજી**

**સંપાદિકા**

શાસન પ્રભાવિકા

પ.પૂ. **જયલક્ષ્મીશ્રીજી** મ.સા.ના

પ્રશિષ્યા **સા. હિમાંશુશ્રીજી**

**પ્રત :** ૧૦૦૦

**પ્રકાશન :** સં. ૨૦૭૩ * ઈ.સ.૨૦૧૭

**પ્રાપ્તિ સ્થાન**

**શ્રી શત્રુંજય એકેડમી**

**ચાલીસ ગામ**

મુદ્રક : અશોક પ્રિન્ટરી- પાલીતાણા.

# રત્ન નિધાન

સાગરમાં અસંખ્ય રત્નો છે... અનેક પ્રકારના છે... અમૂલ્ય છે... યોગ્ય વ્યક્તિ માટે તે ઉપયોગી પણ છે... એટલે જ તો એ રત્નાકર કહેવાય છે.

શ્રુતસાગર - જિનાગમરૂપી સાગરમાં પણ અસંખ્ય રત્નો છે... વિવિધ પ્રકારના છે... અમૂલ્ય છે... પાત્ર વ્યક્તિઓ માટે ફક્ત ઉપયોગી જ નહિં પણ જીવન-ઉદ્ધારક... આત્મોદ્ધારક છે...

વિશાળ શ્રુતસાગરની સામે આપણું અલ્પ આયુષ્ય કેમ મેળ ખાય ? આવા સમયે આપણા ઉપર મહાન ઉપકાર કરી આજથી લગભગ ૬૦૦ વરસથી અધિક સમય પહેલા ૬૬મા પટ્ટધર અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી ગુણનિધાન સૂરિ મ.સા.ના શિષ્ય પૂજ્યપાદ હર્ષનિધાનસૂરિએ આગમના નિચોડરૂપ ૫૪૭ ગાથાઓ ઉદ્ધરીને એ ગાથાઓ રત્ન સ્વરૂપ હોવાથી એના સંગ્રહને 'રત્નસંચય' એવું નામ આપ્યું છે. સંબોધ - સત્તરી ટીકા, ઉપદેશ પ્રાસાદ, અને દેવચંદ્રકૃત પ્રશ્નોત્તર વિગેરે ગ્રંથોમાં રત્નસંચય ગ્રંથની સાક્ષી આપેલી જોવા મળે છે એ જ એની પ્રાચીનતા અને મહાનતા ઉપયોગીતાનો પુરાવો છે. અંતમાં બે ગાથાઓ પ્રશસ્તિરૂપે લખી છે. જેમાં જણાવે છે કે - **''ગુજરાતમાં આવેલા લોલપાટક નામના નગરમાં અંચલગચ્છના નાયક ગણિ શ્રી ગુણનિધાનસૂરિના ઉપેશથી હર્ષના સમૂહવાળા હર્ષસૂરિ (હર્ષનિધાનસૂરિ) નામના શિષ્યે શ્રુતસાગરમાંથી ઉદ્ધરીને આ રત્નસંચય ગ્રંથ રચ્યો છે. તે દુપ્પસહસૂરિ મહારાજા સુધી જય પામો.''**

આવો આ અતિમુલ્યવાન ગ્રંથ છેલ્લે સં. ૧૯૮૫માં શ્રી

જૈન ધર્મ પ્રસારક સભા ભાવનગરથી પ્રગટ થયો હતો એ જ ગ્રંથને અલ્પ ફેરફાર સાથે પુનઃ પ્રકાશિત કરવાનો અમને લાભ મળ્યો છે એ આનંદની વાત છે.

આ ગ્રંથના સંશોધન સમયે કેટલીક જગ્યાએ આ 'રત્નસંચય' ગ્રંથનું અપર નામ 'રત્નસમુચ્ચય' જણાવવામાં આવ્યું છે. પરંતુ આ બન્ને ગ્રંથો એક નથી. કેટલીક સમાનતા સાથે ભિન્નતા પણ જોવામાં આવે છે.

બન્ને ગ્રંથમાં મૂળ ૫૪૭ ગાથાઓ છે. બન્ને ગ્રંથની ગાથાઓ પ્રાકૃત ભાષામાં છે. બન્ને ગ્રંથોમાં ૧૧૫ વિષય સમાન છે. ગાથાઓ પણ સરખી છે. 'રત્ન સમુચ્ચય'માં ગ્રંથ કર્તાનું નામ સ્પષ્ટ નથી. રત્નસંચય ગ્રંથમાં કુલ ૩૩૬ વિષયો છે જ્યારે 'રત્નસમુચ્ચય' ગ્રંથમાં કુલ ૩૦૧ વિષય છે.

બન્ને ગ્રંથો એક જ કર્તાના પણ હોઇ શકે છે. હસ્તલિખિત પ્રતોમાં રહેલી અપૂર્ણતા અને અશુદ્ધિ યોગ્ય નિર્ણય સુધી પહોંચવા અસમર્થ બનાવે છે.

સંશોધકો પુરુષાર્થ કરે તો શ્રી શાસનને એક વિશેષ ગ્રંથની પ્રાપ્તિ થઇ શકે છે.


આ ગ્રંથની નકલ મેળવી આપવા બદલ અમે શ્રી ક.દ.ઓ. મહાજન હુબલી તેમજ શ્રી ચંદુભાઇ મોતીચંદ પટેલ - નલિયા - હુબલીના ઋણી છીએ.

તપ ચક્રવર્તી, અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મહારાજા સાહેબના સૂવર્ણ વરસીતપ મહોત્સવ પ્રસંગે

**૪૪મું પુષ્પ**

તરીકે એનું પ્રકાશન કરતાં અમે હર્ષ અને ગર્વ અનુભવીએ છીએ. દાતા પરિવારની હાર્દિક અનુમોદના.

સા. જયદર્શિતાશ્રીજી.


અંતરના અનુગ્રહ દાતા
પ્રાતઃ સ્મરણીય, તપ ચક્રવર્તી, અચલગચ્છાધિપતિ
પ. પૂ. આ. ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મહારાજા સાહેબ



## દિવ્ય કૃપા વર્ષા

આગમ અભ્યાસી...
સિદ્ધાચલ સ્નેહી...
નવકારમંત્રારાધિકા...
બાલ બ્રહ્મચારી..

**પ.પૂ. મુક્તિશ્રીજી મ.સા.**



પલ-પલ સ્મરણીય...
શાસન પ્રભાવિકા
જ્ઞાનારાધના પ્રેરીકા...

**પ.પૂ. જયલક્ષ્મીશ્રીજી મ.સા.**



## મંગલમય પ્રેરણા

શાંત સ્વભાવી...
સૌમ્ય મૂર્તિ...

**પ.પૂ. ગુણલક્ષ્મીશ્રીજી મ.સા.**

# સુકૃતના સહયોગી



શ્રીમતી વાસંતીબેન
નરેન્દ્રભાઈ શાહ



શ્રી સમીરભાઈ
નરેન્દ્રભાઈ શાહ


ની સ્મૃતિમાં



**શ્રી નરેન્દ્રભાઈ મુલજી શાહ**

દેવલાલી ગામ કચ્છ : ચાંગડાઈ

## સુકૃતના સહયોગી



શ્રી નરેન્દ્રભાઈ મુલજી શાહ
શ્રીમતી વાસંતીબેન નરેન્દ્રભાઈ શાહ
શ્રી સમીરભાઈ નરેન્દ્રભાઈ શાહ
શ્રીમતી ગીતાંજલીબેન સમીરભાઈ શાહ
ચિ. દિપ સમીરભાઈ શાહ
ચિ. સિમરન સમીરભાઈ શાહ
શ્રી રાકેશભાઈ નરેન્દ્રભાઈ શાહ
શ્રીમતી રાખીબેન રાકેશભાઈ શાહ
ચિ. તનય રાકેશભાઈ શાહ
ચિ. વેદીકા રાકેશભાઈ શાહ
શ્રી હિતેશભાઈ નરેન્દ્રભાઈ શાહ
શ્રીમતી ચાંદનીબેન હિતેશભાઈ શાહ

સાવલા કોમ્પ્લેક્ષ, દેવલાલી ગામ – કચ્છ (ચાંગડાઈ)

# રત્નને રત્નભાવે રત્નનું સમર્પણ

ચક્રવર્તીના ચૌદ રત્નથી સવિશેષ છે...

મહાન જીવનથી માતાને રત્નકુક્ષી બનાવનાર છે...

રત્નત્રયીના રખેવાળ છે...

રત્ન જેવા જિનશાસનના અમુલ્ય જવાહર છે...

કોહિનુરના હિરાથી પણ મહાન છે...

તપ સાધનાથી જે તપસ્વીરત્ન બન્યા છે...

જેમનો રત્નત્રયીનો પ્રકાશ જિન શાસનને અજવાળે છે...

એવા જિનશાસન શિરછત્ર, અચલગચ્છાધિપતિ

**રત્નને રત્નભાવે રત્નનું**

**તપસ્વીરત્નને અમુલ્યભાવે રત્નસંચયનું**

પ.પૂ.આ.ભ.

શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.ના

હસ્તકમળમાં

## સમર્પણ

સા.જયદર્શિતાશ્રીજી

# વિષયાનુક્રમણિકા



| નંબર | વિષય | ગાથાનો અંક |
|---|---|---|
| ૧ | મંગળને અભિધેય | ૧ |
| ૨ | નમસ્કાર મંત્રનું મહાત્મ્ય | ૨ થી ૧૦ |
| ૩ | શત્રુંજય તીર્થના મુખ્ય ૨૧ નામો | ૧૧-૧૩ |
| ૪ | તિર્યગ્જાંભક દેવોને રહેવાના સ્થાન વિગેરે... | ૧૪-૧૫ |
| ૫ | ઉત્તરવૈક્રિય શરીરનું ઉત્કૃષ્ટ માન તથા સ્થિતિ | ૧૬-૧૭ |
| ૬ | દેવોના ભોગ્ય પદાર્થો શેના હોય છે ? | ૧૮ |
| ૭ | એક રાજનું પ્રમાણ | ૧૯-૨૦ |
| ૮ | એક ઇંદ્રને આખા ભવમાં થતી ઇંદ્રાણીઓની સંખ્યા | ૨૧-૨૨ |
| ૯ | સુઘોષા ઘંટાનું પ્રમાણ | ૨૩ |
| ૧૦ | સંક્રાંતિને આશ્રીને દિવસની વૃદ્ધિનું પ્રમાણ | ૨૪ |
| ૧૧ | શ્રી મહાવીર સ્વામી તથા પદ્મનાભ સ્વામીનું અંતર | ૨૫ |
| ૧૨ | આવતી ચોવીશીમાં થનારા તીર્થંકરોના જીવોના નામ | ૨૬-૨૭ |
| ૧૩ | વર્તમાન ચોવીશીના તીર્થંકરો, ચક્રવર્તી, વાસુદેવ, તીર્થંકરના શરીરનું માન, આયુનું માન - આ પાંચ વસ્તુસૂચક બત્રીશ કોઠાવાળો યંત્ર કરવાની રીત અને યંત્રધષ | ૨૮-૩૬ |
| ૧૪ | વર્તમાન ૨૪ તીર્થંકરના પિતાઓની ગતિ | ૩૭ |
| ૧૫ | સર્વ તીર્થંકરોના સમવસરણનું પ્રમાણ | ૩૮ |
| ૧૬ | સમવસરણમાં બાર પર્ષદાઓની સ્થિતિ | ૩૯ |
| ૧૭ | ચોવીશ તીર્થંકરોના કુલ સાધુ-સાધ્વીઓની સંખ્યા | ૪૦-૪૧ |
| ૧૮ | તીર્થંકરોના ભવની સંખ્યા (સમકિતની પ્રાપ્તિ પછીની) | ૪૨ |
| ૧૯ | નેમિનાથ ને રાજિમતીના નવ ભવના નામો | ૪૩-૪૪ |
| ૨૦ | ચોવીશે તીર્થંકરોના નિર્વાણના સ્થાન | ૪૫-૪૬ |
| ૨૧ | મહાવીર સ્વામીએ નંદનમુનિના ભવમાં કરેલા માસક્ષમણની સંખ્યા | ૪૭ |
| ૨૨ | મહાવીર સ્વામીએ ગર્ભમાં કરેલો અભિગ્રહ | ૪૮ |
| ૨૩ | મહાવીર સ્વામીએ મરિચીના ભવમાં કરેલો કુળમદ | ૪૯ |
| ૨૪ | ભરતચક્રીને થયેલ વિચાર | ૫૦ |

| નંબર | વિષય | ગાથાનો અંક |
|---|---|---|
| ૨૫ | ચોવીશે પ્રભુના કેવળજ્ઞાનના સ્થાનો | ૫૧ |
| ૨૬ | બાર ચક્રવર્તીના નામો | ૫૨-૫૩ |
| ૨૭ | નવ વાસુદેવના નામો | ૫૪ |
| ૨૮ | નવ બળદેવના નામો | ૫૫ |
| ૨૯ | નવ પ્રતિવાસુદેવના નામો | ૫૬ |
| ૩૦ | બાર ચક્રવર્તીની ગતિ | ૫૭ |
| ૩૧ | વાસુદેવને બળદેવની ગતિ | ૫૮ |
| ૩૨ | ચક્રવર્તીને વાસુદેવની ઉત્પત્તિનો ક્રમ | ૫૯ |
| ૩૩ | ત્રેશઠ શલાકા પુરૂષોના જીવ, કાયા, પિતા અને માતાની સંખ્યા અને ગતિ | ૬૦-૬૧ |
| ૩૪ | ચક્રીના ચૌદ રત્નોને ઉપજવાના સ્થાન વિગેરે | ૬૨-૬૪ |
| ૩૫ | ચક્રવર્તીના નવ નિધાન | ૬૫ |
| ૩૬ | સ્ત્રીજાતિને શું શું સ્થિતિ પ્રાપ્ત ન થાય ? | ૬૬ |
| ૩૭ | અભવીને શું શું પ્રાપ્ત ન થાય ? | ૬૭ |
| ૩૮ | શ્રાવકને વસવા લાયક સ્થાન | ૬૮ |
| ૩૯ | શ્રાવકના એકવીશ ગુણ | ૬૯-૭૧ |
| ૪૦ | ગૃહસ્થના ૮૯ ઉત્તર ગુણ | ૭૨ |
| ૪૧ | શિષ્યની યોગ્યતા અયોગ્યતા આશ્રી દૃષ્ટાંતો (સવિસ્તર) | ૭૩ |
| ૪૨ | સમકિતના ૬૭ બોલ (વિસ્તારાર્થ યુક્ત) | ૭૪-૭૫ |
| ૪૩ | કુશીળવાનની આચરણા | ૭૬ |
| ૪૪ | શીળવંતોને તજવાના દોષ | ૭૭ |
| ૪૫ | અરિહંત પરમાત્માનો પ્રભાવ | ૭૮ |
| ૪૬ | ધર્મીજનના ભૂષણ | ૭૯ |
| ૪૭ | પાંચમા આરાને અંતે રહેવાનો સંઘ વિગેરે | ૮૦ |
| ૪૮ | દુપ્પસહસૂરિનું જ્ઞાન તથા ગતિ વિગેરે | ૮૧-૮૨ |
| ૪૯ | પાંચમા આરાના અંતનો ભાવ | ૮૩ |
| ૫૦ | પાંચમા આરામાં જિનધર્મની સ્થિતિનું કાળમાન | ૮૪ |
| ૫૧ | જિનધર્મનું મહાત્મ્ય | ૮૫ |
| ૫૨ | જાતિભવ્ય જીવો સંબંધી વિચાર | ૮૬ |

| નંબર | વિષય | ગાથાનો અંક |
|---|---|---|
| ૫૩ | જિનધર્મ પ્રાપ્તિની દુર્લભતા | ૮૭-૮૮ |
| ૫૪ | ક્ષમાની પ્રાધાન્યતા | ૮૯ |
| ૫૫ | ધન વિગેરેની પ્રાપ્તિના મૂળ કારણો | ૯૦ |
| ૫૬ | ધર્મથી સર્વ વસ્તુની પ્રાપ્તિ વિગેરે | ૯૧-૯૯ |
| ૫૭ | પ્રવૃત્તિ કરવાના દશ શુભ સ્થાન | ૧૦૦ |
| ૫૮ | અપૂર્વ વશીકરણ | ૧૦૧ |
| ૫૯ | ચારે ગતિના ધ્યાનરૂપ કારણ | ૧૦૨ |
| ૬૦ | વિષયનો વિશ્વાસ ન કરવા વિષે | ૧૦૩ |
| ૬૧ | શરીરના રૂપની તરતમતા | ૧૦૪ |
| ૬૨ | મોક્ષયોગ્ય દશ માર્ગણા | ૧૦૫ |
| ૬૩ | સામાન્ય ઉપદેશ | ૧૦૬ |
| ૬૪ | બ્રહ્મચર્યની શ્રેષ્ઠતા | ૧૦૭ |
| ૬૫ | સાધુલિંગ છતાં અવંદ્ય એવા પાંચ | ૧૦૮ |
| ૬૬ | સામાન્ય ઉપદેશ | ૧૦૯ |
| ૬૭ | ચરણ સિત્તરી | ૧૧૦ |
| ૬૮ | કરણ સિત્તરી | ૧૧૧ |
| ૬૯ | દશવિધ યતિ ધર્મ | ૧૧૨ |
| ૭૦ | ચાર પ્રકારની પિંડાદિ વિશુદ્ધિ | ૧૧૩ |
| ૭૧ | ત્રણ પ્રકારે ગુપ્તિને ચાર પ્રકારે અભિગ્રહ | ૧૧૪ |
| ૭૨ | મુનિ કેવા હોય ? | ૧૧૫ |
| ૭૩ | આઠે કર્મના બંધની જઘન્ય સ્થિતિ | ૧૧૬ |
| ૭૪ | આઠે કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ | ૧૧૭ |
| ૭૫ | તેર કાઠીયાના નામ | ૧૧૮ |
| ૭૬ | મનુષ્ય ભવની દુર્લભતાના દશ દૃષ્ટાંતો (વર્ણન સાથે) | ૧૧૯ |
| ૭૭ | ધર્મની પૂર્ણ સામગ્રીનો સંભવ મનુષ્ય ગતિમાં જ છે. | ૧૨૦ |
| ૭૮ | મનુષ્યભવની ઉત્તમતા | ૧૨૧ |
| ૭૯ | મનુષ્યભવની દુર્લભતા | ૧૨૨ |
| ૮૦ | મનુષ્ય ક્ષેત્રમાં ઉત્કૃષ્ટ ગર્ભજ મનુષ્યની સંખ્યા | ૧૨૩-૧૨૬ |
| ૮૧ | મનુષ્યને ઉપદેશ | ૧૨૭ |
| ૮૨ | એકેંદ્રિય જીવોને થતી પીડાનું દૃષ્ટાંત | ૧૨૮ |

| નંબર | વિષય | ગાથાનો અંક |
|---|---|---|
| ૮૩ | છકાય જીવોનો સંયોગ | ૧૨૯ |
| ૮૪ | જયણાની પ્રાધાન્યતા | ૧૩૦ |
| ૮૫ | અહિંસાની પ્રાધાન્યતા | ૧૩૧ |
| ૮૬ | દાનબુદ્ધિએ પણ હિંસા કરીને દ્રવ્ય મેળવવાની જરૂર નથી. | ૧૩૨ |
| ૮૭ | પાંચે સ્થાવર જીવોનું પ્રમાણ | ૧૩૩-૧૩૬ |
| ૮૮ | અણગળ પાણી પીવાથી થતી અનંતકાયની હિંસા | ૧૩૭ |
| ૮૯ | મનુષ્યના દેહમાં જીવોત્પત્તિ. (એકેંદ્રિયથી પંચેંદ્રિય સુધીના) | ૧૩૮-૧૪૧ |
| ૯૦ | વનસ્પતિ જીવોના ભેદ | ૧૪૨ |
| ૯૧ | એકેંદ્રિયથી પંચેદ્રિય સુધીના જીવોના નિવાસ સ્થાન | ૧૪૩-૧૪૫ |
| ૯૨ | નિગોદના જીવોનું અનંતાનંતપણું | ૧૪૬ |
| ૯૩ | નિગોદના જીવોને દુઃખ | ૧૪૭ |
| ૯૪ | નિગોદ વિગેરેની સૂક્ષ્મતાનું વર્ણન | ૧૪૮-૧૫૦ |
| ૯૫ | આ જીવ સર્વ સ્થાને ઉપજેલો ને મરણ પામેલો છે. | ૧૫૧ |
| ૯૬ | એક મુહૂર્ત્ત (બે ઘડી)માં નિગોદના જીવો કેટલા ભવ કરે ? | ૧૫૨ |
| ૯૭ | પાંચે પ્રકારના સમકિતની ઉત્કૃષ્ટ સ્થિતિ | ૧૫૩ |
| ૯૮ | નરકમાં થતી દશ પ્રકારની વેદના | ૧૫૪ |
| ૯૯ | રત્નપ્રભા પૃથ્વીનું સ્થાન | ૧૫૫ |
| ૧૦૦ | ભવનપતિ ને નારકીનું વાસ સ્થાન | ૧૫૬ |
| ૧૦૧ | પંદર પ્રકારના પરમાધામીના નામ | ૧૫૭-૧૫૮ |
| ૧૦૨ | દશ પ્રકારનું સત્ય | ૧૫૯ |
| ૧૦૩ | અસત્ય બોલવાના દશ કારણો | ૧૬૦ |
| ૧૦૪ | ઉત્સૂત્રરૂપ અસત્ય બોલવાનું ફળ | ૧૬૧ |
| ૧૦૫ | સત્યનું મહાત્મ્ય | ૧૬૨ |
| ૧૦૬ | ગીતાર્થ કેવું વચન ન બોલે ? | ૧૬૩ |
| ૧૦૭ | દાન સંબંધી વિચાર | ૧૬૪ |
| ૧૦૮ | સજ્જનોએ કેવું બોલવું ? | ૧૬૫-૧૬૬ |
| ૧૦૯ | રોષ વખતે કાર્ય ન કરવું. | ૧૬૭ |
| ૧૧૦ | ઋષભદેવના જીવે કરેલી પ્રથમ ભવમાં સમકિતની પ્રાપ્તિ | ૧૬૮ |
| ૧૧૧ | સમકિત દષ્ટિના લિંગ (ચિહ્ન) | ૧૬૯ |

| નંબર | વિષય | ગાથાનો અંક |
|---|---|---|
| ૧૧૨ | સમકિત દૃષ્ટિને મિથ્યાદૃષ્ટિની વહેંચણ ચાર ચાર પ્રકાર (અષ્ટભંગીના વિવરણ સાથે) | ૧૭૦-૧૭૧ |
| ૧૧૩ | મિથ્યાત્વનું મહા માઠું ફળ | ૧૭૨-૧૭૩ |
| ૧૧૪ | સુપાત્રદાનાદિનું ફળ | ૧૭૪-૧૭૬ |
| ૧૧૫ | દાનના ભેદ અને તેનું ફળ | ૧૭૭ |
| ૧૧૬ | મનના વ્યાપારની મુખ્યતા | ૧૭૮ |
| ૧૧૭ | મહાવીર પ્રભુના મુખ્ય દશ શ્રાવકોના નામ | ૧૭૯-૧૮૦ |
| ૧૧૮ | આનંદાદિ દશ શ્રાવકોના નિવાસ સ્થાન | ૧૮૧-૧૮૨ |
| ૧૧૯ | દશે શ્રાવકોની સ્ત્રીઓના નામ | ૧૮૩ |
| ૧૨૦ | આનંદાદિક શ્રાવકોને થયેલા ઉપસર્ગો વિગેરે (ઉપસર્ગના વર્ણન સાથે) | ૧૮૪ |
| ૧૨૧ | આનંદાદિક શ્રાવકોના ગોકુળની સંખ્યા | ૧૮૫ |
| ૧૨૨ | આનંદાદિક શ્રાવકોના ધનની સંખ્યા | ૧૮૬ |
| ૧૨૩ | આનંદાદિક શ્રાવકે સાતમા વ્રતમાં કરેલ નિયમો | ૧૮૭-૧૮૮ |
| ૧૨૪ | આનંદ અને મહાશતકને થયેલ અવધિજ્ઞાનનું પ્રમાણ | ૧૮૯ |
| ૧૨૫ | શ્રાવકની અગ્યાર પ્રતિમા (વિવરણ સાથે) | ૧૯૦ |
| ૧૨૬ | આનંદાદિક શ્રાવકોનું પ્રતિમાવહન ને પરલોકગમન | ૧૯૧ |
| ૧૨૭ | આનંદાદિક શ્રાવકો ક્યા ક્યા વિમાનમાં ઉપજ્યા છે ? | ૧૯૨ |
| ૧૨૮-૧૩૦ | સામાયિકમાં વર્જવાના ૩૨ દોષ (મન, વચન, કાયાના) | ૧૯૩-૧૯૮ |
| ૧૩૧ | આઠ પહોરના પૌષધનું ફળ (દેવાયુરૂપ) | ૧૯૯ |
| ૧૩૨ | બે ઘડીના સામાયિકનું ફળ (દેવાયુરૂપ) | ૨૦૦ |
| ૧૩૩ | સામાયિકનું મહાત્મ્ય | ૨૦૧-૨૦૨ |
| ૧૩૪-૧૩૬ | અરિહંત, અર્હત્, અરૂહંત શબ્દના અર્થ | ૨૦૩-૨૦૫ |
| ૧૩૭ | અઢાર દોષ રહિત અરિહંતને નમસ્કાર (દોષના નામ સાથે) | ૨૦૬-૨૦૭ |
| ૧૩૮ | અરિહંતના આઠ પ્રાતિહાર્ય | ૨૦૮ |
| ૧૩૯ | દેવપરની શ્રદ્ધાની શ્રેષ્ઠતા | ૨૦૯ |
| ૧૪૦ | જિનેશ્વરોની આજ્ઞાના પાલન અપાલનનું ફળ | ૨૧૦-૧૩ |
| ૧૪૧ | સંઘનું લક્ષણ | ૨૧૪ |

| નંબર | વિષય | ગાથાનો અંક |
|---|---|---|
| ૧૪૨ | ઈરિયાવહીના મિથ્યાદુષ્કૃતોની સંખ્યા | ૨૧૫-૧૮ |
| ૧૪૩ | કાયોત્સર્ગના ૧૯ દોષ | ૨૧૯-૨૦ |
| ૧૪૪ | ગુરૂવંદનમાં લાગતા ૩૨ દોષ | ૨૨૧-૨૫ |
| ૧૪૫ | વાંદણાના ૨૫ આવશ્યક | ૨૨૬ |
| ૧૪૬ | ગુરૂવંદનમાં ગુરૂએ કહેવાના છ વચનો | ૨૨૭ |
| ૧૪૭ | ગુરૂની તેત્રીશ આશાતના | ૨૨૮-૩૦ |
| ૧૪૮ | ગુરૂવંદનનું ફળ | ૨૩૧-૩૨ |
| ૧૪૯ | પ્રત્યાખ્યાનના આગારો | ૨૩૩-૩૬ |
| ૧૫૦ | શ્રાવકની સવાવસો દયા | ૨૩૭ |
| ૧૫૧ | શ્રાવકનું સવાવસો સત્ય | ૨૩૮ |
| ૧૫૨ | શ્રાવકને સવાવસો અદત્તત્યાગ | ૨૩૯ |
| ૧૫૩ | શ્રાવકને સવાવસો બ્રહ્મવ્રત | ૨૪૦ |
| ૧૫૪ | શ્રાવકને સવાવસો પરિગ્રહ પ્રમાણ | ૨૪૧ |
| ૧૫૫ | ઘરદેરાસરમાં ન બેસાડવા યોગ્ય પ્રતિમા | ૨૪૨ |
| ૧૫૬ | પાંચ પ્રકારના ચૈત્ય અને તેનાં લક્ષણ | ૨૪૩-૪૫ |
| ૧૫૭ | જિનેશ્વરના ચાર નિક્ષેપા | ૨૪૬ |
| ૧૫૮ | જિનચૈત્યમાં તજવાની દશ મોટી આશાતના | ૨૪૭ |
| ૧૫૯-૬૦ | સંપ્રતિ રાજાએ કરાવેલ જિનચૈત્યોને જિનપ્રતિમાની સંખ્યા | ૨૪૮-૪૯ |
| ૧૬૧ | ઋતુઆશ્રી લવણને સચિત્ત થવાનો કાળ | ૨૫૦ |
| ૧૬૨ | સચિત્ત ત્યાગીને ખપતા ફળો | ૨૫૧ |
| ૧૬૩ | કડાહવિગય (મીઠાઇ) વિગેરેનો કાળ | ૨૫૨-૫૪ |
| ૧૬૪ | વિદળ ને દહીંમાં જીવોત્પત્તિ વિષે | ૨૫૫ |
| ૧૬૫ | ગળ્યા વિનાની છાશ બાબત | ૨૫૬ |
| ૧૬૬ | અચિત્ત જળ વિચાર | ૨૫૭-૫૮ |
| ૧૬૭ | એકવીશ પ્રકારનું અચિત્ત (પ્રાસુક) જળ | ૨૫૯-૬૦ |
| ૧૬૮ | ઉકાળેલા પાણીનો કાળ (અન્ય કથિત) | ૨૬૧ |
| ૧૬૯ | વગર ચાળેલા લોટને અચિત્ત થવાનો કાળ | ૨૬૨-૬૩ |
| ૧૭૦ | ઔષધ વિગેરેને અચિત્ત થવાના કારણ | ૨૬૪-૬૫ |
| ૧૭૧ | ગૌતમ તથા સુધર્મા સ્વામીનો નિર્વાણ સમય | ૨૬૬ |

| નંબર | વિષય | ગાથાનો અંક |
|---|---|---|
| ૧૭૨ | જંબૂસ્વામીનો નિર્વાણ સમય અને દશ વસ્તુનો વિરહ | ૨૬૭-૬૮ |
| ૧૭૩ | બીજી વસ્તુઓના વિચ્છેદનો સમય | ૨૬૯-૭૧ |
| ૧૭૪ | ચાર કાળિકાચાર્યનો સમય વિગેરે | ૨૭૨-૭૬ |
| ૧૭૫ | આગમોને પુસ્તકારૂઢ કર્યાનો સમય | ૨૭૭ |
| ૧૭૬ | દિગંબરોની ઉત્પત્તિનો સમય | ૨૭૮ |
| ૧૭૭ | બીજીવાર આગમોનું પુસ્તકારૂઢપણું | ૨૭૯ |
| ૧૭૮ | પાખી ચૌમાસીનો ફેરફારનો સમય | ૨૮૦ |
| ૧૭૯ | શ્રાવક માટે મુખવસ્ત્રિકાને ચરવળાની સ્થાપના | ૨૮૧-૮૨ |
| ૧૮૦ | અષ્ટમી તથા પાક્ષિક તિથિનો નિર્ણય | ૨૮૩-૯૦ |
| ૧૮૧ | સાઢપોરસી વિગેરેનું કાળ માન | ૨૯૧-૯૨ |
| ૧૮૨ | પુરિમઢ્ઢનું પ્રમાણ | ૨૯૩ |
| ૧૮૩ | રાત્રીના કાળનું જ્ઞાન | ૨૯૪-૯૫ |
| ૧૮૪ | પોરિસીનું પ્રમાણ | ૨૯૬ |
| ૧૮૫ | પડિલેહણનો કાળ | ૨૯૭ |
| ૧૮૬ | ક્ષયતિથિનો સંભવ | ૨૯૮ |
| ૧૮૭ | સ્ત્રીને ગર્ભ ધારણ કરવાનો કાળ | ૨૯૯ |
| ૧૮૮ | સ્ત્રીને પુરૂષના કામવિકારની હદ | ૩૦૦ |
| ૧૮૯ | ગર્ભાવાસનું દુઃખ | ૩૦૧ |
| ૧૯૦ | પ્રસવ વખતે થતું દુઃખ | |
| ૧૯૧ | કોણિક ને ચેડારાજાના યુદ્ધમાં હણાયેલા મનુષ્યોની સંખ્યા તથા ગતિ | ૩૦૨-૩ |
| ૧૯૨ | ચૌદ પૂર્વના નામ | ૩૦૪-૫ |
| ૧૯૩ | સિદ્ધાંતના એક પદમાં શ્લોકની સંખ્યા | ૩૦૬ |
| ૧૯૪ | મોક્ષગમનનો સરલ માર્ગ | ૩૦૭ |
| ૧૯૫ | ગાથા (આર્યા) છંદનું લક્ષણ | ૩૦૮-૯ |
| ૧૯૬ | ઉત્તરાધ્યયન સૂત્રના ૩૬ અધ્યયનોના નામ | ૩૧૦-૧૪ |
| ૧૯૭ | જ્ઞાનની વૃદ્ધિ કરનારા નક્ષત્રો | ૩૧૫ |
| ૧૯૮ | પીસ્તાળીશ આગમની કુલ ગાથા સંખ્યા | ૩૧૬ |
| ૧૯૯ | જ્ઞાનાભ્યાસમાં અપ્રમાદીપણાની જરૂર | ૩૧૭ |
| ૨૦૦ | નકારરૂપે ઉપદેશ | ૩૧૮-૧૯ |

| નંબર | વિષય | ગાથાનો અંક |
|---|---|---|
| ૨૦૧ | દુર્જય એવા ચાર વાનાં | ૩૨૦ |
| ૨૦૨ | પાંચ સમિતિનું પાલન | ૩૨૧ |
| ૨૦૩ | નકારમાં ઉપદેશ | ૩૨૨ |
| ૨૦૪ | પાંચ કારણો વડે જ કાર્ય બને એ માન્યતા સમકિતીની હોય. | ૩૨૩ |
| ૨૦૫ | પાંચ ઇંદ્રિયોની અનર્થતા | ૩૨૪ |
| ૨૦૬ | પાંચ પ્રમાદની અનર્થતા | ૩૨૫ |
| ૨૦૭ | ધર્માદિક નહીં માનનારાને કરવા યોગ્ય શિક્ષા | ૩૨૬ |
| ૨૦૮ | ભયના સાત સ્થાન | ૩૨૭ |
| ૨૦૯ | સાધુની સાત મંડળી | ૩૨૮ |
| ૨૧૦ | આઠ અભવ્યના નામ | ૩૨૯ |
| ૨૧૧ | અષ્ટમંડળના નામ | ૩૩૦ |
| ૨૧૨ | શ્રાવકનું કર્ત્તવ્ય | ૩૩૧ |
| ૨૧૩ | શ્રાવકના દ્રવ્યનો સદુપયોગ | ૩૩૨ |
| ૨૧૪ | દશ પ્રકારના પુણ્યક્ષેત્રના નામ | ૩૩૩ |
| ૨૧૫ | વર્જવા યોગ્ય નવ નિયાણા | ૩૩૪ |
| ૨૧૬ | દશ પ્રકારના કલ્પવૃક્ષ | ૩૩૫ |
| ૨૧૭ | અરિહંતાદિક દશની વૈયાવચ્ચ | ૩૩૬ |
| ૨૧૮ | બ્રહ્મચર્યની નવ વાડ | ૩૩૭ |
| ૨૧૯ | ચોથા વ્રતના ભંગનું પ્રાયશ્ચિત | ૩૩૮ |
| ૨૨૦ | મુનિરાજની બાર પ્રતિમા | ૩૩૯ |
| ૨૨૧ | બાર પ્રકારનો તપ | ૩૪૦-૪૧ |
| ૨૨૨ | બાર ભાવનાઓ | ૩૪૨-૪૩ |
| ૨૨૩ | તેર પ્રકારની અશુભ ક્રિયા | ૩૪૪ |
| ૨૨૪ | વિષયાંધ સ્ત્રીઓની દુષ્ટતાનું પરિણામ | ૩૪૫ |
| ૨૨૫ | પરદેશી રાજાએ કેશી ગણધરને કરેલા ૧૦ પ્રશ્નો અને કેશી ગણધરે આપેલા ઉત્તરો. (વિસ્તૃત સમજુતિ સાથે) | ૩૪૬-૪૭ |
| ૨૨૬ | સાધુને ચાતર્માસ રહેવા યોગ્ય ક્ષેત્રના ૧૩ ગુણ | ૩૪૮ |
| ૨૨૭ | ચૌદ પ્રકારની અભ્યંતર ગ્રંથી (પરિગ્રહ) | ૩૪૯ |

| નંબર | વિષય | ગાથાનો અંક |
|---|---|---|
| ૨૨૮ | નવ પ્રકારનો બાહ્ય પરિગ્રહ | ૩૫૦ |
| ૨૨૯ | સિદ્ધના ૩૧ ગુણ | ૩૫૧ |
| ૨૩૦ | સિદ્ધના ૧૫ ભેદ | ૩૫૨-૫૬ |
| ૨૩૧ | પંચ પરમેષ્ઠિના ગુણોની સંખ્યા | ૩૫૭ |
| ૨૩૨ | દીક્ષાને અયોગ્ય પુરૂષાદિકના પ્રકારની સંખ્યા | ૩૫૮-૬૦ |
| ૨૩૩ | દશ ને સોળ સંજ્ઞા (સર્વ જીવને હોય તે) | ૩૬૧-૬૨ |
| ૨૩૪ | વનસ્પતિકાયમાં જણાતી દશે સંજ્ઞા | ૩૬૩-૬૬ |
| ૨૩૫ | સત્તર પ્રકારે અસંયમ | ૩૬૭-૬૮ |
| ૨૩૬ | સત્તર પ્રકારે સંયમ | ૩૬૯ |
| ૨૩૭ | અઢાર ભાવરાશી | ૩૭૦ |
| ૨૩૮ | તીર્થંકર નામકર્મ બાંધવાના ૨૦ સ્થાનો | ૩૭૧-૭૩ |
| ૨૩૯ | ક્યા તીર્થંકરના જીવે કેટલા સ્થાનો આરાધ્યા હતા ? | ૩૭૪ |
| ૨૪૦ | વીશ પ્રકારનો અવિનય | ૩૭૫-૭૭ |
| ૨૪૧ | ચોવીશ દંડક | ૩૭૮ |
| ૨૪૨ | મુહપત્તિને શરીરની પડિલેહણાના ૫૦ બોલ | ૩૭૯-૮૦ |
| ૨૪૩ | જિનકલ્પી મુનિની ૧૨ પ્રકારની ઉપધિ | ૩૮૧-૮૨ |
| ૨૪૪ | પાંચમા આરાના મનુષ્યાદિનું ઉત્કૃષ્ટ આયુષ્ય | ૩૮૩-૮૪ |
| ૨૪૫ | મનુષ્યાદિનું જઘન્ય આયુષ્ય | ૩૮૫ |
| ૨૪૬ | અટ્ઠાવીશ લબ્ધિઓના નામ (વિસ્તાર સાથે) | ૩૮૬-૩૮૯ |
| ૨૪૭ | અરિહંતના સમયમાં શું શું વિશેષ હોય ? | ૩૯૦ |
| ૨૪૮ | ચૌદ ગુણસ્થાનના નામ | ૩૯૧ |
| ૨૪૯ | એકેંદ્રિયમાં ગયા પછી દેવોને થતું દુઃખ | ૩૯૨ |
| ૨૫૦ | વનસ્પતિનું અચિત્તપણું ક્યારે થાય છે ? | ૩૯૩ |
| ૨૫૧ | પાંચ પ્રકારના ચારિત્રના નામ | ૩૯૪-૯૫ |
| ૨૫૨ | નપુંસક સંબંધી અર્થ વિનાની ગાથા | ૩૯૬ |
| ૨૫૩ | નપુંસકના લક્ષણ | ૩૯૭ |
| ૨૫૪ | ગળીવાળા વસ્ત્રના સંગથી થતી જીવોત્પત્તિ | ૩૯૮-૪૦૦ |
| ૨૫૫ | અભવ્યને ન પ્રાપ્ત થાય તેવા સ્થાનો | ૪૦૧ |
| ૨૫૬ | સાત કુલકરના નામ | ૪૦૨ |
| ૨૫૭ | સાત કુલકરની પત્નીઓના નામ | ૪૦૩ |

| નંબર | વિષય | ગાથાનો અંક |
|---|---|---|
| ૨૫૮ | દ્વિદળનું લક્ષણ | ૪૦૪ |
| ૨૫૯ | મહાવિદેહ ક્ષેત્રના સાધુઓના આહારનું માન | ૪૦૫ |
| ૨૬૦ | મહાવિદેહ ક્ષેત્રના સાધુઓના મુખનું તથા પાત્રનું પ્રમાણ | ૪૦૬ |
| ૨૬૧ | મહાવિદેહ ક્ષેત્રના સાધુઓની મુખવસ્ત્રિકાનું પ્રમાણ | ૪૦૭ |
| ૨૬૨ | સંગ્રહી રાખેલા ધાન્યની યોનિનો કાળ | ૪૦૮-૪૧૬ |
| ૨૬૩ | સાધ્વીના ૨૫ ઉપકરણો (વિસ્તાર સાથે) | ૪૧૭-૧૮ |
| ૨૬૪ | તિર્યંચને મનુષ્યની સ્ત્રીના ગર્ભની ઉત્કૃષ્ટ સ્થિતિ | ૪૧૯ |
| ૨૬૫ | દાન દેવાના દશ પ્રકાર (કારણ) | ૪૨૦ |
| ૨૬૬ | ઉચ્ચાર વિગેરે પરઠવવાની ભૂમિ | ૪૨૧-૨૨ |
| ૨૬૭ | તૃણ પંચક | ૪૨૩ |
| ૨૬૮ | ચર્મ પંચક | ૪૨૪ |
| ૨૬૯ | સાધુના ૨૭ ગુણો | ૪૨૫-૨૬ |
| ૨૭૦ | અષ્ટાંગ નિમિત્તાદિ ૨૯ પ્રકારનું પાપશ્રુત | ૪૨૭-૨૮ |
| ૨૭૧ | આ અવસર્પિણીમાં થયેલા દશ અચ્છેરા | ૪૨૯-૩૨ |
| ૨૭૨ | સંમુચ્છિમ મનુષ્યની ઉત્પત્તિના ૧૪ સ્થાનો | ૪૩૩-૩૪ |
| ૨૭૩ | પંદર યોગના નામ | ૪૩૫ |
| ૨૭૪ | બાર ઉપયોગ | ૪૩૬ |
| ૨૭૫ | બાવીશ અભક્ષ્ય | ૪૩૭-૩૮ |
| ૨૭૬ | બત્રીશ અનંતકાય | ૪૩૯-૪૩ |
| ૨૭૭ | અનંતકાય ને પ્રત્યેક વનસ્પતિનું લક્ષણ | ૪૪૪-૪૬ |
| ૨૭૮ | રાત્રિભોજનના દોષ | ૪૪૭-૫૪ |
| ૨૭૯ | પાંચ પ્રકારના શરીર | ૪૫૫-૫૭ |
| ૨૮૦ | દાનધર્મની પ્રશંસા | ૪૫૮-૬૦ |
| ૨૮૧ | જીવ અને કર્મનું જુદું બળવાનપણું | ૪૬૧ |
| ૨૮૨ | સુપાત્રદાનનું મહાત્મય | ૪૬૨ |
| ૨૮૩ | સુપાત્રને અયોગ્ય દાન આપવાનું માઠું ફળ | ૪૬૩ |
| ૨૮૪ | ધર્મના અર્થીને તેના દાતારની અલ્પતા | ૪૬૪ |
| ૨૮૫ | જૈનધર્મ સિવાય અન્યત્ર મોક્ષ નથી | ૪૬૫-૬૬ |
| ૨૮૬ | જગતને કોણ શોભાવે છે ? | ૪૬૭ |

| નંબર | વિષય | ગાથાનો અંક |
|---|---|---|
| ૨૮૭ | સજ્જનનો સ્વભાવ | ૪૬૮ |
| ૨૮૮ | સજ્જનની સમૃદ્ધિ સર્વને સામાન્ય હોય | ૪૬૯ |
| ૨૮૯ | સર્વોત્કૃષ્ટ સાર વસ્તુઓ | ૪૭૦-૭૧ |
| ૨૯૦ | કોનો જન્મ નિષ્ફળ છે ? | ૪૭૨ |
| ૨૯૧ | ઉત્તમ મનુષ્ય કેવા હોય ? | ૪૭૩ |
| ૨૯૨ | આદરવા યોગ્ય ને ત્યાગવા યોગ્ય પાંચ પ્રકારની ૭-૭ વસ્તુઓ | ૪૭૪-૭૯ |
| ૨૯૩ | શ્રાવકના મુખ્ય સાત ગુણ | ૪૮૦ |
| ૨૯૪ | નવ ગ્રૈવેયકના નામ | ૪૮૧ |
| ૨૯૫ | પાંચ સુમેરૂના નામ | ૪૮૨ |
| ૨૯૬ | એક રાજલોકનું પ્રમાણ | ૪૮૩-૮૪ |
| ૨૯૭ | ચોવીશે તીર્થંકરોના સમવસરણમાં રહેલા અશોકવૃક્ષનું પ્રમાણ | ૪૮૫ |
| ૨૯૮ | પાંચ પ્રકારનું મિથ્યાત્વ (વિવરણ સાથે) | ૪૮૬ |
| ૨૯૯ | પાંચ પ્રકારનું સમ્યક્ત્વ (વિવરણ સાથે) | ૪૮૭ |
| ૩૦૦ | ક્ષમાશ્રમણ નામની સાર્થકતા ને નિરર્થકતા | ૪૮૮ |
| ૩૦૧ | મૃત્યુનો નિગ્રહ કોઇથી થતો નથી | ૪૮૯ |
| ૩૦૨ | એકત્વ ભાવના | ૪૯૦ |
| ૩૦૩ | જૈનધર્મની ઉત્તમતા | ૪૯૧ |
| ૩૦૪ | આ સંસારમાં દુર્લભ પદાર્થો | ૪૯૨ |
| ૩૦૫ | સર્વ જીવોનો સામાન્ય સ્વભાવ | ૪૯૩ |
| ૩૦૬ | હિંસાનો પ્રતિકાર - તેનું નિવારણ મુશ્કેલ છે | ૪૯૪ |
| ૩૦૭ | જીવદયાનું મહાત્મ્ય | ૪૯૫ |
| ૩૦૮ | જીવનું સામાન્ય લક્ષણ | ૪૯૬ |
| ૩૦૯ | પૃથ્વીકાય જીવોના શરીરની સૂક્ષ્મતા | ૪૯૭ |
| ૩૧૦ | બીજા એકેન્દ્રિય જીવોના શરીરની સૂક્ષ્મતા | ૪૯૮ |
| ૩૧૧ | નિગોદના જીવોનું સ્વરૂપ | ૪૯૯ |
| ૩૧૨ | સમકિતનું મહાત્મ્ય - સમકિતીની ગતિ વિગેરે. | ૫૦૦-૫૦૩ |
| ૩૧૩ | મિથ્યાત્વી અને નિન્હવોનું સ્વરૂપ | ૫૦૪ |
| ૩૧૪ | પાંચ પ્રકારના દાનનું સ્વરૂપ | ૫૦૫-૯ |
| ૩૧૫ | ઉપવાસને બદલે કરી શકાતા બીજા પચ્ચખ્ખાણો | ૫૧૦-૧૧ |
| ૩૧૬ | ગ્રંથી સહિત (ગંઠસી)ના પચ્ચખ્ખાણનું ફળ | ૫૧૨ |

| નંબર | વિષય | ગાથાનો અંક |
|---|---|---|
| ૩૧૭ | શત્રુંજય તીર્થના સ્મરણપૂર્વક તે તીર્થે કરાતા તપનું ફળ | ૫૧૩-૫૧૪ |
| ૩૧૮ | તપથી ખપતા કર્મોનું પ્રમાણ | ૫૧૫ |
| ૩૧૯ | સાધુને કલ્પનીય જળ | ૫૧૬ |
| ૩૨૦ | શ્રી સીમંધર સ્વામીના જન્માદિકનો કાળ ને જન્મ સ્થાન | ૫૧૭-૫૧૮ |
| ૩૨૧ | સાડીબાર કરોડ સુવર્ણના તોલનું પ્રમાણ | ૫૧૯ |
| ૩૨૨ | સાધુને લેવાના આહારમાં ટાળવાના ૪૭ દોષ | ૫૨૦-૨૫ |
| ૩૨૩ | ક્રોધ-માન-માયા-લોભપિંડના ઉદાહરણો | ૫૨૬ |
| ૩૨૪ | સાત સમુદ્ઘાતના નામ | ૫૨૭ |
| ૩૨૫ | પાપની આલોચના | ૫૨૮ |
| ૩૨૬ | અઢાર પાપસ્થાનના નામ | ૫૨૯-૩૧ |
| ૩૨૭ | ઉત્કૃષ્ટને જઘન્ય કાળ થતા તીર્થંકરોની સંખ્યા તથા જન્મ સંખ્યા | ૫૩૨ |
| ૩૨૮ | વીશ વિહરમાન જિનના લંછન | ૫૩૩-૩૪ |
| ૩૨૯ | અભવ્ય જીવને અપ્રાપ્ત સ્થાનો | ૫૩૫ |
| ૩૩૦ | નરકાદિ ચારે ગતિમાં જનારા જીવોના લક્ષણ | ૫૩૬-૪૧ |
| ૩૩૧ | છ લેશ્યાવાળા જીવોના બંને પ્રકારના દૃષ્ટાંત | ૫૪૨ |
| ૩૩૨ | મોક્ષનો માર્ગ | ૫૪૩ |
| ૩૩૩ | શ્રાવકનું કર્ત્તવ્ય | ૫૪૪ |
| ૩૩૪ | પ્રચાર કરવા યોગ્ય પાંચ પ્રકાર | ૫૪૫ |
| ૩૩૫ | બાર ચક્રવર્તીના શરીરનું માન | ૫૪૬-૪૮ |
| ૩૩૬ | કર્ત્તાનું નામ-સ્થાન-ગુરૂનું નામ વિગેરે. | ૫૪૯-૫૦ |

# श्री रत्नसंचय प्रकरणम्

(અર્થ સહિત)

## ૧ મંગળને અભિધેય

**નमिऊण जिणं वीरं, उवयराद्वा गुरुं च सीसं च ।**
**सिद्धांतसारगाहा, भणामि जे रयणसारिच्छा ॥१॥**

**અર્થ** – શ્રી વીરજિનને નમસ્કાર કરી ગુરૂ અને શિષ્યના ઉપકારને માટે સિદ્ધાંતની સારભૂત ગાથાઓ કે જે રત્ન સરખી છે[૧] તેને હું કહું છું. ૧

## ૨. નવકાર મંત્રનું માહાત્મ્ય

**नवकारइक्कअक्खर, पावं फेडेइ सत्त अयराइं ।**
**पन्नासं च पएणं, सागरपणसय समग्गेणं ॥२॥**

**અર્થ** – નવકારમંત્રનો એક અક્ષર ગણવાથી સાત સાગરોપમનાં પાપ દૂર થાય છે, એક પદ – શબ્દ ગણવાથી પચાસ સાગરોપમના પાપ નાશ પામે છે, અને સમગ્ર–આખો મંત્ર ગણવાથી પાંચસો સાગરોપમનું પાપ નષ્ટ થાય છે, અર્થાત્ એટલા સાગરોપમ સુધી નરકતિર્યંચાદિ ગતિમાં પાપ ભોગવતાં જેટલાં પાપ નષ્ટ થાય તેટલા એક અક્ષર વિગેરેથી ક્ષય પામે છે. ૨

---

૧. આ ગ્રંથ અથવા પ્રકરણમાં જુદા જુદા સિદ્ધાંતોમાંથી સારભૂત ગાથાઓ લઈને સંગ્રહ કર્યો છે. તે ગાથાઓ રત્ન જેવી હોવાથી આનું નામ રત્નસંચય રાખ્યું છે.

**जो गुणइ लक्खमेगं, पुएइ विहीए जिणनमुक्कारं ।**
**तित्थयरनामगोअं, सो पावइ सासयं ठाणं ॥३॥**

**અર્થ –** જે પ્રાણી આ જિનેશ્વરના (પંચપરમેષ્ઠિના) નવકાર મંત્રને એક લાખવાર ગુણે – એ મંત્રનો લક્ષ જાપ કરે, તથા વિધિથી તેની પૂજા કરે, તે પ્રાણી તીર્થંકર નામગોત્રકર્મ ઉપાર્જન કરી પ્રાંતે શાશ્વત સ્થાન (મોક્ષ)ને પામે છે. આ તેનું ઉત્કૃષ્ટ ફળ છે. ૩

**अट्ठेव य अट्ठ सया, अट्ठ सहस्सं च अट्ठ कोडीओ ।**
**जो गुणइ नमुक्कारं, सो तइयभवे लहइ मुक्खं ॥४॥**

**અર્થ –** જે મનુષ્ય આઠ કરોઠ આઠ હજાર આઠસો ને આઠવાર આ નવકાર મંત્રને ગણે (જાપ કરે તે) ત્રીજે ભવે મોક્ષને પામે છે. (ઉપરની ગાથા સાથે આ ગાથાનો વિરોધ નથી. કારણ કે તેમાં જુદી રીતે ફળ બતાવ્યું છે. આમાં જુદી રીતે બતાવ્યું છે.) ૪

**जं छम्मासिय-वरिसिय, -तवेण विव्वेण जिज्झए पावं ।**
**नवकार अणाणुपुव्वी, गुणणेण तह खणद्धेण ॥५॥**

**અર્થ –** છ માસના અને બાર માસના તીવ્ર તપ વડે જે પાપ ક્ષીણ થાય છે, તે પાપ આ નવકારમંત્રને અનાનુપૂર્વીએ ગુણવાથી અર્ધ ક્ષણ વડે ક્ષીણ થાય છે. (અનાનુપૂર્વી છાપેલી તેમજ કપડા પર લખેલી હોય છે તે ગણવામાં ચિત્તની એકાગ્રતા થાય છે તેથી તેનું ફળ વિશેષ થાય છે.) ૫

**वाहिजलजलणतक्कर, -हरिकरिसंगामविसहरभयाइं ।**
**नासंति तक्खणेणं, जिणनवकारप्पभावेणं ॥६॥**

જિનેશ્વરના નવકારમંત્રના પ્રભાવ વડે વ્યાધિ, જળ, અગ્નિ, ચોર, સિંહ, હાથી, સંગ્રામ અને સર્પ એ વિગેરેથી ઉત્પન્ન થતાં ભયો તત્કાળ નાશ પામે છે. ૬

**जिणसासणस्स सारो, चउद्दसपुव्वाण जो समुद्धारो।**
**जस्स मणे नवकारो, संसारो तस्स किं कुणई ।।७।।**

જિનશાસનના સારભૂત અને ચૌદપૂર્વમાંથી ઉદ્ધરેલો નવકારમંત્ર જેના હૃદયમાં રહ્યો હોય, તે પુરૂષને સંસાર શું કરી શકે ? કાંઇ પણ દુઃખ આપી શકે નહીં. (નવકાર શબ્દ નમસ્કારનો અપભ્રંશ સમજવો.) ૭

**एसो मंगलनिलओ, भयविलओ सयलसंघसुहजणओ।**
**नवकार परममंतो, चिंतिअमित्तं सुहं देई ।। ८ ।।**

આ શ્રેષ્ઠ નવકાર મંત્ર મંગળનું સ્થાન છે, ભયનો નાશ કરનાર છે, સકળ સંઘને સુખ ઉત્પન્ન કરનાર છે અને મન ઇચ્છિત સુખને આપનાર છે. ૮

**अप्पुव्वो, कप्पतरू, चिंताणमिकामकुंभकामगवी।**
**जो झायई सयलकालं, सो पावइ सिवसुहं विउलं ।।९।।**

આ નવકારમંત્ર અપૂર્વ કલ્પતરૂ, ચિંતામણિ રત્ન, કામઘટ અને કામધેનુ તુલ્ય છે, તેનું જે પ્રાણી સદાકાળ ધ્યાન કરે છે તે વિપુલ એવું મોક્ષસુખ પામે છે. ૯

पंचनमुक्कारमंतं, अंते सुच्चंति वसणपत्ताणं ।
सो जइ न जाइ मुक्खं, अवस्स वेमाणिओ होइ ।।१०।।

અંત સમયે (આયુષ્યને છેડે) વ્યસન (કષ્ટ)ને પામેલો જે કોઇ પણ પ્રાણી આ પંચ નવકારમંત્રને બોલી ન શકે પણ માત્ર સાંભળે તો પણ તે પ્રાણી જો કદાચ મોક્ષ ન પામે તો પણ વૈમાનિક દેવ તો અવશ્ય થાય છે. આમાં ભાવની વિશુદ્ધિની તન્મયતાની વિશેષતા સમજવી. ૧૦

## ૩. શત્રુંજય તીર્થના મુખ્ય ૨૧ નામો

विमलगिरि मुत्तिनिलओ, सत्तुंजो सिद्धिखित्त पुंडरीओ ।
हरिसिद्धसिहरो सिद्धि-पव्वओ सिद्धराओ अ ।।११।।
बाहुबली मरुदेवो, भगीरहो तह सहस्ससंजुत्तो ।
कूडसयअट्ठुत्तर, नगाहिराओ सहस्सकमलो ।।१२।।
ढिंको कोडिनिवासो, लोहिच्च तालज्झओ कयंबो य ।
सुरनरमुणिकयनामो, सो विमलगिरी जयउ तित्थं ।।१३।।

૧. વિમલગિરિ, ૨. મુક્તિનિલય, ૩. શત્રુંજય, ૪. સિદ્ધિક્ષેત્ર, ૫. પુંડરીકગિરિ, ૬/૭. *હરસિદ્ધશિખર, ૮. સિદ્ધિપર્વત (સિદ્ધાચળ), ૯. સિદ્ધરાજ, ૧૦. બાહુબલી, ૧૧. મરૂદેવ, ૧૨. ભગીરથ તથા ૧૩. સહસ્રસંયુક્ત. ૧૪. અષ્ટોત્તર શતકુટ[૧], ૧૫. નગાધિરાજ, ૧૬. સહસ્રકમળ, ૧૭. ઢીંક (ઢંક), ૧૮. કોટિનિવાસ, ૧૯. લોહિત્ય, ૨૦. તાલધ્વજ, અને ૨૧. કદંબ. આ સર્વ પર્વતનાં નામો દેવ, મનુષ્ય અને મુનિઓએ કરેલા છે. (પાડેલાં છે) તે વિમલગિરિ તીર્થ જયવંત વર્તો. ૧૧-૧૨-૧૩.*

* આમાં બે નામનો સમાવેશ જણાય છે. ૧ એકસો આઠ શિખરવાળો

* બીજે બતાવેલા ૨૧ નામોમાં ઉજ્જયંતગિરિ (રેવતગિરિ). પુણ્યરાશિ, મહાબળ અને દઢશક્તિ નામ છે. તે આમાં નથી અને હરિસિદ્ધશિખર સહસ્ર સંયુક્તને નગાધિરાજ તેમાં નથી.

## ૪. તિર્યગ્જાંભક દેવોને રહેવાનાં સ્થાનો વિગેરે.

कंचणगिरिपव्वएसु, चित्तविचित्ते अ जमगसेलेसु ।
एएहिं ठाणेहिं, वसंति तिरिजंभगा देवा ॥१४॥

કાંચનગિરિ પર્વત, ચિત્ર વિચિત્ર પર્વત અને જમક સમક નામના પર્વત-એ સર્વ સ્થાનોને વિષે તિર્યંગજાંભક દેવો વસે છે. (કંચનગિરિ દેવકુરૂ ઉત્તરકુરૂમાં સો સો હોય છે. અઢીદ્વીપમાં મળીને ૧૦૦૦ છે. ચિત્ર વિચિત્ર ને જમક સમક અઢીદ્વીપમાં મળીને ૨૦ છે. તદુપરાંત ૧૭૦ દીર્ઘ વૈતાઢ્ય ઉપર પણ તેમને બે બે શ્રેણિ છે.) ૧૪

## તે દેવોના અવધિજ્ઞાનનો વિષય

पुव्वभवा सो पिच्छई, एक्कं दो तिन्नि जाव नव य भवा ।
उवरिं तस्स अवस्स उ, सुहभावो जाइसरणस्स ॥१५॥

(અવધિજ્ઞાન અલ્પ હોવાથી) પોતાના પૂર્વભવો એક, બે, ત્રણ યાવત્ નવ ભવો જુએ છે (જોઇ શકે છે.) તે ઉપરાંત જો વધારે જુએ તો જાતિસ્મરણનો શુભભાવ સમજવો. (શ્રી આચારાંગ સૂત્રના પહેલા શ્રુતસ્કંધના પહેલા અધ્યયનના પહેલા ઉદ્દેશામાં 'જાતિસ્મરણી સંખ્યાતા ભવ દેખે' એમ કહ્યું છે.) ૧૫

## ૫ ઉત્તરવૈક્રિય શરીરનું ઉત્કૃષ્ટ માન તથા સ્થિતિ

देव नर अहिअ लक्खं, तिरियाणं नव य जोयणसयाइं ।
दुगुणं तु नारयाणं, भणिअं वेउव्वियसरीरं ॥ १६ ॥

દેવ અને મનુષ્યનું ઉત્કૃષ્ટ વૈક્રિય શરીર લાખ યોજનથી અધિક હોય છે, (તેઓ ઉત્કૃષ્ટ એટલું શરીર વિકુર્વી શકે છે.) તિર્યંચોનું ઉત્કૃષ્ટ વૈક્રિય શરીર નવસો યોજનનું હોય છે અને નારકીઓનું ઉત્કૃષ્ટ વૈક્રિય શરીર પોતપોતાના સ્વાભાવિક શરીરથી બમણું કહેલું

છે. એટલે કે સાતમી નારકીના જીવોનું સ્વાભાવિક શરીર પાંચસો ધનુષ્યનું છે તેથી બમણું એટલે હજાર ધનુષ્યનું ઉત્તરવૈક્રિય શરીર તેઓ વિકુર્વી શકે છે. ૧૬

## ઉત્તરવૈક્રિયની સ્થિતિ

**अंतमुहुत्तं निरएसु, हुंति चत्तारि तिरियमणुएसु ।**
**देवेसु अध्धमासो, उक्कोस विउव्वणाकालो ।।१७।।**

ઉત્તરવૈક્રિય શરીરનો ઉત્કૃષ્ટ કાળ નારકીઓને અંતર્મુહૂર્તનો છે, તિર્યંચ અને મનુષ્યને ચાર મુહૂર્તનો છે અને દેવોને અર્ધમાસ - પંદર દિવસ નો છે, એટલે કે તેઓએ વિકુર્વેલું શરીર એટલા કાળ સુધી રહી શકે છે. ૧૭

## ૯ દેવોના ભોગ્ય પદાર્થો શેનાં હોય છે ? તે કહે છે :

**वणनीरविमाणाइं, वत्थाभरणाइ जाइ सव्वाइं ।**
**पुढवीमयाइं सव्वे, देवाणं हुंति उवभोगो ।।१८।।**

વન (પુષ્પાદિક વનસ્પતિ)ને જળ (વાપી વિગેરેનું પાણી); તદુપરાંત વિમાન, વસ્ત્ર, અને આભરણ એ સર્વ પદાર્થોની જાતિ કે જે સર્વ દેવોને ઉપભોગમાં આવે છે તે સર્વ પદાર્થો પૃથ્વીમય (પૃથ્વીકાયના) હોય છે. (કલ્પવૃક્ષાદિ વનસ્પતિકાય હોય છે ને વાપિકામાં જળ અપ્‌કાય હોય છે એમ સમજવું.) ૧૮

## ૭ એક રાજનું પ્રમાણ

**मिल्हइ सुहमाइ कोई, सुरो अ गोलो अ अयमओ हिट्ठो ।**
**भारसहस्समयंसो, छम्मासे छहिं दिणेहिं पि ।।१९।।**

**छ पहरे छ घडीया, जावक्कमइ जइ वि एवइया ।**
**रज्जू तत्थ पमाणो, दीवसमुद्दा हवइ एया ।।२०।।**

સુધર્મા દેવલોકથી કોઇ દેવ હજાર ભારના વજનવાળો લોહમય ગોળો હેઠે - નીચે પૃથ્વી તરફ પડતો મૂકે તે ગોળાને જ્યાં સુધી પહોંચતાં છ માસ, છ દિવસ, છ પહોર અને છ ઘડી આટલો વખત વ્યતીત થાય તેટલું પ્રમાણ એક રાજનું છે. (આ ઉંચું નીચું રાજનું પ્રમાણ કહ્યું છે.) તિર્છાનું કહીએ તો એક રાજમાં સ્વયંભૂરમણ સમુદ્ર સુધી જે અસંખ્યાતા દ્વીપસમુદ્રો છે તે સર્વ મળીને એક રાજ થાય છે.૧૯-૨૦

## ૮. એક ઈંદ્રની આખી જીંદગીમાં થતી ઈંદ્રાણીઓની સંખ્યા

**दु(वीस)कोडाकोडी, पंचासी कोडिलक्ख इगसयरी ।**
**कोडिसहस्सा चउ कोडी, सयाणि अडवीस कोडीओ ।।२१।।**
**सत्तावन्नं लक्खा, चउदस सहस्सा दुसय पंचासी ।**
**इअ संखा देवीओ, हवंति इंदस्स जम्मंमि ।।२२।।**

બે (બાવીશ) કોડાકોડી, પંચાશી લાખ કોડી, એકોતેર હજાર કોડી, ચારસો કોડી, અઠ્ઠાવીશ કોડી, સત્તાવન લાખ, ચૌદ હજાર, બસો અને પંચાશી - આટલી દેવીઓની (ઈંદ્રાણીઓની) સંખ્યા એક ઈંદ્રના એક જન્મને વિષે હોય છે. (એક ઈંદ્રનું આયુષ્ય બે સાગરોપમનું હોય છે, અને ઈંદ્રાણીઓનું આયુષ્ય સાત પલ્યોપમનું હોય છે. આ પ્રમાણે બન્નેના આયુષ્યમાં મોટો તફાવત છે તેથી ઈંદ્રના એક જ ભવમાં આટલી સંખ્યાવાળી ઈંદ્રાણીઓ થાય છે. ઈંદ્રનું આયુષ્ય બે સાગરોપમનું તેના પલ્યોપમ ૨૦ કોડાકોડી, ઈંદ્રાણીનું આયુષ્ય ૭ પલ્યોપમનું તેથી તેને સાતે ભાંગવા અને એક સાથે ૮ ઈંદ્રાણીઓ હોય તેથી આઠે ગુણવા એટલે ઉપર લખ્યા પ્રમાણે એક ભવમાં ઈંદ્રાણીઓ થાય છે. ગાથામાં दो શબ્દ તે दोवीस જોઇએ કારણ કે ઉપર પ્રમાણે ગણતાં (૨૨) આવે છે.) ૨૧-૨૨

## ૯. સુઘોષા ઘંટાનું પ્રમાણ

**बारस जोयण पिहुला, सुघोसघंटा य अद्ध उच्चतं ।**
**चत्तारि लालाओ, देवा सयपंच वायंति ।। २३ ।।**

સુઘોષા નામની ઘંટા બાર યોજન પહોળી છે, તેથી અર્ધપ્રમાણ એટલે છ યોજન ઉંચી છે અને તેની લાલા (લોલક) ચાર યોજન પ્રમાણે લાંબી છે. તે ઘંટાને એકી સાથે પાંચસો દેવતાઓ વગાડે છે. ૨૩

## ૧૦. સંક્રાંતિને આશ્રી દિવસની વૃદ્ધિનું પ્રમાણ

**इक्कं पलंमि वड्ढइ, कमेण दिवसो दु तिन्नि मयराइ ।**
**बारस बावन्नहिया, बत्तीसा अक्खरा चेव ।।२४।।**

મકરાદિક સંક્રાંતિમાં દિવસ અનુક્રમે એક, બે અને ત્રણ પળ તથા તે ઉપરાંત બાર, બાવન અને બત્રીશ અક્ષર[1] વૃદ્ધિ પામે છે. એટલે કે મકરસંક્રાંતિ બેસે ત્યારે એક પળ અને બાર અક્ષર જેટલો દિવસ હમેશાં વધે છે. કુંભ સંક્રાંતિમાં હમેશાં બે પળ અને બાવન અક્ષર જેટલો વધે છે, અને મીન સંક્રાંતિમાં હમેશાં ત્રણ પળ અને બત્રીશ અક્ષર જેટલો વધે છે, મેષ સંક્રાંતિમાં હમેશાં ત્રણ પળ અને બત્રીશ અક્ષર વધે છે, વૃષ સંક્રાંતિમાં હમેશાં બે પળ અને બાવન અક્ષર વધે છે, તથા મિથુન સંક્રાંતિમાં હમેશાં એક પળ અને બાર અક્ષર દિવસ વધે છે. (ત્યારપછીની છ સંક્રાંતિમાં એ જ અનુક્રમે દિનમાન ઘટે છે. એક અહોરાત્રિની ૬૦ ઘડીમાં જેટલું દિનમાન હોય તેટલું બાદ કરતાં બાકીનું રાત્રિમાન સમજવું.) ૨૪

મકર સંક્રાંતિમાં પહેલે દિવસે દિનમાન ૨૬ ઘડીને ૧૨ પળ, કુંભમાં ૨૬ ઘડી ૪૮ પળ, મીનમાં ૨૮ ઘડી ૧૪ પળ, મેષમાં ૩૦ ઘડી, વૃષમાં ૩૧ ઘડી ૪૬ પળ, મિથુન સંક્રાંતિમાં ૩૩ ઘડી ૧૨ પળ, કર્કમાં પહેલે દિવસે ૩૩ ઘડી ૧૨ પળ, કન્યામાં ૩૧ ઘડી ૪૬ પળ, તુલામાં ૩૦ ઘડી, વૃશ્ચિકમાં ૨૮ ઘડી ૧૪ પળને ધન સંક્રાંતિમાં પહેલે દિવસે ૨૬ ઘડી ૪૮

---

૧ અક્ષર એટલે વિપળ – એક પળની ૬૦ વિપળ

પળને છેલ્લે દિવસે ૨ ૬ ઘડી ૧ ૨ પળ રહે છે. તેટલું મકરને પહેલે દિવસે સમજવું.

## ૧૧. શ્રી મહાવીરસ્વામી તથા પદ્મનાભસ્વામીનું અંતર

**सहसा वास चुलसी, वासा सत्तेव पंच मासा य ।**
**वीरं तह पउमाणं, अंतरमेय वियाणाहि ॥२५॥**

ચોરાશી હજાર ને સાત વર્ષ તથા પાંચ માસ એટલું મહાવીર સ્વામીના નિર્વાણ અને પદ્મનાભસ્વામીના ગર્ભાવતરણનું અંતર જાણવું. (ચોથા આરાના ૩ વર્ષ ૮॥ માસ, અવસર્પિણીના પાંચમા આરાના ૮૪૦૦૦ વર્ષ અને ઉત્સર્પિણીના ત્રીજા આરાના ૩ વર્ષ ૮॥ માસ મળીને એટલું સમજવું.) ૨ ૫

## ૧૨. આવતી ચોવીશીમાં થનાર તીર્થંકરના જીવોના નામ

**सेणिय सुपास उदई, पुट्टिल दढाओ सच्चकित्ती य ।**
**संखो आनंद सुनंदो, सयगो सच्चइ वसुदेवो ॥२६॥**
**देवकी बलदेवो, सुलसा रोहिणी रेवई सयाली य ।**
**दीवायण कन्न नारय, अंबड अमर सयबुद्धे ॥२७॥**

૧ શ્રેણિક રાજા, ૨ સુપાર્શ્વ, ૩ ઉદાયીરાજા, ૪ પોટ્ટિલ, ૫ દઢાયુ , ૬ સત્યકીર્તિ (કાર્તિકશેઠ બીજા), ૭ શંખ, ૮ આનંદ, ૯ સુનંદ, ૧૦ શતક, ૧૧ સત્યકિ , ૧ ૨ વસુદેવ (કૃષ્ણવાસુદેવ), ૧ ૩ દેવકી, ૧ ૪ બલદેવ (બળભદ્ર), ૧ ૫ સુલસા, ૧ ૬ રોહિણી, ૧ ૭ રેવતી, ૧ ૮ શતાળીશ્રાવક, ૧ ૯ (કૃષ્ણ)દ્વીપાયન, ૨૦ કર્ણ , (કૃષ્ણના વખતના) ૨ ૧ નારદ, ૨ ૨ અંબડ, ૨ ૩ અમર, અને ૨ ૪ સ્વાતિબુધ. (અન્યત્ર ૧ ૧મા દેવકીને ૧ ૩ મા સત્યકી કહ્યા છે.) આ જીવો આવતી ચોવીશીમાં તીર્થંકરો થશે. (સમવાયાંગ વિગેરેમાં નામમાં કેટલોક તફાવત છે. આ સંબંધમાં જુદા જુદા વિકલ્પ ઘણા છે, તેમાં સત્ય શું છે ? તે બહુશ્રુત જાણે.) ૨ ૬ - ૨ ૭

## ૧૩. વર્તમાન ચોવીશીમાં તીર્થંકરાદિનો બત્રીશ કોઠાવાળો યંત્ર કરવાની રીત

**बत्तीस घरयाइं, काउं उड्ढाइयाहिं रेहाहिं ।**
**तिरिया य काउं पुण, पंच घरयाइं तो पढमे ।।२८।।**
**पन्नरस जिण निरंतर, सुन्नदुगं तिजिण सुन्नतियगं च ।**
**दोजिण सुन्न जिणंदो, सुन्न जिणो सुन्न दुन्निजिणो ।।२९।।**

પ્રથમ ઉભી બત્રીશ રેખા કરી બત્રીશ સ્થાન કરવાં અને આડી પાંચ રેખા કરી પાંચ ઘર કરવા. પછી પહેલા ખાનામાં નિરંતર પંદર ઘર સુધી જિનેન્દ્રનાં નામ માંડવાં, પછી બે સ્થાનમાં શૂન્ય મૂકવી, પછી ત્રણ જિનેંદ્રનાં નામ લખવાં, પછી ત્રણ શૂન્ય મુકવી, પછી બે જિનેન્દ્ર, પછી એક શૂન્ય, પછી એક જિનેંદ્ર, પછી એક શૂન્ય ને એક જિનેન્દ્ર, પછી એક શૂન્ય અને પછી બે જિનેંદ્રના નામ લખવાં. ૨૮-૨૯

### ચક્રવર્તી

**दो चक्कि सुन्न तेरस, पण चक्कि सुन्न चक्कि दो सुन्ना ।**
**चक्कि सुन्नं दुचक्कि, सुन्नं चक्कि दुसुन्नं च ।।३०।।**

બીજા ચક્રવર્તીના ખાનામાં પ્રથમ બે ચક્રી, પછી તેર શૂન્ય, પછી પાંચ ચક્રી, પછી એક શૂન્ય, પછી એક ચક્રી, પછી બે શૂન્ય, પછી એક ચક્રી, પછી એક શૂન્ય, પછી બે ચક્રી, પછી એક શૂન્ય પછી એક ચક્રી અને પછી બે શૂન્ય, એ પ્રમાણે ચક્રવર્તીઓનાં ઘર પૂરવાં. ૩૦

### વાસુદેવ - બળદેવ - પ્રતિવાસુદેવ

**दस सुन्नं पंच केसव, पण सुन्ना केसी सुन्न केसी य ।**
**दो सुन्न केसवो विय, सुन्नदुगं केसव तिसुन्नं ।।३१।।**

ત્રીજા કોઠામાં પ્રથમ દશ શૂન્ય મુકવી, પછી પાંચ વાસુદેવનાં નામ લખવાં, પછી પાંચ શૂન્ય પછી એક કેશવ, પછી એક શૂન્ય, પછી એક કેશવ, પછી બે શૂન્ય, પછી એક કેશવ, પછી બે શૂન્ય, પછી એક કેશવ, અને પછી ત્રણ શૂન્ય મુકવી. એ રીતે વાસુદેવનાં ઘર પુરવાં. ૩૧

## જિનેશ્વરના શરીરનું પ્રમાણ

**पंच धणुसय पढमो, कमेण पंचासण हीण जा सुविही ।**
**दस हीण जा अनंता, पंचूणा नेमिजिण जाव ।।३२।।**
**नवहत्थपमाण पासो, सामीओ सत्त हत्थ जिणवीरो ।**
**उच्छेहअंगुलेणं, सरीरमाणं जिणंदाणं ।।३३।।**

પહેલા ઋષભદેવની કાયા પાંચસો ધનુષ્યની, પછી અનુક્રમે સુવિધિસ્વામી સુધી પચાસ પચાસ ધનુષ્ય ઓછા કરવા. પછી અનંતનાથ સુધી દશ દશ ધનુષ્ય ઓછા કરવા. પછી નેમિનાથ ભગવાન સુધી પાંચ પાંચ ઓછા કરવા. પાર્શ્વનાથ સ્વામીની કાયાનું પ્રમાણ નવ હાથ છે અને મહાવીરસ્વામીની કાયાનું પ્રમાણ સાત હાથ છે. આ પ્રમાણે ઉત્સેધઅંગુલવડે જિનેંદ્રના શરીરનું માન-પ્રમાણ જાણવું. (અહીં શ્રી મહાવીરસ્વામીના દેહનું માન ઉત્સેધાંગુલે સાત હાથનું કહ્યું છે, આત્માંગુલે તો તેઓ ૧૨૦ અંગુળ હોય છે. ઉત્સેધાંગુલે ૧૬૮ અંગુળ છે ; એટલે ૧ ²/₅ અથવા ⁷/₅ આવે. શાસ્ત્રમાં ઉત્સેધાંગુલથી વીરપ્રભુનું આત્માંગુલ બમણું કહ્યું છે તે ક્ષેત્રગણિતને આશ્રીને સમજવું. ક્ષેત્રગણિત કરતાં ⁴⁹/₂₅ થાય.) ૩૨-૩૩

## જિનેશ્વરના આયુનું પ્રમાણ

**चउरासी बिसत्तरी य, सट्ठी पन्नासमेव लक्खाइं ।**
**चत्ता तीसा वीसा, दस दो एगं च पुव्वाणं ।। ३४ ।।**
**चउरासी बावत्तरीयं सट्ठी य होइ वासाणं ।**
**तीसा य दस य एगं च, एवमेए सयसहस्सा ।। ३५ ।।**

**पंचाणुई सहस्सा, चउरासी य पंचवन्ना य ।**
**तीसा य दस य एगं, सयं च बावत्तरी चेव ।।३६।।**

૧ પહેલા શ્રી ઋષભદેવનું આયુષ્ય ચોરાશી લાખપૂર્વનું, ૨ અજિતનાથનું બહોંતેર લાખપૂર્વનું, ૩ સંભવનાથનું સાઠ લાખ પૂર્વનું, ૪ અભિનંદનસ્વામીનું પચાસ લાખ પૂર્વનું, ૫ સુમતિનાથનું ચાલીશ લાખપૂર્વનું, ૬ પદ્મપ્રભનું ત્રીશ લાખપૂર્વનું, ૭ સુપાર્શ્વનાથનું વીશ લાખ પૂર્વનું, ૮ ચંદ્રપ્રભનું દશ લાખ પૂર્વનું, ૯ સુવિધિનાથનું બે લાખ પૂર્વનું, ૧૦ શીતળનાથનું એક લાખ પૂર્વનું, ૧૧ શ્રેયાંસનાથનું ચોરાશી લાખ વર્ષનું, ૧૨ વાસુપૂજ્યસ્વામીનું બહોંતેર લાખ વર્ષનું, ૧૩ વિમલનાથનું સાઠ લાખ વર્ષનું, ૧૪ અનંતનાથનું ત્રીશ લાખ વર્ષનું, ૧૫ ધર્મનાથનું દશ લાખ વર્ષનું, ૧૬ શાંતિનાથનું એક લાખ વર્ષનું, ૧૭ કુંથુનાથનું પંચાણું હજાર વર્ષનું, ૧૮ અરનાથનું ચોરાશી હજાર વર્ષનું, ૧૯ મલ્લિનાથનું પંચાવન હજાર વર્ષનું, ૨૦ મુનિસુવ્રતનું ત્રીશ હજાર વર્ષનું, ૨૧ નમિનાથનું દશ હજાર વર્ષનું, ૨૨ નેમિનાથનું એક હજાર વર્ષનું, ૨૩ પાર્શ્વનાથનું એકસો વર્ષનું અને શ્રી મહાવીર સ્વામીનું આયુષ્ય બહોંતેર વર્ષનું કહેલું છે. ૩૪-૩૫-૩૬

તીર્થંકર, ચક્રવર્તી, વાસુદેવ, તીર્થંકરોનું દેહમાન અને તીર્થંકરોના આયુષ્યનું માન-આ પાંચ બાબતનો યંત્ર બત્રીશ રેખા ઉભી અને પાંચ રેખા આડી કરીને બતાવવામાં આવેલ છે. તે આ પ્રમાણે:-

| | | તીર્થંકર | ચક્રવર્તી | વાસુદેવ | તીર્થંકર દેહમાન | તીર્થંકર આયુષ્યમાન |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૧ | ઋષભદેવ | ૧ ભરત | ૦ | ૫૦૦ ધનુષ | ૮૪ લાખ પૂર્વ |
| ૨ | ૨ | અજિતનાથ | ૨ સગર | ૦ | ૪૫૦ ધનુષ | ૭૨ લાખ પૂર્વ |
| ૩ | ૩ | સંભવનાથ | ૦ | ૦ | ૪૦૦ ધનુષ | ૬૦ લાખ પૂર્વ |
| ૪ | ૪ | અભિનંદન | ૦ | ૦ | ૩૫૦ ધનુષ | ૫૦ લાખ પૂર્વ |
| ૫ | ૫ | સુમતિનાથ | ૦ | ૦ | ૩૦૦ ધનુષ | ૪૦ લાખ પૂર્વ |
| ૬ | ૬ | પદ્મપ્રભ | ૦ | ૦ | ૨૫૦ ધનુષ | ૩૦ લાખ પૂર્વ |
| ૭ | ૭ | સુપાર્શ્વનાથ | ૦ | ૦ | ૨૦૦ ધનુષ | ૨૦ લાખ પૂર્વ |
| ૮ | ૮ | ચંદ્રપ્રભ | ૦ | ૦ | ૧૫૦ ધનુષ | ૧૦ લાખ પૂર્વ |
| ૯ | ૯ | સુવિધિનાથ | ૦ | ૦ | ૧૦૦ ધનુષ | ૨ લાખ પૂર્વ |
| ૧૦ | ૧૦ | શીતલનાથ | ૦ | ૦ | ૯૦ ધનુષ | ૧ લાખ પૂર્વ |
| ૧૧ | ૧૧ | શ્રેયાંસનાથ | ૦ | ૧ ત્રિપૃષ્ઠ | ૮૦ ધનુષ | ૮૪ લાખ પૂર્વ |
| ૧૨ | ૧૨ | વાસુપૂજ્ય | ૦ | ૨ દ્વિપૃષ્ઠ | ૭૦ ધનુષ | ૭૨ લાખ પૂર્વ |
| ૧૩ | ૧૩ | વિમલનાથ | ૦ | ૩ સ્વયંભૂ | ૬૦ ધનુષ | ૬૦ લાખ પૂર્વ |
| ૧૪ | ૧૪ | અનંતનાથ | ૦ | ૪ પુરૂષોત્તમ | ૫૦ ધનુષ | ૩૦ લાખ પૂર્વ |
| ૧૫ | ૧૫ | ધર્મનાથ | ૦ | ૫ પુરૂષસિંહ | ૪૫ ધનુષ | ૧૦ લાખ પૂર્વ |
| ૧૬ | | ૦ | ૩ મઘવા | ૦ | ૦ | ૦ |
| ૧૭ | | ૦ | ૪ સનત્કુમાર | ૦ | ૦ | ૦ |
| ૧૮ | ૧૬ | શાંતિનાથ | ૫ શાંતિનાથ | ૦ | ૪૦ ધનુષ | ૧ લાખ વર્ષ |
| ૧૯ | ૧૭ | કુંથુનાથ | ૬ કુંથુનાથ | ૦ | ૩૫ ધનુષ | ૯૫ હજાર વર્ષ |
| ૨૦ | ૧૮ | અરનાથ | ૭ અરનાથ | ૦ | ૩૦ ધનુષ | ૮૪ હજાર વર્ષ |
| ૨૧ | | ૦ | ૦ | ૬ પુરૂષ પુંડરીક | ૦ | ૦ |
| ૨૨ | | ૦ | ૮ સુભૂમ | ૦ | ૦ | ૦ |
| ૨૩ | | ૦ | ૦ | ૭ દત્ત | ૦ | ૦ |
| ૨૪ | ૧૯ | મલ્લિનાથ | ૦ | ૦ | ૨૫ ધનુષ | ૫૫ હજાર વર્ષ |
| ૨૫ | ૨૦ | મુનિસુવ્રત | ૯ મહાપદ્મ | ૦ | ૨૦ ધનુષ | ૩૦ હજાર વર્ષ |
| ૨૬ | | ૦ | ૦ | ૮ નારાયણ (લક્ષ્મણ) | ૦ | ૦ |
| ૨૭ | ૨૧ | નમિનાથ | ૧૦ હરિષેણ | ૦ | ૧૫ ધનુષ | ૧૦ હજાર વર્ષ |
| ૨૮ | | ૦ | ૧૧ જય | ૦ | ૦ | ૦ |
| ૨૯ | ૨૨ | નેમિનાથ | ૦ | ૯ કૃષ્ણ | ૧૦ ધનુષ | ૧ હજાર વર્ષ |
| ૩૦ | | ૦ | ૧૨ બ્રહ્મદત્ત | ૦ | ૦ | ૦ |
| ૩૧ | ૨૩ | પાર્શ્વનાથ | ૦ | ૦ | ૯ હાથ | ૧૦૦ વર્ષ |
| ૩૨ | ૨૪ | મહાવીરસ્વામી | ૦ | ૦ | ૭ હાથ | ૭૨ વર્ષ |

## ૧૪ તીર્થંકરોના પિતાઓની ગતિ

**नागेसु उसभपिया, सेसाणं सत्तं हुंति ईसाणे ।**
**अट्ठ य सणंकुमारे, माहिंदे अट्ठ बोधव्या ।।३७।।**

ઋષભદેવના પિતા નાગકુમારમાં ગયા, બીજા સાત અજિતનાથથી ચંદ્રપ્રભ સુધીના તીર્થંકરોના પિતા ઇશાન દેવલોકમાં ગયા, ત્યારપછી નવમા સુવિધિનાથથી સોળમા શાંતિનાથ સુધીના આઠ તીર્થંકરોના પિતા ત્રીજા સનત્કુમાર દેવલોકમાં ગયા અને ત્યારપછી સત્તરમા કુંથુનાથથી ચોવીશમા મહાવીરસ્વામી સુધીના આઠ તીર્થંકરોના પિતા ચોથા માહેંદ્ર દેવલોકને વિષે ગયા છે. (મહાવીરસ્વામીના પિતા બારમા દેવલોકમાં ગયા છે, એમ શ્રી આચારાંગસૂત્ર અને પ્રવચનસારોદ્ધારમાં કહ્યું છે.) ૩૭

## ૧૫ સર્વ તીર્થંકરોના સમવસરણનું પ્રમાણ

**उसहे जोअण बारस, ओसरणं आसी नेमि जिण जाव ।**
**दो दो गाउ ऊणं, पास पण कोस चउ वीरे ।। ३८ ।।**

ઋષભદેવ સ્વામીનું સમવસરણ બાર યોજન (અડતાળીશ ગાઉ) પ્રમાણ હતું, ત્યારપછી બીજા તીર્થંકરથી બબે ગાઉનું પ્રમાણ ઓછું કરતાં યાવત્ નેમિનાથનું સમવસરણ દોઢ યોજન (છગાઉ)નું હતું. ત્રેવીશમા પાર્શ્વનાથનું પાંચ ગાઉ પ્રમાણ અને છેલ્લા મહાવીર સ્વામીનું ચાર કોશ (એક યોજન) પ્રમાણ સમવસરણ જાણવું.[૧] ૩૮

## ૧૬ સમવસરણમાં બાર પર્ષદાની સ્થિતિ

**मुणी वेमाणणि समणी, भवण वण जोइस देवदेवीतिगं ।**
**कप्पसुरनरितिथितियं, चिट्ठइ एयाइं विदिसासु ।। ३९ ।।**

---

૧. સમવસરણ પ્રકરણાદિમાં તે દરેક પ્રભુનું સમવસરણ તેમના આત્માંગુલે એક યોજનનું હોય એમ કહેલું છે.

સમવસરણના અગ્નિખૂણામાં પ્રથમ સાધુઓ, તેમની પાછળ વૈમાનિક દેવીઓ અને તેમની પાછળ સાધ્વીઓ રહે, નૈઋત્ય ખૂણામાં ભવનપતિ, વ્યતંર અને જ્યોતિષ એ ત્રણ નિકાયના દેવો રહે, વાયવ્ય ખૂણામાં એ જ ત્રણ નિકાયની દેવીઓ રહે તથા ઇશાન ખૂણામાં પ્રથમ વૈમાનિક દેવો, તેમની પાછળ મનુષ્યો અને તેમની પાછળ નારીઓ રહે. આ રીતે આ બાર પર્ષદાઓ વિદિશામાં રહે. ૩૯

## ૧૭ ચોવીશ તીર્થંકરોના કુલ સાધુ તથા સાધ્વીની સંખ્યા

૧. આ મોટા ભવ કહેલ છે. બાકી તો તેમને સમકિત પામ્યા પછી અસંખ્ય કાળ ગયેલ હવાથી અસંખ્ય ભવ થયેલા છે.

**चोआलीसं लक्खा, अडयालीसं. तह सहस्साइं ।**
**सव्वेसिं पि जिणाणं, जईण माणं विनिद्दिट्ठं ।।४०।।**

સર્વે (ચોવીશે) જિનેંદ્રોના હસ્તદીક્ષીત સાધુઓની કુલ સંખ્યા અઠ્ઠાવીશ લાખ અને અડતાલીશ હજારની કહેલી છે.

**पोआलीसं लक्खा, छायाला सहस्स चउसय समग्गा ।**
**छच्चेव अज्जिआणं, सव्वेसिं संगहो एसो ।। ४१ ।।**

સર્વે (ચોવીશે) જિનેંદ્રોની હસ્તદીક્ષિત કુલ સાધ્વીઓની સંખ્યા ચુમાળીશ લાખ, છેંતાળીશ હજાર, ચારસો અને છ કહી છે. એ સર્વ સાધ્વીઓની સંખ્યાનો સંગ્રહ છે. ૪૧

## ૧૮ તીર્થંકરોના ભવની સંખ્યા (સમકિતની પ્રાપ્તિ પછીની)

**वीरस्स सत्तावीसा, बारस संती य तेर उसभस्स ।**
**नव य भवा नेमिजिणे, दस पासे तिन्नि सेसाणं ।।४२।।**

મહાવીર સ્વામીના સતાવીશ ભવ[1], શાંતિનાથના બાર ભવ, ઋષભદેવના તેર ભવ, નેમિનાથના નવ ભવ, અને બાકીના ઓગણીશ તીર્થંકરોના ત્રણ ત્રણ ભવ સમકિત પામ્યા

૧ આ મોટા ભવ કહેલ છે. બાકી તો તેમને સમકિત પામ્યા પછી અસંખ્યકાળ ગયેલ હોવાથી અસંખ્ય ભવ થયેલા છે.

ત્યારથી આરંભીને કહેલા છે. ૪૨

## ૧૯. શ્રી નેમિનાથને રાજિમતીના નવે ભવનાં નામો

**धण-धणवई सोहम्मे, चित्तगई खेयरो रयणमई ।**
**माहिंदे अपराजिय, पीइमई आरणे देवा ।। ४३ ।।**
**संखो जसोमई भज्जा, तत्तो अपराजिअविमाणम्मि ।**
**नेमी राइमई तह, नवमे भवे गया सिद्धिं ।। ४४ ।।**

૧ ધન અને ધનવતીનો પહેલો ભવ, ૨ ત્યાંથી બીજો ભવ સૌધર્મ દેવલોકમાં બંને દેવ, ૩ ત્રીજે ભવે ચિત્રગતિ વિદ્યાધર અને રત્નવતી, ૪ ચોથે ભવે માહેંદ્ર નામના ચોથા દેવલોકમાં બંને દેવ, ૫ પાંચમે ભવે અપરાજિતને પ્રીતિમતી, ૬ છટ્ઠે ભવે આરણ નામના ૧૧મા દેવલોકમાં બંને દેવ, ૭ સાતમે ભવે શંખ અને યશોમતી ભાર્યા, ૮ આઠમે ભવે અપરાજિત નામના ચોથા અનુત્તર વિમાનમાં બંને દેવ , અને ૯ નવમે ભવે નેમિનાથ અને રાજિમતી થઇ સિદ્ધિપદને પામ્યા. ૪૩-૪૪.

## ૨૦ ચોવીશે તીર્થંકરના નિર્વાણનું સ્થાન

**अट्ठावयम्मि उसभो, सिद्धिगओ वासुपुज्ज चंपाए ।**
**पावाए वद्धमाणो, अरिट्ठनेमी अ उज्झिंते ।।४५।।**
**अवसेसा तित्थयरा, जाइजरामरणबंधणविमुक्का ।**
**संमेअसेलसिहरे, वीसं परिनिव्वुडं वंदे ।।४६।।**

શ્રી ઋષભદેવ સ્વામી અષ્ટાપદ પર્વત પર સિદ્ધિ પામ્યા, વાસુપૂજ્ય સ્વામી ચંપા નગરીમાં (બહારના ઉદ્યાનમાં) સિદ્ધિ પામ્યા, વર્ધમાન સ્વામી અપાપા નગરીમાં (તેના

ઉદ્યાનમાં) સિદ્ધિ પામ્યા, અરિષ્ટનેમિ ઉજ્જ્યંતગિરિ (ગિરનાર) ઉપર મોક્ષ પામ્યા, બાકીના વીશ તીર્થંકરો જન્મ, જરા, મરણ અને કર્મબંધથી મુક્ત થઇ સંમેતગિરિના શિખર પર નિર્વાણ પામ્યા. તે સર્વેને હું વાંદું છું. ૪૫-૪૬.

## ૨૧ મહાવીર સ્વામીએ નંદન મુનિના ભવમાં કરેલા માસક્ષમણની સંખ્યા

**इक्कार सयसहस्सा, असीइ सहस्सा छसय पणयाला ।**
**मासक्खमणकसंखा, नंदणभवम्मि वीरस्स ॥४७॥**

નંદન મુનિના ભવમાં (૨૫મા ભવમાં - એક લાખ વર્ષ પ્રમાણ દીક્ષા પર્યાયમાં) શ્રી મહાવીર સ્વામીના જીવે અગ્યાર લાખ, એંશી હજાર, છસો અને પીસ્તાળીશ માસક્ષમણ કર્યા હતા. ૪૭. એક વર્ષના ૩૬૬ દિવસો ગણી ૩૬૬૦૦૦૦૦ દિવસોને માસખમણના ૩૦ ને પારણાનો એક દિવસ મળી ૩૧ વડે ભાંગતા ૧૧૮૦૬૪૫ માસખમણ આવે છે ને પાંચ દિવસ વધે છે.

## ૨૨ મહાવીર સ્વામીએ ગર્ભમાં કરેલો અભિગ્રહ

**अह सत्तमम्मि मासे, गब्भत्थो चेव अभिग्गहं कुणई ।**
**नाहं समणो होहं, अम्मापिअरो अ जीवंते ॥४८॥**

મહાવીર સ્વામી ગર્ભમાં હતા ત્યારે માતાને દુઃખ ન થવા દેવા માટે નિશ્ચળ રહ્યા હતા. તે વખતે માતાને ઉલટું દુઃખ થયું હતું. તે વખતે સાતમે માસે પ્રભુએ અભિગ્રહ કર્યો હતો કે - ''માતા પિતા જીવતા હશે ત્યાં સુધી હું શ્રમણ નહીં થાઉં - દીક્ષા ગ્રહણ નહીં કરૂં.'' ૪૮

## ૨૩. મહાવીર સ્વામીએ મરીચિના ભવમાં કરેલો કુળમદ

**जइ वासुदेव पढमो, पिआ मे चक्कवट्टिवंसस्स ।**
**अज्जो तित्थयराणं, अहो कुलं उत्तमं मज्झ ॥४९॥**

હું પ્રથમ વાસુદેવ થવાનો છું, મારા પિતા (ભરત) ચક્રવર્તીઓમાં પ્રથમ છે, અને મારા પિતામહ (ઋષભદેવ) તીર્થંકરોમાં પ્રથમ છે, તો અહો ! મારૂં કેવું ઉત્તમ કુળ છે ? (આ પ્રમાણે મરીચિના ભવમાં કુળ મદ કરવાથી નીચ ગોત્ર બાંધ્યું હતું.) ૪૯

## ૨૪. ભરતચક્રીને આયુધશાળામાં ચક્ર ઉત્પન્ન થયાના તથા ઋષભદેવ સ્વામીને કેવળજ્ઞાન ઉત્પન્ન થયાના ખબર એક સાથે મળ્યા, તે વખતનો ચક્રીનો વિચાર.

**तातम्मि पूइए चक्कं, पूइयं पूयणारिहो ताओ ।**
**इहलोयम्मि चक्कं, परलोय (लोए वि) सुहावहो ताओ ।।५०।।**

પિતાની પૂજા કરવાથી ચક્ર પણ પૂજેલું જ થશે, કેમ કે પિતા જ પૂજનને યોગ્ય છે. વળી ચક્ર તો આ ભવમાં જ સુખકારક છે અને પિતા તો પરલોકમાં પણ (આ ભવ તથા પરભવમાં પણ) સુખકારક છે. ૫૦

## ૨૫. ચોવીશે તીર્થંકરોના કેવળજ્ઞાનનાં સ્થાનો.

**उसभस्स पुरिमताल, वीरस्स रज्जुवालुयानईतीरे ।**
**सेसाणं केवलं नाणं, जेसु ट्ठाणेसु पव्वइया ।।५१।।**

શ્રી ઋષભદેવ સ્વામીને પુરિમતાલ નગરીને વિષે (બહારના ઉદ્યાનમાં) કેવળજ્ઞાન થયું હતું, મહાવીર સ્વામીને ઋજુવાલુકા નદીને કાંઠે કેવળજ્ઞાન ઉત્પન્ન થયું હતું, અને બાકીના બાવીશ તીર્થંકરોને જે જે સ્થાને પ્રવ્રજ્યા લીધી હતી તે તે સ્થાને કેવળજ્ઞાન ઉત્પન્ન થયું હતું. ૫૧

## ૨૬. બાર ચક્રવર્તીઓનાં નામ

**भरहो[१] सगरो[२] मघवं[३], सणंकुमारो अ[४] रायसद्दूलो ।**
**संती[५] कुंथू[६] अरओ[७], हवइ सुभूमो अ कोरव्वो[८] ।।५२।।**

नवमो य महापउमो[९], हरिसेणो[१०] चेव रायसद्दूलो ।
जयनामा य[११] नरवई, बारसमो बंभदत्तो[१२] अ ।।५३।।

ભરત[૧], સગર[૨], મઘવા[૩], સનત્કુમાર[૪], રાજાઓના મધ્યમાં સિંહ સમાન શાંતિનાથ[૫], કુંથુનાથ[૬], અરનાથ[૭], કૌરવ વંશનો સુભૂમ[૮], નવમો મહાપદ્મ[૯], હરિષેણ[૧૦], રાજાઓના મધ્યમાં સિંહ સમાન જય નામનો નરપતિ[૧૧], તથા બારમો બ્રહ્મદત્ત[૧૨] - આ નામના બાર ચક્રવર્તીઓ થયા છે. ૫૨-૫૩

## ૨૭. નવ વાસુદેવનાં નામ

तिवट्ठू य[१], दिवट्ठू य[२], सयंभु[३] पुरिसुत्तमे[४] पुरिससीहे[५] ।
तह पुरिसपुंडरीए[६], दत्ते[७] नारायणे[८] कण्हे[९] ।।५४।।

ત્રિપૃષ્ઠ[૧], દ્વિપૃષ્ઠ[૨], સ્વયંભૂ[૩], પુરૂષોત્તમ[૪], પુરૂષસિંહ[૫], તથા પુરૂષપુંડરીક[૬], દત્ત[૭], નારાયણ(લક્ષ્મણ)[૮], અને કૃષ્ણ[૯]. આ નામના નવ વાસુદેવ થયા છે. ૫૪

## ૨૮. નવ બલદેવના નામ

अयले[१] विजए[२] भद्दे[३], सुप्पभे[४] य सुदंसणे[५] ।
आणंदे[६] नंदणे[७] पउमे[८] रामे[९] आवि अपच्छिमे ।।५५।।

અચલ[૧], વિજય[૨], ભદ્ર[૩], સુપ્રભ[૪], સુદર્શન[૫], આનંદ[૬], નંદન[૭], પદ્મ (રામચંદ્ર)[૮], અને છેલ્લા રામ (બળભદ્ર)[૯], આ નામના નવ બળદેવ થયા છે.

## ૨૯. નવ પ્રતિવાસુદેવનાં નામ

अस्सग्गीवे[१] तारए[२] मेरए[३] मधुकीटभे[४] निसुंभे य[५] ।
बलि[६] पल्हाद[७] रावणे[८] य नवमे य जरासिंघू[९] ।।५६।।

અશ્વગ્રીવ[1], તારક[2], મેરક[3], મધુકૈટભ[4], નિશુંભ[5], બલિ[6], પ્રહ્લાદ[7], રાવણ[8] અને નવમો જરાસંઘ[9], આ નામના નવ પ્રતિવાસુદેવ થયા છે. ૫૬.

## ૩૦. બાર ચક્રવર્તીની ગતિ

**अट्ठेव गया मुक्खं, सुभूम बंभो य सत्तमिं पुढविं ।**
**मघवं सणंकुमारो, सणंकुमारे गया कप्पे ।।५७।।**

આઠ ચક્રવર્તી મોક્ષે ગયા છે, સુભૂમ અને બ્રહ્મદત્ત એ બે ચક્રી સાતમી નરક પૃથ્વીએ ગયા છે તથા મઘવા અને સનત્કુમાર એ બે ચક્રવર્તી સનત્કુમાર નામના ત્રીજા સ્વર્ગમાં (દેવલોકમાં) ગયા છે. ૫૭

## ૩૧. વાસુદેવ અને બળદેવની ગતિ

**अनियाणकडा रामा, सव्वे वि य केसवा निआणकडा ।**
**उड्ढं गामि अ रामा, केसव सव्वे अहोगामी ।।५८।।**

સર્વે બળદેવો નિયાણા[1] રહિત હોય છે, અને સર્વે વાસુદેવો પૂર્વે નિયાણું કરેલા જ હોય છે. તેથી સર્વે બળદેવો ઊર્ધ્વગામી (સ્વર્ગ કે મોક્ષગામી) હોય છે. ૫૮ (પ્રતિવાસુદેવો પણ નરકગામી હોય છે.)

## ૩૨. ચક્રવર્તી અને વાસુદેવની ઉત્પત્તિનો અનુક્રમ

**चक्किदुगं हरिपणगं, पणगं चक्की य केसवो चक्की ।**
**केसव चक्की केसव, दुचक्की केसवो चक्की ।।५९।।**

પ્રથમ બે ચક્રવર્તી, પછી પાંચ વાસુદેવ, પછી પાંચ ચક્રવર્તી, પછી એક વાસુદેવ, પછી એક ચક્રી, પછી એક વાસુદેવ, પછી એક ચક્રી, પછી એક વાસુદેવ, પછી બે ચક્રી, પછી

---

૧. પૂર્વજન્મમાં નિયાણું ન કર્યું હોય એવા.

એક વાસુદેવ, પછી એક ચક્રવર્તી - આ અનુક્રમે આ ભરતક્ષેત્રમાં ૧ ર ચક્રવર્તી અને ૯ વાસુદેવો થયા છે. ૫૯

(ઉપરની ગાથા યાકિની મહત્તરા સાધ્વી પાસેથી સાંભળીને હરિભદ્ર નામના વિપ્રે તેનો અર્થ ન સમજવાથી સાધ્વીજીએ તેનો અર્થ કહેતાં પ્રતિજ્ઞા પ્રમાણે જૈન ધર્મ અંગીકાર કર્યો હતો.)

## ૩૩. ત્રેસઠ શલાકાપુરુષના મળીને કુલ જીવ, કાયા પિતા અને માતાની સંખ્યા અને ગતિ

**तेसट्ठिसिलाकाणं, पदवी तिसट्ठी आगमे भणिया ।**
**एगुणसट्ठी जीवा, सट्ठी पुण हुंति कायाओ ॥६०॥**

ત્રેસઠ શલાકા (ઉત્તમ) પુરૂષોની ત્રેસઠ પદવીઓ આગમમાં કહી છે, તે સર્વના મળીને જીવો ઓગણસાઠ છે, અને કાયાઓ સર્વ મળીને સાઠ થાય છે. કેમ કે શાંતિનાથ, કુંથુનાથ અને અરનાથ એ ત્રણ જીવે તીર્થંકર પદવી અને ચક્રવર્તી પદવી એ બે એક શરીરે ભોગવવાથી શરીર ૬૦ તથા મહાવીર સ્વામીના જીવે ત્રિપૃષ્ઠ વાસુદેવની પદવી જૂદા શરીરે ભોગવેલી હોવાથી જીવ ઓગણસાઠ થાય છે. ૬૦

**तेसिं बावन्न पिया, तस्स णं हुंति इगसट्ठि जणणीओ ।**
**वीसं तु निरयगइओ, अवसेसाणं च सुगइगई ॥६१॥**

તે ત્રેસઠ ઉત્તમ પુરૂષોના કુલ પિતા બાવન થાય છે (કેમ કે નવ વાસુદેવ અને નવ બળદેવના પિતા એક એક જ હોવાથી તથા શાંતિનાથ, કુંથુનાથ અને અરનાથ એ બબે પદવીવાળાના પણ એક એક જ પિતા હોવાથી બાર ઓછા થતાં એકાવન થયા, અને મહાવીરના પિતા બે (ઋષભદત્તના ને સિદ્ધાર્થ) હોવાથી એક વધારતાં બાવન થાય છે.) તે ત્રેસઠની માતાઓ એકસઠ થાય છે. (કેમ કે શાંતિ, કુંથુ અને અરનાથની તીર્થંકરને ચક્રીપણાની એક જ માતા હોવાથી ત્રણ ઓછી કરતાં અને મહાવીરની માતા બે (દેવાનંદાને ત્રિશલા) હોવાથી એક વધારતાં એકસઠ થાય છે.) તે ત્રેસઠમાંથી વીશ પુરૂષો નરકગતિમાં ગયા છે. (નવ વાસુદેવ, નવ પ્રતિવાસુદેવ અને બે ચક્રી કુલ ૨૦) અને બાકીના તેંતાલીશમાંથી ત્રણ

તીર્થંકરને ચક્રી એક જ હોવાથી ત્રણ બાદ જતાં ૪૦ સુગતિમાં ગયા છે એટલે સ્વર્ગે કે મોક્ષે ગયા છે. ૬૧.

## ૩૪. ચક્રીના ચૌદ રત્નોને ઉપજવાનાં સ્થાન વિગેરે

**चउरो आउहगेहे, भंडारे तिन्नि दुन्नि वेयड्ढे ।**
**इक्कं रायगिहम्मि य, नियनयरे चेव चत्तारि ॥६२॥**

ચાર રત્નો આયુધશાળામાં ઉત્પન્ન થાય છે, ત્રણ રત્ન ભાંડાગારમાં ઉપજે છે, બે રત્ન વૈતાઢ્યમાં ઉપજે છે, એક રત્ન રાજમહેલમાં ઉત્પન્ન થાય છે અને ચાર રત્નો પોતાના નગરમાં (રાજધાનીમાં) ઉત્પન્ન થાય છે. ૬૨. તે આ પ્રમાણે –

**चक्कअसिच्छत्तदंडा, आउहसालाइ हुंति चत्तारि ।**
**चम्ममणिकागणिनिही, सिरिगेहे चक्किणो हुंति ॥६३॥**
**सेणावई गाहावई, पुरोहिय वड्ढइ य नियनयरे ।**
**थीरयणं रायकुले, वेयड्ढतटे करी तुरया ॥६४॥**

ચક્ર, ખડ્ગ, છત્ર ને દંડ એ ચાર રત્નો આયુધશાળામાં ઉત્પન્ન થાય છે; ચર્મ, મણિ અને કાકણી એ ત્રણ રત્નો ચક્રીના શ્રીગૃહમાં – ભાંડાગારમાં ઉત્પન્ન થાય છે;[૧] સેનાપતિ, ગાથાપતિ, પુરોહિત અને વર્ધકીએ ચાર રત્નો પોતાના નગરમાં (રાજધાનીમાં) ઉત્પન્ન થાય છે, સ્ત્રીરત્ન રાજકુળમાં ઉત્પન્ન થાય છે, તથા હસ્તીરત્ન અને અશ્વરત્ન વૈતાઢ્ય પર્વતના તટને વિષે-સમીપે ઉત્પન્ન થાય છે. ૬૩-૬૪.

## ૩૫. ચક્રવર્તીનાં નવ નિધાન

**नेसप्पे[१] पंडुयए[२], पिंगले[३] सव्वरयण[४] महापउमे[५] ।**
**काले[६] य महाकाले[७], माणवगनिही[८] महासंखे[९] ॥६५॥**

૧. આ સાત રત્ન એકેન્દ્રિય છે, બાકીના સાત પંચેન્દ્રિય છે. તે દરેક હજાર હજાર દેવ અધિષ્ઠિત હોય છે.

નૈસર્પ[1], પાંડુક[2], પિંગલ[3], સર્વરત્ન[4], મહાપદ્મ[5], કાલ[6], મહાકાલ[7], માણવક નામનો નિધિ[8] અને મહાશંખ[9] એ નવ નિધાન ચક્રવર્તીને હોય છે. ૬૫

## ૩૬. સ્ત્રીજાતિને શું શું સ્થિતિ પ્રાપ્ત ન થાય ?

**अरिहंत-चक्कि-केसव-बल-संभिन्ने य चारणे पुव्वा ।**
**गणहर पुलाग आहारग, न हु भवइ एस महिलाणं ।।६६।।**

અરિહંત, ચક્રવર્તી, વાસુદેવ, બળદેવ, સંભિન્નશ્રોતલબ્ધિ, ચારણલબ્ધિ[1], ચૌદ પૂર્વ, ગણધર, પુલાકલબ્ધિ અને આહારક શરીર - આ દશ પદવી સ્ત્રી જાતિને પ્રાપ્ત થાય નહીં. (મલ્લીનાથ તીર્થંકર થયા તે અચ્છેરૂં જાણવું.) ૬૬

## ૩૭. અભવીને શું શું પ્રાપ્ત ન થાય ?

**उत्तम नर पंचुत्तर, तायत्तीसा य पुव्वधर इंदा ।**
**जिणदाण दिक्ख सासण-देवी जक्खा य नोऽभव्वा ।।६७।।**

ઉત્તમ નર (શલાકા પુરૂષ), પાંચ અનુત્તર વિમાન, ત્રાયસ્ત્રિંશ દેવ, પૂર્વધરપણું, ઇંદ્ર, જિનેશ્વરનું દાન (વર્ષીદાન), જિનેશ્વરને હાથે દીક્ષા, શાસનદેવી અને શાસનયક્ષ, આ નવ સ્થાન અભવી પામે નહીં. ૬૭

## ૩૮. શ્રાવકને વસવા લાયક સ્થાન

**जत्थ पुरे जिणभवणं, समयविऊ साहुसावगा जत्थ ।**
**तत्थ सया वसियव्वं, पउरजलइंधणं जत्थ ।। ६८ ।।**

જે પુરમાં જિનેશ્વરનું ચૈત્ય હોય, જ્યાં સિદ્ધાંતને જાણનાર સાધુ તથા શ્રાવકો હોય, તથા જ્યાં ઘણું જળ અને બળતણ મળતું હોય ત્યાં શ્રાવકે સદા નિવાસ કરવો યોગ્ય છે. ૬૮

---

૧. જંઘાચરણ ને વિદ્યાચરણ

## ૩૯. શ્રાવકના એકવીશ ગુણ

**धम्मरयणस्स जुग्गो, अक्खुद्दो[1] रूववं[2] पगइसोमो[3] ।**
**लोगप्पिओ[4] अकूरो[5], भीरू इ असढो[7] सुदक्खिन्नू[8] ॥६९॥**
**लज्जालुओ[9] दयालू[10], मज्झत्थो सोमदिट्ठी[11] गुणरागी[12] ।**
**सक्कह[13] सुपक्खजुत्तो[14], सुदीहदंसी[15] विसेसन्नू[16] ॥७०॥**
**वुड्ढाणुगो[17] विणीओ[18], कयन्नुओ[19] परजणस्स हितकारी[20] ।**
**तह चेव लद्धलक्खो[21], इगवीसगुणो हवइ सड्ढो ॥७१॥**

આવા એકવીશ ગુણવાળો શ્રાવક ધર્મરૂપી રત્નને લાયક છે. અક્ષુદ્ર એટલે કોઇનો દ્રોહ વિગેરે ન કરે, તુચ્છમનવાળો ન હોય તે[1], સારા રૂપવાળો[2], સ્વભાવે કરીને શાંત[3], લોકને પ્રિય[4], ક્રૂરતા રહિત[5], પાપથી ભીરૂ-બીનારો[6], અશઠ-શઠતા રહિત[7], અત્યંત દાક્ષિણ્યતાવાળો[8], લજ્જાળુ[9], દયાળુ[10], મધ્યસ્થ એટલે સૌમ્ય દૃષ્ટિવાળો[11], ગુણનો રાગી[12], સારી વાર્ત્તાનો જ કરનાર[13], સારા પક્ષ (પરિવાર)વાળો[14], સુદીર્ઘદર્શી-લાંબી દૃષ્ટિએ વિચાર કરનાર[15], વિશેષ જાણનાર[16], વૃદ્ધજનોને અનુસરનાર[17], વિનયવાળો[18], કૃતજ્ઞ-કરેલા ઉપકારને જાણનાર[19], અન્યજનોનું હિતકરનાર (પરોપકારી)[20], તથા લબ્ધલક્ષ્ય - કોઇ પણ હકીકતના લક્ષ્યને - રહસ્યને સમજી જનાર[21] - આ એકવીશ ગુણ શ્રાવકમાં હોય છે. ૬૯-૭૦-૭૧.

## ૪૦. ગૃહસ્થના નેવ્યાશી ઉત્તર ગુણ

**पच्चक्खाणा[10] भिग्गह[4], सिक्खा[4] तव[12] पडिम[11] भावणा[12] सील[18] ।**
**धम्मा[10] पूआचिंता[8], गिहि उत्तरगुणा इगुणनवई ॥७२॥**

દશ પ્રકારના પચ્ચખ્ખાણ કરનાર[૧૦], ચાર પ્રકારના અભિગ્રહ કરનાર[૪], ચાર શિક્ષાવ્રતને વારંવાર આચરનાર[૪], બાહ્ય અભ્યંતર મળી ૧૨ પ્રકારનો તપ કરનાર [૧૨], શ્રાવકની ૧૧ પડિમા વહેનાર [૧૧], બાર ભાવના ભાવનાર[૧૨], ૧૮ ભેદે શીયળ પાળનાર[૧૮], દશ પ્રકારના યતિધર્મના ઈચ્છક[૧૦], અને આઠ પ્રકારની જિનપૂજા સંબંધી ચિંતા કરનાર અર્થાત્ પૂજા કરનાર[૮] એ રીતે ૮૯ ગૃહસ્થના ઉત્તરગુણ કહેલા છે. ૭૨

## ૪૧. શિષ્યની જ્ઞાન આપવા માટે યોગ્યતા અયોગ્યતાને આશ્રી ૧૪ દષ્ટાંતના નામ

**(શ્રી નંદીસૂત્રના ગાથા ૪૪)**

**सेलघण कुडंग चालणी - परिपूणग हंसमहिस मेसे य ।**
**मसग जलूग बिराली, जाहग गो भेरी आभीरी ।।७३।।**

૧ શૈલઘન પાષાણ (મગશેળીયો પત્થર), ૨ કુડંગ (ઘડા), ૪ ચાળણી, ૪ પરિપૂણગ (ઘી ગળવાની ગરણી), ૫ હંસ, ૬ મહિષ (પાડો), ૭ મેષ (બકરો), ૮ મશક (મચ્છર), ૯ જલૌક (જળો), ૧૦ બિલાડી, ૧૧ જાહક નામનું પક્ષી, ૧૨ ગો (ગાય), ૧૩ ભેરી (શ્રી કૃષ્ણ વાસુદેવને દેવતાએ આપેલી ભેરી) અને ૧૪ આભીરી (ભરવાડની સ્ત્રી) આ ચૌદ દષ્ટાંતો છે. ૭૩ શ્રી નંદીસૂત્રમાં મુદ્ગશૈલના પ્રતિપક્ષીપણે કૃષ્ણભૂમિનું ને ચાલણીના પ્રતિપક્ષીપણે, તાપસના પાત્રનું દષ્ટાંત આપી સંખ્યા ૧૬ની કરી છે, તે દષ્ટાંતો નંદીસૂત્રની ટીકામાંથી આ નીચે આપવામાં આવ્યા છે.

**સેલ ઘન** – શૈલ એટલે પર્વત અર્થાત્ મગની જેવડો પથ્થરનો કટકો અને ઘન એટલે મેઘ આ બેનું દષ્ટાંત આ પ્રમાણે છે :-

કોઈ ગાયના પગલા જેવડા મોટા અરણ્યમાં મગના દાણા જેવડો મુદ્ગશૈલ નામનો પથ્થરનો કકડો હતો, અને બીજી બાજુ જંબૂદ્વીપ જેવડો પુષ્કરાવર્ત નામનો મહામેઘ હતો. તેમાં નારદ જેવા કોઈ કલહપ્રિય મનુષ્યે પ્રથમ મુદ્ગશૈલની પાસે જઈને તેને કહ્યું કે – ''હે મુદ્ગશૈલ ! એક વખત મહાપુરૂષોની સભામાં મે કહ્યું – ''મુદ્ગશૈલ કદાપિ પાણીથી ભેદાય જ નહીં. આ પ્રમાણે કહી તારા ગુણની મેં પ્રશંસા કરી, તે વખતે પુષ્કરાવર્ત મેઘ તારૂં નામ પણ સહન કરી

શક્યો નહીં. તેથી તે બોલ્યો કે – ખોટી પ્રશંસા કરવાથી સર્યું. મારી ધારાથી મોટા કુળપર્વતો પણ ભેદાઇ જાય તો તે બિચારા મુદ્ગશૈલની કઇ ગણના ? આ પ્રમાણે તેણે તારી નિંદા કરી.'' તે સાંભળી મુદ્ગશૈલ અહંકારથી બોલ્યો કે – ''હે નારદજી ! ઘણું બોલવાથી શું ફળ ? તે દુષ્ટ મેઘ સાત રાત દિવસ મુશલધારાએ વરસે તો પણ એક તલના ફોતરાનો હજારમો અંશ પણ મારો ભેદાય તો હું મારૂં મુદ્ગશૈલ એવું નામ જ ધારણ ન કરૂં – બદલી નાંખું.'' તે સાંભળી તે પુરૂષે પુષ્કરાવર્ત મેઘની પાસે જઇ મુદ્ગશૈલે કહેલાં વચન અતિશયોક્તિ સહિત તેની પાસે કહ્યા. તે સાંભળી ક્રોધ પામેલા તે મેઘે સાત રાત્રિદિવસ મુશળધારા વૃષ્ટિ કરી. પછી વિચાર કર્યો કે – ''તે બિચારો મુદ્ગશૈલ વહેલો જ સમૂળ હણાઇ ગયો હશે.'' એમ ધારી તેણે વૃષ્ટિ બંધ કરી. ત્યારપછી અનુક્રમે પૃથ્વીપરથી સર્વ જળ દૂર થયું ત્યારે જોયું તો તે મુદ્ગશૈલ પ્રથમ જે ધૂળથી મલિન દેખાતો હતો તે ઉલટો અત્યંત ચકચકિત દેખાવા લાગ્યો. અને તેણે હસીને નારદને તથા પુષ્કરાવર્તને કહ્યું કે – ''અહો ! આવો, આવો તમારૂં સ્વાગત છે ! અહો અમને ધન્ય છે કે આજ તમારૂં અકસ્માત દર્શન થયું.'' એવાં તેના હાંસીના વચન સાંભળી પુષ્કરાવર્ત શરમાઇને ચાલ્યો ગયો.

આ દષ્ટાંતનો ઉપનય એ છે જે – મુદ્ગશૈલની જેવો કોઇ જડ–બુદ્ધિવાળો શિષ્ય હોય તેને તેના આચાર્ય મોટા પ્રયત્નથી ભણાવ્યા છતાં એક અક્ષર પણ આવડ્યો નહીં, ત્યારે આચાર્યે તેને અયોગ્ય ધારી તેની ઉપેક્ષા કરી. ત્યારપછી કોઇ યુવાન વયવાળા, ગર્વિષ્ઠ અને નવા આચાર્ય એમ કહેવા લાગ્યા કે – ''શિષ્યને ન આવડે તેમાં આચાર્યનો જ દોષ છે. ગમે તેવો જડ શિષ્ય હોય તો પણ સારા આચાર્ય તેને પંડિત કરી શકે છે.'' ઈત્યાદિક અભિમાનનાં વચન બોલી પ્રતિજ્ઞા કરી તે અયોગ્ય શિષ્યને ભણાવવા લાગ્યા. પરંતુ તેના હૃદયમાં એક શબ્દનો અર્થ પણ પરિણમ્યો નહીં. એટલે થાકીને તે નવા આચાર્ય ભ્રષ્ટપ્રતિજ્ઞાવાળા થવાથી લજ્જિત થઇને ચાલ્યા ગયા. તાત્પર્ય એ છે કે – આવા અયોગ્ય શિષ્યને શાસ્ત્ર શીખવવાથી તેને ઉલટો અનર્થ પ્રાપ્ત થાય છે અને બીજા અનેક પ્રાણીઓને પણ તે અનર્થકારક થાય છે. ૧

૨. હવે કૃષ્ણભૂમિ જેવા યોગ્ય શિષ્યને શાસ્ત્ર ભણાવવું. કેમ કે કૃષ્ણભૂમિમાં પડેલી જળવૃષ્ટિ જમીનમાં સમાઇ જાય છે અને વાવેલું બીજ ઘણાં બીજોને ઉત્પન્ન કરે છે. તેમ યોગ્ય શિષ્યને આપેલું શાસ્ત્ર સ્વપરનો વિકાસ કરી અત્યંત શુભપણે પરિણમે છે. તેથી તેવા કૃષ્ણભૂમિ સમાન શિષ્યોને યોગ્ય જાણવા.

**૩. કુટ-ઘડા :-** તે બે પ્રકારના હોય છે. નવા અને જૂના. નવા એટલે તત્કાળ નીંભાડામાંથી કાઢેલા. જૂના ઘડા બે પ્રકારના હોય છે - ભાવિત અને અભાવિત. ભાવિત પણ બે પ્રકારના હોય છે - જે કપૂર વિગેરે પ્રશસ્ત દ્રવ્યથી ભાવિત કરેલા તે પ્રશસ્ત દ્રવ્યભાવિત, તથા લસણ વિગેરે અપ્રશસ્ત દ્રવ્યથી ભાવિત કરેલા તે અપ્રશસ્ત દ્રવ્યભાવિત કહેવાય છે. તેમાં જે પ્રશસ્ત દ્રવ્યભાવિત છે તે પણ બે પ્રકારના છે. વામ્ય એટલે વમન કરાવવા લાયક અર્થાત્ જેનો લેપ જતો રહે તેવા તથા બીજા અવામ્ય એટલે જેનો લેપ કદાપિ કોઇ પણ રીતે કાઢી શકાય નહીં તેવા. હવે અભાવિત એટલે કોઇ પણ દ્રવ્યથી જે વાસિત કરેલા ન હોય તે. આ ઘડાની જેમ શિષ્યોના પણ પ્રથમ બે પ્રકાર છે. નવા અને જૂના. તેમાં જે બાલ્યાવસ્થાવાળા હોવાથી અજ્ઞાની હોય અને તેને પ્રતિબોધ કરવાનો આરંભ કર્યો હોય ત્યારે તે નવા કહેવાય છે. તથા જૂના બે પ્રકારના છે. ભાવિત અને અભાવિત. તેમાં અભાવિત એટલે જે પ્રાણી કોઇ પણ ધર્મથી વાસિત થયેલ ન હોય તે. ભાવિતના બે પ્રકાર છે - એક તો મિથ્યાદર્શનીએ કે પાસત્થાદિકે વાસિત કરેલા હોય તે, અને બીજા સંવિગ્ન સાધુએ વાસિત કરેલા હોય તે. મિથ્યાત્વી કે પાસત્થાદિકે વાસિત કરેલા પણ બે પ્રકારના હોય છે. વામ્ય અને અવામ્ય. સંવિગ્ન સાધુએ વાસિત કરેલા હોય તે. મિથ્યાત્વી કે પાસત્થાદિકે વાસિત કરેલા પણ બે પ્રકારના હોય છે. વામ્ય અને અવામ્ય. સંવિગ્ન સાધુએ વાસિત કરેલા પણ બે પ્રકારના હોય છે. વામ્ય અને અવામ્ય. આ સર્વ પ્રકારોમાં જે નવા હોય, જે જૂના છતાં અભાવિત હોય, જે મિથ્યાત્વી કે પાસત્થાદિકે ભાવિત કર્યા છતાં પણ વામ્ય હોય, તથા જે સંવિગ્ન સાધુએ વાસિત કરેલા અવામ્ય હોય તે સર્વ યોગ્ય છે અને બાકીના સર્વ પ્રકારો અયોગ્ય છે.

અથવા કુટદૃષ્ટાંત આ રીતે જાણવું - અહીં કુટ-ઘડા ચાર પ્રકારના જાણવા - છિદ્રકુટ (જેને તળીયે છિદ્ર હોય તે) ૧, ખંડ કુટ (જેનો એક બાજુનો ખંડ-ઠીબ હોય નહીં તે) ૨. કંઠહીન કુટ (જેનો કાંઠો ન હોય તે) ૩, તથા સંપૂર્ણ કુટ (જે પરિપૂર્ણ અવયવવાળો હોય તે) ૪. આ પ્રમાણે શિષ્યો પણ ચાર પ્રકારના જાણવા. તેમાં જે શિષ્ય વ્યાખ્યાનની મંડલીમાં બેઠો હોય ત્યારે આચાર્યની કહેલી સર્વ વ્યાખ્યા સમજે, પણ ભણી રહ્યા પછી મંડલીમાંથી ઉઠીને જાય કે તરત પૂર્વાપરના સંબંધની શક્તિ રહિત હોવાથી સર્વ ભૂલી જાય તે છિદ્રકુટ સમાન જાણવો. કેમ કે છિદ્રકુટમાં પણ પાણી ભર્યું હોય તો તે જ્યાં સુધી તે જ ઠેકાણે રહ્યો હોય ત્યાં સુધી છિદ્ર પૃથ્વી સાથે દબાયેલ હોવાથી તેમાં પાણી ભર્યું રહે છે, પણ તેને ઉપાડી લઇએ તો નીચેના છિદ્રમાંથી અનુક્રમે સર્વ જળ નીકળી ખાલી થઇ જાય છે. ૧. બીજો જે શિષ્ય વ્યાખ્યાનની મંડલીમાં બેઠો

હોય ત્યારે પણ અર્ધભાગ, ત્રિભાગ કે ચતુર્થભાગે કરીને રહિત એવા સૂત્રાર્થને સમજે અને ઉઠ્યા પછી પણ તેટલું જ યાદ રાખે તેને ખંડકુટ જેવો શિષ્ય જાણવો. ૨. ત્રીજો જે કાંઈક હીન સૂત્રાર્થને સમજે અને પછી પણ તેટલું જ યાદ રાખે તે કંઠહીન કુટ જેવો જાણવો. ૩. તથા ચોથો જે પરિપૂર્ણ સમગ્ર સૂત્રાર્થને સમજે અને તેટલું જ યાદ રાખે તે સંપૂર્ણ કુટ સમાન જાણવો. ૪. અહીં છિદ્રકુટની જેવો શિષ્ય એકાંતે અયોગ્ય છે. બાકીના ત્રણ યોગ્ય છે. પરંતુ ઉત્તરોત્તર શ્રેષ્ઠ છે.

**૪-૫ ચાલણી** - લોટ ચાળવાની ચાળણીમાં નાંખેલું જળ જેમ તત્કાળ નીકળી જાય છે, તેમ જેને સૂત્રાર્થ ભણાવવા માંડ્યો, ને તરત જ ભૂલી જાય, તે ચાલણી સમાન એકાંત અયોગ્ય શિષ્ય જાણવો. ૪. ચાળણીથી પ્રતિપક્ષભૂત વંશદળથી બનાવેલું તાપસનું ભાજન (કમંડળ) હોય છે, કે જેમાંથી એક બિંદુ માત્ર જળ પણ સ્રવતું નથી. તેના સમાન જે શિષ્ય હોય તેને યોગ્ય જાણવો. ૫

**૬. પરિપૂર્ણક** - એટલે ઘી, દુધ વિગેરે ગળવાની ગળણી અથવા સુગૃહીનો માળો. તેના વડે આ ભીરીઓ ઘી ગળે છે. જેમ આ પરિપૂર્ણક કચરાને પોતામાં ધારણ કરી રાખે છે અને ઘીનો ત્યાગ કરે છે, તેમ જે શિષ્ય વ્યાખ્યાન વિગેરેમાં જે શ્રવણ થાય તેમાંથી દોષને ગ્રહણ કરે અને ગુણનો ત્યાગ કરે, તે પરિપૂર્ણક જેવો શિષ્ય એકાંતે અયોગ્ય જાણવો.

**૭. હંસ** - જેમ હંસ જળમિશ્રિત દૂધમાંથી દૂધ પીએ છે અને જળ ગ્રહણ કરતો નથી, તેમ જે શિષ્યદોષનો ત્યાગ કરી ગુણને જ ગ્રહણ કરે છે, તેવો હંસ જેવો શિષ્ય એકાંત યોગ્ય જાણવો. (અહીં કોઈને શંકા થાય કે - જિનેશ્વરના વચનમાં દોષનો જ અસંભવ છે તો દોષનું ગ્રહણ શી રીતે થાય ? ઉત્તર ખરી વાત છે. જિનેશ્વરના વચનમાં દોષ છે જ નહીં. પરંતુ વ્યાખ્યા કરનાર ગુરૂ જ્યારે ઉપયોગ વિના પ્રમાદથી બોલે ત્યારે તેમાં દોષનો સંભવ છે, અથવા ભણનાર શિષ્ય કુપાત્ર હોય તો ગુણવાળા વચનને પણ દોષરૂપે પોતાના આત્મામાં પરિણમાવે છે. આવા કારણથી જ દોષનો સંભવ કહેલો છે.)

**૮. મહિષ** - પાડો જેમ સરોવરમાં પાણી પીવા જાય ત્યારે તે પાણીમાં પ્રવેશ કરી વારંવાર મસ્તક અની શીંગડાવડે તથા ચાલવા વડે પાણીને ડોળી નાંખે છે, તેથી પોતે પણ પાણી પી શકતો નથી અને બીજા પ્રાણીઓને પણ પીવા લાયક જળ રહેવા દેતો નથી. તેમ જે શિષ્ય વ્યાખ્યાનમાં બરાબર સમજ્યા વિના જ કુતર્ક અને વિકથાદિક વડે વ્યાખ્યાનને ડોળી નાંખે છે કે જેથી પોતાને તથા પરને વ્યાખ્યાન સાંભળવામાં અને સમજવામાં વિઘાત થાય છે, તે મહિષ

સમાન શિષ્યને એકાંતે અયોગ્ય જાણવો.

**૯. મેષ** – જેમ ઘેટો શરીરને નિશ્ચળ રાખી નાના ખાડામાં રહેલા થોડા જળને પણ ડોળ્યા વિના તે પાણી પીએ છે, તેમ જે શિષ્ય વિનયપૂર્વક આચાર્યના ચિત્તને પ્રસન્ન રાખીને તેમની પાસેથી એક શબ્દ માત્ર (અલ્પ) જ પૂછીને ગ્રહણ કરી લે છે, તેવા મેષ સમાન શિષ્યને યોગ્ય જાણવો.

**૧૦. મસક** – જે શિષ્ય પવન ભરેલી મસકની જેમ ગુરૂના જાતિ વિગેરેના દોષોને પ્રગટ કરી ગુરૂના મનમાં વ્યથા ઉત્પન્ન કરે છે તેને સર્વથા અયોગ્ય શિષ્ય જાણવો.

**૧૧. જલૌકા** – જળો જેમ શરીરને દુભવ્યા વિના ખરાબ રૂધિરને ખેંચી લે છે, તેમ જે શિષ્ય ગુરૂને દુભવ્યા વિના તેની પાસેથી શ્રુતજ્ઞાનને ગ્રહણ કરી લે છે, તે જલૌકા સમાન યોગ્ય જાણવો.

**૧૨. બિલાડી** – જેમ બિલાડી દુષ્ટ સ્વભાવને લીધે પાત્રમાં રહેલા દૂધને ભૂમિ પર ઢોળી નાંખીને પછી પીએ છે (ચાટે છે) તેમ જે શિષ્ય વિનયાદિક કરવાના ગુણવાળો નહીં હોવાથી પોતે સાક્ષાત્ ગુરૂ પાસે જઇને શ્રુતની વ્યાખ્યા સાંભળે નહીં. પરંતુ વ્યાખ્યા સાંભળીને ઉભા થયેલા કેટલાક સાધુઓ વિગેરેને પૂછી પૂછીને કાંઇક જાણે તેને બિલાડી સમાન અયોગ્ય જાણવો.

**૧૩. જાહક** – જેમ જાહક પક્ષી પાત્રમાં રહેલું થોડું થોડું દૂધ પીને પછી તેના પડખાને ચાટે છે તેમ જે શિષ્ય ગુરૂ પાસેથી ગ્રહણ કરેલા (ભણેલા) સૂત્રાર્થને અત્યંત પરિચિત (દઢ) કરી પછી બીજું આગળ ભણે છે, તે જાહક સમાન શિષ્ય યોગ્ય જાણવો.

**૧૪. ગો** – ગાયનું દૃષ્ટાંત આ પ્રમાણે – કોઇ કૌટુંબિક કોઇ વેદ ભણેલા ઉત્તમ ચાર બ્રાહ્મણોને ગાયનું દાન આપ્યું. તેમણે વારા પ્રમાણે એક એક દિવસ પોતાના ઘેર ગાય રાખી દોહવાનો ઠરાવ કર્યો. પછી પહેલે દિવસે જેણે ગાય રાખી, તેણે વિચાર કર્યો કે – ''આ ગાયને હું કાંઇપણ ખાવા પીવાનું આપીશ, તેનો લાભ તો મને મળવાનો નથી, કેમ કે કાલે બીજાને ત્યાં જશે, તેથી મારે શા માટે કાંઇ પણ ખાવા આપવું જોઇએ ?'' એમ વિચારીને તેણે તે ગાયને કાંઇપણ ખાવા આપ્યું નહીં, અને દોહવાયું તેટલું દૂધ દોહી લીધું. એ જ પ્રમાણે બીજા ત્રણ બ્રાહ્મણોએ પણ તેવો જ વિચાર કરી ગાયને કાંઇ પણ ખાવા પીવા આપ્યું નહીં. તેથી કેટલાક દિવસ પછી તે ગાય ખાધા પીધા વિના મરણ પામી. તેથી લોકમાં તેમની ઘણી નિંદા થઇ અને ત્યાર પછી કોઇએ તેમને ગાયનું દાન આપ્યું નહીં. તે જ પ્રમાણે જે શિષ્ય એવો વિચાર કરે કે –

''ગાય સદૃશ આચાર્ય કેવળ અમને જ ભણાવે છે એમ નથી, પ્રાતીચ્છિક[1] સાધુઓને પણ ભણાવે છે, તેથી તેઓ જ ગુરૂનો વિનય વૈયાવચ્ચ વિગેરે કરશે ; અમારે શા માટે કાંઇ કરવું જોઇએ ?'' હવે પ્રાતીચ્છિક સાધુઓ પણ એવો વિચાર કરે કે - ''આ ગુરૂના વિનયાદિક તેમના શિષ્યો જ કરશે, અમે તો થોડા દિવસ જ રહેવાના છીએ, તેથી અમે શા માટે કરીએ ?'' આ પ્રમાણે વિચાર કરી કોઇપણ શિષ્યે આચાર્યના વિનયાદિક ન કરવાથી આચાર્ય સીદાવા લાગ્યા, તેથી લોકમાં તે શિષ્યોની નિંદા થઇ. તેમ જ તેવા અવિનીત શિષ્યોને બીજા ગચ્છાદિકમાં પણ સૂત્રાર્થનો અભ્યાસ દુર્લભ થયો. તેથી આવા શિષ્યોને અયોગ્ય જાણવા.

આ ગાયનું દૃષ્ટાંત બીજી રીતે આ પ્રમાણે જાણવું. કોઇએ ચાર બ્રાહ્મણોને એક ગાય દાન તરીકે આપી.તેમણે પણ પૂર્વની જેમ વારા પ્રમાણે એક એક દિવસ રાખવાનો ઠરાવ કર્યો. પછી પહેલા બ્રાહ્મણે વિચાર કર્યો કે - ''જો હું આ ગાયને ખાવા પીવા નહીં આપું અને બીજા પણ મારી જેવો વિચાર કરી નહીં આપે તો આ ગાય મરણ પામશે. તેથી લોકોમાં અમારી નિંદા થશે અને ફરી અમને કાઇ ગૌદાન આપશે નહીં. અને જો આને હું ખાવા પીવાનું આપીશ તો તેથી પુષ્ટ થયેલી ગાયને બીજા બ્રાહ્મણો પણ જે દોહન કરશે તેનો પણ મને મોટો લાભ થાય છે અને હું પણ ફરી ફરી વારા પ્રમાણે આને દોઇ શકીશ.'' એમ વિચારી તેણે ખાવા પીવાનું આપ્યું. તે જ પ્રમાણે બીજા ત્રણ બ્રાહ્મણોએ પણ તેવો જ વિચાર કરીને આપ્યું. તેથી તેઓએ ચિરકાળ ગાયનું દોહન કર્યું, લોકમાં તેમની પ્રશંસા થઇ અને બીજા બીજા દાન પણ લોક થકી તેઓ પામ્યા. એ જ પ્રમાણે જે શિષ્યો એવો વિચાર કરે કે - ''જો અમે આચાર્યનો વિનયાદિક નહીં કરીએ તો આચાર્ય સીદાશે, લોકમાં અમારી નિંદા થશે અને બીજા ગચ્છમાં પણ અમને કોઇ ભણાવશે નહીં. વળી આ ગુરૂએ અમને દીક્ષાદિક આપ્યાં છે તેથી તે અમારા મોટા ઉપકારી છે, માટે અવશ્ય તેનો વિનયાદિક અમારે કરવો જોઇએ, વળી અમારા કરેલા વિનયાદિકથી પ્રાતીચ્છિક સાધુઓને પણ ભણવાનો લાભ થશે, તે પણ અમને જ લાભ છે.'' ઇત્યાદિક વિચારીને ગુરૂની વૈયાવચ્ચ કરે. હવે પ્રાતીચ્છિક સાધુઓ પણ એવો વિચાર કરે કે - ''પ્રત્યુપકારની આશા વિના જ આચાર્ય અમને ભણાવવાનો મહા ઉપકાર કરે છે, આનો બદલો અમે શી રીતે વાળી શકીએ, તો પણ જે કાંઇક વિનયાદિક થાય તે અમે કરીએ.'' એમ વિચારીને તેઓ પણ ગુરૂનો વિનયાદિક કરવા લાગ્યા, તેથી લોકોમાં તેમની પ્રશંસા થઇ અને પોતાને સૂત્રાર્થનો લાભ ચિરકાળ સુધી થયો. આવા શિષ્યોને યોગ્ય જાણવા.

૧ ભણવા માટે બીજા સમુદાયના સાધુઓ આવીને રહ્યા હોય તે.

**૧૫. ભેરી –** દ્વારકા નગરીમાં શ્રીકૃષ્ણ વાસુદેવ રાજ્ય કરતાં હતા, તે દોષવાળી વસ્તુમાંથી પણ ગુણને જ ગ્રહણ કરતા હતા, તથા નીચ યુદ્ધ વડે કદાપિ યુદ્ધ કરતા નહોતા,

એકદા સૌધર્મ ઇંદ્રે તેના આ બે ગુણોની પ્રશંસા કરી. તે સાંભળી કોઇ દેવ તેની પરીક્ષા કરવા માટે આવ્યો. તેણે એક અત્યંત કોહેલા, દુર્ગંધી, મુખ ઉઘાડીને સુતેલા અને મરવાની તૈયારીવાળા કુતરાનું રૂપ વિકુર્વી એક ખાડામાં મૂક્યું, તે વખતે તે માર્ગે કૃષ્ણ વાસુદેવ સૈન્ય સહિત ઉજ્જયંત પર્વત પર પધારેલા શ્રી નેમિનાથને વાંદવા નીકળ્યા. આગળ ચાલનારા સૈન્યના મનુષ્યો તે કુતરાની દુર્ગંધને લીધે વસ્ત્ર વડે નાસિકાને ઢાંકી દૂર ચાલવા લાગ્યા. કૃષ્ણે તેનું કારણ પૂછ્યું, ત્યારે કોઇએ તેને કહ્યું કે – ''હે દેવ ! આગળ અત્યંત દુર્ગંધવાળો મૃતપ્રાય કુતરો પડેલો છે, તેની દુર્ગંધ સહન ન થવાથી સર્વ લોકો વસ્ત્ર વડે નાસિકાને ઢાંકીને દૂર દૂર ચાલે છે.'' તે સાંભળી ત્રાસ પામ્યા વિના જ કૃષ્ણે પોતાનો હસ્તી તે તરફ જ ચલાવ્યો. તેની પાસે જઇ કૃષ્ણે તે કુતરાની પ્રશંસા કરી કે – ''અહો ! શ્યામ શરીરવાળા આ કુતરાના મુખમાં રહેલા શ્વેત દાંતની પંક્તિ જાણે કે મરકત મણિમય પાત્રને વિષે રાખેલા મુક્તાફળની શ્રેણિ હોય તેવી શોભે છે.'' આવી તેની કરેલી પ્રશંસા સાંભળી તે દેવ વિસ્મય પામ્યો.

ત્યાર પછી કૃષ્ણ વાસુદેવ શ્રી નેમિનાથને વાંદી ઘેર આવ્યા ત્યારે તે દેવ તેની અશ્વશાળામાંથી સર્વજનો દેખતાં એક અશ્વરત્નનું હરણ કરી ધીમે ધીમે ચાલ્યો, તેની પાછળ સૈન્ય તથા સર્વે કુમારો ગયા. તે સર્વેને તે દેવે લીલામાત્રથી જીતી લીધા, છેવટ કૃષ્ણ વાસુદેવ આવ્યા, તેણે તેને પૂછ્યું કે – ''તું શા માટે મારા અશ્વરત્નનું હરણ કરે છે ?'' તેણે જવાબ આપ્યો કે – ''આને હરણ કરવાની મારામાં શક્તિ છે તેથી હરણ કરૂં છું. તમારામાં જો શક્તિ હોય તો મને યુદ્ધમાં જીતી આ અશ્વ ગ્રહણ કરો.'' તે સાંભળી કૃષ્ણે કહ્યું – ''ક્યા યુદ્ધ વડે હું તારી સાથે યુદ્ધ કરૂં ?'' તેણે કહ્યું –''પૂત (કુલા)ના યુદ્ધ વડે યુદ્ધ કરો.'' તે સાંભળી કૃષ્ણે બે હાથ વડે કાન ઢાંકી ખેદયુક્ત થઇ કહ્યું કે – ''ભલે તું અશ્વને લઇ જા, પરંતુ હું નીચયુદ્ધ વડે યુદ્ધ નહીં કરૂં.'' તે સાંભળી પ્રસન્ન થયેલા દેવે પ્રત્યક્ષ થઇ તેની પ્રશંસા કરી કહ્યું કે – ''તમારા ગુણની ઈંદ્રે પ્રશંસા કરી, તેની પરીક્ષા કરવા માટે આ સર્વ મેં કર્યું છે. ઇંદ્રે તમારા જેવા ગુણ કહ્યા તેવા જ તમે છો.'' ઇત્યાદિક કહી ફરીથી દેવે કહ્યું કે – ''હે વાસુદેવ ! દેવનું દર્શન નિષ્ફળ ન હોય તેથી કાંઇપણ ઇષ્ટ વસ્તુ માગો.'' ત્યારે કૃષ્ણે કહ્યું કે – ''હાલ દ્વારકા નગરીમાં મારીનો ઉપદ્રવ છે, તેને શાંત કરવાનો ઉપાય બતાવો, કે જેથી ફરી આવો ઉપદ્રવ ન થાય.'' તે સાંભળી તે દેવે તેને ગોશીર્ષ–ચંદનની એક ભેરી આપી કહ્યું કે – ''છ છ માસે આ ભેરીને તમારી સભામાં

વગાડવી. તેનો શબ્દ બાર યોજન સુધી સંભળાશે. તે શબ્દને જે કોઇ સાંભળશે, તેના પૂર્વના વ્યાધિ નાશ પામશે અને નવા વ્યાધિ છ માસ સુધી થશે નહીં.'' આ પ્રમાણે કહી તે દેવ સ્વસ્થાને ગયો. પછી કૃષ્ણે તે ભેરી હમેશાં ભેરી વગાડનાર સેવકને આપી કહ્યું કે - ''છ છ માસે સભામાં આ ભેરી તારે વગાડવી અને એને સારી રીતે સાચવી રાખવી.'' પછી બીજે દિવસે સભામાં તે ભેરી વગાડી. તેના શબ્દથી આખી દ્વારકા નગરીના લોકોના વ્યાધિ નષ્ટ થઇ ગયા.

એકદા દૂર દેશનો રહીશ કોઇ મહારોગી ધનવાન પુરૂષ તે ભેરીનો શબ્દ સાંભળવા માટે દ્વારકા નગરીમાં આવ્યો. પરંતુ તે ભેરી વગાડવાનો દિવસ વ્યતીત થયો હતો. તે જાણી તે ધનિકે વિચાર કર્યો કે - ''હવે મારૂં શું થશે ? હવે તો છ માસે ફરીથી ભેરી વાગશે, ત્યાં સુધીમાં તો મારો વ્યાધિ વૃદ્ધિ પામીને મારા જીવનનો અંત લાવશે. તેથી હવે મારે શું કરવું ?'' આ પ્રમાણે ચિંતા કરતાં તેને વિચાર સૂઝયો કે - ''જો તે ભેરીનો શબ્દ સાંભળવાથી જ રોગ નષ્ટ થાય છે, તો તેનો એક કકડો ઘસીને પીવાથી અત્યંત નાશ પામશે. તેથી તે ભેરી વગાડનારને પુષ્કળ દ્રવ્ય આપી તેની પાસેથી એક કકડો માગી લઉં.'' આ પ્રમાણે વિચારી તેણે ઘણું દ્રવ્ય આપી તેની પાસેથી ભેરીનો એક કકડો લીધો અને તેના વડે પોતાનો રોગ નષ્ટ કર્યો. ભેરી વગાડનારાએ તે કકડાને બદલે બીજો કકડો સાંધી દીધો. આ પ્રમાણે ધનના લોભથી તે ભેરી વગાડનારાએ અન્ય અન્ય દેશાંતરોમાંથી આવેલા રોગીજનો પાસેથી ઘણું ધન લઇ કકડા કકડા આપ્યા અને તેને બદલે બીજા કકડાઓ સાંધ્યા, તેથી તે ભેરી કંથા જેવી થઇ ગઇ અને તેનો પ્રભાવ પણ નષ્ટ થયો.

દ્વારિકા નગરીમાં પ્રથમની જેમ ફરીને રોગની ઉત્પત્તિ થઇ તે જાણી કૃષ્ણે પોતાની સભામાં તે ભેરી વગડાવી. પરંતુ તેનો શબ્દ સભાની અંદર પણ પૂરો સંભળાયો નહીં. ત્યારે કૃષ્ણે પોતે તે ભેરીને જોઇ તો દરિદ્ર માણસની કંથા જેવી દીઠી. તેથી કૃષ્ણે તેના જાળવનાર પર ક્રોધ કરી તેનો વિનાશ કર્યો. પછી ફરીથી મનુષ્યો પરની અનુકંપાને લીધે કૃષ્ણ પૌષધશાળામાં જઇ અઠ્ઠમ તપ કરી તે જ દેવને આરાધ્યો. એટલે તે દેવે પ્રત્યક્ષ થઇ આરાધવાનું પ્રયોજન પૂછ્યું. કૃષ્ણે સર્વ વૃત્તાંત કહી બીજી ભેરી માગી. તે દેવે પણ આપી. તે ભેરી કૃષ્ણ વાસુદેવે સારી રીતે પરીક્ષા કરી નિશ્ચય કરેલા બીજા આપ્ત સેવકને જાળવવા આપી. તેણે તે ભેરી લોભાદિકને આધીન ન થવાથી અખંડ રાખી. તેથી સર્વ પ્રજા ચિરકાળ સુખી થઇ. ઇત્યાદિ.

આ દૃષ્ટાંતનો ઉપનય આ પ્રમાણે છે - ભેરીને ઠેકાણે જિન-પ્રવચનના સૂત્રાર્થ જાણવા. જેમ ભેરીનો શબ્દ સાંભળવાથી રોગનો નાશ થાય, તેમ સિદ્ધાંતના શબ્દો

સાંભળવાથી પ્રાણીઓના કર્મનો વિનાશ થાય છે. જે શિષ્ય મૂળ સૂત્ર તથા અર્થને વચ્ચે ભૂલી જઇ તે સ્થાને બીજા બીજા સૂત્ર અર્થને જોઇ દઇ કંથા સમાન કરે છે, તે ભેરી વગાડનાર પહેલા પુરૂષ જેવો જાણવો. આવો શિષ્ય એકાંતપણે અયોગ્ય છે અને જે શિષ્ય આચાર્યે (ગુરુએ) કહેલા સૂત્ર તથા અર્થને બરાબર યથાર્થ ધારી રાખે છે, તે પાછળના ભેરી જાળવનાર પુરૂષ જેવો જાણવો. આવો શિષ્ય એકાંતપણે યોગ્ય છે.

**૧૯. આભીરી –** કોઇ આભીર પોતાની ભાર્યા સહિત ઘી વેચવા માટે ગાડામાં ઘીનાં પાત્રો ભરી પાસેના નગરમાં ગયો. ચૌટામાં આવી વેપારીઓની દુકાનોમાં ઘીનું સાટું કરવા લાગ્યો. છેવટ એક વેપારીની સાથે ઘીનું સાટું નક્કી કર્યું, પછી તે આભીર ગાડામાં રહી ઘીના માપ વાળો નાનો ઘડો ભરી ભરીને નીચે ઉભી રહેલી આભીરીને આપવા લાગ્યો અને તે આભીરી વેપારીને આપવા લાગી. તેવામાં એક વખત દેવા લેવામાં બરાબર ઉપયોગ નહીં રહેવાથી તે ઘીના માપનો ઘડો વચ્ચે જ પૃથ્વી પર પડીને ફુટી ગયો. તે વખતે ક્રોધ પામી આભીરે આભીરીને કહ્યું કે – ''હે પાપણી ! અન્ય અન્ય જુવાન માણસોની સામું તું જોયા કરે છે અને હું ઘીનો ઘડો આપું છું તે બરાબર લેવામાં ધ્યાન રાખતી નથી ?'' તે સાંભળી આભીરી પણ ક્રોધથી બોલી કે – ''હે ગામડીયા ! ઘીના ઘડા પર ધ્યાન રાખ્યા વિના તું રૂપાળી રૂપાળી શહેરની સ્ત્રીઓના મુખ સામું જુએ છે તેથી પાત્ર બરાબર આપતો નથી અને વળી ઉલટો મને ઠપકો (ગાળો) આપે છે ?'' આ પ્રમાણે તે બન્ને પરસ્પર વધારે વધારે કઠોર વચન બોલવા લાગ્યા. અનુક્રમે તે બન્નેનું કેશાકેશી યુદ્ધ થયું. તેમાં તે બન્નેના આઘા પાછા પડતા પગના પ્રહારથી પ્રાયે ગાડામાંનું સર્વ ઘી ઢોળાઇને પૃથ્વી પર પડ્યું. તે કેટલુંક પૃથ્વીમાં ચુસાઇ ગયું. કેટલુંક કુતરા ચાટી ગયા અને કાંઇક બાકી રહ્યું તે ચોર લોકો હરી ગયા. તેની સાથે આવેલા બીજા આભીરો પોતપોતાનું ઘી અન્ય વેપારીને વેચાતું આપી તેના પૈસા વિગેરે લઇ પોતાના ગામમાં પાછા ગયા. ત્યારપછી સાંજનો વખત થવા આવ્યો ત્યારે તે બન્ને થાકીને યુદ્ધથી નિવૃત્ત થયા, અને સ્વસ્થપણાને પામ્યા. પછી પ્રથમ જે કાંઇ ઘી વેપારીને આપ્યું હતું (વેચાયું હતું) તેના પૈસા લઇ તે બન્ને પોતાના ગામ તરફ ગાડામાં બેસીને પાછા વળ્યા. માર્ગમાં જતાં જ સૂર્ય અસ્ત થયો, અંધારૂં ચોતરફ વ્યાપી ગયું. તેવામાં ચારલોકોએ આવી તેમનું ધન, વસ્ત્ર અને ગાડાના બળદો પણ હરી લીધા. આ રીતે તેઓ અત્યંત દુ:ખી થયા.

આ દૃષ્ટાંતનો ઉપનય આ પ્રમાણે કરવો – જે કોઇ શિષ્ય અન્યથા પ્રકારે પ્રરૂપણા કરે કે અભ્યાસ કરે તેને જ્યારે આચાર્ય મહારાજ કઠોર વાક્ય વડે શિખામણ આપે ત્યારે તે શિષ્ય

સામું બોલે કે - ''તમે જ મને પ્રથમ આવી રીતે શીખવ્યું હતું અને અત્યારે કેમ તે ગોપવો છો ?'' આવાં વચન બોલનાર તે શિષ્ય કેવળ પોતાના આત્માને જ સંસારમાં નાંખે છે એટલું જ નહીં, પરંતુ આચાર્યના ક્રોધનો પણ પોતે જ કારણ રૂપ થઇ આચાર્યને પણ સંસારમાં પાડે છે. કેમ કે કુશિષ્યો સૌમ્ય ગુરૂને પણ ક્રોધી બનાવવામાં કારણ થાય છે. એ વાત પ્રસિદ્ધ છે. તથા વળી ગુરૂ તો ગુણી જ હોય છે તેથી તેઓ જો દુષ્ટ શિષ્યને શિખામણ આપતાં કદાચ ક્રોધ ન કરે, તો પણ તે શિષ્ય તો ભગવાનની આજ્ઞાનો લોપ કરવાથી અને ગુરૂની આશાતના કરવાથી અશુભ કર્મનું ઉપાર્જન કરી અવશ્ય દીર્ઘ સંસારી થાય છે. આવો શિષ્ય બુદ્ધિમાન હોય તો પણ તે શ્રુત બાહ્ય થાય છે અને અન્ય જન્મમાં પણ તેને શ્રુતજ્ઞાન પ્રાપ્ત થતું નથી. આવો શિષ્ય એકાંતપણે અયોગ્ય છે.

આ દૃષ્ટાંતનું પ્રતિપક્ષ દૃષ્ટાંત પણ એ જ પ્રમાણે જાણવું. તેમાં તફાવત આ પ્રમાણે છે. જ્યારે તે આભીર કે આભીરીના ઉપયોગને અભાવે ઘીનો ઘડો પૃથ્વી પર પડીને ફૂટી ગયો, ત્યારે તે બન્નેએ શીઘ્ર શીઘ્ર ઢોળાયેલું ઘી એક નાના ઠીબકામાં લેવાય તેટલું લઇ લીધું, તેથી થોડું જ ઘી વિનાશ પામ્યું. પછી આભીરે પોતાના આત્માની જ નિંદા કરી કે - ''હે પ્રિયા ! મેં તને બરાબર ઉપયોગ પૂર્વક ઘીનો ઘડો આપ્યો નહીં, તેથી તે પડી ગયો.'' તે સાંભળી આભીરી પણ બોલી કે - ''હે નાથ ! તમે તો બરાબર આપ્યો હતો, પણ મેં જ બરાબર ગ્રહણ ન કર્યો.'' આ પ્રમાણે થવાથી તેમને કોપના આવેશથી થયેલા યુદ્ધનું દુ:ખ થયું નહીં, ઘીની હાનિ પણ થઇ નહીં અને બીજા આભીરોની સાથે વહેલા ઘેર જવાથી માર્ગમાં લુંટાવાનું દુ:ખ પણ થયું નહીં. તેથી તેઓ સુખી થયા. આ દૃષ્ટાંત પ્રમાણે જ કોઇ આચાર્યે ઉપયોગને અભાવે કાંઇક અન્યથા વ્યાખ્યાન કર્યું હોય અને પછીથી શિષ્ય પણ તે જ પ્રમાણે તેનું ચિંતવન કરતો હોય, તો તેને આચાર્ય આ પ્રમાણે કહે કે - ''હે વત્સ ! તું આવો અર્થ ન કર, મેં તે વખતે ઉપયોગને અભાવે એ પ્રમાણે કહ્યું હશે, પણ હવે આવો અર્થ કર.'' તે સાંભળી શિષ્ય બોલે કે - ''હે પૂજ્ય ! શું આપ અન્યથા પ્રરૂપણા કરો ખરા? મેં જ અલ્પ મતિને લીધે બરાબર અર્થ ધાર્યો નહીં હોય.'' આવો શિષ્ય એકાંતપણે યોગ્ય છે.

**ઈતિ શિષ્યની યોગ્યતા અયોગ્યતા ઉપરના**
**ચતુર્દશ દૃષ્ટાંતો સંપૂર્ણ.**

# ૪૨. સમકિતના સડસઠ બોલ

**चउ सद्दहण तिलिंगं, दस विणय तिसुद्धि पंचगयदोसं ।**
**अट्ठ प्पभावण भूसण, लक्खण पंचविह संमत्तं ।।७४।।**
**छव्विह जयणागारं, छब्भावणभावियं च छट्ठाणं ।**
**इय सत्तसट्ठि दंसण-भेयविसुद्धं च संमत्तं ।।७५।।**

અર્થ - ચાર સદ્દહણા, ત્રણ લિંગ, દશનો વિનય, ત્રણ શુદ્ધિ, (ટાળવા યોગ્ય) પાંચ દોષ, આઠ પ્રકારની પ્રભાવના, પાંચ ભૂષણ, સમકિતના પાંચ લક્ષણ (ચિહ્ન), છ પ્રકારની જયણા (યતના), છ આગાર, છ ભાવનાથી ભાવિત અને છ સ્થાન - આ પ્રમાણે દર્શનના સડસઠ ભેદ વડે શુદ્ધ એવું સમકિત કહ્યું છે. ૭૪-૭૫.

વિસ્તરાર્થ - ૧ પરમાર્થ જાણવાનો અભ્યાસ કરવો. ૨ પરમાર્થ, ૩ જાણનારની સેવા કરવી, ૪. નિન્હવાદિકનો પરિચય ન કરવો, કુદર્શનીનો સંગ ન કરવો. આ ચાર સદ્દહણા કહેવાય છે. ૧ સિદ્ધાંતનું શ્રવણ, ૨ ધર્મને વિષે તીવ્ર રાગ અને ૩ દેવ ગુરૂની ભક્તિ (વૈયાવચ્ચ) આ ત્રણ લિંગ છે. ૧ અરિહંતની ભક્તિ, ૨ સિદ્ધના ગુણોનું કીર્તન, ૩ ચૈત્યની વૈયાવચ્ચ (સારસંભાળ), ૪ ધર્મ ઉપર રાગ, ૫ શ્રુતની (જ્ઞાન અને જ્ઞાનીની) વૈયાવચ્ચ, ૬ સંવેગી સાધુની સેવા, ૭ આચાર્યની સેવા, ૮ ઉપાધ્યાયની સેવા, ૯ સર્વ સંઘની સેવા અને ૧૦ સમકિતવંતની સેવા, આ દશનો વિનય કરવાનો હોવાથી તેના દશ ભેદ કહેવાય છે.

૧ અરિહંત વિના બીજા દેવ અને જિનશાસન વિના બીજું શાસન મનથી ન માનવું, ૨ જૈન ધર્મની દઢતા વચન દ્વારા બતાવવી, અને ૩ કાયાથી ગમે તે કારણે પણ જિનેશ્વર વિના બીજા દેવને ન નમવું. આ ત્રણ શુદ્ધિ છે. ૧ જિન ધર્મને વિષે શંકા કરે, ૨ પરમતની વાંછા કરે, ૩ ધર્મના ફળનો સંદેહ કરે, ૪ પરમતની પ્રશંસા કરી, તથા ૫ મિથ્યાત્વીનો પરિચય કરે, એ પાંચ દૂષણો ત્યાગ કરવા લાયક છે. ૧ સર્વ સિદ્ધાંતો જાણીને શાસનને દીપાવે, ૨ ધર્મોપદેશ આપીને જિનશાસન દીપાવે, ૩ વાદ કરી જીત મેળવીને જિનશાસન દીપાવે, ૪ તપ કરીને જિનધર્મ દીપાવે, ૫ નિમિત્ત પ્રકાશી જિનધર્મ દીપાવે, ૬ વિદ્યામંત્રાદિકનો ઉપયોગ કરી જિનશાસન દીપાવે, ૭ પાદલેપાદિ વિદ્યા વડે સિદ્ધપણું દેખાડી જિનધર્મ દીપાવે અને ૮ અનેક

પ્રકારનાં કાવ્યો કરી જિનધર્મ દીપાવે એ આઠ પ્રભાવક કહ્યા છે. ૧ જિનશાસનની ક્રિયામાં કુશળતા ધરાવવી, ૨ જિનશાસનની (દેવગુરૂ વિગેરેની) ભક્તિ કરવી, ૩ જિનશાસનની ઘણા લોકો અનુમોદના કરે તેવી પ્રભાવના કરવી, ૪ જિનશાસનને વિષે દૃઢતા રાખવી, અને ૫ તીર્થની સેવા કરવી (તીર્થોનું રક્ષણ કરવું) આ પાંચ ભૂષણો છે. ૧ અપરાધી ઉપર પણ કોપ ન કરવો, ૨ સાંસારિક સુખને ન ઇચ્છતાં માત્ર મોક્ષસુખની જ વાંછા કરવી, ૩ સંસારની કારાગૃહ સમાન માની તેમાંથી નીકળવા ઇચ્છવું, દ્રવ્ય ને ૪ ભાવથી દુઃખી પર દયા રાખવી, અને ૫ જિનધર્મની વિષે સંદેહ ન કરવો (આસ્તિક થવું)- એ પાંચ લક્ષણ છે. ૧-૨ અન્ય તીર્થિકના દેવને, ગુરૂને અને તેણે ગ્રહણ કરેલ અરિહંતની પ્રતિમાને વંદન કરવું નહીં તેમજ તેમને નમસ્કાર કરવો નહીં. ૩-૪ અન્ય તીર્થિક સાથે વગર બોલાવ્યે બોલવું નહીં તેમજ વારંવાર વાત કરવી નહીં, ૫ અન્ય તીર્થિકને અન્નાદિક એકવાર આપવું નહીં અને ૬ વારંવાર આપવું નહીં. આ છ જયણા કહેલી છે.

૧ રાજાની આજ્ઞા પ્રમાણે કરવું પડે તે રાજા સંબંધી આગાર, ૨ ચૌરાદિકના બળાત્કારે કરવું પડે તે બળાત્કાર સંબંધી આગાર, ૩ સગા સંબંધી કે સમુદાયને અનુસરી વર્તવું પડે તે ગણસંબંધી આગાર, ૪ પિતાદિકના કહેવા પ્રમાણે કરવું પડે તે ગુરૂ સંબંધી આગાર, ૫ દેવના દબાણથી તેના કહેવા પ્રમાણે કરવું પડે તે દેવ સંબંધી આગર, અને ૬ દુષ્કાળાદિકને લીધે આજીવિકા પણ થતી ન હોય ત્યારે જે કરવું પડે તે દુષ્કાળ સંબંધી આગાર. આ છ આગાર છે. ૧ સમકિત ધર્મનું મૂળ છે, ૨ ધર્મરૂપ નગરનું દ્વાર છે, ૩ ધર્મરૂપ પ્રસાદનું પ્રતિષ્ઠાન છે, સર્વ ગુણનો આધાર છે, ૫ સર્વ ગુણોને જાળવવાના નિધાનરૂપ છે, અને ૬ શ્રુતશીળાદિ ધર્મનું ભાજન છે.. આ છ ભાવના કહી છે. ૧ જીવાજીવાદિકના નવતત્વ છે એમ માનવું અથવા જીવ છે એમ માનવું, ૨ નવે તત્વ અથવા જીવ સદા વિદ્યમાન છે એમ માનવું, ૩-૪ જીવ કર્મનો કર્તા છે અને કર્મનો ભોક્તા છે એમ માનવું, ૫ સંસારથી મુક્ત થવાય છે (મોક્ષ છે), અને ૬ જ્ઞાનક્રિયા રૂપ મુક્તિનો ઉપાય છે. - એ પ્રમાણે માનવારૂપ છ સ્થાનક છે. આ કુલ મળીને સમકિતના સડસઠ ભેદ જાણવા. તેનો વિશેષ વિસ્તાર અન્ય ગ્રંથોથી જાણવો.

## ૪૩. કુશીલવાનની આચરણા

**अइलज्जई अइबीहई, अइभूमीपलोअणं च अइमोणं ।**
**पुरिसस्स महिलियाए, न सुद्धसीलस्स चरियाइं ॥७६॥**

અત્યંત લજ્જા દેખાડવી, અત્યંત ભય દેખાડવો, પૃથ્વી પર બહુ નીચું જોવું અને અત્યંત મૌન રાખવું - એ શુદ્ધ શીલવાળા પુરૂષ કે સ્ત્રીના આચરણ ન હોય. અર્થાત્ આવા લક્ષણવાળા માયાવી ને કુશીલીયા હોય છે અને તેનાથી વિપરીત હોય તે શીલવંત કહેવાય છે.૭૬

## ૪૪. શીલવંતે તજવાના દોષ

**वंकं गमणं वंकं, पलोअणं तह य वंकमालवणं ।**
**अइहास उब्भडवेसो, पंच वि सीलस्स दोसाइं ।।७७।।**

વાંકું ચાલવું, વાંકું જોવું, વાંકું બોલવું, ઘણું હસવું અને ઉદ્ભટ વેષ ધારણ કરવો, આ પાંચ શીલવંતે તજવા યોગ્ય દોષો છે. ૭૭

## ૪૫. અરિહંત પરમાત્માનો પ્રભાવ

**अरिहंतो अ समत्थो, तारण लोआण दिग्घसंसारे ।**
**मग्गणदेसणकुसलो, तरंति जे मग्ग लग्गंति ।।७८।।**

અરિહંત દેવ આ દીર્ઘ સંસારમાં ભ્રમણ કરતા લોક (જીવો) ને તારવામાં અસમર્થ છે, પરંતુ તે અરિહંત માર્ગ દેખાડવામાં કુશળ છે, તેથી જેઓ તેમના બતાવેલા માર્ગે લાગે છે - અનુસરે છે, તેઓ સંસાર તરી જાય છે. ૭૮. આ ગાથાનો એવો પણ અર્થ થાય છે કે - અરિહંત દેવ જીવોને તારવાને સમર્થ છે. તેઓ સંસાર કેમ તરી શકાય તેને માટે માર્ગ દેખાડવામાં કુશળ છે. તે માર્ગે જે ચાલે છે તે સંસાર તરે છે.

## ૪૬. ધર્મીજનનાં ભૂષણ

**मंदं गमनं मंदं च, भासणं कोहलोहनिग्गहणं ।**
**इंदियदप्पच्छेओ, धम्मीजणमंडणं एयं ।।७९।।**

મંદમંદ ચાલવું, મંદમંદ બોલવું, ક્રોધ અને લોભ વિગેરેનો નિગ્રહ કરવો તથા ઇંદ્રિયોના ગર્વનો છેદકરવો (ઇંદ્રિયોનું દમન કરવું) એ ધર્મીજનોનાં ભૂષણ છે. ૭૯.

## ૪૭. પાંચમા આરાને અંતે રહેવાનો સંઘ વિગેરે

**दुप्पसहो फग्गुसिरी, नाइलसड्ढो अ सच्चसिरिसड्ढी ।**
**तह विमलवाहणनिवो, सुमुहो अपच्छिमो मंती ॥८०॥**

દુપ્પસહ નામના સૂરિ, ફલ્ગુશ્રી નામની સાધ્વી, નાગિલ નામનો શ્રાવક, સત્યશ્રી નામની શ્રાવિકા તથા વિમલવાહન નામનો રાજા અને સુમુખ નામનો મંત્રી - આટલા જણ પાંચમા આરાને છેડે છેલ્લા થવાના છે. ૮૦

## ૪૮. દુપ્પસહ સૂરિનું જ્ઞાન તથા ગતિ વિગેરે

**दसविआलियधारी, वीसवरिसाऊ हत्थदुगदेही ।**
**छट्ठस्स तवो य तहा, बारसवरिसेहि सामन्नं ॥८१॥**

દુપ્પસહસૂરિ દશવૈકાલિક સૂત્રના જાણનાર થશે, તેનું વીશ વર્ષનું આયુષ્ય અને બે હાથનું શરીર હશે, ઉત્કૃષ્ટ છટ્ઠ તપ કરશે, તથા બાર વર્ષની વયે તે દીક્ષા ગ્રહણ કરશે. ૮૧

**अट्ठमभत्तस्स अंते, सुहमे सारए विमाणम्मि ।**
**देवो तओ अ चविउं, दुप्पसहो सिज्झिही भरहे ॥८२॥**

અંત સમયે તે અઠ્ઠમ તપ કરી સુધર્મા નામના પ્રથમ દેવલોકમાં સારદ નામના વિમાનમાં દેવ થશે. ત્યાંથી ચવી તે દુપ્પસહસૂરિનો જીવ ભરતક્ષેત્રમાં ઉત્પન્ન થઇ ચારિત્ર પાળી સિદ્ધિ પદને પામશે. ૮૨.

## ૪૯. પાંચમા આરાના અંતના ભાવ

समत्ते जिणधम्मे, मज्झन्ने नासई य निवधम्मो ।
अग्गी वि पच्छिमस्सन्ने, दुसमाए अंतदेसंमि ।।८३।।

દુષમા નામના પાંચમા આરાને અંતે પહેલે પહોરે જિનધર્મ સમાપ્ત થશે, મધ્યાહ્ને (બીજા પહોરે) રાજધર્મ નાશ પામશે એટલે રાજા અને મંત્રી વીજળી પડવાથી મૃત્યુ પામશે, પાછલે (ત્રીજે) પહોરે અગ્નિ પણ નાશ પામશે. (દુપ્પસહ આચાર્ય, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા એ ચારે ઉપાશ્રયમાં એક સાથે મૃત્યુ પામશે.) ૮૩

## ૫૦. પાંચમા આરામાં જિનધર્મની સ્થિતિનું કાળમાન

वासाण वीससहस्सा, नव सय छम्मास पंचदिण पहरा ।
इक्का घडिया दो पल, अक्खर अडयाल जिणधम्मो ।।८४।।

પાંચમા દુષમ આરાને વિષે વીશ હજાર ને નવસો વર્ષ, છ માસ, પાંચ દિવસ, એક પહોર, એક ઘડી, બે પળ અને અડતાળીશ અક્ષર (વિપળ) એટલો વખત જિનધર્મ રહેશે. ૮૪. (આ પ્રમાણેના કાળ પ્રમાણનો હેતુ સમજાતો નથી, કેમ કે સામાન્ય રીતે ૨૧૦૦૦ વર્ષ પર્યંત જૈન ધર્મ રહેશે એમ ક્ષેત્રસમાસમાં પણ કહેલ છે.)

## ૫૧. જિનધર્મનું માહાત્મ્ય

जा दव्वे होइ मई, अहवा तरुणीसु रूववंतीसु ।
सा जइ जिणवरधम्मे, करयलमज्झट्ठिया सिद्धी ।।८५।।

દ્રવ્યનું ઉપાર્જનાદિક કરવામાં જે બુદ્ધિ (પ્રયત્ન) હોય છે, અથવા રૂપવાળી સ્ત્રીઓને વિષે જે બુદ્ધિની તન્મયતા હોય છે, તે જ તેવી બુદ્ધિ જ જો જિનેન્દ્રના ધર્મને વિષે રાખવામાં આવે તો તેના કરતલને વિષે જ સિદ્ધિ રહેલી છે એમ સમજવું. ૮૫

## ૫૨. જાતિભવ્ય જીવો સંબંધી વિચાર

**सामग्गीअभावाओ, ववहाररासिअप्पवेसाओ ।**
**भव्वा वि ते अणंता, जे सिद्धिसुहं न पावंति ।।८६।।**

દેવ, ગુરુ અને ધર્માદિકની સામગ્રીને અભાવે અર્થાત્ ન મળવાથી તથા વ્યવહાર રાશિમાં જ નહીં પ્રવેશ કરવાથી ભવ્ય (જાતિ ભવ્ય) જીવો પણ અનંતા છે કે જેઓ મોક્ષસુખને પામવાના જ નથી. ૮૬

## ૫૩. જિનધર્મ પ્રાપ્તિની દુર્લભતા

**सुलहा सुरलोयसिरी, एगच्छत्ता य मेइणी सुलहा ।**
**इक्को नवरि न लब्भई, जिणिंदवरदेसिओ धम्मो ।।८७।।**

દેવલોકની લક્ષ્મી પામવી સુલભ છે, એકછત્રવાળી પૃથ્વી પામવી (ચક્રવર્તીપણું પામવું) સુલભ છે, પરંતુ જિનેંદ્રભાષિત એક ધર્મ પામવો તે જ અતિ દુર્લભ છે. ૮૭

**लब्भंति विउला भोगा, लब्भंति सुरसंपया ।**
**लब्भंति पुत्तमित्ताणि, एगो धम्मो न लब्भइ ।।८८।।**

વિપુલ (મોટા) કામભોગ પામી શકાય છે, દેવની સંપત્તિ પામી શકાય છે, પુત્ર મિત્ર વગેરે પામી શકાય છે; માત્ર એક ધર્મ જ (જૈન ધર્મ જ) પામી શકાતો નથી. (પામવો દુર્લભ છે.) ૮૮

## ૫૪. ક્ષમાની પ્રાધાન્યતા

**खंती सुहाण मूलं, मूलं धम्मस्स उत्तमा खंती ।**
**हरइ महाविज्जा इव, खंती दुरियाइं सव्वाइं ॥८९॥**

સર્વ સુખોનું મૂળ ક્ષમા છે, ધર્મનું મૂળ ઉત્તમ ક્ષમા છે, મહાવિદ્યાની જેમ ક્ષમા સર્વ દુરિતો (પાપ-કષ્ટ)ને હણે છે. ૮૯.

## ૫૫. ધન વિગેરેની પ્રાપ્તિના મૂળ કારણો

**धम्मो धणाण मूलं, सव्वरसाणं च पाणियं मूलं ।**
**विणओ गुणाण मूलं, दप्पो मूलं विणासस्स ॥९०॥**

ધર્મ ધનનું મૂળ છે અર્થાત્ ધનની પ્રાપ્તિ કરાવનાર ધર્મ છે, સર્વ રસોનું મૂળ પાણી છે (પાણીથી જમીનમાં સર્વ રસો નીપજે છે), ગુણોનું મૂળ વિનય છે, (વિનયથી સર્વ ગુણની પ્રાપ્તિ થાય છે) અને વિનાશનું મૂળ ગર્વ છે અર્થાત્ ગર્વ વડે સર્વ પ્રકારનો વિનાશ પ્રાપ્ત થાય છે. ૯૦.

## ૫૬. ધર્મથી સર્વ વસ્તુની પ્રાપ્તિ વિગેરે

**धम्मेण कुलप्पसूई, धम्मेण दिव्वरूवसंपत्ती ।**
**धम्मेण धणसमिद्धी, धम्मेण सुवित्थडा कित्ती ॥९१॥**

ધર્મ વડે ઉત્તમ કુળમાં જન્મ થાય છે, ધર્મ વડે દિવ્ય રૂપની પ્રાપ્તિ થાય છે, ધર્મ વડે ધનની સમૃદ્ધિ પ્રાપ્ત થાય છે અને ધર્મ વડે કીર્તિ વિસ્તાર પામે છે. અર્થાત્ ધર્મ વડે જ સર્વ વસ્તુ પ્રાપ્ત થાય છે. ૯૧

**धम्मो मंगल मूलं, ओसहमूलं च सव्वदुक्खाणं ।**
**धम्मो सुहाण मूलं, धम्मो ताणं च सरणं च ।।९२।।**

ધર્મ મંગળમાત્રનું મૂળ છે - સર્વ પ્રકારના મંગલિક ધર્મથી પ્રાપ્ત થાય છે. ધર્મ સર્વ દુઃખોનું મૂળ ઔષધ છે. ધર્મરૂપ ઔષધથી સર્વ દુઃખો નાશ પામે છે, ધર્મ સર્વ સુખોનું મૂળ છે - સર્વ પ્રકારના સુખો ધર્મથી પ્રાપ્ત થાય છે અને ધર્મ પ્રાણીઓનું ત્રાણ (રક્ષણ કરનાર) તથા શરણભૂત છે. કેમ કે ધર્મ જ દુર્ગતિમાં જતાં રોકે છે - જવા દેતો નથી. તેથી જ તે ધર્મ કહેવાય છે. ૯૨.

**धणओ धणट्ठियाणं, कामट्ठीणं च सव्वकामकरो ।**
**सग्गअपवग्गसंगम-हेऊ जिणदेसिओ धम्मो ।।९३।।**

જિનભાષિત ધર્મ એ ધનના અર્થીઓને ધનદ (કુબેર) સરખો ધન આપનાર છે, કામના અર્થીઓને સર્વ પ્રકારના કામની પ્રાપ્તિ કરાવનાર છે, તથા સ્વર્ગ અને મોક્ષનો સંગમ કરાવવાના અર્થાત્ તેને પ્રાપ્ત કરાવવાના કારણ અથવા સાધનરૂપ જિન ભાષિત ધર્મ જ છે. ૯૩.

**धम्मेण विणा जइ चिंतियाइं, जीवा लब्भंति सव्वसुक्खाइं ।**
**ता तिहुअणम्मि सयले, को वि न हु दुक्खिओ हुज्जा ।।९४।।**

જો કદાચ ધર્મ વિના જ પ્રાણીઓ સર્વ વાંચ્છિત સુખોને પામતા હોય તો આ સમગ્ર ત્રણ ભુવનને વિષે કોઇ પણ જીવ દુઃખી હોય જ નહીં, પરંતુ તેમ નથી. ધર્મથી જ વાંચ્છિત સુખ મળે છે, તેથી જ ધર્મહીન જીવો જગતમાં દુઃખ પામે છે. ૯૪

**बावत्तरीकलाकुसला, पंडियपुरिसा अपंडिया चेव ।**
**सव्वकलाण वि पवरं, जे धम्मकलं न याणंति ।।९५।।**

જેઓ સર્વ કળાઓમાં શ્રેષ્ઠ એવી ધર્મરૂપ કળાને જાણતા નથી તેઓ કદી પુરૂષની

બહોંતેરે કળાઓમાં કુશળ અને પંડિત હોય તો પણ તેઓ અપંડિત જ છે. જ્યાં સુધી ધર્મકળા જાણી નથી ત્યાં સુધી તેમની જાણેલી બીજી સર્વ કળાઓ નિષ્ફળ છે. ૯૫

**थोवं थोवं धम्मं, करेह जइ ता बहुं न सक्केह ।**
**पिच्छह महानईओ, बिंदूहिं समुद्दभूयाओ ।।९६।।**

હે પ્રાણી ! જો તું ઘણો ધર્મ કરી ન શકે તો થોડો થોડો પણ ધર્મ કર. જુઓ ! કે બિંદુ બિંદુએ કરીને પણ મહાનદીઓ સમુદ્ર જેવડી થાય છે. તેથી તું પણ થોડો થોડો ધર્મ કરતાં પ્રાંતે વધારે ધર્મ કરનારો થઇ શકીશ એ નિઃસંદેહ છે. ૯૬

**जं सक्कइ तं कीरइ, जं च न सक्कइ तस्स सद्दहणा ।**
**सद्दहमाणो जीवो, पावइ अयरामरं ठाणं ।।९७।।**

જેટલી શક્તિ હોય તે પ્રમાણે ધર્મ કરવો (શક્તિને ગોપવવી નહીં) અને જે ધર્મ કરવાની શક્તિ ન હોય તેની માત્ર સદ્દહણા પણ કરવી યોગ્ય છે; કેમ કે સદ્દહણા કરતો જીવ પણ પ્રાંતે ધર્મનું આરાધન કરીને અજરામર (મોક્ષ) સ્થાનને પામી શકે છે. જેઓ ધર્મની સદ્દહણા જ કરતા નથી તેઓ આ સંસારમાં પરિભ્રમણ કરે છે. ૯૭

**सव्वजगजीवहियओ, हेऊ सव्वाण ऋद्धिलद्धीणं ।**
**उवसग्गवग्गहरणो, गुणमणिरयणायरो धम्मो ।।९८।।**

ધર્મ સર્વ જગતના જીવોનો હિતકર છે, સર્વ પ્રકારની સમૃદ્ધિ અને લબ્ધિઓને પ્રાપ્ત કરવાનો હેતુ છે, ઉપસર્ગોના સમૂહનો નાશ કરનાર છે અને ગુણરૂપી મણિઓનો રત્નાકર - સમુદ્ર છે. અર્થાત્ ધર્મરૂપી રત્નાકરમાં (સમુદ્રમાં) ગુણરૂપી મણિઓ ભરેલા છે. ૯૮

**जीवदयाइ रमिज्जइ, इंदियवग्गो दमिज्जइ सया वि ।**
**सच्चं चेव वदिज्जइ, धम्मरहस्सं मुणेयव्वं ।।९९।।**

સદા જીવદયામાં રમણ કરવું, સદા ઇંદ્રિયોના સમૂહનું દમન કરવું, સદા સત્ય વચન બોલવું, આ ધર્મનું રહસ્ય - સર્વસ્વ છે એમ જાણવું. ૯૯

## ૫૭. પ્રવૃત્તિ કરવાના દશ શુભ સ્થાન

**जिणपूआ मुणिसेवा, दाणे तवनियमसीलसब्भावे ।**
**नाणे दंसण चरणे, जइअव्वं दससु ठाणेसु ।।१००।।**

જિનેશ્વરની પૂજા, મુનિજનની સેવા, દાન, તપ, નિયમ, શીલ, સદ્‌ભાવ (સારી ભાવના), જ્ઞાન, દર્શન અને ચારિત્ર - આ દશ સ્થાનોને વિષે યત્ન કરવો. (આ દશે સ્થાનકો શ્રાવકે યથાશક્તિ દરરોજ આચરવાના છે.) ૧૦૦

## ૫૮. અપૂર્વ વશીકરણ

**जंपिज्जइ पियवयणं, किज्जइ विणओ अ दिज्जए दाणं ।**
**परगुणगहणं किज्जई, अमूलमंतं वसीकरणं ।।१०१।।**

સર્વ જીવોને પ્રિય લાગે એવું વચન બોલવું, સર્વનો યથોચિત વિનય કરવો, દીન હીન વિગેરેને દાન દેવું અને અન્યના ગુણગ્રહણ કરવા - આ મૂળ[૧] અને મંત્ર વિનાનું જ વશીકરણ છે. આથી સર્વ જગત વશ થાય છે. ૧૦૧

## ૫૯. ચારે ગતિના ધ્યાનરૂપ કારણ

**अट्टेण तिरिअगई, रुद्दज्झाणेण गम्मए नरयं ।**
**धम्मेण देवलोए, सिद्धिगई सुक्कझाणेणं ।।१०२।।**

આર્ત્ત ધ્યાન વડે મનુષ્ય તિર્યંચ ગતિને પામે છે, રૌદ્રધ્યાન વડે નરકગતિને પામે છે, ધર્મધ્યાન વડે દેવગતિને પામે છે અને શુક્લ ધ્યાન વડે સિદ્ધિગતિને પામે છે. ૧૦૨

---

૧. ઔષધિ વિશેષ

## ૯૦. વિષયનો વિશ્વાસ ન કરવા વિષે

**सोऊण गई सुकुमालियाए, तह ससगभसगभयणीए ।**
**ताव न वीससियव्वं, सेअट्ठी धम्मिओ जाव ॥१०३॥**

સુકુમાલિકાની ગતિ સાંભળીને તથા સસક ભસકની બહેન સાધ્વીની ગતિ સાંભળીને જ્યાં સુધી ધર્મી જીવ શ્રેયનો અર્થી હોય ત્યાં સુધી તેણે ઇંદ્રિયોના વિષયોનો વિશ્વાસ કરવો નહીં. ૧૦૩

## ૯૧. શરીરના રૂપની તરતમતા

**गणहर आहारग अणुत्तरइ, जाव वण चक्की वासु बला ।**
**मंडलिया जा हीणा, छट्ठाणगया भवे सेसा ॥१०४॥**

રૂપમાં ગણધરથી આહારક શરીરવાળા અનંતગુણ હીન છે, તેનાથી અનુત્તરવાસી હીન છે, તેનાથી ગ્રૈવયેકવાસી, દેવલોકવાસી, ભુવનપતિ, જ્યોતિષી યાવત્ વ્યંતર અનંત અનંતગુણ હીન છે, તેનાથી ચક્રવર્તી અનંતગુણહીન છે. તેનાથી વાસુદેવ, તેનાથી બળદેવ અને તેનાથી મંડલિક રાજા રૂપમાં અનંતગુણ હીન છે. બાકીના સર્વ જીવો છ સ્થાન પતિત હોય છે. ૧૦૪. સંખ્યાતભાગ હીન, અસંખ્યાતભાગ હીન, અનંતભાગ હીન, સંખ્યાતગુણ હીન, અસંખ્યાતગુણહીન, અનંતગુણ હીન- એ ષટ્સ્થાન સમજવા. (ગણધર મહારાજા તીર્થંકરના રૂપથી અનંતગુણ હીન હોય છે.)

## ૯૨. મોક્ષ યોગ્ય 10 માર્ગણા

**नरगई पणिंदी तस भव, सन्नि अहक्खाय खइअसम्मत्ते ।**
**मुक्खो अणाहार केवल-दंसणनाणे न सेसेसुं ॥१०५॥**

મનુષ્યગતિ, પંચેન્દ્રિય જાતિ, ત્રસપણું, ભવ્યપણું, સંજ્ઞીપણું, યથાખ્યાત ચારિત્ર, ક્ષાયિક સમકિત, અનાહારીપણું, કેવળજ્ઞાન અને કેવળદર્શન-બાસઠ માર્ગણા પૈકી આ દશ માર્ગણાએ જીવ મોક્ષ પામે છે; તે સિવાયની માર્ગણાને વિષે મોક્ષ નથી. ૧૦૫

## ૯૩. સામાન્ય ઉપદેશ

**आरंभे नत्थि दया, महिलासंगेण नासए बंभं ।**
**संकाए सम्मत्तं, पव्वज्जा अत्थगहणेणं ।।१०६।।**

આરંભના કાર્ય કરવામાં દયા હોતી નથી (અહિંસા વ્રત પાળી શકાતું નથી), સ્ત્રીનો સંગ કરવાથી બ્રહ્મચર્ય (ચતુર્થવ્રત) નાશ પામે છે, ધર્મને વિષે શંકા રાખવાથી સમકિતનો નાશ થાય છે, અને ધન ગ્રહણ કરવાથી પ્રવ્રજ્યા (મુનિપણું) નાશ પામે છે. ૧૦૬

## ૯૪. બ્રહ્મચર્યની શ્રેષ્ઠતા

**जे बंभचेरभट्ठा, पाए पाडंति बंभयारीणं ।**
**ते हुंति टुंटमुंटा, बोही पणु दुल्लहा तेसिं ।।१०७।।**

જે બ્રહ્મચર્યથી ભ્રષ્ટ થયેલા મનુષ્યો-શ્રાવક કે સાધુ જો બીજા બ્રહ્મચારીઓ (બ્રહ્મવ્રતવાળાઓ)ને પોતાના પગમાં પાડે (પોતાને વંદન કરાવે - પગ લગાડે) તો તે પરભવમાં ટુંટામુંટા (લુલા-પાંગળા) થાય છે, અને તેમને બોધિ (સમકિત) દુર્લભ થાય છે. ૧૦૭

## ૯૫. સાધુલિંગ છતાં અવંદ્ય એવા પાંચ

**पासत्थो ओसन्नो, होइ कुसीलो तहेव संसत्तो ।**
**अहच्छंदो वि य एए, अवंदणिज्जा जिणमयम्मि ।।१०८।।**

૧. પાર્શ્વસ્થ, ૨. અવસન્ન, ૩. કુશીલ, ૪. સંસક્ત અને ૫. યથાચ્છંદ- આવા પાંચ પ્રકારના સાધુઓ જિનશાસનને વિષે વાંદવા યોગ્ય નથી. ૧૦૮ આ પાંચે

પ્રકારના ઉત્તર ભેદ તેમ જ તેની વિશેષ વ્યાખ્યા ગુરૂવંદન ભાષ્યની ટીકા વિગેરેથી જાણવી.

## ૯૬. (સામાન્ય ઉપદેશ)

**मिच्छप्पवाहे रत्तो, लोगो परमत्थजाणओ थोवो ।**
**गुरुगारवेहि रसिआ, सुद्धं मग्गं न बूहंति ।।१०९।।**

ઘણા લોકો તો મિથ્યાત્વના પ્રવાહમાં જ રક્ત (આસક્ત) હોય છે, થોડા લોકો જ પરમાર્થને જાણનાર હોય છે અને સાતા ગૌરવાદિકમાં અતિશય રસીયા (આસક્ત) હોય છે, તેઓ શુદ્ધ માર્ગને જાણતા નથી. ૧૦૯

## ૯૭. ચરણ સીત્તરી

**वय[५] समणधम्म[१०] संयम[१७], वेयावच्चं[१०] च बंभगुत्तीओ[९] ।**
**नाणाइतिंग[३] तव[१२] कोह[४]- निग्गहो होइ चरणमेयं ।।११०।।**

પાંચ મહાવ્રત[૫], ક્ષાંત્યાદિ દશ પ્રકારનો યતિધર્મ[૧૦], સતર પ્રકારે સંયમ[૧૭], અરિહંતાદિ દશનો વૈયાવૃત્ત્ય[૧૦], નવવિધ બ્રહ્મગુપ્તિ (નવવાડ)[૯], જ્ઞાનાદિ ત્રિક (જ્ઞાન, દર્શન, ચારિત્ર)[૩], છ બાહ્યને છ આભ્યંતર મળી બાર પ્રકારનો તપ[૧૨], અને ક્રોધાદિ[૪] કષાયનો નિગ્રહ- આ ચરણ સીત્તરી કહેવાય છે. ૧૧૦

## ૯૮. કરણ સીત્તરી

**पिंडविसोही[४] समिई[५], भावण[१२] पडिमाउ[१२] इंदियनिरोहो[५] ।**
**पडिलेहण[२५] गुत्तीओ[३], अभिग्गहो[४] चेव करणं तु ।।१११।।**

અશનાદિ ચાર પ્રકારની પિંડવિશુદ્ધિ ૪, ઈર્યાસમિતિ આદિ પાંચ સમિતિ ૫, અનિત્યાદિ બાર ૧૨, સાધુની બાર પ્રતિમા ૧૨, પાંચ ઇંદ્રિયોનો નિરોધ ૫, પચ્ચીશ પ્રકાશની પ્રતિલેખના ૨૫, મનગુપ્તિ વિગેરે ત્રણ ગુપ્તિ ૩ અને દ્રવ્યાદિક ચાર પ્રકારનો

અભિગ્રહ ૪ - આ કરણ સીત્તરી કહેવાય છે. ૧૧૧

## ૬૯. દશવિધ યતિધર્મ

**खंती[१] मद्दव[२] अज्जव[३], मुत्ती[४] तव[५] संजमे[६] य बोधव्वे ।**
**सच्चं[७] सोअं[८] अकिंचणं[९] च बंभं[१०] च जइधम्मो ॥११२॥**

૧. ક્ષાંતિ - ક્ષમા (ક્રોધનો અભાવ), ૨. માર્દવ-મૃદુતા (માનનો અભાવ), ૩. આર્જવ-સરલતા (માયાનો અભાવ), ૪. મુક્તિ-નિર્લોભતા (લોભનો અભાવ), ૫. તપ, ૬. સંયમ (ઇંદ્રિયોનો નિરોધ અથવા અહિંસા), ૭. સત્ય, ૮. શૌચ (અચૌર્ય), ૯. અકિંચનપણું -પરિગ્રહનો અભાવ અને ૧૦. બ્રહ્મચર્ય - એ દશ પ્રકારનો યતિધર્મ જાણવો. ૧૧૨.

## ૭૦. ચાર પ્રકારની પિંડાદિક વિશુદ્ધિ

**पिंडं[१] सिज्जं[२] च वत्थं[३] च, चउत्थं पत्तमेव[४] य ।**
**अकप्पियं न इच्छिज्जा, पडिगाहिज्ज कप्पियं ॥११३॥**

[૧]પિંડ-આહાર, [૨]શય્યા (વસતિ), [૩]વસ્ત્ર અને [૪] ચોથું પાત્ર - આ આહારાદિક અકલ્પ્યને ઇચ્છવું નહીં અને જે કલ્પ્ય હોય તે જ ગ્રહણ કરવું તે ચાર પ્રકારની વિશુદ્ધિ કહેવાય છે. ૧૧૩

## ૭૧. ત્રણ પ્રકારે ગુપ્તિને ચાર પ્રકારનો અભિગ્રહ

**मणवयणकायएहिं, गुत्तो पालिज्ज भिग्गहो ।**
**दव्वओ खित्तओ चेव, कालओ भावओ मुणी ॥११४॥**

મન, વચન અને કાય એ ત્રણ ગુપ્તિ વડે ગુપ્ત એવા મુનિએ દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી અને ભાવથી એમ ચાર પ્રકારે અભિગ્રહ પાળવો જોઇએ. ૧૧૪

## ૭૨. મુનિ કેવા હોય ?

एवं सामायारी - संजुत्ता चरणकरणमाउत्ता ।
ते हु खवंति कम्मं, अणेगभवसंचियमणंतं ।।११५।।

આ પ્રમાણે જે સાધુ સમાચારી વડે યુક્ત હોય અને ચરણ કરણમાં ઉપયોગવાળા (ઉપયુક્ત-સહિત) હોય તે અનેક ભવના ઉપાર્જન કરેલા અનંતા કર્મને ખપાવે છે. ૧૧૫

## ૭૩. આઠે કર્મના બંધની જઘન્ય સ્થિતિ

बारस मुहुत्त जहण्णा, वेयणीए अट्ठ नामगोयाणं ।
सेसाणंतमुहुत्तं, एसा बंधट्ठिई होई ।। ११६ ।।

વેદનીય કર્મની જઘન્ય બંધસ્થિતિ બાર મુહૂર્ત્તની છે, નામકર્મ અને ગોત્રકર્મની જઘન્ય બંધસ્થિતિ આઠ મુહૂર્ત્તની છે, બાકીના પાંચ (જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય, આયુષ્ય અને અંતરાય) કર્મની જઘન્ય બંધસ્થિતિ અંતર્મુહૂર્ત્તની હોય છે. ૧૧૬

## ૭૪. આઠે કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ

मोहे सत्तरि कोडा-कोडी वीसं च नामगोयाणं ।
तीसयराण चउन्हं, तित्तीसयराइं आउस्स ।। ११७ ।।

મોહનીય કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ સીત્તેર કોડાકોડી સાગરોપમની છે, નામ અને ગોત્રકર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ વીશ કોટાકોટી સાગરોપમની છે, જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વેદનીય અને અંતરાય એ ચાર કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ ત્રીશ કોડાકોડી સાગરોપમની છે તથા આયુષ્ય કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ તેત્રીશ સાગરોપમની છે. ૧૧૭

## ૭૫. તેર કાઠીયાના નામ

**आलस्स[1] मोह[2] वन्ना[3], थंभा[4] कोहा[5] पमाय[6] किविणत्ता[7] ।**
**भय[8] सोगा[9] अन्नाणा[10], वक्खेव[11] कुतूहला[12] रमणा[13] ॥११८॥**

૧ આળસ, ૨ મોહ, ૩ અવર્ણવાદ (અવજ્ઞા), ૪ સ્તબ્ધપણું (માન), ૫ ક્રોધ, ૬ પ્રમાદ, ૭ કૃપણતા, ૮ ભય, ૯ શોક, ૧૦ અજ્ઞાન, ૧૧ વ્યાક્ષેપ-હાંસી, ૧૨ કુતૂહલ-નાટક વિગેરે અને ૧૩ રમણ-કામક્રડી -આ તેર કાઠીયા છે. ૧૧૮

## ૭૬. મનુષ્ય ભવની દુર્લભતા વિષે દશ દૃષ્ટાંત

**चुल्लग[1] पासग[2] धन्ने[3], जूए[4] रयणे[5] य सुमिण[6] चक्के[7] य ।**
**कुम्म[8] जुगे[9] परमाणू[10], दस दिट्ठंता मणुअलंभे ॥११९॥**

૧ ભોજન, ૨ પાશક, ૩ ધાન્ય, ૪ દ્યૂત , ૫ રત્ન, ૬ સ્વપ્ન, ૭ ચક્ર (રાધાવેધ), ૮ કૂર્મ (કાચબો), ૯ યુગ (ધુંસરી) અને ૧૦ પરમાણુ આ દશ દૃષ્ટાંતો મનુષ્યભવની દુર્લભતા ઉપર કહેલા છે. ૧૧૯

એ દશે દૃષ્ટાંત ટુંકામાં આ નીચે જણાવ્યા છે :-

**૧. ભોજન –** એક બ્રાહ્મણે ચક્રવર્તી પ્રસન્ન થવાથી તેની પાસે વરદાન માંગ્યું કે - ''પ્રથમ તમારા ઘરથી આરંભીને આખા ભરતક્ષેત્રના દરેક ઘરે વારા પ્રમાણે એક એક દિવસ મને ભોજન મળે.' ચક્રવર્તીએ આપ્યું. હવે આ પ્રમાણે ભોજન કરવાથી ફરીને તે બ્રાહ્મણને ચક્રવર્તીને ઘેર ભોજન કરવાનો દિવસ ક્યારે આવે ? તેના ભવમાં તો આવી શકે નહીં; તેમ વૃથા ગુમાવેલો મનુષ્ય ભવ ફરીથી પ્રાપ્ત થવાનો નથી. એ રીતે મનુષ્ય ભવ અતિ દુર્લભ છે.

**૨. પાશક –** એકદા ચાણક્યે ચંદ્રગુપ્ત રાજાનો ભંડાર ભરવા માટે દેવાધિષ્ઠિત પાસા બનાવ્યા. તે પાસાથી જે કોઇ જીતે તેને સોનામહોરનો ભરેલો થાળ મળે અને હારે તો તે માત્ર એક જ સોનામહોર આપે. રમતમાં જીતવું દુર્લભ છે, કેમ કે સામે દેવાધિષ્ઠિત પાસાએ રમનાર છે; તેમ મનુષ્ય ભવ પણ ફરીને પ્રાપ્ત થવો દુર્લભ છે.

**૩. ધાન્ય** – આખા ભારત ખંડમાં સુકાળને વખતે ઘણા પાકેલા દરેક જાતના ધાન્યોનો એક મોટો ઢગલો કરી તેમાં એક મુઠી સરસવના દાણા નાંખી તેને ભેળસેળ કરે. પછી એક અતિ વૃદ્ધા ડોશી સુપડું લઇ તે દરેક ધાન્ય જૂંદા પાડી સરસવની મુઠી જૂદી પાડવા ધારે તો તે બની શકે ? ન જ બને ; એ કાર્યની જેમ મનુષ્ય ભવ દુર્લભ છે.

**૪. દ્યૂત** – એક રાજાનો કુમાર યુવાવસ્થા પામ્યો ત્યારે તેણે વિચાર કર્યો કે , 'મારા પિતાને મારી નાંખીને હું હમણાં જ રાજ્ય ભોગવતો થાઉં' આ તેનો દુષ્ટ વિચાર રાજાના જાણવામાં આવતાં તેણે યુક્તિ કરવા માટે રાજકુમારને બોલાવી કહ્યું કે – 'આપણા કુળમાં એવી રીતિ છે કે જે કુમારને પિતા છતાં રાજ્ય ભોગવવાની ઇચ્છા થાય તેણે આ આપણી સભામાં એકસોને આઠ આઠ હાંસવાળા એકસો ને આઠ થાંભલા છે, તેમાં એક સાથે ઉપરા-ઉપરી એકસો આઠ દાવ વડે એક થાંભલાની એક હાંસ જીતે, એ રીતે સતત એકસોને આઠ આઠ દાવ વડે એક એક હાંસ જીતી અનુક્રમે એકસોને આઠે હાંસ જીતે ત્યારે એક સ્તંભ જીતાયો, એ રીતે અનુક્રમે સર્વ થાંભલાની સર્વ હાંસો જીતવી જોઇએ. તેમાં વચ્ચે કોઇ પણ દાવ ખાલી જાય તો જીતેલા બધા દાવ નિષ્ફળ થાય, પાછું ફરીથી પહેલા થાંભલાની પહેલી હાંસથી જીતવાનું શરૂ કરવું જોઇએ. આ રીતે એકસો ને આઠે થાંભલા જીતે તો તેને રાજ્ય સોંપવામાં આવે છે.' આ પ્રમાણે રાજાનું વચન સાંભળી કુમારે વિચાર કર્યો કે 'આ દ્યૂત જીતીને રાજ્ય લેવું સારૂં છે, તેમાં પિતાની હત્યા કરવાનું કારણ રહેતું નથી.' એમ વિચારી તે દ્યૂત રમવા બેઠો. પરંતુ આ દ્યૂતમાં પૂર્વોક્ત રીતે જીતીને રાજ્ય મેળવવું જેમ તેને દુર્લભ છે એમ વૃથા ગુમાવેલો મનુષ્ય ભવ ફરી મેળવો દુર્લભ છે.

**૫. રત્ન** – એક શ્રેષ્ઠિ પાસે કરોડો રૂપિયાની કિંમતના રત્નો હતા. તો પણ તેણે રત્નો વેચી પોતાના રૂપિયાની સંખ્યા પ્રગટ કરી પોતાના મહેલ ઉપર એક પણ કોટીધ્વજ બાંધ્યો નહોતો. તેના પુત્રોને તે વાત ગમતી નહોતી. એકદા તે શ્રેષ્ઠિ પરદેશ ગયા ત્યારે પાછળથી તેના પુત્રોએ સર્વ રત્નો વેચી તેના રૂપિયાની સંખ્યા પ્રમાણે કોટિધ્વજો પોતાના મહેલ પર બાંધ્યા. જ્યારેશ્રેષ્ઠિ ઘેર આવ્યો ત્યારે તેણે સર્વ હકીકત જાણી, તેથી તે પુત્રો પર ગુસ્સે થયો અને તેમના આજ્ઞા કરી કે 'મારા સર્વ રત્નો પાછાં લઇને જ મારા ઘરમાં તમારે આવવું.' પરંતુ તે અમૂલ્ય રત્નો તો તે પુત્રોએ જૂદા જૂદા અનેક દૂર દૂર દેશોમાંથી આવેલા ઘણા વેપારીઓને ઓછી કિંમતમાં વેંચી નાંખ્યા હતાં, તેથી તે રત્નો જેમ પાછા લાવવા મુશ્કેલ છે તેમ વૃથા ગુમાવેલો મનુષ્ય ભવ ફરી મેળવવો મુશ્કેલ છે.

**૬. સ્વપ્ન** – મૂળદેવ નામનો રાજપુત્ર એકદા એક નગરની ધર્મશાળામાં ઘણા ભીખારીઓ રહ્યા હતા ત્યાં રાત્રિવાસો રહ્યો. તે રાત્રિમાં તે કુમારને તથા એક બીજા ભીખારીને પૂર્ણચંદ્રનું પાન કર્યાનું સ્વપ્ન આવ્યું. પ્રાતઃ કાળે તે ભીખારીએ પોતાની સાથેના બીજા ભીખારીઓની પાસે પોતાના સ્વપ્નની વાત કરીને તેનું ફળ પૂછ્યું, ત્યારે તેઓએ કહ્યું કે – ‘‘આજે ભિક્ષા માગતાં તને ઘી અને ખાંડ સહિત પોળી મળશે.’’ તે સાંભળી તે ખુશી થયો અને તે જ પ્રમાણે તેને ભિક્ષા પણ મળી. હવે મૂળદેકવે તો પોતાનું સ્વપ્ન તેમને કહ્યું નહીં, પરંતુ ઉદ્યાનમાં જઇ તેના માળીનું કામ કરી તેની પાસેથી ઉત્તમ પુષ્પો તથા ફળો લઇ એક વિદ્વાન સ્વપ્નપાઠક પાસે ગયો. તેની પાસે વિનયથી પુષ્પ ફળ મૂકી પોતાનું સ્વપ્ન નિવેદન કરી તેનું ફળ પૂછ્યું, સ્વપ્નપાઠકે કહ્યું – ‘તમને રાજ્યક્ષ મળશે .’ તેથી તે મૂળદેવને તે જ નગરનું રાજ્ય આઠમે દિવસે મળ્યું અને તે અત્યંત સુખી થયો. તે વાત જાણી પેલા ભીખારીને પશ્ચાતાપ થયો અને મૂળદેવની જેમ ફળ મેળવવા માટે ફરીથી તે જ સ્વપ્ન લાવવા માટે સતત સુઇ રહેવા લાગ્યો, પરંતુ ફરીથી કદાપિ તેને તે સ્વપ્ન પ્રાપ્ત થયું નહીં. તે જ પ્રમાણે વૃથા ગુમાવેલો મનુષ્ય ભવ ફરીથી પ્રાપ્ત થઇ શકતો નથી.

**૭. ચક્ર– રાધાવેધ** – એક રાજાને બાવીશ પુત્રો ભિન્ન ભિન્ન રાણીઓથી ઉત્પન્ન થયેલ હતા. તે ઉપરાંત તેણે મંત્રીની એક પુત્રીને પરણીને રાણી કરી હતી, પણ તેણીની સાથે ઋતુના એક જ દિવસના સમાગમ સિવાય બીજે કોઇપણ વખતે તેણીની સામું પણ તેણે જોયું નહોતું. તે એક જ દિવસના સમાગમથી તેણીને ગર્ભ રહ્યો હતો અને મંત્રીને (પિતાને) ઘેર રહી તેણીએ પૂર્ણ સમયે પુત્ર પ્રસવ્યો હતો. રાજા તો તેણીને પરણ્યાનું પણ ભૂલી ગયો હતો. સર્વ રાજપુત્રો એક જ આચાર્યની પાસે કળા શીખતા હતા, તેમની સાથે આ પુત્ર પણ કળા શીખતો હતો. તે સર્વ રાજપુત્રો પ્રમાદી હોવાથી કાંઇપણ શીખ્યા નહીં અને તે પુત્ર તો સર્વ કળામાં નિપુણ થયો. તેવા સમયે ‘આ રાજાના ઘણા કુમારોમાંથી કોઇપણ મારે લાયક હશે’ એમ ધારી કોઇ રાજકન્યા પોતાના પિતાની આજ્ઞાથી સ્વયંવર વરવા ત્યાં આવી. તેણે રાધાવેધ સાધે તેને પરણવાનું નક્કી કરેલું હતું. રાજાના સર્વ પ્રમાદી રાજકુમારોમાંથી કોઇ રાધાવેધ કરી શક્યો નહીં. રાજા પોતાના પ્રમાદી પુત્રો માટે શોક કરવા લાગ્યો. ત્યારે મંત્રીએ પોતાની પુત્રીના પુત્રની વાત નિશાની સહિત રાજાને કહી અને ‘તેને રાધાવેધ કરવાની આજ્ઞા આપો’ એમ કહ્યું, તે જાણી હર્ષિત થયેલા રાજાએ તેને આજ્ઞા આપી, ત્યારે તેણે અતિ નિપુણતાથી રાધાવેધ સાધ્યો;

એટલે તે રાજકન્યા તેને પરણી. તથા રાજાએ પોતાનું રાજ્ય પણ તેને જ આપ્યું. અહીં તે સર્વ પ્રમાદી રાજકુમારોને જેમ તે રાજકન્યા તથા પિતાનું રાજ્ય દુર્લભ થયું તેમ પ્રમાદી મનુષ્યને ફરીથી મનુષ્યભવ પામવો દુર્લભ છે.

**૮. કૂર્મને સેવાલ** – એક મોટા સરોવરમાં એટલી બધી ઘાટી સેવાલ જામી હતી કે તેમાં જરાપણ છિદ્ર નહીં હોવાથી કોઇપણ જળચર જીવ બહારના પદાર્થો જોઇ શકતો નહોતો. એકદા વાયુના જોરથી તે સેવાલમાં જરાક છિદ્ર (ફાટ) પડ્યું તેમાંથી કોઇ એક કાચબાએ પોતાની ડોક બહાર કાઢી ઉંચે જોયું તો તે વખતે શરદઋતુની પૂર્ણિમાનો ચંદ્ર આકાશના મધ્ય ભાગમાં જોયો. તે વૃદ્ધ કાચબો અતિ આનંદ પામ્યો અને પોતાના પરિવારને આ દેખાડવા માટે બોલાવવા જઇ તેમને બોલાવી લાવ્યો. પરંતુ તેટલામાં તો તે છિદ્ર પાછું પૂરાઇ ગયું, તેથી તે વૃદ્ધ કાચબો તે છિદ્રની શોધ માટે ચિરકાળ સુધી ચોતરફ ફર્યો, પણ તે છિદ્ર તેને હાથ લાગ્યું નહીં. તે જ રીતે વૃથા ગુમાવેલો મનુષ્ય ભવ ફરીને હાથ લાગતો નથી.

**૯. યુગ (ધૂંસરી)** – કોઇ દેવ સ્વયંભૂરમણ સમુદ્રની પૂર્વ દિશામાં ધૂંસરી નાંખે અને પશ્ચિમ દિશામાં તેની સાંબેલ (ખીલી) નાંખે. તે કોઇના પ્રયોગ વિના ભેગા થઇ ધૂંસરીના છિદ્રમાં તે સાંબેલ એની મેળે પ્રવેશ કરે, તે જેમ અત્યંત દુર્લભ છે – ન જ બની શકે તેવું છે, તેમ વૃથા ગુમાવેલો મનુષ્ય ભવ ફરી મળવો દુર્લભ છે.

**૧૦. પરમાણુ** – કોઇ દેવ એક મોટા થાંભલાનો ઝીણો ચૂરો કરી તેના પરમાણુઓ એક ભુંગળીમાં નાંખી મેરૂપર્વતના શિખર પર ઉભો રહી ચોતરફ ફરતો ફરતો ભુંગળીને ફુંકી તેમાંના પરમાણુઓને સર્વ દિશાઓમાં ઉડાડી દે. પછી જેમ તેજ પરમાણુઓ મળે ને તેનો જ થાંભલો બને છે તે મુશ્કેલ છે તેમ વૃથા ગુમાવેલો મનુષ્ય ભવ ફરીથી મળવો મુશ્કેલ છે.

## ૭૭. ધર્મની પૂર્ણ સામગ્રીનો સંભવ મનુષ્ય ગતિમાં જ છે.

**देवा विसयपसत्था, नेरइया विविहदुक्खसंजुत्ता ।**
**तिरिया विवेगविगला, मणुआणं धम्मसामग्गी ॥१२०॥**

દેવો વિષયોમાં આસક્ત હોય છે, નારકીઓ વિવિધ પ્રકારના દુઃખમાં મગ્ન હોય છે અને તિર્યંચો વિવેક રહિત હોય છે; માત્ર મનુષ્ય ભવમાં જ ધર્મની સામગ્રી મળી શકે છે. ૧૨૦

## ૭૮. મનુષ્યભવની ઉત્તમતા

**सुरनारयाण दुन्नि वि, तिरियाण हुंति गइ य चत्तारि ।**
**मणुआण पंच गई, तेणं चिअ उत्तमा मणुआ ॥१२१॥**

સુર અને નારકી મરીને મનુષ્ય કે તિર્યંચમાં જ ઉપજી શકે છે તેથી તેમની બે જ ગતિ હોય છે, તિર્યંચો મરીને તિર્યંચમાં, મનુષ્યમાં, નારકીમાં કે દેવતામાં ઉપજે છે તેથી તેમને ચાર ગતિ હોય છે, અને મનુષ્ય મરીને એ ચારે ગતિમાં તથા મોક્ષમાં પણ જઇ શકે છે તેથી તેમને પાંચ ગતિ હોય છે, તેથી કરીને જ મનુષ્ય ભવ સર્વોત્તમ છે. ૧ ૨ ૧

## ૭૯. મનુષ્યભવની દુર્લભતા

**सिंधूवालुअनिमग्गं, वडबीयं च दुल्लहं ।**
**माणुसत्तं तु संपप्प, को पमाई वियक्खणो ॥१२२॥**

સિંધુ નદીની પારાવાર રેતીમાં મગ્ન થયેલું વડનું બીજ જેમ શોધી કાઢવું દુર્લભ છે, તેમ મનુષ્યભવ પણ દુર્લભ છે, તેને પામીને કોણ ડાહ્યો પુરૂષ પ્રમાદ કરે ? ૧ ૨ ૨

## ૮૦. અઢીદ્વીપ પ્રમાણ મનુષ્ય ક્ષેત્રમાં કુલ ગર્ભજ મનુષ્યની સંખ્યા

**सत्तेव य कोडीओ, लक्खा बाणवइ सहस्स अडवीसा ।**
**एगं सयं च जाणह, नर कोडाकोडिकोडीणं ॥१२३॥**
**छावट्ठिं कोडीओ, एकावन्नं हवंति लक्खाइं ।**
**बायालीस सहस्सा, तिन्नि सया कोडिकोडीणं ॥१२४॥**
**तेयालीसं कोडी, सत्तावीसं तहेव लक्खा य ।**
**एगुणसट्ठि सहस्सा, तिन्नि सया मणुयकोडीणं ॥१२५॥**
**चउप्पन्नं कोडीओ, लक्खा गुणयाल सहस पन्नासा ।**
**तिन्नि सया छत्तीसा, संखा गब्भयमणुस्साणं ॥१२६॥**

સાત કરોડ, બાણું લાખ, અઠ્ઠાવીશ હજાર ને એકસો એટલી મનુષ્યની કોટાકોટી કોટી તથા છાસઠકરોડ, એકાવન લાખ, બેંતાલીશ હજાર અને ત્રણસો એટલી કોડાકોડી. તથા ત્રેંતાલીશ કરોડ, સતાવીશ લાખ, ઓગણસાઠ હજાર અને ત્રણસો એટલા મનુષ્યની કરોડ (કોટિ). તથા ચોપન કરોડ, ઓગણચાળીશ લાખ, પચાસ હજાર, ત્રણસો અને છત્રીશ એટલી ગર્ભજ મનુષ્યની સંખ્યા હોય છે. ૧૨૩-૧૨૬. આ સંખ્યાના કુલ ઓગણત્રીશ અંક થાય છે. તે આ પ્રમાણે (૭૯૨૨૮૧, ૬૬૫૧૪૨૩, ૪૩૨૭૫૯૩, ૫૪૩૯૫૦૩૩૬) આ સંખ્યા છઠ્ઠા વર્ગને પાંચમા વર્ગે ગુણવાથી આવે છે.

## ૮૧. મનુષ્યને ઉપદેશ

**जेसिं कुले समुप्पन्ने, जेसिं वास वसे नरे ।**
**ममयाइ लुंपई बाले, अन्नमन्ने समुच्छिए ।।१२७।।**

મનુષ્ય જેના કુળમાં (જ્યાં) ઉત્પન્ન થાય છે અને જેના વાસમાં (જ્યાં) વસે છે, ત્યાં જ (તે સ્ત્રીના સંસર્ગમાં જ) તે બાળ (અજ્ઞાની) મનુષ્ય પરસ્પર મૂર્ચ્છા (મોહ) પામી મમતા વડે લીંપાય છે. ૧૨૭

## ૮૨. એકેન્દ્રિય જીવોને થતી પીડાનું દૃષ્ટાંત

**जरजज्जरा य थेरी, तरूणेणं जम्मपाणिमुट्ठिहया ।**
**जारिसी वेयणा देहे, एगिंदिसंघट्टणा य तहा ।।१२८।।**

જરાવસ્થા વડે જર્જરિત થયેલો કોઇ વૃદ્ધાને કોઇ યુવાન પુરૂષ પોતાના જમણા હાથની મુઠી વડે મારે (સખ્ત પ્રહાર કરે) તો તેના શરીરમાં જેવી વેદના થાય તેવી વેદના એકેન્દ્રિય (પૃથ્વી, અપ્, તેજ, વાયુ અને વનસ્પતિના) જીવોને મનુષ્યના માત્ર સંઘટ્ટ (સ્પર્શ)થી જ થાય છે. ૧૨૮

## ૮૩. છકાય જીવોનો સંયોગ

**जत्थ जलं तत्थ वणं, जत्थ वणं तत्थ निच्छिओ अग्गी ।**
**वाऊ तेउस्सहगया, तसा य पच्चक्खया चेव ।।१२९।।**

જ્યાં જળ (અપ્કાય) હોય ત્યાં વનસ્પતિકાય (સેવાળાદિ) હોય છે, જ્યાં વનસ્પતિકાય હોય છે ત્યાં નિશ્ચે અગ્નિકાય હોય છે, અગ્નિકાયની સાથે જ વાયુકાય રહેલા છે તથા પૂરા વિગેરે ત્રસકાય તો જળમાં પ્રત્યક્ષ જ દેખાય છે. ૧૨૯

## ૮૪. જયણાની પ્રાધાન્યતા

**जयणा य धम्मजणणी, जयणा धम्मस्स पालणी चेव ।**
**तववुड्ढिकरी जयणा, एगंतसुहावहा जयणा ।।१३०।।**

જયણા (યતના-ઉપયોગ) ધર્મની માતા છે, એટલે યતના ધર્મને ઉત્પન્ન કરનારી છે, યતના ધર્મનું પાલન કરનારી છે, યતના તપની વૃદ્ધિ કરનારી છે અને યતના એકાંત (અદ્વિતીય-અનુપમ) સુખ આપનારી છે. ૧૩૦

## ૮૫. અહિંસાની પ્રાધાન્યતા

**किं ताए पढियाए, पयकोडीए पलालभूयाए ।**
**जं इत्तियं न नायं, परस्स पीडा न कायव्वा ।।१३१।।**

'અન્ય જીવને પીડા કરવી નહીં' આટલું પણ જો જાણવામાં આવ્યું ન હોય તો પલાળ (ઘાસ) જેવા નિઃસાર કરોડ પદો ભણવાથી શું ? કરોડ શબ્દો - ગ્રંથો ભણ્યા હોય તો તે પણ પલાળના ઘાસની જેમ નિરર્થક છે. જો અન્ય જીવને પીડા ન કરવી એ વાત મનમાં દૃઢ વસી હોય તો જ જ્ઞાન સાર્થક છે. ૧૩૧.

## ૮૬. દાન બુદ્ધિએ હિંસા કરીને દ્રવ્ય મેળવવાની જરૂર નથી.

**दाणअट्ठाय जे पाणा, हम्मंति तसथावरा ।**
**ते संसारस्स रक्खट्ठा, भमंति भवसायरे ।।१३२।।**

જેઓ દાન દેવાને માટે ત્રસ અને સ્થાવર પ્રાણીઓને હણે છે એટલે દાન કરવાની ઇચ્છાથી ધન મેળવવા માટે ખેતી આદિક મોટા આરંભો કરી ત્રસ અને સ્થાવર પ્રાણીઓની

હિંસા કરે છે, તેઓ સંસારનું રક્ષણ કરવા માટે ભવસાગરમાં ભ્રમણ કરે છે. ૧૩૨

## ૮૭. પાંચે સ્થાવર જીવોનું પ્રમાણ

**अद्दामलगपमाणे, पुढवीकायम्मि हुंति जे जीवा ।**
**ते पारेवयमित्ता जंबूद्दीवे न मायंति ॥१३३॥**

લીલા આમળા જેવડા પૃથ્વીકાયને વિષે જે (અસંખ્ય) જીવો રહેલા છે, તે દરેકને જો પારેવા જેવડા શરીરવાળા કર્યા હોય તો તે આખા જંબૂદ્વીપમાં સમાય નહીં એટલા થાય છે. અર્થાત્ તેમાં જીવો અસંખ્યાત છે અને જંબ્રદ્વીપમાં પારેવા તો સંખ્યાતા સમાઇ શકે તેમ છે. ૧૩૩

**एगम्मि उदगबिंदुम्मि, जे जीवा जिणवेहिं पण्णत्ता ।**
**ते जइ सरिसवमित्ता, जंबूद्दीवे न मायंति ॥१३४॥**

જળના એક જ બિંદુને વિષે જે જીવો જિનેશ્વરોએ કહ્યા છે, તે દરેકને જો સરસવ જેવડા શરીરવાળા કર્યા હોય તો તે આખા જંબૂદ્વીપમાં સમાય નહીં. ૧૩૪

**बरंटीतंदुलमित्ते, तेऊ काए हवंति जे जीवा ।**
**ते जइ खसखसमित्ता, जंबूद्दीवे न मायंति ॥१३५॥**

બંટી[૧] કે તંદુલ જેટલા અગ્નિકાયને વિષે જેટલા જીવો રહેલા છે, તે દરેકના શરીર જો કદાચ ખસખસ જેવડા કર્યા હોય, તો તે આખા જંબૂદ્વીપમાં સમાય નહીં. ૧૩૫

**लिंबपत्तसमा वाउ-काए हवंति जे जीवा ।**
**ते मत्थलिक्खमित्ता, जंबूद्दीवे न मायंति ॥१३६॥**

લીંબડાના એક પાંદડા જેટલા સ્થાનમાં રહેલા વાયુકાયને વિષે જે જીવો રહેલા છે, તેને જો માથાની લીખ જેવડા શરીરવાળા કર્યા હોય, તો તે આખા જંબૂદ્વીપમાં સમાય નહીં. ૧૩૬

૧ એક જાતનું ધાન્ય, તંદુળના પ્રમાણનું

## ૮૮. અણગળ પાણી પીવાથી થતી અનંતકાયની હિંસા

**सूअग्गिणंतकाइय, णंताणंता जिणेहि जिय भणिया ।**
**तम्हा अणंतपावं, जं पीअ वारि उड्ढ कंठेण ।।१३७।।**

સોયના અગ્રભાગ જેટલા અનંતકાયને વિષે જિનેશ્વરે અનંતાનંત જીવો કહેલા છે, તેથી કરીને જો ઉંચા કંઠે પાણી પીવામાં આવે (ઉંચો કંઠ રાખી અણગળ પાણી પીવામાં આવે) તો અનંત જીવોની હિંસાનું પાપ લાગે છે. (જ્યાં જળ હોય છે ત્યાં સેવાળ-લીલફુલરૂપ અનંતકાયરહેલી હોય છે તેથી.) ૧૩૭

## ૮૯. મનુષ્યના દેહમાં જીવોત્પત્તિ

**मणुआण रोमकूवे, चम्ममंसेसु अट्ठिमिंजासु ।**
**तह सुक्कसोणिएसु, जीवाऽणेगा असंखा य ।।१३८।।**

મનુષ્યોના રોમકૂપને વિષે, ચામડીને વિષે, માંસને વિષે, હાડકાને વિષે, મજ્જા (ચરબી)ને વિષે, તથા શુક્ર (વીર્ય) અને શોણિત (લોહી)ને વિષે અનેક તેમ જ અસંખ્યાતા જીવો રહેલા છે (ઉત્પન્ન થાય છે.) ૧૩૮. (અસંખ્ય જીવો સંમૂર્ચ્છિમ મનુષ્ય પંચેંદ્રિય જેને ચૌદસ્થાનકીઆ કહીએ છીએ તે સમજવા અને અનેક બેઇંદ્રિયાદિ જીવોની ઉત્પત્તિ સમજવી.)

**रोमखसकेसफोडिय, लिक्खा तहेव चेव फुणगलिया ।**
**पंचिंदियाण देहे, हवंति एगिंदिया एए ।।१३९।।**

રોમરાઇ, ખસ, કેસ, ફોડકી, લિખ, તેમજ વળી ફુણગલી - આ સર્વ એકેન્દ્રિય જીવો પંચેંદ્રિયના શરીરને વિષે હોય છે. ૧૩૯ (આ મનુષ્ય શરીરમાં એકેન્દ્રિય જીવોની ઉત્પત્તિ કહી છે તે માનનીય નથી. કારણકે જો એમ હોય તો મુનિ લોચ કરી શકે નહીં.)

**हरसाइ कंठमाला, वालय नासुर किम्मिसम्मिओ ।**
**एए बेइंदिय जीवा, नरस्स देहम्मि पच्चक्खा ।।१४०।।**

હરસ(અર્શ), કંઠમાળ, વાળો, નાસુર, કરમીયા, સરમીયા, આ સર્વે બેઈન્દ્રિય જીવો મનુષ્યના શરીરમાં પ્રત્યક્ષ (ઉત્પન્ન થતાં) દેખાય છે. ૧૪૦

**जूया य कीड सावा, एए तेंदिया जिया हुंति ।**
**चउरिंदिय पंचिंदिय, सुहमा वि अणंत नरदेहे ।।१४१।।**

જૂ, કીડા, સાવા-એ તેઈન્દ્રિય જીવો મનુષ્યના શરીરમાં હોય છે, (ઉપજે છે) તથા ચતુરિંદ્રિય અને પંચેન્દ્રિય તથા સૂક્ષ્મ જીવો પણ મનુષ્યના દેહમાં અનંતા[1] હોય છે. (ઉત્પન્ન થાય છે.)૧૪૧

## ૯૦. વનસ્પતિ જીવોના ભેદ

**रुक्खा गुच्छा गुम्मा, लया य वल्ली तणा य तह वलया ।**
**पव्वय हरिया ओसही, जलरुह कुहणा य बोधव्वा ।।१४२।।**

વૃક્ષો (આમ્રાદિક), ગુચ્છો, ગુલ્મો, લતાઓ, વેલાઓ, તૃણ(ઘાસ), વલય, (શેરડી વિગેરેના) પર્વ, હરિત, ઔષધિ (ધાન્ય ને ઔષધો), જળરૂહ (કમળ), અને કુણહ - એ બાર વનસ્પતિના ભેદ છે. ૧૪૨ (તેનો વિસ્તાર લોક પ્રકાશ પ્રજ્ઞાપના વિગેરેથી જાણવો.)

## ૯૧. જીવોના નિવાસ સ્થાન

**एगिंदिय पंचिंदिय, उड्ढे अ अहे अ तिरियलोए अ ।**
**विगलिंदिय जीवा पुण, तिरिअलोए मुणेअव्वा ।।१४३।।**

---

૧ આ અનંત શબ્દ અનંત સૂક્ષ્મ એકેંદ્રિય ગણ્યા હોય તો સંભવે. ચઉરિંદ્રિય જીવો ક્યા તે જાણવામાં આવ્યું નથી.

એકેન્દ્રિય અને પંચેન્દ્રિય જીવો ઊર્ધ્વ, અધો અને તિરછા લોકમાં એટલે ત્રણે લોકમાં હોય છે, અને બેઈન્દ્રિય, તેઈન્દ્રિય અને ચઉરિન્દ્રિય એ વિકલેંદ્રિય જીવો તો તિર્ચ્છા લોકમાં જ હોય છે એમ જાણવું. ૧૪૩. (ઉર્ધ્વલોક અને અધોલોકમાં વિકલેન્દ્રિય જીવોની ઉત્પત્તિ નથી.)

**पुढवी जा सिद्धसिला, तेऊ नरखित्त तिरियलोए य ।**
**पुढवी आऊ वणस्सई, बारसकप्पेसु पुढवीसु ।।१४४।।**

સિદ્ધશિલા સુધી પૃથ્વીકાય છે, તેજસ્કાય (બાદર) તિર્ચ્છાલોકમાં મુનષ્ય ક્ષેત્ર (અઢીદ્વીપ) ને વિષે જ છે, તથા પૃથ્વીકાય, અપ્કાય અને વનસ્પતિકાય બાર દેવલોકને વિષે અને રત્નપ્રભાદિક સાતે નરક પૃથ્વીને વિષે છે. (આ સર્વ બાદર આશ્રી જાણવું.) ૧૪૪ (સૂક્ષ્મ એકેન્દ્રિય તો પાંચે પ્રકારના ચૌદ રાજલોકમાં સર્વત્ર રહેલા છે.)

**सुरलोअवाविमज्झे, मच्छाइ नत्थि जलयरा जीवा ।**
**गेविज्जे न हु वावी, वाविअभावे जलं नत्थि ।।१४५।।**

બાર દેવલોકમાં રહેલી વાવોને વિષે મત્સ્ય વિગેરે જળચર જીવો નથી. (તેમજ પૂરા વિગેરે બેઇંદ્રિય જીવો પણ નથી) નવ ગ્રૈવેયક (તથા પાંચ અનુત્તર વિમાન) ને વિષે વાવો જ નથી, અને વાવોનો અભાવ હોવાથી ત્યાં જળ (અપ્કાય) પણ નથી. (તથા જળને અભાવે વનસ્પતિકાય પણ નથી એમ જાણવું.) ૧૪૫.

## ૯૨. નિગોદ જીવોનું અનંતાનંતપણું

**जइआ होई पुच्छा, तइया एयं च उत्तरं दिज्जा ।**
**एगस्स निगोयस्स य, अणंतभागो गओ सिद्धिं ।।१४६।।**

જે વખતે (કોઈપણ વખતે) કોઇ મનુષ્યાદિક સામાન્ય કેવળીને કે તીર્થંકરને પ્રશ્ન કરે ત્યારે એ જ જવાબ અપાય છે (કેવળી એ જ જવાબ આપે છે) કે એક નિગોદનો અનંતમો ભાગ સિદ્ધિપદને પામ્યો છે. ૧૪૬. એવી નિગોદ (સૂક્ષ્મ વનસ્પતિના શરીર) ચૌદ રાજલોકમાં

અસંખ્યાતી છે. દરેક શરીરમાં જીવો અનંતાનંત છે.

## ૯૩. નિગોદના જીવોને દુઃખ

**जं नरए नेरइआ, दुक्खं पावंति गोयमा ! तिक्खं ।**
**तं पुण निगोयमज्झे, अणंतगुणियं मुणेअव्वं ॥१४७॥**

હે ગૌતમ ! નરકને વિષે નારકી જીવો જે તીક્ષ્ણ-ઉગ્ર દુઃખ પામે છે; તેથી અનંતગણું દુઃખ નિગોદને વિષે રહેલા જીવો પામે છે એમ જાણવું. ૧૪૭. (એ દુઃખ અવ્યક્તપણે ભોગવાતું હોવાથી નરકની જેવું તીવ્ર જણાતું નથી.)

## ૯૪. નિગોદ વિગેરેની સૂક્ષ્મતાનું વર્ણન

**लोए असंखजोअण-माणे पइजोअणंऽगुला संखा ।**
**पइ तं असंख अंसा, पइ तं असंखया गोला ॥१४८॥**

અસંખ્યાતા યોજન પ્રમાણ ચૌદ રાજલોકને વિષે યોજન પ્રત્યે એટલે દરેક યોજનમાં સંખ્યાતા અંગુલો છે, અંગુલ અંગુલ પ્રત્યે એટલે દરેક અંગુલને વિષે અસંખ્યાતા અંશો (વિભાગો) છે, તે દરેક અંગુલના અસંખ્યાતા અંશ-વિભાગને વિષે અસંખ્યાતા ગોળા છે. ૧૪૮

**गोलो असंखनिगोओ, सोऽणंतजिओ जिअ पइ पएसा ।**
**असंख पइपएसं, कम्माणं वग्गणाऽणंता ॥१४९॥**

એક એક ગોળામાં અસંખ્યાતી નિગોદ (શરીર) છે, તે દરેક નિગોદમાં અનંતા જીવો રહેલા છે, દરેક જીવના અસંખ્યાતા (લોકાકાશના પ્રદેશ પ્રમાણ) પ્રદેશો છે, તે દરેક પ્રદેશે કર્મોની અનંતી વર્ગણાઓ રહેલી છે. ૧૪૯.

**पइवग्गणं अणंता, अणुअ पइअणु अणंतपज्जाया ।**
**एयं लोयसरूवं, भाविज्जइ तहत्ति जिणवुत्तं ॥१५०॥**

દરેક વર્ગણા અનંતા અણુ-પરમાણુઓની બનેલી છે, દરેક અણુ (પરમાણુ)ના અનંત પર્યાયો છે. આ પ્રમાણેનું જિનેશ્વર ભાષિત લોકસ્વરૂપ તહત્તિ-સત્ય છે એમ ભાવવું. ૧૫૦ (આ હકીકતને સદ્દહવી તે જ સમકિતીનું લક્ષણ છે.)

## ૯૫ આ જીવ સર્વ સ્થાને ઉપજેલો ને મરણ પામેલો છે.

**ण सा जाई ण सा जोणी, ण तं ठाणं ण तं कुलं ।**
**ण जाया न मुआ जत्थ, सव्वे जीवा अणंतसो ॥१५१॥**

એવી કોઇ જાતિ નથી, એવી કોઇ યોનિ નથી, એવું કોઇ સ્થાન નથી અને એવું કોઇ કુળ નથી કે જ્યાં સર્વે જીવો અનંતી વાર ઉત્પન્ન થયા ન હોય કે મરણ પામ્યા ન હોય. ૧૫૧ (ચૌદ રાજલોકમાં દરેક પ્રદેશે આ જીવે અનંતા મરણ કર્યા છે.)

## ૯૬. એક મુહૂર્તમાં નિગોદ કેટલા ભવ કરે ?

**पणसट्ठि सहस्साइं, पंचसया चेव तह य छत्तीसा ।**
**खुड्डाग भवगहणा, एगमुहुत्तम्मि एवइया ॥१५२॥**

નિગોદનો એક જીવ એક મુહૂર્ત (બે ઘડી)માં પાંસઠ હજાર, પાંચસો અને છત્રીશ એટલા ક્ષુલ્લક (નાનામાં નાના) ભવ ગ્રહણ કરે છે. ૧૫૨. એક મુહૂત્તમાં ૧૬૭૭૭૨૧૬ આવલી હોય છે. ક્ષુલ્લક ભવ ૨૫૬ આવલીનો હોય છે, તે અનુસારે આ ગણત્રી કરેલી છે. એક શ્વાસોચ્છવાસમાં ૧૭ાા ભવ કરે છે.

## ૯૭. સમકિતની ઉત્કૃષ્ટ સ્થિતિ

**अंतमुहुत्तोवसमो, छावलि सासाण वेयगो समओ ।**
**साहियत्तित्तीसायर, खओ दुगुणो खओवसमो ॥१५३॥**

ઉપશમ સમકિત અંતર્મુહૂર્ત સુધી રહે છે, સાસ્વાદન સમકિત ઉત્કૃષ્ટ છ આવલિકા

સુધી રહે છે, વેદક સમકિત એક સમયનું જ છે, ક્ષાયિક સમકિત કાંઇક અધિક તેત્રીસ સાગરોપમ સુધી રહે છે અને તેથી બમણું એટલે કાંઇક અધિક છાસઠ સાગરોપમ સુધી ક્ષયોપશમ સમકિત રહે છે. (અહિં બન્ને ઠેકાણે અધિકપણું નરભવ સંબંધી જાણવું. એટલે કે ક્ષાયિક સમકિતવાળો જીવ સર્વાર્થસિદ્ધ વિમાનમાં તેત્રીશ સાગરોપમના આયુષ્યવાળો દેવ થાય, ત્યાંથી ચ્યવી મનુષ્ય થઇ ચારિત્ર લઇ સિદ્ધિપદને પામે છે. ક્ષયોપશમ સમકિતવાળો જીવ ઉત્કૃષ્ટ બે વાર વિજયાદિકમાં ૩૩ સાગરોપમના આયુષ્ય વાળો અથવા ત્રણ વાર અચ્યુત દેવલોકમાં બાવીશ સાગરોપમના આયુષ્યવાળો દેવ થઇ મનુષ્ય ભવ કરી ચારિત્ર પામી મોક્ષે જાય છે.) ૧૫૩

## ૯૮. નરકમાં થતી દશ પ્રકારની વેદના

**दसविह वेयण निरए, सीउण्हखुहपिवासकंडू य ।**
**भयसोगपारवस्सं, जरा य वाही य दसमो य ।।१५४।।**

નરકમાં નારકીઓને દશ પ્રકારની વેદના હોય છે, તે આ પ્રમાણે - ૧ શીત વેદના, ૨ ઉષ્ણ વેદના, ૩ ક્ષુધા (ભૂખ) વેદના , ૪ પિપાસા (તૃષા) વેદના, ૫ કંડૂ (ખરજની) વેદના, ૬ ભય વેદના ,૭ શોક વેદના, ૮ પરવશતા રૂપ વેદના, ૯ જરા વેદના અને ૧૦ દશમી વ્યાધિ વેદના. (આ સર્વ વેદનાઓ અસહ્ય હોય છે.) ૧૫૪

## ૯૯. રત્નપ્રભા પૃથ્વીનું સ્થાન

**अह मंदरस्स हिट्ठा, पुढवी रयणप्पहा मुणेयव्वा ।**
**तिसु भागेसु विहि(ह)त्ता, सहस्स असी जोअणं लक्खं ।।१५५।।**

મેરૂ પર્વતની નીચે એક રાજના વિસ્તારમાં રત્નપ્રભા પૃથ્વી રહેલી છે તે ત્રણ ભાગે વહેંચાયેલી છે (તેના ત્રણ ભાગ છે.) અને તે એક લાખ ને એંશી હજાર જોજન જાડી છે. ૧૫૫

## ૧૦૦ ભવનપતિનું તથા નારકીનું વાસસ્થાન

**तत्थेव भवणवासी, देवा निवसंति दोसु भागेसु ।**
**तइए पुण नेरइया, हवंति बहुवेयणा निच्चं ॥१५६॥**

ત્યાં જ (તે રત્નપ્રભા પૃથ્વીના પિંડમાં જ) બે ભાગમાં ભવનપતિ દેવો વસે છે અને ત્રીજા ભાગમાં નિરંતર અત્યંત વેદના ભોગવનારા નારકીઓ રહેલા છે. ૧૫૬.

(બે ને એક વિભાગમાં તે શી રીતે રહેલા છે ? તે સ્પષ્ટ થવાની જરૂર છે. આવા વિભાગ પાડેલા વાંચવામાં આવ્યા નથી) બૃહદ્સંગ્રહણીની ગાથા ૨૫મીના અર્થમાં ૧૭૮૦૦૦ યોજનમાં ભવનપતિનું સ્થાન કહેલ છે. વધારામાં કહ્યું છે કે - ૧૮૦૦૦૦ માંથી ૯૬૦૦૦ બાદ કરતાં બાકીના ૮૪૦૦૦ યોજનમાં ભવનપતિ છે એમ કેટલાક આચાર્યો કહે છે.

## ૧૦૧ પંદર પરમાધાર્મિકનાં નામ

**अंबे १ अंबरिसी २ चेव, सामे ३ य सबले ४ वि य ।**
**रुद्दे ५ विरुद्दे ६ काले ७ य, महाकाले ८ त्ति आवरे ॥१५७॥**
**असिपत्ते ९ धणू १० कुंभे ११, वालू १२ वेयरणी १३ वि अ ।**
**खरस्सरे१४ महाघोसे १५, एवं पनरस आहिआ ॥१५८॥**

૧ અંબ, ૨ અંબઋષિ, ૩ શ્યામ, ૪ સબલ, ૫ રૌદ્ર, ૬ વિરૌદ્ર, ૭ કાળ, ૮ મહાકાળ, ૯ વળી અસિપત્ર, ૧૦ ધનુ, ૧૧ કુંભ, ૧૨ વાલુ, ૧૩ વેતરણી, ૧૪ ખરસ્વર, અને ૧૫ મહાઘોષ - આ પ્રમાણે પંદર જાતિના પરમાધાર્મિક કહ્યા છે. ૧૫૭-૧૫૮. તે પંદરે પરમાધામીનું જાુદું જાુદં કામ છે. તે જાુદે જાુદે પ્રકારે નારકીઓને પીડા ઉપજાવે છે. તેમાં કેટલાકનું તો નામ પ્રમાણે જ કામ છે.

## ૧૦૨ દશ પ્રકારનું સત્ય

**जणवय[1] संयम[2] ठवणा[3], नामे[4] रूवे[5] पडुच्च[6] सच्चे अ ।**
**ववहारे[7] भाव[8] जोगे[9], दसमे उवम[10] सच्चे य ॥१५९॥**

૧. જનપદ સત્ય - કુંકણ દેશમાં પાણીને પિચ્ચ કહે છે તે જનપદ (દેશ) સત્ય કહેવાય છે. અર્થાત્ જે દેશમાં જે પદાર્થ માટે જે શબ્દ વપરાતો હોય તે જનપદ સત્ય, ૨ લોકરૂઢિથી સર્વજનોની જે માન્યતા હોય, જેમ કે કાદવમાં ઉત્પન્ન થાય તે પંકજ-કમળ કહેવાય, પણ દેડકા વિગેરે પંકજ ન કહેવાય, તે સંમત સત્ય , ૩ સ્થાપનાસત્ય એટલે પ્રતિમા વિગેરે, ૪ કુળની વૃદ્ધિ કરનાર ન હોય છતાં કોઇનું નામ કુળવર્ધન પાડ્યું હોય તો તે નામ સત્ય, ૫ સાધુ વિગેરેનો વેષ ધારણ કર્યો હોય અને તેવા પ્રકારના તેનામાં આચાર હોય કે ન હોય છતાં તેને સાધુ કહેવો તે રૂપસત્ય, ૬. નાનું મોટું, પિતા પુત્ર વિગેરે પરસ્પરને આશ્રીને કહેવાય છે, જેમ કે અનામિકા આંગળી ટચલી આંગળીની અપેક્ષાએ મોટી છે અને વચલી આંગળીને આશ્રીને નાની છે, એક જ પુરૂષ પોતાના પુત્રની અપેક્ષાએ પિતા છે અને પોતાના પિતાની અપેક્ષાએ પુત્ર પણ છે, તે પ્રતીત્યસત્ય, ૭. વ્યવહારમાં અનુદરા કન્યા કહેવાય છે, અનુદરાનો અર્થ પેટ વિનાની એવો થાય પણ વ્યવહારમાં ગર્ભ વિનાની હોય તેને જ અનુદરા કહેવાય છે, તે વ્યવહાર સત્ય, ૮ બગલામાં શ્વેત વર્ણ વધારે છે અને બીજા વર્ણ ઘણા જ અલ્પ છે તેથી તેને શ્વેત કહેવો એ ભાવ સત્ય, ૯. પાસે દંડ (લાકડી) રાખવાથી તે માણસ દંડી કહેવાય અથવા છત્ર ધારણ કરવાથી તે માણસ છત્રી કહેવાય વિગેરે કોઇ વસ્તુના યોગને લીધે તે વસ્તુવાળો પોતે પણ તેવો કહેવાય તે યોગ સત્ય, તથા ૧૦. તળાવને સમુદ્ર સમાન કહેવું તે ઉપમા સત્ય આ રીતે સત્યના દશ પ્રકારે છે, ૧૫૯.

## ૧૦૩ અસત્ય બોલવાના દશ કારણો

**कोहे[1] माणे[2] माया[3], लोभे[4] पिज्जे[5] तहेव दोसे[6] य ।**
**हास[7] भय[8] अक्खाइय[9], उवघाए[10] निस्सिया दसमा ॥१६०॥**

૧. ક્રોધ, ૨. માન, ૩.માયા, ૪. લોભ, ૫. પ્રેમ-રાગ, ૬. દ્વેષ, ૭. હાસ્ય-મશ્કરી, ૮. ભય, ૯. અવર્ણવાદ-ખોટું આળ અને ૧૦. ઉપઘાત-આઘાત - આ દશ કારણને લીધે અસત્ય બોલાય છે. (આ દશે પ્રકાર ત્યાગ કરવા લાયક છે.) ૧૬૦

## ૧૦૪ ઉત્સૂત્રરૂપ અસત્ય બોલવાનું ફળ

**इक्केण दुब्भासिएण, मरीइओ दुक्खसायरं पत्तो ।**
**भमिओ कोडाकोडी, सागरसिरिणामधिज्जाणं ॥१६१॥**

એક જ દુર્ભાષિત વડે એટલે "હે ! કપિલ ! તે જિનેશ્વરના માર્ગમાં પણ ધર્મ છે અને મારા માર્ગમાં પણ ધર્મ છે." એવા એક જ અસત્ય (ઉત્સૂત્ર) ભાષણ વડે મરીચિ દુઃખસાગરને પામ્યો, અને કોટાકોટી સાગરોપમ સુધી સંસારમાં ભટક્યો. (આ મરીચિ મહાવીર સ્વામીનો જીવ સમજવો.) ૧૬૧

## ૧૦૫ સત્યનું માહાત્મ્ય

**जइ न सक्किसि काउं, सम्मं अइदुक्करं तवचरणं ।**
**तो सच्चं भासिज्जा, जह भणियं वीयराएहिं ॥१६२॥**

હે જીવ ! જો તું અત્યંત દુષ્કર એવા તપ અને ચારિત્રને અથવા તપના આચરણને સમ્યક્ પ્રકારે કરવાને શક્તિમાન ન હો તો જે પ્રમાણે જિનેંદ્રોએ કહ્યું છે તે પ્રમાણે તું એક સત્ય વચન જ બોલ. (સત્ય વચન જ સર્વ ધર્મમાં અગ્રેસર છે, એટલે એકલા સત્યથી જ તારી કાર્યસિદ્ધિ થશે, કેમ કે સત્યમાં સમકિતનો પણ સમાવેશ છે.) ૧૬૨.

## ૧૦૬ ગીતાર્થ કેવું વચન ન બોલે.

**जेण परो दुभिज्जइ, पाणिवहो जेण होइ भणिएणं ।**
**अप्पा पडइ किलेसे, न हु तं जंपंति गीयत्था ॥१६३॥**

જે વચન બોલવાથી બીજો પ્રાણી દુ:ખી થાય, તથા જે વચન બોલવાથી પ્રાણીનો વધ થાય અને પોતાનો આત્મા ક્લેશમાં પડે-તેવું વચન ગીતાર્થો બોલે નહીં. ૧૬૩. (ગીતાર્થ માટે આવાં વચન બોલવાનો સંભવ જ હોતો નથી.)

## ૧૦૭ દાન સંબંધી વિચાર

**जे अदाणं पसंसंति, वहमिच्छंति पाणिणं ।**
**जइणि(तं)पडिसेयंति, वित्तिच्छेयं करंति ते ॥१६४॥**

જેઓ અસંયતિના દાનની પ્રશંસા કરે છે, તેઓ પ્રાણીના વધને ઇચ્છે છે અને જેઓ અનુકંપાદાનનો નિષેધ કરે છે, તેઓ અન્યની વૃત્તિનો છેદ કરે છે. એટલે તેઓ અંતરાય કર્મ બાંધે છે. ૧૬૪. (આ ગાથાનું ત્રીજું પદ અશુદ્ધ જણાય છે.)

## ૧૦૮ સજ્જનોએ કેવું બોલવું ?

**संतेहिं असंतेहिं, परस्स किं जंपिएहिं दोसेहिं ।**
**अत्थो जत्थ न लब्भइ, सो अमित्तो कओ होइ ॥१६५॥**

છતા અથવા અછતા બીજાના દોષ બોલવાથી શું ફળ છે ? કાંઇ જ ફળ નથી. કેમ કે તેમાં કાંઇ પણ અર્થ-ધનાદિક મળતું નથી, અર્થ સરતો નથી અને ઉલટો તેને શત્રુ કરાય છે - તે શત્રુ થાય છે. ૧૬૫.

**मा होउ सुअग्गाही, मा जंपह जं न दिट्ठं पच्चक्खं ।**
**पच्चक्खे वि अ दिट्ठे, जुत्ताजुत्तं वियारेइ ॥१६६॥**

શ્રુતાગ્રાહી ન થવું. એટલે કે કોઇની પાસેથી કાંઇ વાત સાંભળી કે તરત જ તેને વગર વિચારે સત્ય માની લેવી નહીં. વળી જે પ્રત્યક્ષ જોયું ન હોય તે પણ બીજાની પાસે ન કહેવું, તથા પ્રત્યક્ષ જોયા છતાં પણ યોગ્ય અને અયોગ્યનો વિચાર કરવો. અર્થાત્ યોગ્ય કહેવા યોગ્ય-

સંભવિત હોય તો જ કહેવું, અયોગ્ય-અસંભવિત હોય તો તે કહેવું નહીં. ૧ ૬ ૬.

## ૧૦૯ રોષ વખતે કાર્ય ન કરવું.

**पढमं चिय रोसभरे, जा बुद्धि होइ सा न कायव्वा ।**
**अह कीरइ ता नूणं, न सुंदरो होइ परिणामो ।।१६७।।**

પ્રથમ ક્રોધનો આવેશ આવે તે વખતે જે બુદ્ધિ થાય તે પ્રમાણે કાર્ય કરવું નહીં, જો કદાચ કરે તો અવશ્ય તેનું પરિણામ સારૂં આવે નહીં. તેને વિમાસવું જ પડે. (એટલા ઉપરથી જ આવેશ શાંત થયા પછી જે કરવા યોગ્ય લાગે તે કરવું એમ કહેલ છે.) ૧ ૬ ૭.

## ૧૧૦ શ્રી ઋષભદેવ સ્વામીએ પ્રથમ ભવે કરેલી સમકિત પ્રાપ્તિ

**परितुलिय कप्पपायव-चिंतामणिकामधेणुमाहप्पं ।**
**सम्मत्तमहारयणं, पत्तं धणसत्थवाहेण ।।१६८।।**

શ્રી ઋષભદેવ સ્વામીના જીવે પ્રથમ ધન સાર્થવાહના ભવમાં કલ્પવૃક્ષ, ચિંતામણિ રત્ન અને કામધેનુના માહાત્મ્યની તુલના કરનાર એટલે તેનાથી પણ અધિક માહાત્મ્યવાળા સમકિતરૂપી મહારત્નને પ્રાપ્ત કર્યું હતું. ૧ ૬ ૮.

## ૧૧૧ સમકિત દૃષ્ટિનાં લિંગ

**सव्वत्थ उचियकरणं, गुणाणुराओ रई य जिणधम्मे ।**
**अगुणेसु अ मज्झत्थो, सम्मद्दिट्ठिस्स लिंगाइं ।।१६९।।**

સર્વ ઠેકાણે ઉચિતપણું સાચવવું, ગુણ તેમજ ગુણીને વિષે અનુરાગ-પ્રીતિ રાખવી, જિનેશ્વરના ધર્મને વિષે રતિ-પ્રીતિ રાખવી, અને નિર્ગુણી માણસ ઉપર મધ્યસ્થપણું રાખવું, એ સમકિતીનાં લિંગ છે. ૧ ૬ ૯. (સમકિતના ૬ ૭ બોલમાં ૩ લિંગ કહ્યા છે તે જૂદા છે.)

## ૧૧૨ સમ્યગ્દષ્ટિ ને મિથ્યાદષ્ટિની વહેંચણ

**सामन्नजण तव लिंग-धारिणो अगीयत्थ सेणियाईया ।**
**पंचुत्तरसुर संवेग - पक्खिणो अहमा य जई ॥१७०॥**
**पढमा मिच्छादिट्ठी, चउरो संसारभमणहेउ त्ति ।**
**इयरा सम्मदिट्ठी, अरहा निव्वाणमग्गस्स ॥१७१॥**

૧. સામાન્ય માણસ, ૨. અજ્ઞાન તપસ્વી, ૩. લિંગધારી, ૪. અગીતાર્થ, ૫. શ્રેણિકાદિક સમકિતી જીવો, ૬. પાંચ અનુત્તરવાસી દેવ, ૭. સંવેગ-પાક્ષિક, અને ૮.આઠમા યતિ તેમાંથી પહેલા ચાર મિથ્યાદષ્ટિ છે અને તેઓ સંસારમાં પરિભ્રમણ કરનારા છે. બીજા ચાર સમકિતદષ્ટિ છે, તેઓ મોક્ષમાર્ગને યોગ્ય છે - મોક્ષે જનારા છે. ૧૭૦-૧૭૧.

વિરતિના સ્વરૂપને જાણે, વિરતિ અંગીકાર કરે ને વિરતિ પાળે; તેમજ ન જાણે, ન આદરે ને ન પાળે - એ છ પ્રકારના ત્રિકસંયોગી આઠ ભાંગા થાય છે તે નીચે પ્રમાણે :-

૧. ન જાણે, ન આદરે, ન પાળે તે સામાન્ય મિથ્યાદષ્ટિ જાણવા.

૨. ન જાણે, ન આદરે, પણ પાળે તે અજ્ઞાન તપસ્વી જાણવા. તેઓ સમ્યગ્ જ્ઞાન રહિત હોવાથી જાણી કે આદરી શકતા નથી.

૩. ન જાણે, આદરે, ન પાળે તે પાર્શ્વસ્થાદિ દ્રવ્યલિંગી જાણવા. તેઓ વ્રત ગ્રહણ કરે છે પણ પાળતા નથી.

૪. ન જાણે, આદરે ને પાળે તે સમ્યગ્ જ્ઞાન વિનાના મિથ્યાત્વી, અભવી તેમજ અગીતાર્થ જાણવા.

આ ચારે ભાંગવાળા સમ્યગ્ જ્ઞાન વિનાના હોવાથી મિથ્યાદષ્ટિ છે.

૫. જાણે, ન આદરે, ન પાળે, તે શ્રેણિક કૃષ્ણાદિ ધર્મના સમ્યગ્ સ્વરૂપને જાણતાં છતાં અવિરતિના તીવ્ર ઉદયથી આદરી શકતા નથી અને પાળતા પણ નથી.

૬. જાણે, આદરે નહીં, પણ પાળે તે અનુત્તર વિમાનના દેવો સમજવા. તેઓ ધર્મના સમ્યગ્ સ્વરૂપને જાણે, પણ અવિરતિના ઉદયથી આદરે નહીં પરંતુ પાળે ખરા.

૭. જાણે, આદરે, પણ પાળે નહીં તે ધર્મના સમ્યગ્ સ્વરૂપને જાણે, આદરે અને પાળી શકે

નહીં. તેઓ પશ્ચાતાપ કર્યા કરે અને વેશ છોડીને સંવિજ્ઞપક્ષીપણે વર્તે.

૮. જાણે, આદરે અને પાળે - તે સર્વ પ્રકારના મુનિઓ જાણવા. તેઓ ધર્મના સમ્યગ્ સ્વરૂપને જાણે છે, અંગીકાર કરે છે અને સમ્યગ્ પ્રકારે પાળે પણ છે.

આ ચારે પ્રકાર સમકિત દૃષ્ટિના જાણવા - એ ચારે ભંગ ગ્રાહ્ય છે. એનું વિશેષ સ્વરૂપ શ્રી જ્ઞાનવિમળસૂરિકૃત અષ્ટભંગીની સઝાયમાં બતાવેલું છે.

## ૧૧૩ મિથ્યાત્વનું મહા માઠું ફળ

**विस वेसानर विसहर - हरि करि अरिणो हणंति भवमेगं ।**
**मिच्छत्तं सत्ताए, हणइ अणंताउ भवकोडि ॥१७२॥**

વિષ, વૈશ્વાનર (અગ્નિ), વિષધર (સર્પ), હરિ (સિંહ), કરિ (હાથી) અને અરિ (શત્રુ) - એ સર્વ પ્રાણીના એક જ ભવને હણી શકે છે; (પ્રાણથી જીવને વિખુટો પાડે છે) પરંતુ મિથ્યાત્વ તો સત્તામાં હોવાથી પ્રાણીને અનંતકોટી ભવોમાં હણે છે. અર્થાત્ અનંતાભવ કરાવે છે. ૧૭૨

**दंसणभट्ठो भट्ठो, दंसणभट्ठस्स नत्थि निव्वाणं ।**
**सिज्झंति चरणरहिया, दंसणरहिया न सिज्झंति ॥१७३॥**

સમકિત દર્શનથી જે ભ્રષ્ટ (રહિત) હોય તેને જ ખરો ભ્રષ્ટ કહેવો, કેમ કે સમકિત દર્શનથી ભ્રષ્ટ થયેલાને નિર્વાણ (મોક્ષ) પ્રાપ્ત થતું જ નથી. કદાચ ચારિત્ર રહિત હોય તે અર્થાત્ દ્રવ્ય ચારિત્ર વિનાનો (ભાવ ચારિત્રવાળો) સિદ્ધ થઇ શકે છે, પરંતુ જે સમકિત દર્શનથી રહિત હોય તે કદાપિ સિદ્ધ થઇ શકતા જ નથી. ૧૭૩

## ૧૧૪ સુપાત્ર દાનનું ફળ

**आरुग्गं सोहग्गं, आणेसरियं मणिच्छिओ विहवो ।**
**सुरलोयसंपया वि य, सुपत्तदाणाइदुम्ममफला ॥१७४॥**

આરોગ્યતા, સૌભાગ્ય, આજ્ઞાવાળું ઐશ્વર્ય, મનવાંચ્છિત વૈભવ તથા દેવલોકની સંપદા - એ સર્વ સુપાત્રદાનાદિ વૃક્ષનાં ફળો છે. ૧ ૭ ૪. (સુપાત્રદાન પરંપરાએ મોક્ષ પણ આપે છે.)

**दाणं सोहग्गकरं, दाणं आरुग्गकारणं परमं ।**
**दाणं भोगनिहाणं, दाणं ठाणं गुणगणाणं ॥१७५॥**

દાન એ સૌભાગ્યને કરનારૂં છે, દાન ઉત્કૃષ્ટ આરોગ્યનું કારણ છે, દાન એ ભોગનું નિધાન છે અને દાન એ ગુણના સમૂહોનું સ્થાન છે. ૧ ૭૫

**दाणेण फुरइ कित्ती, दाणेण य हुंति निम्मला कंति ।**
**दाणावज्जियहियओ, अरिणो वि य पाणियं वहइ ॥१७६॥**

દાનવડે કીર્તિ ફેલાય છે, દાન વડે નિર્મળ કાંતિ પ્રાપ્ત થાય છે, દાન વડે જેનાં હૃદય વશ થયાં છે એવા શત્રુઓ પણ પોતાને ત્યાં પાણી ભરે છે, એટલે દાનથી વશ થયેલા શત્રુઓ પણ પોતાના કિંકર જેવા થઇ જાય છે. ૧ ૭ ૬

## ૧૧૫ દાનના ભેદ તથા તેનું ફળ

**अभयं सुपत्तदाणं, अणुकंपा उचिय कित्तिदाणं च ।**
**दुन्नि वि मुक्खो भणिओ, तिन्नि वि भोगाइयं दिंति ॥१७७॥**

અભયદાન૧, સુપાત્રદાન૨, અનુકંપાદાન૩, ઉચિતદાન૪, અને કીર્તિદાન ૫ - આ પાંચ પ્રકારના દાનમાંથી પહેલા બે દાનથી મોક્ષ મળે એમ કહ્યું છે અને પાછળના ત્રણ દાન ભોગાદિક આપનારાં કહ્યાં છે. ૧ ૭ ૭.

## ૧૧૬ મનના વ્યાપારની મુખ્યતા

**मणवावारो गरुओ, मणवावारो जिणेहि पण्णत्तो ।**
**अह नेइ सत्तमाए, अहवा मुक्खं पयासेइ ॥१७८॥**

## ૧૧૭ મહાવીર સ્વામીના મુખ્ય દશ શ્રાવકોના નામ

**आणंद[१] कामदेवे[२], चुलणिपिया[३] तह य सुरादेवे[४] ।**
**चुल्लसय[५] कुंडकोलिय[६], सद्दालपुत्तो[७] य नायव्वो ॥१७९॥**
**अट्ठमो य महासयगो[८], नवमो य नंदिणीपिया९ ।**
**तेतलिपिया[१०] य दसमो, एयाइ सड्ढाण नामाइं ॥१८०॥**

૧. આણંદ, ૨. કામદેવ, ૩. ચુલણીપિતા, તથા ૪. સુરાદેવ, ૫. ચુલ્લશતક, ૬. કુંડકોલિક, ૭. સદ્દાલપુત્ર, ૮. આઠમો મહાશતક, ૯. નવમો નંદિનીપિતા અને ૧૦. દશમો તેતલીપિતા- આ દશ મહાવીર સ્વામીના મુખ્ય શ્રાવકોનાં નામ છે. ૧૭૯-૧૮૦.

## ૧૧૮ આનંદાદિક શ્રાવકોનાં નિવાસ સ્થાન

**वाणियगामं१ चंपा२, दुवे वाराणसी य नयरीए ३-४ ।**
**आलंभिया५ य पुरवर, कंपिल्लपुरम्मि६ बोधव्वं ॥१८१॥**
**पोलासं७ रायगिहं८, सावत्थीपुरी य दुन्नि उप्पन्ना ९-१० ।**
**एए उवासगाणं, गामा खलु होंति बोधव्वा ॥१८२॥**

૧. આણંદનું નિવાસસ્થાન વાણિજ્ય ગામ, ૨. કામદેવની ચંપાનગરી, ૩-૪ ચુલની પિતા અને સુરાદેવની વારાણસી નગરી, ૫. ચુલ્લશતકની આલંભિકા નગરી, ૬. કુંડકોલિકનું કાંપિલ્યપુર જાણવું, ૭. સદ્દાલપુત્રનું પોલાસપુર,૮. મહાશતકનું રાજગૃહ, તથા ૯-૧૦ નંદિની પિતા અને તેતલીપિતા એ બે શ્રાવસ્તિ નગરીમાં ઉત્પન્ન થયા હતા. આ પ્રમાણે દશે શ્રાવકોના ગામો છે એમ જાણવું. ૧૮૧-૧૮૨.

## ૧૧૯ દશે શ્રાવકોની સ્ત્રીઓનાં નામ

**સિવનંદ ૧ ભદ્દ૨ સામા૩, ધણ૪ બહુલ ૫ પુસણિ ૬ અગ્ગિમિત્તા૭ ય ।**
**રેવઇ ૮ ય અસ્સણી ૯ તહ, ફગ્ગુણી ૧૦ ભજ્જાણ નામાણિ ॥૧૮૩॥**

૧. આનંદને શિવાનંદા નામની સ્ત્રી હતી, ૨. કામદેવને ભદ્રા, ૩. ચુલની પિતાને શ્યામા, ૪. સુરાદેવને ધન્યા, ૫. ચુલ્લશતકને બહુલા, ૬. કુંડકોલિકને પૂષા, ૭. સદ્દાલપુત્રને અગ્નિમિત્રા, ૮. મહાશતકને રેવતી, ૯. નંદિનીપિતાને અશ્વની અને ૧૦. તેતલીપિતાને ફલ્ગુની નામની ભાર્યા હતી. આ પ્રમાણે તેમની ભાર્યાઓનાં નામ છે. ૧૮૩.

## ૧૨૦ આનંદાદિક શ્રાવકોને ઉપસર્ગ વિગેરે

**ઓહિનાણ૧ પિસાએ૨, માયા૩ વાહી૪ ધણ૫ ઉત્તરિજ્જે૬ ય ।**
**ભજ્જાઇસુયા૭ તહ, દુવ્વયા૮ નિરુવસગ્ગયા તિન્નિ ॥૧૮૪॥**

૧. પહેલાને અવધિજ્ઞાન થયું છે. ૨. બીજાને પિશાચથી, ૩. ત્રીજાને માતાથી, ૪. ચોથાને વ્યાધિથી, ૫. પાંચમાને ધનથી, ૬. છઠ્ઠાને ઉત્તરદેવાથી, ૭. સાતમાને ભાર્યાદિથી અને ૮. આઠમાને દુર્વૃત્તા સ્ત્રીથી એમ સાત શ્રાવકને એ અનુક્રમે ઉપસર્ગ થયા છે અને છેલ્લે બેને તથા પહેલા આનંદ મળી ત્રણને ઉપસર્ગ થયા નથી. ૧૮૪. (આનંદ શ્રાવકને અને છેલ્લા બે શ્રાવકને મળી ૩ ને ઉપસર્ગો થયા નથી. આનંદને અવધિજ્ઞાન થયેલ છે)

શ્રી વર્ધમાન દેશના વિગેરેમાં જોતાં આનંદ પછીના છ શ્રાવકોને દેવોએ ઉપસર્ગ કર્યા છે, અને આઠમા મહાશતકને તેની ભાર્યાએ ઉપસર્ગ કર્યા છે. આ ગાથામાં દેવ સિવાય જૂદાં જૂદાં નામ લખ્યાં છે તેનો હેતુ આ પ્રમાણે સંભવે છે – બીજા કામદેવ શ્રાવકને દેવે પિશાચરૂપે ઉપદ્રવ ઘણો કર્યો હતો તેથી ત્યાં પિશાચ શબ્દ લખ્યો છે. ત્રીજા ચુલની પિતા પાસે તેના પુત્રોને માર્યા છતાં તે ક્ષોભ પામ્યો નહીં છેવટે તેની માતાને મારવાનો ઉપસર્ગ કર્યો ત્યારે તે ક્ષોભ પામ્યો તેથી ત્યાં માતાએ શબ્દ લખ્યો છે. ચોથો સુરાદેવ બીજા સર્વ ઉપદ્રવોથી ક્ષોભ પામ્યો નહીં, છેવટ

તેના શરીરમાં વ્યાધિ ઉત્પન્ન કરવાનું કહ્યું ત્યારે ક્ષોભ પામ્યો, તેથી ત્યાં વ્યાધિ શબ્દ લખ્યો છે. પાંચમો ચુલ્લશતક બીજા ઉપસર્ગોથી ક્ષોભ પામ્યો નહીં, છેવટ તારૂં સર્વ ધન લઇને નાંખી દઇશ એમ કહી સર્વ ધન દેવતાએ તેની પાસે લાવી તે લઇ જાય છે એમ તેને દેખાડ્યું ત્યારે તે ક્ષોભ પામ્યો, તેથી ત્યાં ધન શબ્દ લખ્યો છે. છટ્ઠા કુંડકોલિકને ગોશાળકમતિદેવે ગોશાળાનો ધર્મ અંગીકાર કરવાનું કહ્યું અને તેના ધર્મની પ્રશંસા કરી છતાં તે ક્ષોભ પામ્યો નહીં અને ઉલટો તે દેવને યુક્તિથી ઉત્તર આપી જીતી લીધો, તેથી ત્યાં ઉત્તર શબ્દ લખ્યો છે. સાતમો સદ્દાલપુત્ર પોતાના પુત્રોના મરણથી ક્ષોભ પામ્યો નહીં, પણ છેવટ તેની સ્ત્રીને મારવાનો ઉપસર્ગ કર્યો ત્યારે તે ક્ષોભ પામ્યો, તેથી ત્યાં ભાર્યાદિસુતા શબ્દ લખ્યો છે. અને આઠમા મહાશતકને કોઇ દેવે ઉપસર્ગ કર્યો નથી, પરંતુ તેની દુષ્ટ (લંપટ) ભાર્યા રેવતીએ ઉપસર્ગ કર્યા છે, તેમાં છેવટ સુધી ક્ષોભ પામ્યો નથી, પરંતુ અવધિજ્ઞાનથી રેવતીનું સ્વરૂપ જાણીને તેણીને દુર્ગતિમાં જવાનું દુર્વચન કહ્યું હતું. તેથી શ્રી ગૌતમસ્વામીના કહેવાથી તે દુર્વચનની તેણે આલોચના લીધી હતી વિગેરે. અહીં ગાથામાં દુવ્વયા શબ્દ લખ્યો છે તે ઉપરથી દુર્વૃત્તા (દુરાચરણી) ભાર્યા સમજવી. એ દુવ્વયા શબ્દનો બીજો અર્થ દુર્વચન પણ થઇ શકે છે. નવમા અને દશમા શ્રાવકને ઉપસર્ગ થયા જ નથી.

## ૧૨૧ આણંદાદિક શ્રાવકોના ગોકુળની સંખ્યા

**चालीस[१] सट्ठी[२] असीइ[३], सट्ठी[४] सट्ठी[५] य सट्ठी[६] दससहस्सा[७] ।**
**असीइ[८] चत्ता[९] चत्ता[१०], चउप्पयाणं सहस्साणं ॥१८५॥**

આણંદને ચાળીશ હજાર ગાયો હતી૧, કામદેવને સાઠ હજાર ૨, ચુલની પિતાને એંશી હજાર૩, સુરાદેવને સાઠ હજાર૪, ચુલ્લશતકને સાઠ હજાર ૫, કુંડકોલિકને સાઠ હજાર૬, સદ્દાલપુત્રઉને દશ હજાર૭, મહાશતકને એંશી હજાર૮, નંદિની પિતાને ચાળીશ હજાર ૯ અને તેતલી પિતાને ચાળીશ હજાર ચતુષ્પદ એટલે ગાયો હતી. ૧૦ (દશ હજાર ગાયોનું એક ગોકુળ કહેવાય છે.) ૧૮૫.

## १२२ આણંદાદિક શ્રાવકોના ધનની સંખ્યા

**बार१ ह्वारस२ चउवीस३, तिविहमह्वार६ तह य तिन्नेव७ ।**
**सव्वण्णे चउवीसंट, बारस९ बारस१० कोडीओ ॥१८६॥**

આણંદને બાર કરોડ સુવર્ણ – સોનામહોર પ્રમાણ દ્રવ્ય હતું ૧, કામદેવને અઢાર કરોડ ૨, ચુલની પિતાને ચોવીશ કરોડ ૩, સુરાદેવ, ચુલ્લશતક અને કુંડકોલિક એ ત્રણને અઢાર અઢાર કરોડ ૬, સદ્દાલપુત્રને ત્રણ કરોડ૭, મહાશતકને ચોવીશ કરોડ૮, નંદિની પિતાને બાર કરોડ ૯ અને તેતલીપિતાને બાર કરોડ સુવર્ણ હતું. ૧૦. ૧૮૬

## १२३ આણંદાદિક શ્રાવકોએ ભોગોપભોગ પરિમાણ વ્રતમાં કરેલ નિયમ

**उल्लवणं[१] दंतवणं[२], फले [३] अब्भिंगणे[४] वट्टणे[५] सणाणे[६] य ।**
**वत्थे [७] विलेवणे[८] पुप्फे[९], आभरण[१०] धूव[११] पेयाइ[१२] ॥१८७॥**
**भक्खो[१३] यण[१४] सूप[१५] घए[१६], सागे[१७] माहुर[१८] जम्मण[१९] पाणे[२०] य ।**
**तंबोले [२१] इगवीसं, आणंदाईण अभिग्गहा ॥१८८॥**

૧. ઉલ ઉતારવા માટે જેઠીમધનું કાષ્ઠ, ૨. દાંત સાફ કરવા માટે મહુડાનું દાતણ, ૩. મસ્તક સાફ કરવા માટે આમળાનું ફળ, ૪. અભ્યંગન માટે શતપાક અને સહસ્રપાક તેલ, ૫.ઉદ્વર્તન માટે સુગંધી ચૂર્ણ, ૬. સ્નાન માટે આઠ ઘડા પાણી, ૭. શરીરે ઓઢવાનું એક રેશમી વસ્ત્ર તથા ૮. બે સુતરાઉ વસ્ત્ર, કેસર, ચંદન, કસ્તુરી વિગેરે સુગંધી પદાર્થનું વિલેપન, ૯.પુષ્પમાં કમળનું પુષ્પ અને માલતીની માળા, ૧૦. આભરણમાં ચિત્ર વિનાના બે કુંડલ અને એક નામાંકિત મુદ્રિકા, ૧૧. ધુપમાં અગર અને તુરૂષ્કનો ધૂપ , ૧૨. પેયામાં મગ અને ચોખાની પેયા, ૧૩. ભક્ષ્યમાં ખાંડ પાયેલા ઘેબર, ૧૪. ઓદનમાં કમોદના ચોખા, ૧૫. કઠોળમાં મગ, અડદ અને ચણાની દાળ, . ૧૬. ઘૃતમાં શરદઋતુમાં થયેલું ગાયનું ઘી,

૧૭. શાકમાં રાયડોડી, આમળા અને અગથીયો (અથવા ચંચુ, મંડુકિકા અને સોવસ્તિ), ૧૮. ફળમાં પલ્લંક અને બીલી વિગેરેનાં મધુર ફળ, ૧૯. જમણમાં વડા અને પૂરણ, ૨૦. પાણીમાં આકાશથી પડેલું જળ, ૨૧. તાંબૂલમાં જાયફળ, કંકોલ, કપૂર, એલચી અને લવિંગ એ પાંચ સુગંધીવાળું નાગરવેલી પાન- આ એકવીશ જાતના અભિગ્રહો આનંદાદિક દશે શ્રાવકોના જાણવા. ભોગોપભોગ વ્રતમાં ઉપર કહેલી વસ્તુઓ જ માત્ર વાપરવી; બીજી સર્વ વસ્તુનો ત્યાગ કર્યો હતો એમ સમજવું. ૧૮૭-૧૮૮.

## ૧૨૪ પહેલા આણંદ અને આઠમા મહાશતકને થયેલ અવધિજ્ઞાનનું પ્રમાણ

**उड्ढं सोहम्मसुरे, लोलुय नरए अहे य उत्तरे हिमवं ।**
**पंचसयं तिदिसाए, ओही आणंदसयगस्स ॥१८९॥**

ઉંચે સુધર્મા દેવલોક સુધી, નીચે લોલુક નામના નરકના પાથડા સુધી, ઉત્તર દિશામાં હિમવંત પર્વત સુધી, તથા બાકીની ત્રણ દિશા એટલે પૂર્વ, દક્ષિણ અને પશ્ચિમ દિશાએ પાંચસો પાંચસો યોજન સુધી (લવણસમુદ્રમાં) દેખી શકે એવું આનંદ તથા મહાશતકને અવધિજ્ઞાન થયું હતું. ૧૮૯.

## ૧૨૫ શ્રાવકની અગ્યાર પ્રતિમા

**दंसण१ वय२ सामाइय३, पोसह४ पडिमा५ य बंभ६ सच्चित्ते७ ।**
**आरंभ८ पेस९ उद्दिट्ठ-वज्जण१० समणभूए११ अ ॥१९०॥**

૧. દર્શન પ્રતિમા, ૨. વ્રત, ૩. સામાયિક, ૪. પૌષધ, ૫. કાયોત્સર્ગ પ્રતિમા, ૬. બ્રહ્મચર્ય, ૭. સચિત્ત ત્યાગ, ૮. આરંભ ત્યાગ, ૯. પ્રેષ્ય ત્યાગ, ૧૦. ઉદ્દિષ્ટ ત્યાગ અને ૧૧. શ્રમણભૂત - આ અગ્યાર પ્રતિમા શ્રાવકને વહન કરવાની હોય છે.

૧. વિવરણ - એક માસ સુધી સમકિતને વિષે અતિચાર રહિતપણે વર્તતાં ત્રિકાળ જિનપૂજા કરવી એ પહેલી દર્શન પ્રતિમા, ૨ પહેલી પ્રતિમાની ક્રિયા સહિત બે માસ સુધી અતિચાર રહિત શુદ્ધ પાંચ અણુવ્રતો પાળવા એ બીજી વ્રતપ્રતિમા, ૩. પહેલી બન્ને પ્રતિમાની

ક્રિયા સહિત ત્રણ માસ સુધી સાંજ સવાર બે વાર શુદ્ધ સામાયિક કરે તે ત્રીજી સામાયિક પ્રતિમા, ૪) પૂર્વની ક્રિયા સહિત ચાર માસ સુધી ચાર અથવા છ પર્વ તિથિએ (અષ્ટમી, ચતુર્દશી, પૂર્ણિમાને અમાવાસ્યાએ – જો બે અષ્ટમીએ ને બે ચતુર્દશીએ કરે તો છ તિથિએ પોસહ થાય.) ચારે પ્રકારનો સર્વથી પૌષધ આઠ પહોરનો ગ્રહણ કરે તે ચોથી પૌષધ પ્રતિમા, ૫. પૂર્વ ક્રિયા સહિત પાંચ માસ સુધી શુદ્ધ ચિત્તવાળો, સ્નાન રહિત, પ્રાસુક ભોજન કરનાર, દિવસે સર્વથા બ્રહ્મચર્ય પાળનાર અને રાત્રિએ પોતાની જ સ્ત્રીને વિષે પણ પરિમાણ કરનાર શ્રાવક ચાર અથવા છ પર્વતિથિએ પૌષધ ગ્રહણ કરી આખી રાત્રિ પ્રતિમાપણે એટલે કાયોત્સર્ગે રહે તે પાંચમી પ્રતિમા પ્રતિમા અથવા કાયોત્સર્ગ પ્રતિમા, ૬. પૂર્વની સર્વ ક્રિયા સહિત છ માસ સુધી સર્વથા બ્રહ્મચર્ય પાળે તે છઠ્ઠી બ્રહ્મચર્ય પ્રતિમા, ૭. પૂર્વની ક્રિયા સહિત સાત માસ સુધી સર્વ સચિત્તનો ત્યાગ કરે તે સાતમી સચિત્ત ત્યાગ પ્રતિમા, ૮. પૂર્વોક્ત ક્રિયા સહિત આઠ માસ સુધી પોતે આરંભ સમારંભ ન કરે તે આઠમી આરંભત્યાગ પ્રતિમા, ૯. પૂર્વોક્ત ક્રિયા સહિત નવ માસ સુધી બીજા પાસે પણ આરંભન કરાવે તે નવમી પ્રેષ્યત્યાગ પ્રતિમા, ૧૦. પૂર્વોક્ત ક્રિયા સહિત દશ માસ સુધી પોતાને ઉદ્દેશીને કરેલા આહારનો ત્યાગ કરે, મસ્તકે શિખા રાખે અથવા મુંડન કરાવે, ધનનો પણ ત્યાગ કરે તે દશમી ઉદ્દિષ્ટત્યાગ પ્રતિમા, તથા ૧૧. અગ્યાર માસ સુધી મસ્તકે લોચ કરે અથવા મુંડન કરાવે, રજોહરણ ધારણ કરે, પરિગ્રહમાં આહાર માટે પાત્રાં જ રાખે અને ‘‘પ્રતિમાને વહન કરનારા મને (શ્રાવકને) ભિક્ષા આપો.’’ એમ કહી પોતાની જાતિને વિષે ભિક્ષા લેવા વિચરે, ૧૧. તે અગ્યારમી શ્રમણભૂત પ્રતિમા કહેવાય છે. ૧૯૦. (આ અગ્યારે પ્રતિમામાં અતિચાર લગાડતા નથી અને કોઇ પ્રકારના આગાર પણ હોતા નથી.)

## ૧૨૯ આણંદાદિક શ્રાવકોનું પ્રતિમા વહન તથા પરલોકગમન

**इक्कारस पडिमाओ, वीसं परियाओ अणसणं मासे ।**
**सोहम्मे चउ पलिया, विदेहे सिज्झइस्संति ॥१९१॥**

ઉપર કહેલી અગ્યારે પ્રતિમાઓ આનંદાદિક દશે શ્રાવકોએ વહન કરી હતી, સર્વેએ વીશ વર્ષ દેશવિરતિ પાળી હતી, સર્વેએ છેવટે એક માસનું અનશન કર્યું હતું અને સર્વે સૌધર્મ દેવલોકમાં ચાર પલ્યોપમના આયુષ્યવાળા દેવપણે ઉપજ્યા છે, ત્યાંથી ચ્યવી સર્વે મહાવિદેહ ક્ષેત્રમાં મનુષ્યપણે ઉત્પન્ન થઇ સિદ્ધિપદને પામશે. ૧૯૧.

## ૧૨૭ આનંદાદિક શ્રાવકો પહેલા દેવલોકમાં ક્યા ક્યા વિમાનમાં ઉપજ્યા છે ?

**अरुणे[१] अरुणाभे[२] खलु, अरुणप्पह[३] अरुणकंत[४] सिद्धे[५] य ।**
**अरुणज्झय[६] रुपए[७], सयमवडंसे (वडिंसए)[८] एगथे[९] कीले[१०] ॥१९२॥**

૧. અરૂણ વિમાન, ૨. અરૂણાભ વિમાન, ૩. અરૂણપ્રભ વિમાન, ૪. અરૂણકાંત વિમાન, ૫. અરૂણસિદ્ધ વિમાન, ૬. અરૂણધ્વજ વિમાન, ૭. અરૂણરૂચિ વિમાન, ૮. અરૂણાવતંસક વિમાન, ૯. અથેર વિમાન અને ૧૦. કીલ વિમાન.- આ દશે વિમાનમાં અનુક્રમે આનંદાદિક દશે શ્રાવકો ઉત્પન્ન થયા છે. ૧૯૨.

## ૧૨૮ સામાયિકમાં વર્જવાના બત્રીશ દોષો પૈકી પ્રથમ કાયાને લગતા ૧૨ દોષ

**पल्हत्थी[१] अथिरासण[२], दिसिपरिवत्तिय[३] कज्ज[४]**
**वट्ठंभे[५] अइअंगवग्गणागण[६], आलस[७] करकड[८] मले९ कंडू[१०] ॥१९३॥**
**विस्सामण[११] तह उंघण[१२], इय बारस दोसवज्जियं जस्स ।**
**कायसामाइय सुद्धं, एगविहं तस्स सामइयं ॥१९४॥**

પલાંઠી વાળવી (પગ પર પગ ચડાવવા અથવા પગ બાંધીને બેસવું તે)૧, આસનની અસ્થિરતા૨, બેઠકની દિશા ફેરવવી૩, આરંભનું કાર્ય કરવું૪, ભીંત આદિકને ટેકો (ઓઠીંગણ) દેવો૫, શરીરને અત્યંત મરડવું૬, આળસ ખાવું૭, કરકડા મોળવા૮, શરીરનો મેલ ઉતારવો૯, શરીરને ખજવાળવું૧૦, શરીરને ચાંપવું-ચંપાવવું૧૧ તથા સુવું કે ઉંઘવું ૧૨ - આ બાર દોષ રહિત જેનું શુદ્ધ સામાયિક હોય તેને એક પ્રકારનું (કાયાએ કરીને) શુદ્ધ સામાયિક છે એમ જાણવું. ૧૯૩-૧૯૪.

## १२९ વચન સંબંધી १० દોષ

**कुव्वयण[1] सहस्सकारो[2], लोडण[3] अहछंदवयण[4] संखेवो[5] ।**
**कलहो[6] विग्गह[7] हासो[8], तुरियं च गमणागमणाइ[9-10] ॥१९५॥**
**वज्जियं दोसदसयं, वयणभवं जो नरो समिईओ ।**
**तं ताण वयणसुद्धं, दुविहं सामाइयं नेयं ॥१९६॥**

१. કુત્સિત-અસત્ય વચન બોલવું, ૨. સહસાત્કારે-વિના વિચારે બોલવું, ૩. ફરતું ફરતું બોલવું, ૪. સ્વચ્છંદપણે બોલવું, ૫. કોઇ ન સમજે તેવું સંક્ષેપથી બોલવું, ૬. કલહ થાય તેવું બોલવું, ૭. વિગ્રહ(યુદ્ધ) થાય તેવું બોલવું, ૮. હાંસી મશ્કરીનું વચન બોલવું અથવા પોતે હસવું, ૯. જલદી જવાનું કહેવું તથા ૧૦. જલદી આવવાનું કહેવું વચનથી ઉત્પન્ન થતા આ દશ દોષોને વર્જીને જે પુરૂષ સામાયિક કરે છે, તેને વચનની શુદ્ધિ હોવાથી તેનું દ્વિવિધ - કાયા અને વચન એ બે પ્રકારે શુદ્ધ સામાયિક જાણવું. ૧૯૫-૧૯૬.

## 130 મન સંબંધી १० દોષ

**अविवेओ[1] जसकित्ती[2], लाभत्थी[3] गव्व[4] भय[5] नियाणत्थी[6] ।**
**संसय[7] रोस[8] अविणीओ[9], भत्तिचुओ[10] दस य माणसिया ॥१९७॥**

૧. વિવેક રહિતપણે કરે, ૨. યશકીર્તિને માટે કરે, ૩. સાંસારિક લાભને માટે કરે, ૪. ગર્વથી કરે, ૫. ભયથી કરે, ૬. નિયાણાને અર્થે કરે, ૭. ફળના સંશયયુક્ત કરે, ૮. ક્રોધથી કરે, ૯. અવિનયથી કરે તથા ૧૦. ભક્તિ રહિત પણે કરે - આ મન સંબંધી સામાયિકના દશ દોષ છે. ૧૯૭.

**बत्तीसदोसरहियं, तणुवयमणसुद्धिसंभवं तिविहं ।**
**जस्स हवइ सामाइयं, तस्स भवे सिवसुहा लच्छी ॥१९८॥**

ઉપર કહેલા કુલ બત્રીશ દોષ રહિત શરીર, વચન અને મનની શુદ્ધિથી ઉત્પન્ન થયેલું ત્રિવિધ શુદ્ધ સામાયિક જેનું હોય, તેને મોક્ષસુખની લક્ષ્મી પ્રાપ્ત થાય છે. ૧૯૮.

સો વર્ષના ચારિત્ર પર્યાયનું દશ ક્રોડાક્રોડ પલ્યોપમ એટલે એક સાગરોપમનું ફળ કલ્પીને તે અનુસારે ૧ વર્ષ, ૧ માસ ને ૧ દિવસનો વિભાગ પાડતાં આવતું આઠ પહોરના પૌષધનું ફળ આ પ્રમાણે -

## ૧૩૧ એક પૌષધનું ફળ

**सगवीस य कोडिसया, सत्तहुत्तरि कोडि लक्ख सहसा य ।**
**सत्तसया सत्तहुत्तरी, नव भागा सत्तपलियस्स ॥१९९॥**

સત્તાવીશ સો કરોડ, સીતોતેર કરોડ, સીતોતેર લાખ, સીતોતેર હજાર, સાત સો સીતોતેર પલ્યોપમ અને એક પલ્યોપમના નવીયા સાત ભાગ એટલે કે ૨૭૭૭ ૭૭ ૭૭ ૭૭૭ ૭/૯ પલ્યોપમ, એટલે દેવનું આયુષ્ય એક વખત આઠ પહોરનો પૌષધ કરનાર બાંધે છે. ૧૯૯

આ ફળ સામાયિકના ફળ કરતાં ૩૦ ગણું છે અને એક માસના ચારિત્રના ફળ કરતાં ત્રીશમે ભાગે છે. બાર માસના ચારિત્રનું મધ્યમ ફળ દશ લાખ ક્રોડ પલ્યોપમનું ધારીને તેના બારમા ભાગે માસિક ફળ ને તેને ત્રીશમે ભાગે આઠ પહોરના પોસહનું ફળ, તેને ત્રીશમે ભાગે સામાયિકનું ફળ તે આ પ્રમાણે :-

## ૧૩૨ એક સામાયિકનું ફળ

**बाणवई कोडीओ, लक्खा गुणसट्ठि सहस पणवीसा ।**
**नव सय पणवीसाइं, सतिहा अड भाग पलियस्स ॥२००॥**

એક સામાયિક કરનાર બાણું કરોડ, ઓગણસાઠ લાખ, પચીશ હજાર, નવસો ને પચીશ પલ્યોપમ તથા એક પલ્યોપમના એક તૃતિયાંશે અધિક આઠ ભાગ એટલે ૯૨૫૯૨૫૯૨૫ ૮/૯ ૧/૩ પલ્યોપમનું દેવાયુ બાંધે છે. ૨૦૦. (એક પલ્યોપમના નવ ભાગ કરીએ એવા આઠ ભાગ ને એક તૃતિયાંશ એટલું વધારે સમજવું.)

## ૧૩૩ સામાયિકનું માહાત્મ્ય

**दिवसे दिवसे लक्खं, देइ सुवण्णस्स खंडियं एगो ।**
**इयरो पुण सामाइयं, करेइ न पुहप्पए तस्स ॥२०१॥**

કોઇ એક પુરૂષ હમેશાં એક લાખ ખાંડી[1] સુવર્ણનું દાન કરે અને બીજો કોઇ પુરૂષ એક સામાયિક કરે, તો તે સુવર્ણદાન કરનાર આ સામાયિક કરનારના ફળને પહોંચતો (પામતો) નથી. ૨૦૧. આ સામાયિક પૂર્વે કહેલા બત્રીશ દોષ વિનાનું ત્રિકરણ શુદ્ધિવાળું સમજવું.

**सामाइयम्मि उ कए, समणो इव सावओ हवइ जम्हा ।**
**एएण कारणेणं, बहुसो सामाइयं कुज्जा ॥२०२॥**

જે કારણ માટે શ્રાવક સામાયિક કરતાં સાધુ જેવો થાય છે, તે કારણે કરીને ઘણીવાર સામાયિક કરવું. ૨૦૨. જ્યારે જ્યારે અવસર મળે ત્યારે ત્યારે સામાયિકમાં સ્થિત થઇ જવું એ આ ઉપદેશનો સાર છે.

## ૧૩૪ અરિહંત શબ્દનો અર્થ

**इंदियविसयकसाया, परीसहो वेयणीय उवसग्गे ।**
**एए अरिणो हंता, अरिहंता तेण वुच्चंति ॥२०३॥**

પાંચ ઇંદ્રિયોના ત્રેવીશ વિષયો, ચાર કષાય, બાવીશ પરીષહો, (અસાતા) વેદનીય અને (દેવ મનુષ્યને તિર્યંચના કરેલા) ઉપસર્ગો આ સર્વ શત્રુઓને હણે છે તેથી અરિહંત કહેવાય છે. ૨૦૩.

ઇંદ્રિયોના વિષયો, કષાય પરિસહાદિ જાણીતા હોવાથી તે વિગતથી બતાવ્યા નથી.

---

૧. વીશ મણની એક ખાંડી.

## ૧૩૫ અર્હત્ શબ્દનો અર્થ

**अरहंत(ति) वंदणनमं-सणाइ अरहंति पूअसक्कारं ।**
**सिद्धिगमणं च अरहा, अरहंता तेण वुच्चंति ।।२०४।।**

સુર, અસુર અને નરેંદ્રાદિકના વંદન તથા નમસ્કારને લાયક છે, તેમના પૂજા સત્કારને લાયક છે, તથા સિદ્ધિમાં જવાને લાયક છે, તેથી અર્હત્ કહેવાય છે. ૨૦૪. આ ગાથામાંબતાવેલી યોગ્યતાઓ સિદ્ધ થયેલી છે.

## ૧૩૬ અરૂહંત શબ્દનો અર્થ

**अच्चंतं दड्ढम्मि य, बीयम्मि अंकुरो न रुहइ ।**
**दड्ढम्मि कम्मबीए, न रुहइ भवंकुरो य तहा ।।२०५।।**

જેમ ધાન્યાદિકનું બીજ અત્યંત બળી જવાથી તેમાંથી અંકુરા ઉગતા નથી, તેમ કર્મરૂપી બીજ અત્યંત બળી જવાથી ભવરૂપી અંકુરા ઉગતા નથી, તેથી અરૂહંત પણ કહેવાય છે. (આ રીતે અરિહંત, અર્હત્ ને અરૂહંત શબ્દના અર્થ જાણવા.) ૨૦૫

## ૧૩૭ અઢાર દોષરહિત અરિહંતને નમસ્કાર (અઢાર દોષના નામ સાથે)

**अन्नाण[१] कोह[२] मय[३] माण[४], लोह[५] माया[६] रइ य[७] अरइ[८] य ।**
**निद्दा[९] सोय[१०] अलियं[११], चोरिया[१२] मच्छर[१३] भयाइं[१४] ।।२०६।।**
**पाणीवह[१५] पेमकीला[१६], पसंगं[१७] हासाइ[१८] जस्स ए दोसा ।**
**अट्ठारस्स वि नट्ठा, नमामि देवाहिदेवं तं ।।२०७।।**

૧. અજ્ઞાન, ૨. ક્રોધ, ૩. મદ, ૪. માન, ૫. લોભ, ૬. માયા, ૭. રતિ, ૮. અરતિ, ૯. નિદ્રા, ૧૦. શોક, ૧૧. અલીક (મૃષા), ૧૨. ચોરી, ૧૩. મત્સર, ૧૪. ભય, ૧૫. પ્રાણીવધ, ૧૬. પ્રેમક્રીડા, ૧૭. દ્રવ્યાદિકનો પ્રસંગ અને ૧૮. હાસ્યાદિક- આ અઢારે દોષ જેના નાશ પામ્યા છે તે દેવાધિદેવને હું નમસ્કાર કરૂં છું. ૨૦૬-૨૦૭. (આમાં ૧ અજ્ઞાન, ૪ કષાય, ૨ મદ ને મત્સર, ૫ પ્રાણીવધાદિ, ૫ હાસ્યાદિ ૧ નિદ્રા મળી ૧૮ કહ્યા છે.

## ૧૩૮ અરિહંતના આઠ પ્રાતિહાર્ય

**कंकेल्ली[1] कुसुमवुट्ठी[2], दिव्वज्झुणि[3], चामरा[4]सणाइं[5] च ।**
**भामंडल[6] भेरि[7] छत्तं[8], जयंति जिणपाडिहेराइं ॥२०८॥**

કંકેલ્લી (અશોક વૃક્ષ)૧, પુષ્પવૃષ્ટિ૨, દિવ્ય ધ્વનિ૩, ચામર ૪, સિંહાસન ૫, ભામંડલ ૬, ભેરી (દેવદુંદુભિ) ૭ તથા છત્રત્રય ૮ - એ આઠ જિનેશ્વરનાં પ્રાતિહાર્ય જયવંતા વર્તે છે. ૨૦૮. (સમવસરણમાં તો આ ૮ હોય છે, પણ સમવસરણ ન થાય ત્યાં પણ આ આઠ પ્રાતિહાર્ય તો કાયમ હોય છે.

## ૧૩૯ દેવપરની શ્રદ્ધાની શ્રેષ્ઠતા

**जइ न कुणसि तवचरणं, न पढसि न गुणसि न देसि तो दाणं ।**
**ता इत्तियं न सक्कसि, जं देवो इक्क अरिहंतो ॥२०९॥**

જો કદાચ તું તપનું આચરણ (ચારિત્ર) ન કરી શકે, શાસ્ત્રાભ્યાસ ન કરી શકે, ભણેલું ગણી ન શકે (સંભારી ન શકે), દાન દઈ ન શકે, તો પણ હે જીવ! શું તારી આટલી પણ શક્તિ નથી કે - 'એક અરિહંત દેવ જ સત્ય છે' આટલી દેવપરની દૃઢ શ્રદ્ધા રાખી શકે ? જો આટલી શ્રદ્ધા હોય તો પણ તે આત્માને હિતકારક છે. (તારનાર થાય છે.) ૨૦૯.

## ૧૪૦ જિનેશ્વરની આજ્ઞા ન પાળવાથી થતું ફળ

**जइ नरवईण आणं, अइक्कमंता पमायदोसेणं ।**
**पावंति बंध वह रोह - छिज्ज मरणावसाणाइं[1] ॥२१०॥**
**तह जिणवराण आणं, अइक्कमंता पमायदोसेणं ।**
**पावंति दुग्गइपहे, विणिवाय सहस्सकोडीओ ॥२११॥**

જેમ કોઇ મનુષ્ય પ્રમાદના દોષથી રાજાની આજ્ઞાનું ઉલ્લંઘન કરે તો તે બંધ, પ્રહારાદિ વડે વધ, નિરોધ, છેદ અને મરણ પર્યંતના દુઃખને પામે છે, તેમ જે કોઇ પ્રાણી પ્રમાદના દોષથી જિનેશ્વરની આજ્ઞાનું ઉલ્લંઘન કરે છે તે દુર્ગતિના માર્ગમાં હજારો કરોડો દુઃખોને પામે છે . (દુર્ગતિમાં જઇને પારાવાર દુઃખો સહન કરે છે.) ૨૧૦-૨૧૧.

**जिणाणाए कुणंताणं, नूणं निव्वाणकारणं ।**
**सुंदरं पि सु (स) बुद्धीणं (ए), सव्वं भवनिबंधणं ॥२१२॥**

જિનેશ્વરની આજ્ઞાએ - આજ્ઞા પ્રમાણે કરનારનું સર્વ અનુષ્ઠાન મોક્ષનું કારણ થાય છે અને જિનેશ્વરની આજ્ઞા વિના પોતાની બુદ્ધિથી તપસ્યાદિક સુંદર અનુષ્ઠાન કરે તો પણ તે સર્વ સંસારનું કારણ થાય છે . ૨૧૨

**आणाखंडणकारी, जइवि तिकालं महाविभूईसु (ए) ।**
**पूइए (एई) वीयरायं, सव्वं पि निरत्थयं तस्स ॥२१३॥**

જિનેશ્વરની આજ્ઞાનું ખંડન કરનાર મનુષ્ય જો કદાચ મોટા વૈભવ વડે જિનેશ્વરની ત્રિકાળ પૂજા કરે, તો પણ તેનું તે સર્વ ધર્મકાર્ય નિરર્થક છે. ૨૧૩

---

१. मरणाइ वसणाइं - इति पाठांतरं युज्यते ।

## १४१ संघनुं लक्षण

**इक्को साहू इक्का, साहुणी सावओ व सड्ढी वा ।**
**आणाजुत्तो संघो, सेसो पुण अट्ठिसंघाओ ।।२१४।।**

એક જ સાધુ, એક જ સાધ્વી, એક જ શ્રાવક અને એક જ શ્રાવિકા - જો કદાચ જિનેશ્વરની આજ્ઞાયુક્ત હોય તો તે જ સંઘ છે, તે સિવાય બીજા ઘણા હોય તો પણ તે હાડકાંનો સંઘ-સમૂહ છે. તેને - આજ્ઞારહિતને સંઘ કહી શકાતો નથી. ૨૧૪.

## ૧૪૨ ઈરિયાવહીના મિથ્યાદુષ્કૃતના ભાંગા

**अभिहयाइहिं गुणिया, पण सहस्स छ सय तीसा य ।**
**ते रागदोसदुगुणा, इक्कारस सहस्स दोसट्ठा ।।२१५।।**
**मणवयणकायगुणिया, तित्तीस सहस्स सत्तसय असीया ।**
**कारणकरणाणुमइ, लक्ख सहस्स तिसय चाला ।।२१६।।**
**कालत्तएण गुणिया, तिलक्ख चउसहस्स वीसअहिया य ।**
**अरिहंतसिद्धसाहु-देवगुरुअप्पसक्खीहिं ।।२१७।।**
**अट्ठारस लक्खाइं, चउवीस सहस्स एक सय वीसा ।**
**हरियामिच्छादुक्कड-प्पमाणमेयं सुए भणियं ।।२१८।।**

જીવવિચાર પ્રકરણ વિગેરેમાં જીવના ૫૬૩ ભેદ કહેલા છે, તેને અભિહયા, વત્તિયા વિગેરે દશ પદ વડે ગુણીએ કેમ કે એ દશ પ્રકાર વિરાધનાના છે ત્યારે પાંચ હજાર છસો ને ત્રીશ ૫૬૩૦ ભેદ થાય છે. તેને રાગ અને દ્વેષ એ બે વડે ગુણતાં અગ્યાર હજાર બસો ને સાઠ ૧૧૨૬૦ ભાંગા થાય છે. તેને મન, વચન અને કાયા એ ત્રણ યોગે ગુણતાં તેત્રીશ હજાર સાતસો ને એંશી ૩૩૭૮૦ ભાંગા થાય છે. તેને કરવું કરાવવું અને અનુમોદવું એ ત્રણ કરણ

વડે ગુણતાં એક લાખ એક હજાર ત્રણસો ને ચાલીશ ૧૦૧૩૪૦ ભાંગા થાય છે. તેને ભૂત, વર્તમાન અને ભવિષ્ય એ ત્રણ કાળે ગુણતાં ત્રણ લાખ ચાર હજાર અને વીશ ૩૦૪૦૨૦ ભાંગા થાય છે. તેને અરિહંત, સિદ્ધ, સાધુ, દેવ, ગુરૂ અને આત્માની સાક્ષીરૂપ છ એ ગુણવાથી અઢાર લાખ ચોવીશ હજાર એકસો ને વીશ ૧૮૨૪૧૨૦ ભાંગા થાય છે. આ પ્રમાણે ઈરિયાવહીના મિચ્છામિ દુક્કડં (મિથ્યાદુષ્કૃત) ના ભાંગાનું પ્રમાણ શ્રુતમાં કહ્યું છે. ૨૧૫-૧૬-૧૭-૧૮.

## ૧૪૩ કાયોત્સર્ગના ઓગણીશ દોષ

**घोडग[१] लया[२] य खंभे[३], कुड्डेमाले[४] य सवरि[५] वहु[६] नियल[७] ।**
**लंबुत्तर[८] थण[९] उद्धी[१०], संजइ[११] अलिण[१२] वायस[१३] कविट्ठे[१४] ॥२१९॥**
**सीसे कंपिय[१५] मूइ[१६], अंगुलिभमुहाइ[१७] वारुणी[१८] पेहा[१९] ।**
**नाभिकरयलकुप्पर, ऊसारिय पारियंमि थुई ॥२२०॥**

૧. ઘોડાની જેમ પગ ઉંચો નીચો કરે તે ઘોટક દોષ, ૨. લતાની જેમ કંપે તે લતા દોષ, ૩. થાંભલાને ટેકો દે તે સ્તંભ દોષ, ૪. ભીંત કે માળને ટેકો દે તે કુડ્ય દોષ , ૫. ભીલડીને જેમ ગુહ્યસ્થાન આગળ હાથ રાખે તે શબરી દોષ, ૬. વહુની જેમ મુખ પર ઓઢે તે વધુ દોષ, ૭. બેડી પહેરેલાની જેમ બન્ને પગ ભેળા રાખે તે નિગડ દોષ, ૮. ઉત્તરિય વસ્ત્ર લાંબું રાખે તે લંબોત્તર દોષ, ૯. છાતીને ઢાંકે તે સ્તન દોષ , ૧૦. ગાડાની ઉધની જેમ પગ લાંબા રાખે તે ઉદ્ધી દોષ, ૧૧. સાધ્વીની જેમ હૃદયાદિક ઢાંકે તે સંયતી દોષ. ૧૨. દિગંબરની જેમ ઉંચા હાથ રાખે તે ખલિન દોષ ,૧૩. કાગડાની જેમ દૃષ્ટિ ફેરવ્યા કરે તે વાયસ દોષ, ૧૪. કોઠની જેમ વસ્ત્રને સંકોચીને રાખે તે કપિત્થ દોષ, ૧૫. ભૂત વળગ્યાની જેમ મસ્તક ધુણાવ્યા કરે તે શિરકંપિત દોષ,૧૬. મુંગાની જેમ ઉં ઉં કરે તે મૂક દોષ, ૧૭. હાથની આંગળીએ ગણતરી કરે તે અંગુલિભ્રમિત દોષ ૧૮. મદિરા પીનારની જેમ બડબડે તે વારૂણી દોષ તથા ૧૯. તરસ્યા વાનરની જેમ હોઠ હલાવે તે પેહા દોષ. આ ઓગણીશ દોષ રહિત કાઉસગ્ગ કરી, પારીને બે હાથ જોડી નાભિ પર બન્ને કોણી રાખી થોઇ (સ્તુતિ) કહેવી. ૨૧૯-૨૨૦.

## ૧૪૪ ગુરૂ વંદનામાં લાગતા બત્રીશ દોષ

**अणाढियं[१] च थद्धं[२] च, पविद्धं[३] परिपिंडियं[४] ।**
**टोलगं[५] अंकुसं[६] चेव, तहा कच्छभरिंगियं[७] ॥२२१॥**
**मच्छुव्वतं च[८] मणसा, पुट्ठं[९] तह वेइयाबंधं[१०] ।**
**भयसा[११] चेव भयंति[१२], मित्त[१३] गारव[१४] कारणा[१५] ॥२२२॥**
**तेणियं[१६] पडिणीयं[१७] च, रुट्ठ[१८] तज्जिय[१९] मेवयं ।**
**सढं[२०] च हीलियं[२१] चेव, तहा विपलिउं[२२] चिय ॥२२३॥**
**दिट्ठादिट्ठं[२३] च तहा, सिंगं[२४] च कर[२५] मोयणं[२६] ।**
**अलिद्धमणालिद्धं[२७], ऊणं[२८] उत्तरचूलियं[२९] ॥२२४॥**
**मूयं[३०] च ढड्ढरं[३१] चेव, चुडलीयं[३२] च पच्छिमं ।**
**बत्तीसदोसपरिसुद्धं, किइकम्मं पउंजई ॥२२५॥**

૧. અનાદરથી વાંદે, ૨. સ્તબ્ધપણે વાંદે, ૩. ઉતાવળથી વાંદે, ૪. વાંદણાના સ્પષ્ટ અક્ષર ન બોલે, ૫. તીડની જેમ કુદી કુદીને વાંદે, ૬. અંકુશની જેમ ઓઘો રાખીને વાંદે, ૭. કાચબાની જેમ વાંદે, ૮. મત્સ્યની જેમ એકને વાંદી શીઘ્ર બીજાને વાંદે, ૯. મનમાં ગુરૂની હીનતા ચિંતવતો વાંદે, ૧૦. ઢીંચણ ઉપર હાથ રાખીને વાંદે, ૧૧.ભયથી વાંદે, ૧૨. મને ભજશે એમ ધારી વાંદે, ૧૩. ગુરૂને મિત્ર ધારી વાંદે, ૧૪. પોતાના ગૌરવની ઈચ્છાથી વાંદે, ૧૫. (માત્ર ગુરૂબુદ્ધિથી નહીં પણ) ભણવા આદિને કારણે વાંદે, ૧૬. ચોરની જેમ છાનો વાંદો , ૧૭. પ્રત્યનીક (શત્રુ) ધારીને વાંદે, ૧૮. ક્રોધથી વાંદે, ૧૯. તર્જના કરતો વાંદે, ૨૦. શઠતાએ કરીને વાંદે, ૨૧. હીલના કરતો વાંદે, ૨૨. અર્ધ વાંદી વચ્ચે વિકથા, ૨૩. અંધારે દીઠા ન દીઠા વાંદે, ૨૪. સિંગની જેમ એક તરફ વાંદે (મસ્તકની બાજુ હાથ લગાડે), ૨૫. કર (વેઠ) જાણીને વાંદે, ૨૬. વાંધ્યા વિના છૂટાશે નહીં એમ ધારીને વાંદે, ૨૭. ઓઘા

ઉપર અને મસ્તકે હાથ લાગે નહીં - એવી રીતે વાંદે, ૨૮. ઓછા અક્ષર બોલીને વાંદે , ૨૯. ઉત્તરચૂળિા કરતો - વધારે બોલતો વાંદે, ૩૦. મુંગો મુંગો વાંદે, ૩૧. અતિ મોટા શબ્દે વાંદે તથા ૩૨. અયોગ્ય રીતે વાંદે - એ છેલ્લો દોષ છે. આ બત્રીશ દોષનો ત્યાગ કરી શુદ્ધપણે કૃતિકર્મ (વાંદવાની ક્રિયા) કરવી જોઇએ. ૨૨૧-૨૨૫. (આ દોષોમાં કેટલાક ખાસ દ્વાદશાવર્ત વંદનને લગતા છે તે જુદા સમજી લેવા.)

## ૧૪૫ વાંદણાના પચીશ આવશ્યક

**दोवणय अहाजायं, कीकम्मं तहय बारसावत्तं ।**
**चउसिरि तिगुत्तं, दुप्पवेसं एगनिक्खमणं ।।२२६।।**

બે વાંદણામાં મળીને બે વાર નમવું ૨, યથાજાત એટલે માત્ર ચોળપટ્ટોને રજોહરણ રાખીને વાંદવા. ૩ બાર આવર્ત્ત જાળવવા (બરાબર કરવા) ૧૫, ગુરૂના ચરણ પાસે ચાર વાર મસ્તક નમાવવું ૧૯, ત્રણ ગુપ્તિ જાળવવી ૨૨, બેવાર અવગ્રહમાં પ્રવેશ કરવો ૨૪, તથા એકવાર અવગ્રહમાંથી નીકળવું ૨૫, આ પ્રમાણે બે વાંદણામાં મળીને દ્વાદશાવર્તવંદનમાં) ૨૫ આવશ્યક જાળવવાના છે. ૨૨૬.

## ૧૪૬ ગુરૂને શિષ્ય કે શ્રાવક દ્વાદશાવર્તવંદને વાંદે ત્યારે ગુરૂએ કહેવાના છ વચન.

**छंदेण अणुजाणामि, तहत्ति तुब्भंपि वट्टए एवं ।**
**अहमवि खामेमि तुमं, वयणाइं वंदणरिहस्स ।।२२७।।**

'ઇચ્છામિ' એવું શિષ્ય કે શ્રાવક કહે, ત્યાં ગુરૂ 'છંદેણ' કહે, શિષ્ય 'અણુજાણહ' કહે ત્યારે ગુરૂ 'અણુજાણામિ' કહે, શિષ્ય 'દિવસો વઇક્કંતો' કહે ત્યારે ગુરૂ 'તહત્તિ' કહે, શિષ્ય 'જત્તા ભે' કહે ત્યારે ગુરૂ 'તુબ્ભંપિ વટ્ટએ' કહે, શિષ્ય 'જવણિજ્જં ચભે' કહે ત્યારે ગુરૂ 'એવં' કહે, શિષ્ય 'ખામેમિ ખમાસમણો' કહે ત્યારે ગુરૂ 'અહમવિ ખામેમિ તુમં' કહે - આ પ્રમાણે વંદનાને લાયક એવા ગુરૂના (છ) પ્રતિવચન હોય છે. ૨૨૭

## ૧૪૭ ગુરૂની તેત્રીશ આશાતના

पुरओपक्खासन्ने, गंताचिट्ठणनिसी [१ थी ९] अणायमणे[१०] ।
आलोअण[११] पडिसुणणे[१२], पुव्वालवणे[१३] य आलोए[१४] ।।२२८।।
तह उवदंस[१५] निमंतण[१६], [१७]खद्धाययणे [१८] तहा य पडिसुणणे[१९] ।
खद्धति[२०] अ तत्थगए[२१], किं[२२] तुम[२३] तज्जाय[२४] नोसुमणे[२५] ।।२२९।।
नो सरसि[२६] कहंछित्ता [२७], परिसिंभित्ता[२८] अणुट्ठियायकहै[२९] ।
संथारपायघट्टण[३०], चिट्ठु[३१]च्च[३२]समासणे[३३]यावि ।।२३०।।

૧-૩) ગુરૂની આગળ, પડખે અને સમીપે ચાલે, ૪-૫-૬) ઉભો રહે(૭-૮-૯), બેસે, ૧૦. બહારથી આવી ગુરૂની પહેલાં આચમન લે, ૧૧. ગુરૂની પહેલાં આલોવે, ૧૨. રાત્રે ગુરૂનુ વચન સાંભળ્યા છતાં ન સાંભળ્યું કરે - જવાબ ન આપે, ૧૩. ગુરૂની પાસે આવેલ શ્રાવકોને પહેલાં પોતે બોલાવે, ૧૪. ગોચરી પોતાની મેળે અથવા બીજા પાસે આલોવે ,૧૫. ગુરૂને આહાર દેખાડે નહીં અને બીજાને દેખાડે, ૧૬. ગુરૂની આજ્ઞા લીધા નિમંત્રણ કર્યા વિના બીજાને નિમંત્રણ કરે, ૧૭. ગુરૂને પૂછ્યા વિના સ્નિગ્ધ પદાર્થ બીજાને આપે, ૧૮. ગુરૂને સારી વસ્તુ ન આપે - પોતે ખાય, ૧૯. ગુરૂનું વચન સાંભળે નહીં, ૨૦. ગુરૂને કર્કશ વચન કહે, ૨૧. ગુરૂ બોલાવે ત્યારે આસનપર બેઠો બેઠો જ - ત્યાં ગયા શિવાય જવાબ આપે, ૨૨. ગુરૂ બોલાવે ત્યારે 'શું છે ?' એમ તર્જના કરતો બોલે ,૨૩. ગુરૂને તું એવો શબ્દ કહે (તુંકારો કરે), ૨૪. ગુરૂનું વચન ઉથાપે (માને નહીં.), ૨૫. ગુરૂનું બહુમાન થતું દેખી સારા મનવાળો (રાજી) ન થાય, ૨૬. ગુરૂનું વચન અસત્ય કરવા માટે 'તમને સાંભરતું નથી, આ અર્થ આવો છે ' એમ કહે, ૨૭. ગુરૂની કથાનો છેદ કરે (વ્યાખ્યાનમાં વચ્ચે પોતાનું ડહાપણ કરે.), ૨૮. ગુરૂની પર્ષદાનો ભેદ કરે, ૨૯. ગુરૂ કહી રહ્યા પછી પોતે પાછો વિસ્તારથી કહે, ૩૦. ગુરૂના સંથારાને પગ વડે સંઘટ્ટ-સ્પર્શ કરે, ૩૧. ગુરૂના આસન પર બેસે, ૩૨. ગુરૂથી ઉંચે આસને બેસે, ૩૩. ગુરૂની સરખા આસને બેસે, આ પ્રમાણે ગુરૂની તેત્રીશ આશાતના તજવા યોગ્ય છે. ૨૨૮-૨૨૯-૨૩૦.

## ૧૪૮ ગુરૂ વંદનાનું ફળ

**तित्थरयत्तं सम्मत्तं, खाइयं सत्तमीय तइयाए ।**
**आऊ वंदणएणं, बद्धं च दसारसीहेणं ।।२३१।।**

દશાર કુળમાં સિંહ સમાન એવા કૃષ્ણ વાસુદેવે ગુરૂવંદન કરવાથી તીર્થંકર નામકર્મ બાંધ્યું, ક્ષાયિક સમકિત ઉપાર્જન કર્યું, અને સાતમી નરકે જવાનું હતું તેને બદલે ત્રીજી નરકનું આયુષ્ય બાંધ્યું. ૨૩૧. (અહીં આયુષ્ય બાંધ્યું ન સમજવું. ગતિમાં ભેદ કરી સાતમીની ત્રીજી કરી એમ સમજવું. કેમકે આયુ બાંધ્યા પછી ફરતું નથી.)

**गुरुवंदणेण जीवो, तमपडलं फडुइ नीयगुत्तं च ।**
**अप्पडिहयसोहग्गं, पावइ सिरिवासुदेवु व्व ।।२३२।।**

ગુરૂવંદન વડે જીવ શ્રી વાસુદેવની જેમ અજ્ઞાનરૂપી અંધકારના સમૂહનો નાશ કરે છે, નીચ ગોત્રનો નાશ કરે છે અને અપ્રતિહત સૌભાગ્ય પામે છે. ૨૩૨. (અહીં પણ વાસુદેવ તે કૃષ્ણ જ સમજવા.)

## ૧૪૯ પ્રત્યાખ્યાનના આગારો

**दो चेव नमुक्कारि, आगारा छच्च हुंति पोरिसिए ।**
**पंचेव अब्भत्तट्ठे, एगासणंमि अट्ठेव ।।२३३।।**

નવકારશીના પચ્ચખ્ખાણમાં બે જ આગાર, પોરસીના પચ્ચખ્ખાણમાં છ આગાર, ઉપવાસના પચ્ચખ્ખાણમાં પાંચ અને એકાશનના પચ્ચખ્ખાણમાં આઠ આગાર કહેલા છે. ૨૩૩.

**सव्वागारे वुच्छं, आगार सत्त हुंति पुरिमड्ढे ।**
**छच्चेव य उदगम्मि, एगट्ठाणम्मि सत्तेव ।।२३४।।**

સર્વ આગારોને કહું છું. પુરિમાર્ધના સાત આગાર, પાણીના છ આગાર અને એકલઠાણાના સાત આગાર કહ્યા છે. ૨૩૪.

**सोलस य काउस्सग्गे, छच्चेव य दंसणम्मि आगारा ।**
**एगो य चोलपट्टे - भिगइए हुंति चत्तारि ॥२३५॥**

કાયોત્સર્ગના સોળ આગાર, સમકિતના છ આગાર, ચોલપટ્ટનો એક આગાર અને અભિગ્રહના ચાર આગાર કહેલા છે. ૨૩૫.

**सोलसुस्सग्गे छ सम्मे, पुरिमड्ढस्स सगभिगइए पंच ।**
**परमट्ठे पंच अब्भत्तट्ठे, पण इअ आगारा चउचत्ता ॥२३६॥**

કાયોત્સર્ગના સોળ આગાર, સમકિતના છ આગાર, પુરિમડ્ઢના સાત આગાર, અભિગ્રહના પાંચ આગાર (ચોળપટ્ટનો એક અને અભિગ્રહના ચાર મળીને પાંચ) પરમ અર્થ – અંત સમયે અણસણ તેના પાંચ તથા ઉપવાસના પાંચ આગાર – આ સર્વ મળીને ચુમાળીશ આગાર કહેલા છે.

## ૧૫૦ શ્રાવકની સવા વસો દયા

**थूला सुहुमा जीवा, संकप्पारंभओ भवे दुविहा ।**
**सावराहनिरवराहा, सावेक्खा चेव निरवेक्खा ॥२३७॥**

સ્થૂલ (ત્રસ) અને સૂક્ષ્મ (સ્થાવર) એ બે પ્રકારના જીવો છે, તેને સર્વથા નહીં હણનારા સાધુને પરિપૂર્ણ વીશ વસા દયા હોય છે. શ્રાવક સ્થૂલ એટલે બાદર (ત્રસ) જીવોને હણે નહીં અને આરંભ સમારંભ કરતાં સૂક્ષ્મ જીવોની (સ્થાવરોની બચી શકે તેટલી) જયણા કરે એટલે કે સૂક્ષ્મ (બાદર સ્થાવર) જીવોની સર્વથા અહિંસા ગૃહસ્થો પાળી શકે નહીં તેથી સાધુ કરતાં તેની દયા અર્ધી થઇ તેથી દશ વસા દયા રહી. સ્થૂલ જીવોને પણ સંકલ્પથી એટલે હું એને મારૂં એવી બુદ્ધિથી મારે નહિં, પણ આરંભ સમારંભ કરતાં મરે તેની જયણા છે, તેથી પાંચ વસા દયા રહી.

તેમાં પણ નિરપરાધીને ન મારે ને સાપરાધી માટે જયણા છે તેથી અઢી વસા દયા રહી. સાપરાધીને પણ નિરપેક્ષપણે ન હણે અને સાપેક્ષપણે જયણા છે તેથી સવા વસો દયા શ્રાવકને સંભવે છે. ૨૩૭

## ૧૫૧ શ્રાવકનું સવા વસો સત્ય

**सुहुमो य मुसावाओ, थूलो अप्पाण सयणमणुवग्गे ।**
**सयणे परय तहा, वहधम्मे परहलियं भासं ।।२३८।।**

મૃષાવાદ બે પ્રકારે છે - સૂક્ષ્મ અને સ્થૂલ. તેમાં સૂક્ષ્મની જયણા, સ્થૂલ પાંચ મોટા અસત્ય ન બોલે તેથી દશ વસા સત્ય રહ્યું. સ્થૂલ અસત્યના પણ બે ભેદ - પોતાને અર્થે અને બીજાને અર્થે. તેમાં પોતાને અર્થે સત્ય બોલવાનો ત્યાગ, બીજા માટે બોલવાની જયણા, તેથી પાંચ વસા રહ્યા. બીજાને માટે અસત્ય બોલવું પડે તેના બે ભેદ - સ્વજનને અર્થે અને પરજનને અર્થે. તેમાં સ્વજનને અર્થે જયણા, પરજનને અર્થે ત્યાગ, તેથી અઢી વસા રહ્યા. પરજનને અર્થે અસત્ય બોલવાના પણ બે ભેદ - ધર્મને અર્થે અને બીજે અર્થે. તેમાં બીજે અર્થે ત્યાગ, ધર્મને અર્થે જયણા. તેથી સવા વસો સત્ય રહ્યું. ધર્મ સિવાય અન્યને માટે અસત્ય ન બોલે. ૨૩૮

## ૧૫૨ શ્રાવકને અદત્તાદાન ત્યાગ સવા વસો.

**अदिन्नादाण सुहुमो, थूला वावार तेणवावारे ।**
**निओगहो इअ निओग, दाण चोरि अ अप्प बहु ।।२३९।।**

અદત્તાદાનના બે ભેદ - સૂક્ષ્મ અને સ્થૂલ. તેમાં સૂક્ષ્મની જયણા અને સ્થૂલનો એટલે મોટી ચોરી જેથી રાજદંડ ઉપજે તેનો ત્યાગ, એટલે દશ વસા અદત્તાદાન ત્યાગ વ્રત રહ્યું. સ્થૂલના પણ બે ભેદ. સામાન્ય વેપાર અને ચોરીનો વેપાર. તેમાં સામાન્ય વેપારમાં જયણા અને ચોરીના વ્યાપારનો ત્યાગ, એટલે પાંચ વસા વ્રત રહ્યું. સામાન્ય વ્યાપારમાં થતી ચોરીના પણ બે ભેદ. રાજનિગ્રહ થાય એવી અને રાજનિગ્રહ ન થાય એવી. તેમાં રાજનિગ્રહ ન થાય તેવી ચોરીના વ્યાપારમાં થતી ચોરીની જયણા અને રાજનિગ્રહ થાય એવી ચોરીના વ્યાપારમાં થતી ચોરીનો

ત્યાગ, એટલે અઢી વસા વ્રત રહ્યું. રાજનિગ્રહ થાય એવા વ્યાપારના અંગની ચોરીના પણ બે ભેદ. અલ્પ એટલે દાણચોરી વિગેરે અને બહુ એટલે તેથી વધારે. તેમાં દાણચોરીની જયણા અને અધિકનો ત્યાગ, એટલે શ્રાવકને અચૌર્યવ્રત સવા વસો જ હોય. ૨૩૯.

## ૧૫૩ શ્રાવકને બ્રહ્મવ્રતનો સવા વસો

**मणवयणकायमेहुण, करण सदार वज्ज परइत्थी ।**
**सयण दारा करावण, कारावण निअ य तिरियाणं ।।२४०।।**

મૈથુનના બે ભેદ – મન વચનથી અને કાયાથી. તેમાં મનવચનથી મૈથુનની જયણા અને કાયાથી મૈથુનનો ત્યાગ, તેથી દશ વસા રહ્યા. કાયાથી મૈથુન ત્યાગના બે ભેદ – સ્વસ્ત્રી આશ્રી અને પરસ્ત્રી આશ્રી. તેમાં સ્વસ્ત્રી સાથે મૈથુન સેવવાથી જયણા અને પરસ્ત્રી સાથેના મૈથુનનો ત્યાગ, તેથી પાંચ વસા વ્રતના રહ્યા. પરસ્ત્રી સાથેના મૈથુન ત્યાગના પણ બે ભેદ – પોતે કરવું અને બીજા પાસે કરાવવું. તેમાં બીજા પાસે કરાવવાની એટલે લગ્નાદિકથી બીજાને જોડી દેવાની જયણા અને પોતે કરવાનો ત્યાગ, તેથી અઢી વસા રહ્યા. બીજા પાસે મૈથુન કરાવવાના પણ બે ભેદ – સ્વજનના તિર્યંચને અર્થે અને પોતાના તિર્યંચને અર્થે. તેમાં પોતાના તિર્યંચને માટે જયણા અને સ્વજનના તિર્યંચને અર્થે ત્યાગ, તેથી શ્રાવકને બ્રહ્મવ્રત સવા વસો રહ્યું. ૨૪૦.

## ૧૫૪ શ્રાવકનું પરિગ્રહ પ્રમાણ વ્રત સવા વસો.

**अब्भिंतर बाहिरिओ, परिग्गहो अप्प पउर नायव्वो ।**
**पुत्तं बंधवया पुण, पुत्तं धुअ बंधवाईया ।।२४१।।**

પરિગ્રહના બે ભેદ – અભ્યંતર અને બાહ્ય. તેમાં અભ્યંતર પરિગ્રહની જયણા અને બાહ્ય પરિગ્રહનો ત્યાગ, તેથી દશ વસા વ્રત રહ્યું. બાહ્યના બે ભેદ – અલ્પ (પ્રમાણેપિત) પરિગ્રહ અને ઘણો (પ્રમાણ વિનાનો) પરિગ્રહ. તેમાં ઘણા (અપરિમિત) પરિગ્રહનો ત્યાગ અને અલ્પ (પરિમિત) પરિગ્રહની જયણા, તેથી પાંચ વસા વ્રત રહ્યું. પ્રમાણોપેત પરિગ્રહના પણ બે ભેદ – પોતાને અર્થે પરિગ્રહ રાખવો અને બીજાને માટે પરિગ્રહ રાખવો. તેમાં પોતાને માટે પરિગ્રહ

રાખવાની જયણા અને બીજાને માટે પરિગ્રહ રાખવાનો ત્યાગ, તેથી અઢી વસા વ્રત રહ્યું. બીજાને અર્થે પરિગ્રહ ત્યાગના પણ બે ભેદ - સ્વજનને અર્થે અને પરજનને અર્થે. તેમાં પુત્ર, પૌત્ર, બાંધવ વિગેરે સ્વજનને અર્થે પરિગ્રહ રાખવાની જયણા અને અન્યજનને અર્થે પરિગ્રહનો ત્યાગ, તેથી સવા વસો પાંચમું વ્રત શ્રાવકને હોય છે. ૨૪૧.

## ૧૫૫ ઘર દેરાસરમાં ન બેસાડવા યોગ્ય પ્રતિમા

**लिप्पे[१] य दंत[२] कट्ठे[३], लोह[४] पाहाण[५] पंच पडिमाओ ।**
**नो कुज्जा गिहपडिमा, कुलधणनासो हवइ जम्हा ।।२४२।।**

૧. લેપ્યની, ૨. દાંતની, ૩. કાષ્ઠની, ૪. લોઢાની અને ૫. પાષાણની. આ પાંચ જાતની જિનેશ્વરની પ્રતિમાઓ ઘર દેરાસરમાં સ્થાપન કરવી નહીં. કેમ કે તેમ કરવાથી કુળ અને ધનનો નાશ થાય છે. ૨૪૨.

## ૧૫૬ પાંચ પ્રકારનાં ચૈત્ય

**भत्ती[१] मंगल चेइयं[२], निस्सकडं[३] चेइयं अनिस्सकडं[४] ।**
**सासयचेइय[५] पंच, उवइट्ठं जिणवरिंदेहिं ।।२४३।।**

૧. ભક્તિચૈત્ય, ૨. મંગળચૈત્ય, ૩. નિશ્રાકૃત ચૈત્ય, ૪. અનિશ્રાકૃત ચૈત્ય અને ૫. શાશ્વત ચૈત્ય - આ પાંચ પ્રકારનાં ચૈત્યો જિનેશ્વરોએ કહ્યાં છે. ૨૪૩

## પાંચે પ્રકારનાં ચૈત્યોનાં લક્ષણ

**गिहजिण पडिमा भत्ती - चेइयं[१] तह उत्तरंगघडियम्मि ।**
**जिणबिंबमिय मंगल - चेइयं[२] समणया बिंति ।।२४४।।**
**निस्सकडं गच्छस्स य, संजायं[३] तदियरं अनिस्सकडं४ ।**
**सिद्धायणं च सासय - चेइयं[५] पंचविहं एसं ।।२४५।।**

૧. ઘર દેરાસરમાં સ્થાપેલી જિનેશ્વરની પ્રતિમાને ભક્તિચૈત્ય કહેવાય છે તથા ૨. બારસાખના ઉત્તરંગમાં કોતરીને કરેલું જિનેશ્વરનું બિંબ તે મંગળચૈત્ય કહેવાય છે, એમ ગણધરાદિક શ્રમણો કહે છે. ૩. કોઇ પણ ગચ્છની નિશ્રાએ જે થયેલું હોય તે નિશ્રાકૃત કહેવાય છે,૪. તેનાથી અન્ય એટલે અમુક ગચ્છની નિશ્રાનું જે ન હોય - સર્વ સામાન્ય હોય તે અનિશ્રાકૃત કહેવાય છે, તથા ૫. સિદ્ધાયતન એ શાશ્વત ચૈત્ય કહેવાય છે. આ પ્રમાણે પાંચ પ્રકારનાં ચૈત્યો કહેલા છે. ૨૪૪-૨૪૫. (પ્રથમ બે માં ચૈત્ય શબ્દ પ્રતિમાવાચક જાણવો ને પાછલા ૩ માં જિન મંદિર વાચક જાણવો.)

## ૧૫૭ જિનેશ્વરનો નામાદિક ચાર પ્રકારનો નિક્ષેપ

**नामजिणा जिणनामा[१], ठवणजिणा पुण जिणिंदपडिमाओ[२] ।**
**दव्वजिणा जिणजीवा[३], भावजिणा समवसरणत्था[४] ।।२४६।।**

૧. કોઈપણ જીવાદિક પદાર્થનું નામ જિન હોય તે અથવા ચોવીશ તીર્થંકરાદિના નામ તે નામજિન કહેવાય છે, ૨. જિનેંદ્રની જે પ્રતિમા છે તે સ્થાપનાજિન છે, ૩. જિનેશ્વરના જીવ કે જે સ્વર્ગાદિકમાં (કૃષ્ણ, શ્રેણિક વિગેરે) રહેલા હોય - હવે પછી તીર્થંકર થવાના હોય તે દ્રવ્યજિન કહેવાય છે, તથા ૪. સમવસરણમાં બિરાજતા જે સાક્ષાત્ તીર્થંકરો હોય તે ભાવજિન કહેવાય છે. ૨૪૬. (અત્યારે મહાવિદેહ ક્ષેત્રમાં ૨૦ વિહરમાન વિચરે છે તેને ભાવજિન સમજવા.)

## ૧૫૮ જિનચૈત્યમાં તજવાની દશ મોટી આશાતના

**तंबोल[१] पाण[२] भोयण[३] - वाहण[४] मेहुन्न[५] सुयण[६] निठ्ठिवणं[७] ।**
**मुत्तुच्चारं[८-९] जूयं[१०], वज्जे जिणनाहगब्भारे ।।२४७।।**

૧. તંબોળ (પાન સોપારી) ખાવું, ૨. પાણી પીવું, ૩. ભોજન કરવું, ૪. ઉપાનહ-જોડા પહેરવા, ૫. મૈથુન સેવવું, ૬. સુવું, ૭. થુંકવું, ૮. મૂત્ર (લઘુનીતિ કરવી), ૯. ઉચ્ચાર (વડીનીતિ કરવી), તથા ૧૦. દ્યૂત-જુગટે રમવું - આ દશ મોટી આશાતનાઓ ખાસ જિનેશ્વરના ચૈત્યમાં વર્જવાની છે. ૨૪૭.

## ૧૫૯ સંપ્રતિ રાજાએ નવા કરાવેલા તથા જીર્ણોદ્ધાર કરાવેલા ચૈત્યોની સંખ્યા

**संपइरायविणिम्मिय - पणवीससहस्सपवरपासाया ।**
**छत्तीससहस्सजुण्णा, जिणविहारा कया जेण ।।२४८।।**

સંપ્રતિ રાજાએ પચીશ હજાર નવા ઉત્તમ પ્રાસાદો બનાવેલા હતા, તથા તેણે જીર્ણ થયેલા છત્રીશ હજાર જિનચૈત્યોનો ઉદ્ધાર કર્યો હતો. ૨૪૮. (કોઇ જગ્યાએ ૩૬૦૦૦ જીર્ણોદ્ધારને ૮૯૦૦૦ ચૈત્ય મળીને સવા લાખ જિનચૈત્યો કરાવ્યાનું કહેલું છે.)

## ૧૬૦ સંપ્રતિ રાજાએ ભરાવેલી જિનપ્રતિમાઓની સંખ્યા

**सेलमय सवाकोडी, रीरीमय तावइ जिणवराणं ।**
**इय अट्ठारस कोडी, पडिमा पणमामि भत्तीए ।।२४९।।**

સંપ્રતિ રાજાએ જિનેંદ્રોની સવા કરોડ પાષાણની પ્રતિમાઓ ભરાવી હતી, અને તેટલી જ એટલે સવા ક્રોડ પીતળ વિગેરે ધાતુઓની પ્રતિમાઓ ભરાવી હતી, તે સર્વને ભક્તિથી હું વાંદું છું. ૨૪૯. (ગાથામાં **अट्ठारस** છે તે જગ્યાએ અઢીવાચક **अड्ढाइय** શબ્દ જોઇએ.)

## ૧૬૧ ઋતુ આશ્રી લવણને સચિત્ત થવાનો કાળ

**वासासु सगदिणोवरि, पन्नरदिवसोवरिं च हेमंते ।**
**जाइ सचित्तं सो उ, गिम्हे मासोवरिं लवणं ।।२५०।।**

લવણ (મીઠું) વર્ષાઋતુમાં સાત દિવસ પછી સચિત્ત થાય છે, શીયાળામાં પંદર દિવસ પછી અને ઉનાળામાં એક માસ પછી લવણ સચિત્ત થાય છે. ૨૫૦. (આ ચુલે સેકેલા લવણ આશ્રી સમજાય છે. ભઠ્ઠીમાં પકવેલું સચિત્ત થતું નથી એમ જાણવામાં છે.)

## ૧૯૨ સચિત્તના ત્યાગીને ખપતાં ફળો

**लवणं कच्चरबीयं, उक्कालियं तह य फालियं तलियं ।**
**अन्ने सव्वे अ फला, वज्जिज्जा गाहिया सिद्धा ॥२५१॥**

લવણ દીધેલા, કાચરી કરેલા અને બીજ કાઢી નાખેલા તેમજ ઉકાળ્યાં, ફાડ્યાં અને તળ્યાં હોય તો તે સિદ્ધ થયેલા હોવાથી (સચિત્તના ત્યાગીને) ગ્રહણ કરવા લાયક છે, બીજાં સર્વ કાચાં ફળો વર્જવા લાયક છે. ૨૫૧.

## ૧૯૩. કડાહ વિગય (મીઠાઈ) વિગેરેનો કાળ

**वासासु पन्नर दिणा, सीउण्हकाले य मास दिणवीसा ।**
**सव्वा कडाहविगई, कप्पइ साहूण इय दीहा ॥२५२॥**

સર્વે કડાહ વિગય (મીઠાઇ) વર્ષાઋતુમાં પંદર દિવસ સુધી કલ્પે છે, શીયાળામાં એક માસ સુધી અને ઉનાળામાં વીશ દિવસ સુધી કલ્પે છે. સાધુને તો ઉપર પ્રમાણેના કાળની ગણત્રીએ તે દિવસની લાવેલ તે દિવસે જ કલ્પે છે. (રાખી મુકાતી નથી.) ૨૫૨.

**जुगराय बार पहरा, वीसं घिसि तक्करं कयंबो य ।**
**पच्छा निगोयजंतू, उप्पज्जइ सव्वदेसेसु ॥२५३॥**

જાગુલી રાબ બાર પહોર સુધી કલ્પે, ઘેંશ અને છાશમાં રાંધેલો કરંબો વીશ પહોર સુધી કલ્પે. ત્યાર પછી સર્વ દેશોમાં તેને વિષે નિગોદજીવો એટલે લીલફુલી વિગેરે ઉત્પન્ન થાય છે. ૨૫૩. (આમાં લખેલ ઘેંશ ને કરંબો બીજે દિવસે વાપરવાની પ્રવૃત્તિ યોગ્ય જણાતી નથી.)

**पुआ मुंगडि लप्पसी, करंब रब्बाइ सिद्धअन्नमज्झम्मि ।**
**अट्ठपहराण उवरिं, सुहुमा जीवा सुए भणिया ॥२५४॥**

પુડલા, મુંગડી, લાપશી, કરંબો, રાબ અને રાંધેલું અન્ન, એ સર્વને વિષે આઠ પહોર વીત્યા પછી સૂક્ષ્મ જીવો (લીલફુલી વિગેરેના) ઉત્પન્ન થાય છે, એમ શ્રુતમાં કહ્યું છે. (પ્રવચન સારોદ્ધારમાં ચાર પહોરનું કાળમાન કહ્યું છે.) ૨૫૪

## ૧૬૪ વિદળને દહીંમાં જીવોત્પત્તિ વિષે

**जं मुग्गमासपमुहं, विदलं कच्चम्मि गोरसे पडइ ।**
**ता तसु जीवुप्पत्ती, भणंति दहिए बिदिणउवरि ।।२५५।।**

જે મગ, અડદ વિગેરે દ્વિદલ કાચા ગોરસમાં પડે તો તેમાં તત્કાળ જીવની ઉત્પત્તિ કહેલી છે, અને દહીંમાં બે દિવસ (સોળ પહોર) પછી જીવની ઉત્પત્તિ કહેલી છે. ૨૫૫.

## ૧૬૫ ગળ્યા વિનાની છાશ બાબત

**जइ अणगलियं तक्कं, पमायवसओ समायरइ सड्ढो ।**
**मज्जसमं तं पाणं, गोयम ! भणियं न संदेहो ।।२५६।।**

જો ન ગળેલી છાશ પ્રમાદના વશથી શ્રાવક વાપરે તો હે ગૌતમ ! તે છાશનું પાન મદિરા સમાન કહ્યું છે, તેમાં સંદેહ નથી. ૨૫૬. (ઉપવાસના તિવિહાર પચ્ચક્ખાણમાં અચિત્ત જળને બદલે વાપરવાનું જે કહે છે તેના સંબંધમાં આ વાત સમજાય છે.)

## ૧૬૬ અચિત્ત જળ વિચાર. (ઉકાળેલા અચિત્ત જળનો કાળ)

**वासासु तिन्नि पहरा, तह चउरो हुंति सीयकालम्मि ।**
**पंच य गिम्हे काले, फासुअनीरस्स परिमाणं ।।२५७।।**

પ્રાસુક (અચિત્ત) કરેલા જળના કાળનું પ્રમાણ વર્ષાઋતુમાં ત્રણ પહોરનું છે, તથા શીયાળામાં ચાર પહોરનું છે, અને ઉનાળામાં પાંચ પહોરનું કાળમાન છે. ૨૫૭. (એટલા કાળ વ્યતીત થઈ ગયા પછી તે પાછું સચિત્ત થઈ જાય છે.)

**ठाणाइ परिसुद्धं, होइ सचित्तं मुहुत्तमज्झंमि ।**
**पच्छा तिमुहुत्तं जलं, फासुय भणियं जिणिंदेहिं ।।२५८।।**

ત્રિફળા, રાખ વિગેરે પ્રયોગથી અચિત્ત કરેલું જળ પ્રથમ એક અંતર્મુહૂર્ત સુધી સચિત્ત રહે છે, ત્યાર પછી ત્રણ મુહૂર્ત સુધી તે જળ પ્રાસુક (અચિત્ત) રહે છે અને ત્યારપછી પાછું સચિત્ત થઇ જાય છે. એમ જિનેન્દ્રોએ કહ્યું છે. ૨૫૮

## ૧૯૭ એકવીશ પ્રકારે થતું પ્રાસુક જળ

**उस्सेइम[1] संसेइम[2], तंदुल[3] तिल[4] तुस[5] जवोदगा[6] यामं[7] ।**
**सोवीर[8] सुद्धवियडं[9], अंबय[10] अंबाय[11] कविट्ठं[12] ।।२५९।।**
**माउलिंग[13] दक्ख[14] दाडिम[15], खज्जुर[16] नालेर[17] कयर[18] बोरजलं १९ ।**
**आमलगं २० चंचाए २१, पाणिय पढमंग भणियाइं ।।२६०।।**

૧. લોટ મસળવા માટે લીધેલું પાણી, ૨. તીલ ધોયાનું પાણી, ૩. ચોખા ધોયાનું પાણી, ૪. તલના કોઇ પ્રકાર વડે અચિત્ત કરેલું પાણી, ૫. ફોતરા (કુકસા) ધોયાનું પાણી, ૬. જવ ધોયાનું પાણી, ૭. કાંજી (છાશ)નું પાણી, ૮. સુરમાનું પાણી, ૯. શુદ્ધ ઉકાળેલું પાણી, ૧૦. આમ્ર (કેરીના છોતરાં) ધોયાનું પાણી, ૧૧. આંબલીના છોતરાં ધોયાનું પાણી, ૧૨. કોઠાનું પાણી, ૧૩. બીજોરાનું પાણી, ૧૪. દ્રાક્ષનું પાણી, ૧૫. દાડમનું પાણી, ૧૬. ખજુરનું પાણી, ૧૭. નાળિયેરનું પાણી, ૧૮. કેર ધોયાનું પાણી, ૧૯. બોર ધોયાનું પાણી, ૨૦. આમળા ધોયેલું પાણી અને ૨૧. ચંચા (વસ્તુવિશેષ)નું પાણી - આ એકવીશ પ્રકારના પ્રાસુક પાણી પહેલા આચારાંગ સૂત્રમાં કહ્યા છે. ૨૫૯-૨૬૦ (આ શબ્દાર્થમાં પણ ફેરફાર જણાય છે તેમજ કઇ જાતનું પાણી ક્યાં સુધી સચિત્ત રહે ને ક્યારે અચિત્ત થાય તે પણ સમજવાનું છે તે સમજ્યા પછી તેનો ઉપયોગ કરવો યોગ્ય છે.)

## ૧૬૮ ઉકાળેલા પાણીનો કાળ

उण्होदगं तिदंडु - क्कालिय वासासु तिपहरमचित्तं ।
चउ सिसिरे पण गिम्हे, तेण परं होइ सचित्तं ॥२६१॥

ત્રણ ઉભરાએ ઉકાળેલું ઉષ્ણ જળ વર્ષાઋતુમાં ત્રણ પ્રહર સુધી અચિત્ત રહે છે, શિયાળામાં ચાર પ્રહર સુધી અચિત્ત રહે છે અને ઉનાળામાં પાંચ પ્રહર સુધી અચિત્ત રહે છે. ત્યારપછી સચિત્ત થઇ જાય છે. ૨૬૧ (આ મતલબની જ ગાથા ઉપર ૨૫૭મી કહેલી છે તેથી આ અન્યકૃત જણાય છે.

## ૧૬૯ વગર ચાળેલા લોટને અચિત્ત થવાનો કાળ

पण दिण मीसो लुट्टो, अचालिओ सावणे अ भद्दवए ।
चउ आसो कत्तीए, मगसिर पोसंमि तिन्निदिणा ॥२६२॥
पण पहर माह फग्गुणि, पहरा चत्तारि चित्त वीसाहे ।
जिट्ठासाढे तिपहर, तेण परं होइ अचित्तो ॥२६३॥

ચાળ્યા વિનાનો આટો શ્રાવણ અને ભાદ્રપદ માસમાં પાંચ દિવસ સુધી મિશ્ર રહે છે, આશ્વિન અને કાર્તિક માસમાં ચાર દિવસ, માર્ગશીર્ષ અને પોષ માસમાં ત્રણ દિવસ, માઘ અને ફાલ્ગુન માસમાં પાંચ પ્રહર, ચૈત્ર અને વૈશાખ માસમાં ચાર પ્રહર તથા જ્યેષ્ઠ અને અષાઢ માસમાં ચાળ્યા વિનાનો આંટો ત્રણ પ્રહર સુધી મિશ્ર રહે છે, ત્યાર પછી તે અચિત્ત થઇ જાય છે. ૨૬૨-૨૬૩. (ચાળેલો લોટ તરતથી જ અચિત્ત ગણાય છે.)

## ૧૭૦ ઔષધ વિગેરેને અચિત્ત થવાના કારણ

सय जोयण जलमग्गे, थलमग्गे जोयणाइ सड्डवरिं ।
हरडे पिंपर मिरीया, समए अचित्त वावारो ॥२६४॥

હરડે, પીપર અને મરી એ વસ્તુઓ જળમાર્ગે સો જોજન ઉપરથી આવી હોય અને સ્થળ માર્ગે સાઠ જોજન ઉપરાંતથી આવી હોય તો સિદ્ધાંતમાં તેનો અચિત્તપણાનો વ્યાપાર કહ્યો છે. ૨૬૪.

**जोयणसय गंतूणं, अणाहारेण भंड संकंते ।**
**वायग्गीधूमेण य, सिद्धत्थ होइ लवणाइं ॥२६५॥**

એકસો યોજન દૂર જવાથી, સ્વયોગ્ય આહારના પુદ્ગલો ન મળવાથી તેમજ અન્ય કરીયાણાભેગું સંક્રાત થવાથી અને પવન, અગ્નિ (તડકો) તેમજ ધુમાડો વિગેરે લાગવાથી લવણાદિ પદાર્થો અચિત્ત થઇ જાય છે. ૨૬૫.

## ૧૭૧ ગૌતમ તથા સુધર્મા સ્વામીનો નિર્વાણ સમય

**वीरजिणे सिद्धिगए, बारसवरिसेहि गोयमो सिद्धो ।**
**तह वीराओ सोहम्मो, वीसवरिसेहि सिद्धिगओ ॥२६६॥**

શ્રી મહાવીર જિનેશ્વર મોક્ષે ગયા ત્યારપછી બાર વર્ષે ગૌતમ સ્વામી મોક્ષે ગયા, તથા મહાવીર સ્વામીના નિર્વાણથી વીશ વર્ષ ગયા ત્યારે સુધર્માસ્વામી સિદ્ધિમાં ગયા. ૨૬૬.

## ૧૭૨ જંબૂસ્વામીના નિર્વાણનો સમય, તથા તે સાથે દશ સ્થાનોનો વિરહ

**सिद्धिगए वीरजिणे, चउसट्ठिवरिसेहि जंबुणा मुत्ति ।**
**केवलणाणेण समं, वुच्छिन्ना दस इमे ठाणा ॥२६७॥**
**मण[१] परमोह[२] पुलाए[३], आहार[४] खवग[५] उवसम्मे[६]**
**कप्पे[७] संजमतिग[८] केवल[९] सिद्धि[१०] जंबुम्मि वुच्छिन्ने ॥२६८॥**

શ્રી મહાવીર જિનેશ્વર સિદ્ધિપદ પામ્યા પછી ચોસઠ વર્ષે જંબૂસ્વામીની મુક્તિ થઇ છે. તેમની સાથે કેવલજ્ઞાન સહિત આ દશ સ્થાનો વિચ્છેદ ગયા છે. ૧. મનઃપર્યવજ્ઞાન, ૨. પરમાવધિજ્ઞાન, ૩. પુલાકલબ્ધિ, ૪. આહારક શરીર, ૫. ક્ષપક શ્રેણિ, ૬. ઉપશમશ્રેણિ, ૭. જિનકલ્પ , ૮. પહેલા ત્રણ ચારિત્ર (સૂક્ષ્મસંપરાય, પરિહાર વિશુદ્ધિ અને યથાખ્યાત), ૯. કેવળજ્ઞાન અને ૧૦. મોક્ષ - આ દશ સ્થાનકો જંબૂસ્વામીની સાથે વિચ્છેદ ગયા છે. ૨૬૭-૨૬૮.

## ૧૭૩ બીજી વસ્તુઓના વિચ્છેદનો સમય

**पुव्वाणं अणुओगो, संघयण पढमयं च संठाणं ।**
**सुहुममहापाणझाणं, वुच्छिन्ना थूलभद्दम्मि ॥२६९॥**

૧. છેલ્લા ચાર પૂર્વનો અનુયોગ, ૨. પહેલું વજ્રઋષભનારાચ સંઘયણ , ૩. પહેલું સમચતુરસ્ર સંસ્થાન તથા ૪. સૂક્ષ્મ મહાપ્રાણ નામનું ધ્યાન. - આ ચાર સ્થાનો સ્થૂલીભદ્રની પછી વિચ્છેદ પામ્યા છે. ૨૬૯.

**दसपुव्वी वुच्छेओ, वयरे तह अद्धकीलसंघयणा ।**
**पंचहि वाससएहिं, चुलसी य समय अहियम्मि ॥२७०॥**

તથા વજસ્વામી પછી દશમા પૂર્વનો વિચ્છેદ થયો છે, તથા મહાવીરના નિર્વાણથી પાંચસો ને ચોરાશી વર્ષ ઝાઝરો વ્યતીત થયા ત્યારે કીલિકા સુધીના ચાર (બીજાથી પાંચમા સુધીના) સંઘયણ વિચ્છેદ ગયા છે. ૨૭૦. (બે બે સંઘયણ જુદે જુદે વખતે વિચ્છેદ થયાનું સંભવે છે. કેમ કે અહીં ગાથામાં ચોથું પાંચમું જ નીકળે છે.)

**चउपुव्वीवुच्छेओ वरिससए सित्तरम्मि अहियम्मि ।**
**भद्दबाहुंमि जाओ, वीरजिणिंदे सिवं पत्ते ॥२७१॥**

શ્રી મહાવીર જિનેંદ્ર મોક્ષ પામ્યા પછી કાંઈક અધિક એક સો ને સીત્તેર વર્ષ ગયા ત્યારે શ્રી ભદ્રબાહુ સ્વામીને સમયે (તેમની પછી) ચાર પૂર્વનો વિચ્છેદ થયો. ૨૭૧. (શ્રી સ્થૂલભદ્રને તે ચાર પૂર્વ માત્ર મૂળથી ભણાવ્યા હતા, અર્થથી નહીં.)

## ૧૭૪ ચાર કાળિકાચાર્યનો સમય વિગેરે

**सिरिवीराऊ गएसु, पणतीसहिए तिसयवरिसेसु ।**
**पढमो कालगसूरी, जाओ सामुज्जनामु त्ति ।।२७२।।**

શ્રી મહાવીર સ્વામીના નિર્વાણથી કાંઈક અધિક ત્રણસો ને પાંત્રીશ વર્ષ ગયા ત્યારે પહેલા કાલિકાચાર્ય નામના સૂરિ થયા. તેનું બીજું નામ શ્યામાચાર્ય હતું. ૨૭૨.

**चउसयतिपन्नवरिसे, कालिगगुरुणा सरस्सती गहिया ।**
**चिहुसयसत्तरिवरिसे, वीराऊ विकम्मो जाओ ।।२७३।।**

વીરના નિર્વાણથી ચારસો ને ત્રેપન વર્ષ બીજા કાલિકાચાર્ય થયા, તેમણે મ્લેચ્છ રાજાને લાવી ગર્દભિલ્લ રાજાને હણીને પોતાની ભાણેજ સરસ્વતી નામની સાધ્વીને ગ્રહણ કરી હતી. વીર નિર્વાણથી ચારસો ને સિત્તેર વર્ષે વિક્રમ રાજા થયા. ૨૭૩

**पंचेव य वरिससए, सिद्धसेणदिवायरो पयडो ।**
**सत्तसय वीस अहिए, कालिकगुरू सक्कसंथुणिओ ।।२७४।।**

વીરનિર્વાણથી પાંચસો વર્ષે સિદ્ધસેન દિવાકર સૂરિ થયા, અને કાંઈક અધિક સાતસો ને વીશ વર્ષે ત્રીજા કાલિકાચાર્ય થયા, તેમણે શકેંદ્રના પૂછવાથી નિગોદનું યથાર્થ સ્વરૂપ કહ્યું હતું તેથી શકેન્દ્રે તેમની સ્તુતિ કરી હતી. ૨૭૪.

**नवसय तेणुएहिं, समइक्कंतेहिं वद्धमाणाओ ।**
**पज्जूसणा चउत्थी, कालिगसूरीहि ता ठविया ।।२७५।।**

વર્ધમાન સ્વામીના નિર્વાણથી નવસો ને ત્રાણું વર્ષ વ્યતીત થયા ત્યારે ચોથા કાલિકસૂરિએ પાંચમને બદલે ચોથને દિવસે પર્યુષણા (સંવચ્છરી) સ્થાપન કરી. ૨૭૫.

**जीयं काऊण पुण, तुरमणि दत्तस्स कालियज्जेणं ।**
**अवि य सरीरं चत्तं, न य भणियमहम्मसंजुत्तं ।।२७६।।**

ભાણેજને બોધ કરવો તે જીત-આચાર છે એમ જાણીને તુરમણી નામની નગરીમાં પોતાના ભાણેજ દત્ત નામના રાજા પાસે કાલિકાચાર્ય ગયા. તેમણે પોતાના શરીરનો ત્યાગ કર્યો એટલે દરકાર ન કરી, પરંતુ અધર્મયુક્ત અસત્ય વચન બોલ્યા જ નહીં. એટલે કે દત્ત રાજાએ પ્રાણાંત સુધીનો ભય બતાવ્યા છતાં યજ્ઞનું ફળ પૂછ્યું ત્યારે ગુરૂએ યજ્ઞનું ફળ નરક જ કહ્યું. તેથી દત્ત રાજા અતિ કોપ પામ્યો, પરંતુ તે ગુરૂને કાંઇ પણ કરી શક્યો નહીં, ઉલટો પોતે મરીને નરકે ગયો. ૨૭૬.

## ૧૭૫ આગમને પુસ્તકારૂઢ કાર્યનો સમય

**वल्लहिपुरम्मि नयरे, देवड्ढीपमुहेण समणसंघेण ।**
**पुत्थे आगम लिहिओ, नवसय असीइ तदा वीरो ।।२७७।।**

વીર નિર્વાણથી નવસો ને એંશી વર્ષે વલ્લભીપુર નગરમાં દેવર્દ્ધિ ગણિ ક્ષમાશ્રમણ વિગેરે શ્રમણસંઘે આગમને પુસ્તકમાં લખાવ્યા. ૨૭૭.

## ૧૭૬ દિગંબરની ઉત્પત્તિનો સમય

**रहवीरपुरनयरे, तह सिद्धिगयस्स वीरनाहस्स ।**
**छसयनवउत्तरीए, खमणा पाखंडिया जाया ।।२७८।।**

શ્રી વીરનાથ સિદ્ધિમાં ગયા પછી છસો ને નવ વર્ષે રથ-વીરપુર નામના નગરમાં પાંખંડી શ્રમણ (દિગંબર) થયા. ૨૭૮.

## ૧૭૭ બીજીવાર આગમનું પુસ્તકારૂઢપણું

**दुब्भिक्खम्मि पणट्ठे, पुणरवि मेलित्तु समणसंघाओ ।**
**महुराए अणुओगो, पव्वत्तई खंदिलो सूरी ।।२७९।।**

બાર વર્ષનો દુકાળ પૂર્ણ થયો ત્યારે સ્કંદિલાચાર્ય નામના સૂરિએ ફરીથી મથુરાનગરીમાં સકળ શ્રમણસંઘ એકઠો કરી આગમનો અનુયોગ (વ્યાખ્યા) પ્રવર્તાવ્યો. (આગમો પુસ્તકારૂઢ કર્યા) આનું નામ માથુરી વાચના કહેવાય છે. ૨૭૯.

## ૧૭૮ પૂર્ણિમા તથા અમાવાસ્યા બદલ ચૌદશની પાખી કરવાનો સમય

**बारसवाससएसु, पुण्णिमदिवसाउ पक्खियं जेण ।**
**चउदसी पढमं पव्वं, पकप्पियं साहिसूरीहिं ।।२८०।।**

વીર નિર્વાણથી બારસો વર્ષે સ્વાતિસૂરિએ પૂર્ણિમાના દિવસને બદલે ચૌદશની પાખીનું પર્વ પ્રથમ પ્રવર્તાવ્યું. ૨૮૦.

## ૧૭૯ શ્રાવકને માટે મુખવસ્ત્રિકા અને ચરવલાની સ્થાપના

**सावयजण मुहपत्ती, चवलो तह वि संघसंजुत्तो ।**
**हरिभद्दसूरिगुरुणो, दसपरनयरम्मि ठावेइ ।।२८१।।**

હરિભદ્રસૂરિ ગુરૂ એ દશપુર નામના નગરમાં સર્વ સંઘ એકઠો કરી શ્રાવકજનોને માટે મુખવસ્ત્રિકા અને ચરવલાને સ્થાપન કર્યા. ૨૮૧.

**पणपण्णबारससए, हरिभद्दो सूरि आसि पुव्वकए ।**
**तेरसय वीस अहिए, वरिसेहिं बप्पभट्टपहू ।।२८२।।**

વીર નિર્વાણથી બારસો ને પંચાવન વર્ષે હરિભદ્રસૂરિ પ્રથમ ગ્રંથકાર થયા અને કાંઇક અધિક તેરસો ને વીશ વર્ષે બપ્પભટ્ટસૂરિ થયા. ૨૮૨.

## ૧૮૦ અષ્ટમી તથા પક્ખી તિથિનો નિર્ણય

**छट्ठीसहिया न अट्ठमी, तेरसिसहियं न पक्खियं होइ ।**
**पडिवेसहियं न कयावि, इय भणियं जिणवरिंदेहिं ॥२८३॥**

છઠ સહિત આઠમ લેવી નહીં, અને તેરસ સહિત પાખી લેવી નહીં. તેમાં પણ પડવા સહિત પાખી તો કદાપિ લેવી નહીં. એમ જિનેંદ્રોએ કહ્યું છે. ૨૮૩

**पण्णरसम्मि य दिवसे, कायव्वा पक्खियं तु पाएण ।**
**चउद्दसिसहियं कइया वि, न हु तेरसि सोलमे दिवसे ॥२८४॥**

પ્રાયે કરીને પંદરમે દિવસે પાખી કરવાની છે, કોઇક વાર ચૌદશ સહિત પાખી કરવી, પણ તેરસ સહિત ન કરવી તેમજ સોળમે દિવસે (એટલે પડવા સહિત) ન કરવી. ૨૮૪.

**अट्ठमितिहीए सयलं, कायव्वा अट्ठमी य पाएण ।**
**अहवा सत्तमीअमिअं, नवमे छट्ठे न कइया वि ॥२८५॥**

પ્રાયે કરીને સઘળી આઠમની તિથિ હોય એવી આઠમ કરવી, અથવા સપ્તમી સહિત આઠમ હોય તે કરવી, પરંતુ નવમી કે ષષ્ઠી સહિત હોય તે કદી કરવી નહીં. ૨૮૫.

**पक्खस्स अद्ध अट्ठमी, मासद्धाए, पक्खियं होइ ।**
**सोलमिदिवसे पक्खी, कायव्वा न हु कइया वि ॥२८६॥**

પક્ષ (પખવાડીયા)ને અર્ધે આઠમ કરવી અને માસને અર્ધે પાખી કરવી. પરંતુ સોળમે દિવસે કદાપિ પાખી કરવી નહીં. ૨૮૬.

**पक्खिवय पडिक्कमणाओ, सट्ठिअपहरम्मि अट्ठमी होइ ।**
**तत्थेव पच्चक्खाणं, करिंति पव्वेसु जिणवयणा ।।२८७।।**

પાખીના પ્રતિક્રમણથી સાઠ પહોરે આઠમ આવે છે, તે જ પર્વમાં પ્રત્યાખ્યાન કરવું એમ જિનવચન છે. ૨૮૭.

**जइयाओ अट्ठमी लग्गा, तइयाओ हुंति पक्खसंधीसु ।**
**सट्ठि पहरम्मि नेया, करिंति तिहि पक्खिपडिक्कमणं ।।२८८।।**

જ્યારે અષ્ટમી તિથિ લાગે ત્યારે પક્ષની સંધિ હોય છે, અને ત્યારથી સાઠ પહોર વ્યતીત થાય ત્યારે પાખી પ્રતિક્રમણ કરવું જોઇએ. ૨૮૮

## ૧૮૧ સાઢપોરસી વિગેરેનું માન

**नियणतणु नवहि पएहिं, पोसे मासम्मि पोरसी सड्ढा ।**
**इक्किक्कय पयहाणी, आसाढे जाव तिन्नि पया ।।२८९।।**

પોષ માસમાં પોતાના શરીરની છાયા નવ પગલાં પ્રમાણ થાય ત્યારે સાઢપોરસી થાય છે. ત્યાર પછી એક એક માસે એક એક પગલાંની હાનિ કરતાં અષાઢ માસે ત્રણ પગલાં છાયા થાય ત્યારે સાઢપોરસી થાય છે. (ત્યારપછી શ્રાવણે ચાર, ભાદ્રપદે પાંચ, આશ્વિને છ, કાર્તિકે સાત અને માર્ગશીર્ષ માસે આઠ પગલે સાઢપોરસી થાય છે.) ૨૮૯.

**अड्ढाइ दिवसेहिं, अंगुल इक्किक्क वड्ढई हाइ ।**
**आसाढाओ पोसे, पोसाओ जाव आसाढं ।।२९०।।**

અષાઢથી પોષ માસ સુધી અઢી અઢી દિવસે એક એક આંગળ છાયાની વૃદ્ધિ કરવી, અને પોષ માસથી અષાઢ માસ સુધી અઢી અઢી દિવસે એક એક આંગળ છાયાની હાનિ કરવી ; એટલે

કે અષાઢ માસને પહેલે દિવસે ત્રણ પગલાંની છાયાએ સાઢપોરસી થાય છે, અને ત્યારપછી અઢી દિવસે ત્રણ પગલાં ઉપર એક આંગળ છાયા હોય તે વખતે સાઢપોરસી થાય છે. એ પ્રમાણે અઢી અઢી દિવસે એક એક આંગળ વધારતાં ત્રીશ દિવસે એટલે એક માસે બાર આંગળ એટલે એક પગલાં જેટલી છાયા વધે છે, તેથી શ્રાવણ માસને પહેલે દિવસે ચાર પગલાં છાયા હોય ત્યારે સાઢપોરસી થાય છે. એ પ્રમાણે વધતાં વધતાં પોષ માસને પહેલે દિવસે નવ પગલાં છાયા થાય ત્યારે સાઢ પોરસી થાય છે. ત્યાર પછી અઢી અઢી દિવસે એક એક આંગળ ઓછી કરવી, એટલે માઘ માસને પહેલે દિવસે આઠ પગલાંની છાયાએ સાઢપોરસી થશે. એ પ્રમાણે પાછી હાનિ કરતાં કરતાં અષાઢ માસના પહેલા દિવસે ત્રણ પગલાંની છાયાએ સાઢપોરસી થશે. ૨૯૦.

## ૧૮૨ પુરિમદ્ઢનું પ્રમાણ

**आसाढे समछाया, पोसे मासे हवंति छपाया ।**
**वड्ढंति हीयमाणे, पए पए होइ पुरिमड्ढो ॥२९१॥**

અષાઢ માસમાં પોતાના શરીરમાં સમાઇ ગયેલી છાયા હોય ત્યારે પુરિમઢ્ઢ થાય છે, અને પોષ માસમાં પોતાના શરીરની છાયા છ પગલાંની (ત્રણ હાથની) હોય ત્યારે પુરિમઢ્ઢ થાય છે. એ જ પ્રમાણે માસે માસે એક એક પગલાંની વૃદ્ધિ તથા હાનિ કરવી. ૨૯૧. (દર મહિને એક પગલું એટલે ૧૨ આંગળ ઘટાડવી તે આગળ બતાવે છે.)

**माघे दुहत्थि छाया, बारस अंगुलपमाण पुरिमड्ढे ।**
**मासे बारंगुलहाणी, आसाढे निट्ठिया सव्वे ॥२९२॥**

માઘ માસમાં બે હાથ અને બાર આંગલ (કુલ પાંચ પગલાં) છાયા હોય ત્યારે પુરિમઢ્ઢ થાય છે. છેવટ અષાઢ માસમાં સર્વ છાયા નિઠી જાય એટલે શરીરમાં જ સમાઇ જાય ત્યારે પુરિમઢ્ઢ થાય છે. એ રીતે માસે માસે બાર બાર આંગળની હાનિ કરવી. ૨૯૨.

## ૧૮૩ રાત્રિના કાળનું જ્ઞાન

**दस तेरस सोलसमे, वीसइमे सूरियाण णक्खत्ते ।**
**मत्थयगयम्मि रिक्खे, रयणीए जामपरिमाणं ।।२९३।।**

સૂર્ય જે નક્ષત્રમાં હોય તે નક્ષત્રથી દશમું નક્ષત્ર જ્યારે આકાશમાં મસ્તક પર (માથે) આવે ત્યારે રાત્રિનો પહેલો પ્રહર થાય, તેરમું નક્ષત્ર માથે આવે ત્યારે બીજો પ્રહર, સોળમું નક્ષત્ર માથે આવે ત્યારે ત્રીજો પ્રહર અને વીશમું નક્ષત્ર મસ્તક પર આવે ત્યારે ચોથો પ્રહર થાય. એ પ્રમાણે રાત્રિએ પ્રહરનું પરિમાણ જાણવું. ૨૯૩.

## ૧૮૪ પોરસીનું પ્રમાણ

**आसाढमासे दुपया, पोसे मासे चउप्पया ।**
**चित्तासुएसु मासेसु, तिपया हवइ पोरसी ।।२९४।।**

પોતાના શરીરની છાયા જે વખતે બે પગલાંની થાય તે વખતે અષાઢ માસમાં પોરસી થાય છે, પોષ માસમાં ચાર પગલાં છાયા હોય ત્યારે પોરસી થાય છે, અને ચૈત્ર તથા આશ્વિન માસમાં ત્રણ પગલાં છાયા હોય ત્યારે પોરસી થાય છે. ૨૯૪.

**अंगुलं सत्तरत्तेणं, पक्खेण य दुअंगुलं ।**
**वड्ढए हायए वावि, मासेणं चउरंगुलं ।।२९५।।**

આ પોરસીના પ્રમાણમાં સાત દિવસે એક આંગળની, પખવાડીએ બે આંગળની અને એક માસે ચાર આંગળની જેમ સંભવે તેમ વૃદ્ધિ કે હાનિ કરવી. ૨૯૫.

## ૧૮૫ પડિલેહણનો કાળ

**जिह्वामूले आसाढ-सावणे छहिं अंगुलेहिं पडिलेहा ।**
**अट्ठहिं बीय तियम्मि, तइए दस अट्ठहिं चउत्थे ।।२९६।।**

જેઠ, અષાઢ અને શ્રાવણ માસમાં છ આંગળ છાયા હોય ત્યારે પડિલેહણા કરવી, બીજા ત્રિકમાં એટલે ભાદ્રપદ, આશ્વિન અને કાર્તિક માસમાં આઠ આંગળ છાયા હોય ત્યારે, ત્રીજા ત્રિકમાં એટલે માર્ગશીર્ષ, પોષ અને માઘ માસમાં દશ આંગળ છાયા હોય ત્યારે અને ચોથા ત્રિકમાં એટલે ફાલ્ગુણ, ચૈત્ર અને વૈશાખ માસમાં આઠ આંગળ છાયા હોય ત્યારે પડિલેહણા કરવી. ૨૯૬.

## ૧૮૬ ક્ષય તિથિનો સંભવ

**भद्दव कत्तिय मासे, पोसे तह फग्गुणे य बोधव्वे ।**
**वइसाहे आसाढे, इमम्मि मासे तिही पडइ ।।२९७।।**

ભાદ્રપદ, કાર્તિક, પોષ, ફાલ્ગુન, વૈશાખ અને અષાઢ એ છ માસમાં જ તિથિનો ક્ષય થઇ શકે છે. એમ જાણવું (જૈન જ્યોતિષને અનુસારે તિથિની વૃદ્ધિ થતી નથી. માત્ર ક્ષય થાય છે, તે પણ આ છ માસમાં જ થઇ શકે છે.) ૨૯૭. અચલગચ્છમાં હાલ પણ તિથિની વૃદ્ધિ થતી નથી. વરસે છ તિથિનો જ ક્ષય થાય છે.

**रिउसमय हवइ नारी, नरोवभोगेण गब्भसंभूई ।**
**बारसमुहुत्तमज्झे, जाओ गब्भो उवरि नत्थि ।।२९८।।**

ઋતુ સમય આવે ત્યારે સ્ત્રીને પુરૂષના સમાગમથી ગર્ભનો સંભવ હોય છે. તેમાં પુરૂષના સંયોગ પછી બાર મુહૂર્તની અંદર ગર્ભ ઉત્પન્ન થઇ શકે છે, ત્યાર પછી ઉત્પન્ન થતો નથી. ૨૯૮.

## ૧૮૮ સ્ત્રી અને પુરુષના કામવિકારની હદ

**पणपन्नाउ परेण, जोणी पमिलाइ महिलियाणं च ।**
**पणहत्तरीय परओ, होइ अबीओ नरो पायं ।।२९९।।**

પંચાવન વર્ષની ઉંમર થયા પછી પ્રાયે સ્ત્રીઓની યોનિ મ્લાન થાય છે, એટલે કરમાઇ જાય છે. (રેતસ સહિત થાય છે, ગર્ભ ધારણ કરવા યોગ્ય રહેતી નથી.) તથા પુરૂષ પ્રાયે પંચોતેર વર્ષ પછી અબીજ (વીર્ય રહિત) થાય છે. ૨૯૯. (આ વર્ષોમાં પણ કાળે કરીને ઓછાપણું થતું આવે છે. આયુષ્ય ઘટતાં તે પણ ઘટે છે. આ પ્રમાણ સો વર્ષના આયુને અંગે જણાય છે.)

## ૧૮૯ ગર્ભાવાસનું દુઃખ

**सुइहिं अग्गिवण्णाहिं, समभिज्जइ जंतुणो ।**
**जावइयं गोयमा ! दुक्खं, गब्भे अट्ठगुणं तहा ।।३००।।**

તપાવીને અગ્નિના વર્ણ જેવી કરેલી સોયો વડે રૂંવાડે રૂંવાડે ભેદતાં જંતુને જેટલું દુઃખ થાય છે, તેના કરતાં આઠ ગણું દુઃખ ગર્ભમાં રહેલા જંતુને થાય છે. ૩૦૦. (આ દુઃખ અવ્યક્તપણે ભોગવે છે.)

## ૧૯૦ પ્રસવ વખતે થતું દુઃખ

**गब्भाओ निहरंतस्स, जोणीजंतणपीलणे ।**
**सयसाहस्सियं दुक्खं, कोडाकोडिगुणं तहा ।।३०१।।**

ગર્ભમાંથી નીકળતાં જંતુને યોનિયંત્રમાં પીડા પામવાથી (પીલવાથી) ગર્ભવાસના કરતાં લાખ ગણું અને કોડાકોડી ગણું દુઃખ થાય છે. ૩૦૧. (આ દુઃખ પણ અવાચ્ય સ્થિતિમાં ભોગવે છે.)

## ૧૯૧ કોણિક અને ચેટક રાજાના યુદ્ધમાં હણાયેલા મનુષ્યોની સંખ્યા તથા ગતિ

**कोणियचेडयरण्णो, रणम्मि छन्नुवइलक्खमणुआणं ।**
**चमरिंदेणऽभिहया, बीयदिणे लक्खचुलसीइ ।।३०२।।**
**एगो सोहम्मसुरो, बीओ मणुओ महाविदेहम्मि ।**
**दससहस्सा मच्छगई, सेसा य नरयतिरिएसु ।।३०३।।**

ચમરેંદ્રે કોણિક અને ચેટક રાજાના યુદ્ધમાં પહેલે દિવસે છન્નું લાખ મનુષ્યો હણ્યા અને બીજે દિવસે ચોરાશી લાખ મનુષ્યો હણ્યા. તેમાંથી એક મનુષ્ય સૌધર્મ દેવલોકમાં દેવ થયો, બીજો એક મહાવિદેહ ક્ષેત્રમાં મનુષ્ય થયો, દશ હજાર મનુષ્યો મત્સ્ય ગતિને પામ્યા, અને બાકીના મનુષ્યો નરક તથા તિર્યંચ ગતિને પામ્યા. ૩૦૨-૩૦૩.

## ૧૯૨ ચૌદ પૂર્વના નામ

**उप्पायपुव्व[1] मग्गाणयी[2] य, वीरियाणं[3] च अत्थिनत्थी[4] च ।**
**णाणं[5] तह सच्चं[6] पूण, आयप्पवाय[7] तहा कम्मं[8] ।।३०४।।**
**पच्चक्खाणं[9] विज्जा[10], कल्लाणं[11] पाणवाय[12] बारसमं ।**
**किरियाविसालं[13] भणियं, चउदसमं बिंदुसारं[14] च ।।३०५।।**

૧. ઉત્પાદ પૂર્વ, ૨. અગ્રાયણી પૂર્વ, ૩. વીર્યપ્રવાદ પૂર્વ, ૪. અસ્તિનાસ્તિ પૂર્વ, ૫. જ્ઞાનપ્રવાદ પૂર્વ, ૬. સત્યપ્રવાદ પૂર્વ, ૭. આત્મપ્રવાદ પૂર્વ, ૮. કર્મપ્રવાદ પૂર્વ, ૯. પ્રત્યાખ્યાનપ્રવાદ પૂર્વ, ૧૦. વિદ્યાપ્રવાદ પૂર્વ, ૧૧. કલ્યાણપ્રવાદ પૂર્વ, ૧૨. પ્રાણવાય પૂર્વ, ૧૩. ક્રિયાવિશાલ પૂર્વ તથા ૧૪. બિંદુસાર નામનું પૂર્વ આ ચૌદ પૂર્વનાં નામ જાણવા. ૩૦૪-૩૦૫.

## १९३ સિદ્ધાંતના એક પદમાં કહેલી શ્લોકની સંખ્યા

**एगवन्नकोडि लक्खा, अट्ठेव सहस्स चुलसी य ।**
**सयछक्कं नायव्वं, सड्ढाइगवीस समयम्मि ॥३०६॥**

સિદ્ધાંતમાં એકાવન કરોડ, આઠ લાખ, ચોરાશી હજાર, છસો ને સાડી એકવીશ ૫૧૦૮૮૪૬૨૧॥ શ્લોકનું એક પદ કહેલું છે. ૩૦૬

## १९४ મોક્ષગતિનો સરલ માર્ગ

**नाणेण जाणई भावे, दंसणेण य सद्दहे ।**
**आयरे य चरित्तेण, एसो सिद्धिपुरीपहो ॥३०७॥**

જ્ઞાન વડે પદાર્થોને જાણવા, દર્શન (સમકિત) વડે તેના પર શ્રદ્ધા કરવી, અને ચારિત્ર (આચરણ-ક્રિયા) વડે તેને આચરવા, એ સિદ્ધનગરીએ જવાનો સરળ માર્ગ છે. ૩૦૭.

## १९५ ગાથા (આર્યા) છંદનું લક્ષણ

**पढमो बारसमत्तो, बीओ अट्ठारमत्तसंजुत्तो ।**
**जह पढमो तह तइओ, पणरसविभसिया गाहा ॥३०८॥**

પહેલા પદમાં બાર માત્રા હોય, બીજું પદ અઢાર માત્રાનું હોય, જેવું પહેલું પદ તેવું જ ત્રીજું પદ (બાર માત્રાવાળું) હોય, તથા ચોથું પદ પન્નર માત્રાથી વિભૂષિત હોય - તે ગાથા છંદ કહેવાય છે. ૩૦૮

**सव्वाए गाहाए, सत्तावन्नं हवंति मत्ताओ ।**
**पुव्वद्धए य तीसा, सत्तावीसा य अवरद्धे ॥३०९॥**

એક આખી ગાથામાં કુલ સત્તાવન માત્રાઓ હોય છે. તેમાં ગાથાના પૂર્વાર્ધમાં (પહેલા અને બીજા પદમાં મળીને ત્રીશ માત્રા હોય છે, તથા પશ્ચાર્ધમાં (ત્રીજા અને ચોથા પદમાં મળીને) સત્તાવીશ માત્રા હોય છે. ૩૦૯.

## ૧૯૬ ઉત્તરાધ્યયન સૂત્રના છત્રીશ અધ્યયનોના નામ

**विणय [१] परीसह [२] चउरंगी [३], असंखयं [४] होइ काममरणं [५] च ।**
**खुड्डग [६] एलग [७] कपिला [८], नमी [९] य दुमपत्तयं [१०] नेयं ॥३१०॥**
**एक्कारसमं बहुसुय [११], हरिकेसी [१२] चित्तसंभयं सारं [१३] ।**
**इसुआरी [१४] चउदसमं, भिक्खू [१५] बंभं [१६] जए भणियं ॥३११॥**
**पावसमण [१७] तह संजइ [१८], मियपुत्त [१९] अणाहि [२०] समुद्दपालिय [२१] ।**
**रहनेमी [२२] बावीसं, केसीगोयम [२३] ट्ठपावयणं [२४] ॥३१२॥**
**जयघोस [२५] समायारी [२६], खलुंकियं [२७] मुक्खमग्ग [२८] सम्मत्तं [२९] ।**
**तवमग्गे [३०] चरणविही [३१], पमायज्झयण [३२] बत्तीसं ॥३१३॥**
**कम्मपयडीओ [३३] लेसा [३४], अणगार [३५] अजीवजीवविभत्ती [३६] ।**
**छत्तीस उत्तरज्झय - नामा एयस्स णं होइ ॥३१४॥**

૧. વિનય અધ્યયન, ૨. પરીષહ અધ્યયન, ૩. ચતુરંગી અધ્યયન, ૪. અસંખ્ય અધ્યયન, ૫. અકામ સકામ મરણ વિભક્તિ અધ્યયન, ૬. ક્ષુલ્લક અધ્યયન, ૭. એલક અધ્યયન, ૮. કપિલ અધ્યયન , ૯. નમિ અધ્યયન, ૧૦. દ્રુમપત્ર અધ્યયન, ૧૧. બહુશ્રુત અધ્યયન, ૧૨. હરિકેશિ અધ્યયન, ૧૩. ઉત્તમ એવું ચિત્રસંભૂતિ અધ્યયન, ૧૪. ઈષુકારી અધ્યયન, ૧૫. ભિક્ષુ અધ્યયન, ૧૬. બ્રહ્મચર્ય અધ્યયન, ૧૭. પાપશ્રમણ અધ્યયન, તથા ૧૮. સંજતિ (રાજાનું) અધ્યયન, ૧૯. મૃગાપુત્ર અધ્યયન, ૨૦. અનાથી અધ્યયન, ૨૧. સમુદ્રપાલિત અધ્યયન, ૨૨. રથનેમિ અધ્યયન, ૨૩. કેશી – ગૌતમ અધ્યયન, ૨૪. અષ્ટ પ્રવચન અધ્યયન, ૨૫. જયઘોષ અધ્યયન, ૨૬. સનમાચારી અધ્યયન, ૨૭. ખલુંકિય

અધ્યયન, ૨૮. મોક્ષમાર્ગ અધ્યયન, ૨૯. સમ્યક્ત્વ પરાક્રમ અધ્યયન, ૩૦. તપોમાર્ગ અધ્યયન, ૩૧. ચારિત્રવિધિ અધ્યયન, ૩૨. પ્રમાદસ્થાનાધ્યયન, ૩૩. કર્મપ્રકૃતિ અધ્યયન, ૩૪. લેશ્યા અધ્યયન, ૩૫. અણગાર માર્ગ અધ્યયન અને ૩૬. અજીવ જીવ વિભક્તિ અધ્યયન. આ પ્રમાણે ઉત્તરાધ્યયનનાં ૩૬ અધ્યયનોનાં છત્રીશ નામો છે. ૩૧૦-૩૧૪.

## ૧૯૭ જ્ઞાનની વૃદ્ધિ કરનારા નક્ષત્રો

**मिगसिर [१] अद्दा [२] पुस्सो [३], तिन्नि पुव्वाइं [६] मूल [७] मसलेसा [८] ।**
**हत्थो [९] चित्ता [१०] य तहा, दस वुड्ढिकराइं नाणस्स ॥३१५॥**

૧ મૃગશિર, ૨ આર્દ્રા, ૩ પુષ્ય, ૪ ત્રણે પૂર્વા-પૂર્વાફાલ્ગીની, ૫ પૂર્વાષાઢા, ૬ પૂર્વાભાદ્રપદ, ૭ મૂલ, ૮ અશ્લેષા, ૯ હસ્ત, તથા ૧૦ ચિત્રા. આ દશ નક્ષત્રો જ્ઞાનની વૃદ્ધિ કરનારાં છે. એટલે કે આ દશ નક્ષત્રોમાં જ્ઞાન ભણવાનો આરંભ કરવો સારો છે. ૩૧૫.

## ૧૯૮ પીસ્તાલીશ આગમની કુલ ગાથા સંખ્યા

**पणयालीस आगम, सव्वगंथाण हुंति छ लक्खा ।**
**एगुणसट्ठिसहस्सा, तिन्नि सया चेव तीसा य ॥३१६॥**

(હાલમાં વર્તતા) પીસ્તાલીશ આગમની સર્વ શ્લોક સંખ્યા - છ લાખ, ઓગણસાઠ હજાર, ત્રણસો ને ત્રીશ ૬૫૯૩૩૦ થાય છે. ૩૧૬

## ૧૯૯ જ્ઞાન ભણવામાં અપ્રમાદપણું રાખવું

**जइ वि दिवसेण पयं, धरेइ पक्खेण वा सिलोगद्धं ।**
**उज्जोयं मा मुंचसु, जइ इच्छसि सिक्खिउं नाणं ॥३१७॥**

જો કદાચ એક દિવસમાં એક જ પદ (શબ્દ) ધારી શકાય (ભણી શકાય) અથવા એક પખવાડીયામાં અર્ધ શ્લોક જ ભણી શકાય, તો પણ જો જ્ઞાન શીખવાની ઈચ્છા હોય તો તું તે સંબંધી ઉદ્યમને મૂકીશ નહીં. ૩૧૭. (ઉદ્યમ શરૂ રાખવાથી માસતુસ મુનિની જેમ ક્રમે ક્રમે શક્તિ વધતી જાય છે, તેથી આ ઉપદેશ યોગ્ય છે.)

## ૨૦૦ નકાર રૂપે ઉપદેશ

**पंथसमा नत्थि जरा, दरिद्दसमो अ पराभवो नत्थि ।**
**मरणसमं नत्थि भयं, खुहासमा वेयणा नत्थि ।।३१८।।**

નિરંતર મુસાફરી કરવી તેના જેવી બીજી કોઇ જરાવસ્થા નથી, દારિદ્રય જેવો બીજો કોઇ પરાભવ નથી, મરણ જેવો બીજો કોઇ ભય નથી અને ક્ષુધા સમાન બીજી કોઇ વેદના નથી. ૩૧૮.

**दयासमो न य धम्मो, अन्नसम नत्थि उत्तमं दाणं ।**
**सच्चसमा न य कित्ती, सीलसमो नत्थि सिंगारो ।।३१९।।**

દયા સમાન બીજો કોઇ ધર્મ નથી, અન્ન જેવું બીજું કોઇ ઉત્તમ દાન નથી, સત્ય સમાન બીજી કોઇ કીર્તિ નથી અને શીલ જેવો બીજો કોઇ શણગાર નથી. ૩૧૯.

## ૨૦૧ આ ચાર પદાર્થ દુર્જય છે.

**अक्खाण रसणी कम्माण - मोहणी तह वयाण बंभवयं ।**
**गुत्तीण य मणगुत्ती, चउरो दुक्खेहि जिप्पंति ।।३२०।।**

પાંચે ઈંદ્રિયોમાં જિહ્વા ઈંદ્રિય, આઠે કર્મમાં મોહનીય કર્મ, પાંચે વ્રતોમાં બ્રહ્મવ્રત અને ત્રણે ગુપ્તિમાં મનગુપ્તિ - આ ચારે દુઃખે જીતાય તેવાં છે. ૩૨૦

## ૨૦૨ પાંચ સમિતિનું પાલન

**इरिएसण[1] भासाए[2], एसणाए[3] तहा मुणी ।**
**आयाणे[4] परिट्ठवणे[5], हवइ जस्स महोमया[1] ॥३२१॥**

૧. ઈર્યા સમિતિ, ૨. ભાષા સમિતિ, ૩. એષણા સમિતિ, ૪. આદાન નિક્ષેપણા સમિતિ અને ૫. પારિષ્ઠાપનિકા સમિતિ આ પાંચ સમિતિ જેને હોય તે મહા મુનિ કહેવાય છે. ૩૨૧.

## ૨૦૩ નકારમાં ઉપદેશ

**मुत्तिसमं नत्थि सुहं, नरयसमाणं दुहं महं नत्थि ।**
**बंभसमं नत्थि वयं, सज्झायसमो तवो नत्थि ॥३२२॥**

મુક્તિ (નિર્લોભતા-સંતોષ) સમાન કોઈ સુખ નથી, નરક સમાન બીજું કોઈ મોટું દુઃખ નથી. બ્રહ્મચર્ય સમાન બીજું કોઈ વ્રત નથી અને સ્વાધ્યાય સમાન બીજો કોઈ તપ નથી. ૩૨૨.

## ૨૦૪ પાંચ કારણ વડે જ કાર્ય બને એવી માન્યતા સમકિતીને હોય

**कालो[1] सहाव[2] नियई[3], पुव्वकयं[4] पुरिसकारणे[5] पंच ।**
**समवाए सम्मत्तं, एगंते होइ मिच्छत्तं ॥३२३॥**

૧. કાળ, ૨. સ્વભાવ, ૩. નિયતિ (ભવિતવ્યતા), ૪. પૂર્વકૃત (કર્મ) અને ૫. પુરૂષકાર (ઉદ્યમ) આ પાંચે કારણોનો સમૂહ દરેક કાર્યપરત્વે જે માનતો હોય તેને જ સમકિત હોય છે, અને જે આ પાંચમાંથી કોઈપણ એક ને જ કારણરૂપે માનતો હોય તે અવશ્ય મિથ્યાત્વી છે એમ જાણવું. ૩૨૩.

---

૧. महामाया प्रत्यंतर

## ૨૦૫ પાંચે ઈન્દ્રિયોની અનર્થતા

**फासिंदी [1] रसणिंदी [2], घाणिंदी [3] चक्खुणिंदी [4] य सोयं [5] ।**
**एयाणि इक्किक्कं, जीवं पाडेइ संसारे ।।३२४।।**

૧. સ્પર્શનેંદ્રિય (શરીરની ચામડી), ૨. રસનેંદ્રિય (જિહ્વા), ૩. ઘ્રાણેંદ્રિય (નાસિકા), ૪. ચક્ષુરિન્દ્રિય (નેત્ર)અને ૫. શ્રોત્રેંદ્રિય (કાન) આ પાંચમાંથી એક એક ઈંદ્રિય પણ (છુટી મુકી હોય તો) જીવને સંસારમાં પાડે છે. ૩૨૪.

## ૨૦૬ પાંચે ઈંદ્રિયોની અનર્થતા

**मज्जं [1] विसय [2] कसाया [3], निद्दा [4] विगहा [5] य पंचमी भणिया ।**
**एए पंच पमाया, जीवं पाडेइ संसारे ।।३२५।।**

૧. મદ્ય, ૨. વિષય, ૩. કષાય, ૪. નિદ્રા અને ૫. વિકથા કહેલી છે – આ પાંચે પ્રમાદ જીવને સંસારમાં પાડે છે. ૩૨૫.

## ૨૦૭ ધર્માદિક નહીં માનનારને કરવા યોગ્ય શિક્ષા

**जो भणइ नत्थि धम्मो, न सामइयं न चेव य वयाइं ।**
**सो समणसंघबज्झो, कायव्वो समणसंघेहिं ।।३२६।।**

જે કોઈ મનુષ્ય કહે છે હાલમાં ધર્મ નથી, સામાયિક નથી અને વ્રતો પણ નથી, તે મનુષ્યને સકળ સંઘે મળી સકળ સંઘ બહાર કરવો. ૩૨૬.

## ૨૦૮ ભયના સાત સ્થાન

**इहलोय [1] परलोयं [2], आदाण [3] आजीवियं [4] तह सहसा [5] ।**
**अकित्तीभय [6] मरणं [7],एए सत्त भयट्ठाणा ।।३२७।।**

૧. આલોક ભય, ૨. પરલોક ભય, ૩. આદાન ભય, ૪. આજીવિકા ભય, તથા ૫. સહસાત્કાર ભય, ૬. અપજસભય, અને ૭. મરણ ભય. આ સાત ભયનાં સ્થાનો છે એટલે જીવોને આ સાત પ્રકારના ભયનો સંભવ છે. ૩૨૭.

## ૨૦૯ સાધુની સાત મંડળી

**सुत्ते[१] अत्थे[२] भोयण[३], काले[४] आवस्सए[५] य सज्झाए[६] ।**
**संथारए[७] वि य तहा, सत्त इमा मंडली हुंति ॥३२८॥**

૧. સૂત્ર મંડળી, ૨. અર્થ મંડળી, ૩. ભોજન મંડળી, ૪. કાળ મંડલી (પડિલેહણ મંડલી), ૫. આવશ્યક મંડલી (પ્રતિક્રમણ મંડલી), ૬. સ્વાધ્યાય મંડલી અને ૭. સંથારા પોરસી મંડલી - સાધુઓને આ સાત પ્રકારની મંડળી હોય છે. ૩૨૮. (અર્થાત્ આ સાત કાર્ય અમુક મુનિઓ મળીને કરે છે - મળીને કરવા યોગ્ય છે. હાલ એને માંડલી કહે છે)

## ૨૧૦ આઠ અભવ્યનાં નામ

**संगमय[१] कालसूरी[२], कविला[३] अंगार[४] पालिया दुन्नि[५-६] ।**
**नोजीव[७] सत्तमो विय, उदाइघायओ[८] अ अट्ठमओ ॥३२९॥**

૧. સંગમક દેવ, ૨. કાળ નામનો કસાઇ, ૩. કપિલા દાસી, ૪. અંગારમર્દક આચાર્ય, ૫ અને ૬. બે પાલક, ૭. નોજીવનું સ્થાપન કરનાર (રોહ ગુપ્ત) તથા ૮. ઉદાયી રાજાનો ઘાત કરનાર (વિનયરત્ન નામનો સાધુ). આ આઠ અભવ્ય કહ્યા છે. (અહીં નોજીવના સ્થાપન કરનારને અભવ્ય કહ્યો છે, પણ અન્ય ગ્રંથમાં સાત અભવ્ય કહેલા છે. એટલે કે નોજીવના સ્થાપકને અભવ્યમાં ગણ્યો નથી.) વળી કોઇ ગ્રંથમાં નવ પણ કહ્યા છે. તેમાં **नोजीव गुट्ठमाहिल** (નોજીવ સ્થાપક તથા ગોષ્ઠામાહિલને નવમો ગણ્યો છે. પરંતુ સાત અભવ્ય કહેવા એ ઠીક લાગે છે. કેમ કે નોજીવ સ્થાપક અને ગોષ્ઠામાહિલને તો નિન્હવો કહ્યા છે એટલે કે તેઓ સમકિતથી ભ્રષ્ટ થઇ મિથ્યાત્વમાં ગયા છે. તેમને અભવ્ય હોવાનો સંભવ નથી. ૩૨૯.

## ૨૧૧ અષ્ટ મંગળનાં નામ

**दप्पण[1] भद्दासण[2], वद्धमाण[3] सिरिवच्छ[4] मच्छ[5] कलसा[6] य ।**
**सत्थिय[7] नंदावत्ता[8], लिहिया अट्ठट्ठ मंगलया ।।३३०।।**

૧ દર્પણ (અરિસો), ૨ ભદ્રાસન, ૩ વર્ધમાન (ડાબલો), ૪ શ્રીવત્સ, ૫ મત્સ્ય યુગલ, ૬ કળશ, ૭ સ્વસ્તિક અને ૮ નંદાવર્ત એ આઠ મંગળ કહેલા છે. ૩૩૦.

## ૨૧૨ શ્રાવકનું કર્તવ્ય

**अनियाणुदारमणओ, हरिसवसविसप्पकंचुअकरालो ।**
**पूएइ वीयरायं, साहम्मीसाहुभत्ती य ।।३३१।।**

શ્રાવક નિયાણા રહિત, ઉદાર મનવાળા અને હર્ષના વશથી વિકસ્વર થયેલા રોમાંચ કંચુકવાળા થઇને વીતરાગની પૂજા કરે અને સાધર્મિક તથા સાધુની ભક્તિ કરે. ૩૩૧.

## ૨૧૩ શ્રાવકના દ્રવ્યનો સદુપયોગ

**नियदव्वमउव्वजिणंद-भवणजिणबिंबवरपइट्ठासु ।**
**वावइ पसत्थपुत्थे, सुतित्थतित्थयरजत्तासु ।।३३२।।**

શ્રાવકે પોતાનું દ્રવ્ય અપૂર્વ (નવીન) જિનભવન, જિનબિંબ, તેમની શ્રેષ્ઠ પ્રતિષ્ઠા કરી, પ્રશસ્ત પુસ્તક (આગમ વિગેરે) લખાવવાં, સુતીર્થો અને તીર્થંકરની યાત્રા કરવી - આ સર્વ સ્થાને વાપરવું યોગ્ય છે. ૩૩૨.

## ૨૧૪ દશ પ્રકારના પુણ્યક્ષેત્રના નામ

**जिणभवण[1] बिंब[2] पुत्थय[3], संघसरूवाई[4] सत्त खित्ताइं ।**
**दीणोद्धारण[8] पोसह-साला[9] साहारणं[10] दसहा ।।३३३।।**

૧. જિનભવન, ૨. જિનબિંબ, ૩. પુસ્તક, ૪થી૭. ચાર પ્રકારનો સંઘ તે સ્વરૂપવાળા સાત ક્ષેત્રો કહ્યાં છે, ૮. તદુપરાંત દીનજનનો ઉદ્ધાર, ૯. પૌષધશાળા અને ૧૦.સાધારણ એ દશ પ્રકારના (ઉત્તમ) ક્ષેત્ર કહેવાય છે. ૩૩૩

## ૨૧૫ વર્જવા યોગ્ય નવ નિયાણાં

**निवं[१] धण[२] नारी[३] नर[४] सुर[५], अप्पप्पवियार[६] अप्पवियारत्तं[७] ।**
**सड्ढत्तं[८] दरिद्दत्तं[९], वज्जए नव नियाणाइं ॥३३४॥**

૧. રાજા થાઉં, ૨. ધનવાન થાઉં, ૩. સ્ત્રી થાઉં, ૪. પુરૂષ થાઉં, ૫. દેવ થાઉં, જે દેવલોકમાં પોતાને શરીરે જ પ્રવિચાર - મૈથુન કરાય છે એવા દેવલોકમાં ઉત્પન્ન થાઉં, ૬. જે દેવલોકમાં બિલકુલ પ્રવિચાર - મૈથુન નથી ત્યાં ઉત્પન્ન થાઉં, ૭. શ્રાવકના કુળમાં ઉત્પન્ન થાઉં અને ૯. દરિદ્ર થાઉં. - આ નવ નિયાણાં ભવ્ય પ્રાણીએ વર્જવા લાયક છે. ૩૩૪.

## ૨૧૬ દશ પ્રકારના કલ્પવૃક્ષ

**गिह[१] जोइ[२] भूसणंगा[३], भोयण[४] भायण[५] तहेव वत्थंगा[६]**
**चित्तरसा[७]* तुडियंगा[८], कुसुमंगा[९] दीवयंगा[१०] य ॥३३५॥**

૧. ગૃહાંગ, ૨. જ્યોતિષાંગ, ૩. ભૂષણાંગ, ૪. ભોજનાંગ, ૫. ભાજનાંગ, તથા વળી ૬. વસ્ત્રાંગ, ૭. ચિત્રરસાંગ, ૮. ત્રુટિતાંગ, ૯. કુસુમાંગ અને ૧૦. દીપકાંગ - આ દશ પ્રકારના કલ્પવૃક્ષો પોતાના નામ સદૃશ વસ્તુ (ગૃહ, જ્યોતિ ભૂષણ, ભોજન, ભાજન, વસ્ત્ર વિચિત્ર પાન, વાજીંત્ર, કુસુમ ને દીપ)ને આપનાર હોય છે. ૩૩૫.

## ૨૧૭ અરિહંતાદિક દશની વૈયાવચ્ચ

**अरिहंत[१] सिद्ध[२] चेइय[३], सुए[४] य धम्मे[५] य साहु[६] सूरीओ[७] ।**
**कुल[८] गण[९] संघे[१०] य तहा, वेयावच्चं भवे दसहा ॥३३६॥**

૧. અરિહંત, ૨. સિદ્ધ, ૩. ચૈત્ય, ૪. શ્રુત (આગમ), ૫. ધર્મ, ૬. સાધુ, ૭. સૂરિ (અચાર્ય), ૮. કુળ, ૯. ગણ અને ૧૦. સંઘ - એ દશની વૈયાવચ્ચ કરવી તે દશ પ્રકારની વૈયાવચ્ચ કહેવાય છે. ૩૩૬.

## ૨૧૮ બ્રહ્મચર્યની નવ વાડ

**वसही[1] कह[2] निसिज्जिं[3] दिय[4], कुड्डिंतर[5] पुव्वकीलिए[6] पणिए[7]।**
**अइमायाहार[8] विभूसणा[9] य, नव बंभचेरगुत्तीओ ॥३३७॥**

૧. વસતિ - એક ઉપાશ્રયમાં સ્ત્રી સાથે રહેવું નહીં, ૨. સ્ત્રીની સાથે અથવા સ્ત્રી સંબધી કથા કરવી નહીં, ૩. સ્ત્રીની સાથે એક આસને બેસવું નહીં તથા જ્યાં સ્ત્રી બેઠી હોય તે આસને પણ બે ઘડી સુધી બેસવું નહીં, ૪. સ્ત્રીની ઈંદ્રિયો (અંગોપાંગ) જોવા નહીં - અજાણતાં જોવાઇ જાય તો તરત દૃષ્ટિ પાછી ખેંચી લેવી, ૫. સ્ત્રીના અને પોતાના વાસની (શયનની) વચ્ચે માત્ર ભીંત જ હોય તેવે સ્થાને વસવું નહીં, ૬. પ્રથમ વ્રત લીધા પહેલાં જે સ્ત્રી સાથે ક્રીડા કરી હોય તેનું સ્મરણ કરવું નહીં, ૭. પ્રણીત - ઘી વિગેરેના રસવાળું ભોજન કરવું નહીં. ૮. અતિમાત્ર - અધિક આહાર કરવો નહીં અને ૯. શરીરની વિભૂષા કરવી નહીં - આ નવ બ્રહ્મચર્યની ગુપ્તિ (વાડ) કહેલી છે. ૩૩૭. (વાડ જેમ ક્ષેત્રનું રક્ષણ રે છે તેમ આ નવ પ્રકારની વાડ બ્રહ્મચર્યનું રક્ષણ કરે છે, જેઓ આ વાડ તોડે છે તેઓ દોષપાત્ર થાય છે.

## ૨૧૯ ચોથા વ્રતના ભંગનું પ્રાયશ્ચિત

**गुरुणो जावजीवं, बारस वासाणि हुंति उवज्झाया।**
**एगं वरिसं साहुं, छम्मासं साहुणी भणिया ॥३३८॥**

ગુરૂને - આચાર્યને જાવજીવ, ઉપાધ્યાયને બાર વર્ષ, સાધુને એક વર્ષ અને સાધ્વીને છ માસનું પ્રાયશ્ચિત્ત ચોથા વ્રતના ભંગમાં કહેલું છે. ૩૩૮. (આ પ્રાયશ્ચિત્ત આચાર્ય ઉપાધ્યાય માટે ફરીને તે પદની પ્રાપ્તિ માટે છે અને સાધુ - સાધ્વી માટે દીક્ષા પર્યાયના છેદરૂપ કહેલું છે.)

## ૨૨૦ મુનિ મહારાજની બાર પ્રતિમાઓ

**मासाई सत्तंता[७], पढम[८] बीय[९] तीय[१०] सत्तरायदिणा ।**
**अहराइ[११] एगराई[१२], भिक्खुपडिमाओ बारसगं ।।३३९।।**

૧. સાત પર્યંત માસાદિકની પ્રતિમા છે એટલે કે પહેલી પ્રતિમા એક માસની, ૨. બીજી બે માસની, ૩. ત્રીજી ત્રણ માસની, ૪. ચોથી ચાર માસની, ૫. પાંચમી પાંચ માસની, ૬. છઠ્ઠી છ માસની અને સાતમી સાત માસની, ૭. ત્યાર પછી પહેલી, બીજી ને ત્રીજી સાત સાત અહોરાત્રિની એટલે આઠમી સાત રાત્રિ દિવસની, ૯. નવમી સાત રાત્રિ દિવસની, અને ૧૦. દશમી પણ સાત રાત્રિ દિવસની, ત્યારપછી ૧૧. અગ્યારમી એક અહોરાત્રિની તથા છેલ્લી ૧૨. બારમી એક રાત્રિની – આ રીતે મુનિરાજની બાર પ્રતિમાઓ કહેલી છે. ૩૩૯.

## ૨૨૧ બાર પ્રકારનો તપ

**अणसण[१] मूणोयरिया[२], वित्तीसंखेवणं[३] रसच्चाओ[४] ।**
**कायकिलेसो[५] संली-णया[६] य बज्झो तवो होइ ।।३४०।।**
**पायच्छित्तं[१] विणओ[२], वेयावच्चं[३] तहेव सज्झाओ[४] ।**
**झाणं[५] उस्सग्गो[६] वि य, निज्जर एवं दुवालसहा ।।३४१।।**

૧. અનશન (ઉપવાસાદિક), ૨. ઊનોદરી, ૩. વૃત્તિસંક્ષેપ, ૪.રસત્યાગ (વિયગત્યાગ), ૫. લોચાદિક કાયનો ક્લેશ અને ૬. સંલીનતા અંગોપાંગનો સંકોચ – આ છ પ્રકારનો બાહ્ય તપ કહ્યો છે. તથા ૧. પ્રાયશ્ચિત્ત, ૨. વિનય, ૩. વૈયાવચ્ચ, ૪. તથા વળી સ્વાધ્યાય, ૫. શુભ ધ્યાન અને ૬. ઉત્સર્ગ – કાયોત્સર્ગ આ છ પ્રકારનો અભ્યંતર તપ કહેલો છે. (કુલ બાર પ્રકારનો તપ કર્મોની નિર્જરા માટે કહેલો છે. (અહીં બીજી ગાથાનું ચોથું પાદ ઘણે સ્થળે – ''**अब्भिंतरिओ तवो होइ** – આ છપ્રકારનો અભ્યંતર તપ કહેલો છે'' આ પ્રમાણે પણ જોવામાં આવે છે. એકંદર બન્ને પાઠના તાત્પર્યમાં તફાવત નથી.) ૩૪૦-૩૪૧.

## ૨૨૨ બાર ભાવનાઓ

**पढमं अणिच्च[१] मसरणं[२], भवो[३] एगत्त[४] अन्नया[५] असुई[६] ।**
**आसवविही [७] संवरो[८], कम्मनिज्जरा[९] चेव ।।३४२।।**
**धम्म सक्खाइया [१०] लोओ [११], बोही य खलु दुल्लहा[१२] ।**
**भावणाओ मुणी निच्चं, चिंतइज्ज दुवालसं ।।३४३।।**

૧. પહેલી અનિત્ય ભાવના, ૨. અશરણ ભાવના, ૩. ભવ (સંસાર) ભાવના, ૪. એકત્વ ભાવના, ૫. અન્યત્વ ભાવના, ૬. અશુચિ ભાવના, ૭. આશ્રવ ભાવના, ૮. સંવર ભાવના, ૯. કર્મ નિર્જરા ભાવના, ૧૦. ધર્મ સ્વાખ્યાતતા (ધર્મમાં જિનેશ્વરે જે કહ્યું છે તે સત્ય જ કહ્યું છે એવી) ભાવના, ૧૧. લોક સ્વરૂપ ભાવના તથા ૧૨. બોધિ (સમકિત) અતિ દુર્લભ છે એવી ભાવના – આ બાર ભાવનાઓ મુનિઓએ નિરંતર ભાવવી જોઇએ. ૩૪૨-૩૪૩.

## ૨૨૩ તેર પ્રકારની અશુભ ક્રિયા

**अट्ठा[१] णट्ठा[२] हिंसा[३], कम्मा[४] दिट्ठी[५] य मोस[६] दिन्ने[७] य ।**
**मिच्छत्तं[८] माण[९] मित्तं[१०], माया[११] लोभे[१२] रियावहिया[१३] ।।३४४।।**

૧. અર્થ ક્રિયા, ૨. અનર્થક્રિયા, ૩. હિંસાક્રિયા, ૪. કર્મ ક્રિયા, ૫. દૃષ્ટિપર્યાસક્રિયા, ૬. મૃષાવાદ ક્રિયા, ૭. અદત્તાદાનક્રિયા, ૮. મિથ્યાત્વ ક્રિયા, ૯. માન ક્રિયા, ૧૦. મિત્ર ક્રિયા, ૧૧. માયા ક્રિયા, ૧૨. લોભ ક્રિયા તથા ૧૩. ઈર્યાપથિકી ક્રિયા – આ તેર ક્રિયાઓ પ્રાણીને નિરંતર લાગે તેવી છે. ૩૪૪.

## ૨૨૪ વિષયાંધ સ્ત્રીઓની દુષ્ટતાનું પરિણામ

**भज्जा वि इंदियविगार - दोसनडिया करेइ पइपावं ।**
**जह सो पएसी राया, सूरीकंताए तह वहिओ ।।३४५।।**

ભાર્યા પણ જો ઇંદ્રિયોના વિકારના દોષથી ઉન્મત્ત થઇ હોય તો તે પોતાના પતિને પણ મારી નાંખવાનું પાપ કરે છે. જેમ તે પ્રદેશી રાજાનો તેની સૂર્યકાંતા ભાર્યાએ વધ કર્યો હતો તેમ. ૩૪૫.

## ૨૨૫ પ્રદેશી રાજાએ કેશી ગણધરને કરેલા દશ પ્રશ્નો

**अज्जय[1] अज्जीय[2] कुंभी[3], किमी[4] सरं[5] भार[6] खंड[7] दरिसे[8] य ।**
**कुंथु[9] य परंपरागय[10], ए दस पुच्छा सवागरणा ।।३४६।।**

પ્રદેશી રાજાએ વ્યાકરણ - વ્યાખ્યા સહિત આ દશ પ્રશ્નો કેશી ગણધરને પૂછ્યા હતા. ૧. આર્યક (દાદો) ૨. આર્યિકા (દાદી) ૩. કુંભી ૪. કૃમિ (કીડા) ૫. શર (બાણ) ૬. ભાર (તોલ) ૭. ખંડ ૮. દર્શન ૯. કુંથુ ૧૦. પરંપરાગત ધર્મ. ૩૪૬.

## પ્રદેશી રાજાને કેશી ગણધરે આપેલા ઉત્તર

**सदारहत्था[1] खालिय[2], साली[3] अगणी य[4] कोमलकवाडी[5] ।**
**दिय[6] कट्ठं[7] वाय[8] दीवो[9], अइभारोवाह[10] पडिवयणं ।।३४७।।**

૧. પોતાની સ્ત્રીની જાર ૨. અપવિત્ર સ્થાન ૩. કૂટાકાર શાલા ૪. લોઢાના ગળામાં અગ્નિ ૫. કોમળ (જીર્ણ) ધનુષ્ય ૬. ચામડાની મસક ૭. અરણિનું કાષ્ટ ૮. વાયુ ૯. દીપક અને ૧૦.લોઢાના ભારને વહન કરનાર - આ ઉત્તર. ૩૪૭.

### વિવેચન સહિત પ્રશ્નોત્તર

અહીં નીચેની વ્યાખ્યા પ્રમાણે પ્રદેશી રાજાએ પ્રશ્ન પૂછ્યા, તેના ઉત્તર કેશી કુમાર ગણધરે દૃષ્ટાંત સહિત આપ્યા તે આ પ્રમાણે -

પ્રશ્ન ૧ - તમારા મત પ્રમાણે મારા દાદા અધર્મી હતા તે નરકે જવા જોઇએ. જો તે નરકે ગયા હોય તો મારા પર તેની ઘણી પ્રીતિ હતી તેથી મને આવીને પાપ કરવાનો નિષેધ કેમ ન કરે ?

ઉત્તર ૧ - તમારી પોતાની રાણીને કદાચ કોઇ જાર પુરૂષ સાથે દુરાચાર કરતી તમે જોઇ હોય, તો તમે તે જાર પુરૂષને તરત જ કેદ કરી દેહાંતદંડની શિક્ષા કરો. તે વખતે તે કદાચ પોતાના

પ્રિય કુટુંબને આવું નિંદ્ય કર્મ ન કરવા બાબત ઉપદેશ આપવા જવાને ઇચ્છે તો તમે તેને જવાની રજા આપો ખરા ? ન જ આપો, તે જ પ્રમાણે નારકીના જીવો પરાધીન હોવાથી ઇચ્છતા હોય તો પણ અહીં આવી શકતા નથી.

પ્રશ્ન ૨ – મારી દાદી જૈન ધર્મી હતી. તે તમારા મત પ્રમાણે સ્વર્ગે જવી જોઇએ. તેને હું અત્યંત વલ્લભ હતો તેથી તે અહીં આવીને મને ધર્મ માર્ગે કેમ ન પ્રવર્તાવે ?

ઉત્તર ૨ – હે રાજા – તમે પોતે સ્નાન કરી સર્વ શૃંગાર સજી દેવપૂજા કરવા જતા હો અથવા અશ્વાદિક પર આરૂઢ થઇ ફરવા જતા હો, તે વખતે તમને કોઇ પોતાના અશુચિ સ્થાનમાં આવવા કહે અથવા અશુચિ (વિષ્ટા)ની કોટડીમાં થોડીવાર બેસવાનું કે સુવાનું કહે, તો તમે તેમ કરો ખરા? ના, અશુચિમાં ન જ જાઓ. તેમ સ્વર્ગમાં દિવ્ય શરીરને ધારણ કરનારા દેવો અશુચિના સ્થાન સમાન આ મનુષ્ય લોકમાં આવે નહીં.

પ્રશ્ન ૩ – એક ચોરને મેં લોઢાની કુંભીમાં નાંખ્યો હતો. તે કુંભી મજબૂત રીતે બંધ કરી હતી. વાયુનો પ્રચાર પણ તેમાં થતો નહીં. કેટલાક કાળે તે કુંભી જોઇ તો તેમાં રહેલો ચોર જીવ રહિત હતો તેથી જો જીવ ગયો હોય તો કુંભીને છિદ્ર પડ્યા સિવાય તેમાં રહેલો જીવ બહાર શી રીતે નીકળ્યો ?

ઉત્તર ૩ – એક શિખરના આકારની શાલા (ગૃહ) સર્વ દિશાએથી વાયુ પણ સંચાર કરી શકે નહીં તેવી ગુપ્ત હોય, તેમાં રહીને કોઇ શંખ કે ભેરી વગાડે તો તે શાળામાં કોઇ પણ ઠેકાણે છિદ્ર પડ્યા વિના તેનો શબ્દ બહાર આવે છે તેમ જીવ પણ છિદ્ર પાડ્યા વિના બહાર નીકળી શકે છે.

પ્રશ્ન ૪ – એક ચોરને જીવ રહિત કરી તેનું શબ ઉપર કહેલી કુંભીમાં નાંખ્યું. કેટલેક કાળે તે કુંભી જોઇ તો તે શબમાં ઘણા કીડા પડેલા હતા, તો છિદ્ર રહિત તે કુંભીમાં જીવો શી રીતે પેઠા ?

ઉત્તર ૪ – એક લોઢાનો ગોળો અગ્નિમાં નાંખી અગ્નિવર્ણવાળો કર્યો. તે ગોળાને છિદ્ર નહીં છતાં તેને ભેદીને તેની અંદર અગ્નિ જેમ પ્રવેશ કરે છે, તે જ પ્રમાણે છિદ્ર પાડ્યા વિના જીવ પર્વતાદિકને પણ ભેદી અંદર જઇ શકે છે.

પ્રશ્ન ૫ – એક યુવાવસ્થાવાળો, નીરોગી, બળવાન અને કલાનિપુણ પુરૂષ હાથમાં ધનુષ્ય લઇ એક તીર વડે એકી સાથે પાંચ તવાને વીંધી નાંખે છે, તે જ પુરૂષ બાલ્યાવસ્થામાં હતો તે વખતે તેવી રીતે તીર ફેંકી શકતો નહોતો તેથી શરીર અને જીવ જુદા છે એમ શી રીતે માની શકાય ?

ઉત્તર ૫ – ઉપર કહેલો જ યુવાન કળાનિપુણ પુરૂષ જીર્ણ ધનુષ્ય, જીર્ણ જીવા અને જીર્ણ બાણ ગ્રહણ કરી એક બાણ વડે એકી સાથે પાંચ તવાને વીંધી શકે ? ન જ વીંધે. કેમ કે તેને તેવા

પ્રકારની સામગ્રીનો અભાવ છે. એ જ રીતે બાલ્યાવસ્થામાં પણ તે જ પુરૂષને કળા ગ્રહણ, શરીર શક્તિ વિગેરે સામગ્રીનો અભાવ હોવાથી તે રીતે વીંધી શકતો નથી.

પ્રશ્ન ૬ – એક ચોરને જીવતો તોળી પછી તરત તેને મારી નાંખીને જોખ્યો, તો પણ તેનો સરખો જ તોલ થયો. જો જુદો જીવ હોય તો જીવ સહિત હતો ત્યારે તેનું વજન વધારે અને જીવ રહિત થયો ત્યારે તેનું વજન ઓછું થવું જોઇએ પણ તેમ થયું નહીં તેથી જીવ અને શરીર જુદા શી રીતે સમજવા ?

ઉત્તર ૬ – એક ચામડાની મસક ખાલી હોય તેને પ્રથમ તોળીએ અને પછી તેમાં વાયુ ભરી તેનું મુખ બંધ કરીને તોળીએ તો પણ વાયુના ભાગનું વજન તેમાં વધતું નથી, સરખું જ થાય છે. તેમ જીવનું વજન વધી શકતું નથી એમ સમજવું.

પ્રશ્ન ૭ – જીવ જોવાને માટે એક ચોરના બે ભાગ કર્યા, ચાર ભાગ કર્યા, આઠ ભાગ કર્યા, એમ અનુક્રમે ખંડન કરતાં કરતાં તલતલ જેવડા કકડા કર્યા તો પણ તેમાં જીવ દેખાયો નહીં, માટે તેમાં જીવ હતો તો કેમ નિકળ્યો નહીં ?

ઉત્તર ૭ – અરણિના કાષ્ઠમાં અગ્નિ રહેલો છે છતાં તેના તલતલ જેવડા કકડા કરીએ તો પણ તેમાં કોઇ ઠેકાણે અગ્નિ દેખાતો નથી, પણ તેના બે કકડા ઘસવાથી અગ્નિ ઉત્પન્ન થાય છે, તેમ શરીરમાં રહેલો જીવ શરીરના કકડા કરવાથી દેખી શકાતો નથી, પણ તેના ઉપયોગથી જ જાણી શકાય છે.

પ્રશ્ન ૮ – જો જીવ શરીરથી ભિન્ન હોય તો તે નિકળતો કે પેસતો કેમ દેખી શકાતો નથી ?

ઉત્તર ૮ – વાયુ રૂપી છે તો પણ તે દેખી શકાતો નથી, પરંતુ તે વૃક્ષોને કંપાવે છે વિગેરે તેના કાર્ય ઉપરથી વાયુ છે એમ જાણી શકાય છે, તેમ જીવ અરૂપી હોવાથી દેખી શકાતો નથી, પરંતુ તેના કાર્ય ઉપરથી જીવ છે એમ જાણી શકાય છે.

પ્રશ્ન ૯ – જો શરીર અને જીવ બન્ને જુદા છે તો હાથી મરીને કુંથુ થાય અને કુંથુ મરીને હાથી થાય, તે વખતે હાથીનો મોટો જીવ કુંથુના નાના શરીરમાં શી રીતે સમાય ? અને કુંથુનો ઝીણો જીવ હાથીના મોટા શરીરમાં કયે ઠેકાણે રહે ?

ઉત્તર ૯ – કુંથુ કે હાથી વિગેરે સર્વ જીવોના અસંખ્યાતા પ્રદેશો છે અને તે જેવડું શરીર હોય તેવડા શરીરમાં તે સર્વત્ર વ્યાપીને રહે છે. એવો તેનો સ્વભાવ છે. જેમ એક દીવો છે, તેને મોટા ઓરડામાં રાખીએ તો તેનો પ્રકાશ આખા ઓરડામાં વ્યાપી જાય છે, નાની ઓરડીમાં રાખીએ તો તેટલામાં જ વ્યાપીને રહે છે, એ જ રીતે તે દીવાને તપેલાં, કુંડા, કુંડી વિગેરે વડે

ઢાંકીએ તો તે તેટલા જ ભાગમાં તેનો પ્રકાશ વ્યાપીને રહે છે, એટલે કે તે તે ભાજનોના પોલાણમાં જ વ્યાપીને રહે છે, તેથી ન્યૂનાધિક વિભાગમાં વ્યાપતો નથી ; તે જ રીતે જીવ પણ જેવડું શરીર હોય તેવડા શરીરમાં વ્યાપીને રહે છે.

પ્રશ્ન ૧૦ – આપના કહેવાથી શરીર અને જીવ જુદા છે એમ મેં જાણ્યું, પરંતુ મારા પિતા, પિતામહ વિગેરેની પરંપરાથી ચાલતા આવેલા ધર્મનો મારે ત્યાગ શી રીતે કરવો ?

ઉત્તર ૧૦ – હે પ્રદેશી રાજા ! પરંપરાગત ધર્મને જ ઝાલી રાખવાથી લોહના ભારને વહન કરનારાની જેમ તમારે પશ્ચાતાપ કરવાનો વખત આવશે. તે આ પ્રમાણે – ધન મેળવવાના અર્થી કેટલાક પુરૂષો ધન ઉપાર્જન કરવા ચાલ્યા અને એક મોટી અટવીમાં ગયા. ત્યાં ભૂમિ ખોદતાં ઘણું લોઢું નીકળ્યું. તેની ગાંસડીઓ બાંધી તે માથે ઉપાડી આગળ ચાલ્યા. થોડે દૂર ગયા ત્યારે સીસાની ખાણ તેમણે જોઇ. તેથી લોઢું નાંખી દઇ તેઓએ સીસું લીધું. પરંતુ એક આગ્રહી પુરૂષે મહા પ્રયત્નથી લીધેલું લોઢું નાંખી દીધું નહીં અને સીસુ ગ્રહણ કર્યું નહીં. એ જ પ્રમાણે આગળ જતાં તાંબું, રૂપું, સોનું, રત્ન વિગેરેની ખાણો જોઇ બીજા બધાઓએ તો લીધેલી નિઃસાર વસ્તુનો ત્યાગ કરી નવા નવા સાર સાર પદાર્થો યાવત્ રત્નો લીધા. માત્ર તે એક જ આગ્રહી પુરૂષે બીજું કાંઇ પણ ન લેતાં એકલું લોઢું જ પકડી રાખ્યું. પછી સર્વે પોતાને ઘેર આવ્યા અને તે સર્વે મોટા ધનિક થયા. તેમને જોઇ લોઢું લેનાર દરિદ્રી પુરૂષે ઘણો પશ્ચાતાપ કર્યો અને પોતાની મૂર્ખાઇ માટે તેને ઘણો ખેદ થયો. આ પ્રમાણે નિઃસાર ધર્મને અંગીકાર કરી રાખવાથી અને શ્રેષ્ઠ ધર્મનો ત્યાગ કરવાથી – અંગીકાર ન કરવાથી તમને પણ પછીથી પશ્ચાતાપ થશે.

આ પ્રમાણે દશ પ્રશ્ન અને તેના ઉત્તર સંબંધી બન્ને ગાથાઓની સંક્ષિપ્ત વ્યાખ્યા કરી. આ સર્વ પ્રશ્નોત્તરો શ્રી રાય પસેણી (રાજપ્રશ્નીય) સૂત્રમાં મોટા વિસ્તારથી આપેલા છે. તેમાં કુલ અગ્યાર પ્રશ્નોત્તરો છે. તેમાં છઠ્ઠો પ્રશ્ન આ પ્રમાણે છે. – '' કોઇ યુવાન, બળવાન પુરૂષ લોઢા વિગેરેનો મોટો (ઘણો) ભાર ઉપાડી શકે છે, તે જ્યારે અતિ વૃદ્ધ થાય છે અને અવયવો તથા ઈંદ્રિયો અતિ શિથિલ થાય છે ત્યારે તે પાંચ શેર જેટલો પણ ભાર ઉપાડી શકતો નથી. જો શરીરથી જીવ જૂદો હોય તો ભલે શરીર જીર્ણ થયું પણ જીવ જીર્ણ થયો નથી તેથી કેમ તે ભાર ઉપાડી ન શકે ? માટે શરીર અને જીવ એક જ વસ્તુ માનવી યોગ્ય છે.'' તેના ઉત્તરમાં કેશી ગણધરે કહ્યું કે – ''તે જ બળવાન યુવાન પુરૂષ સર્વ અવયવોમાં સર્વથા પ્રકારે અતિ જીર્ણ થયેલી કાવડમાં મોટો લોઢા વિગેરેનો ભાર મૂકી તેને વહન કરી શકે ખરો ? ન જ વહન રી શકે. કેમ ?

તેનું કાવડરૂપ ઉપગરણ સારૂં નથી માટે. એ જ પ્રમાણે જીર્ણ થયેલું શરીરરૂપ ઉપકરણ સારૂં નહીં હોવાથી તે જ જીવ મોટો (ઘણો) ભાર વહન કરી શકતો નથી વિગેરે.'' (સંપ્રતિ રાજાના રાસમાં પણ આ અગ્યારે પ્રશ્નોત્તરો કાંઈક સવિસ્તર આપેલા છે. સંપ્રતિ રાજાના સંસ્કૃત ગદ્યબંધ ચરિત્રમાં છ સાત પ્રશ્નોત્તર જ આપેલા છે.)

## ૨૨૬ સાધુને ચાતુર્માસ રહેવા યોગ્ય ક્ષેત્ર

**चिक्खिल्ल[१] पाण[२] थंडिल[३], वसही[४] गोरस[५] जणाउल[६] वेज्जे[७] ।**
**ओसह[८] निव[९] भद्दयजणा[१०], पासंडा[११] भिक्ख[१२] सज्झाए[१३] ।।३४८।।**

૧. જે ગામમાં ઘણો કાદવ થતો ન હોય, ૨. દ્વીંદ્રિયાદિક જીવોની ઉત્પત્તિ ઘણી થતી ન હોય, ૩. સ્થંડિલ જવાની શુદ્ધ ભૂમિ મળી શકતી હોય, ૪. વસતિ - ઉપાય શુદ્ધ મળી શકતો હોય, ૫. દહીં, દૂધ, છાશ વિગેરે ગોરસ મળી શકતું હોય, ૬. ઘણા શ્રાવકો રહેતા હોય, ૭. વૈદ્ય સારા ને સરલ હોય, ૮. ઔષધ સહેજે મળી શકતું હોય, ૯. રાજા ધર્મી - ન્યાયી હોય, ૧૦. મનષ્યો ભદ્રિક પરિણામવાળા હોય, ૧૧. પાખંડી સાધુઓ વિશેષ રહેતા ન હોય, ૧૨. શુદ્ધ-નિર્દોષ ભિક્ષા મળી શકતી હોય અને ૧૩. સ્વાધ્યાય ધ્યાન સુખે કરીને થઈ શકતું હોય - આ તેર ગુણવાળા ક્ષેત્રમાં સાધુએ ચાતુર્માસ રહેવું યોગ્ય છે. (જઘન્યથી આ તેરમાંના ચાર ગુણ તો અવશ્ય જોવા જોઈએ.) ૩૪૮.

## ૨૨૭ ચૌદ પ્રકારની અભ્યંતર ગ્રંથિ (પરિગ્રહ)

**मिच्छत्तं[१] वेयतिगं[४], हासाइछक्कगं[१०] च नायव्वं ।**
**कोहाईण चउक्कं[१४], चउदस अब्भिंतरा गंठी ।।३४९।।**

૧. મિથ્યાત્વ, ૨. ત્રણ વેદ - સ્ત્રી વેદ, ૩.પુરૂષ વેદ, ૪. નપુંસક વેદ, ૫. હાસ્યાદિક છ હાસ્ય, ૬. રતિ, ૭. અરતિ, ૮. શોક, ૯.ભય, ૧૦. દુગુંછા, ૧૧. ક્રોધાદિક ચાર - ક્રોધ, ૧૨. માન, ૧૩. માયા અને ૧૪. લોભ - આ ચૌદ અભ્યંતર ગ્રંથિ (પરિગ્રહ) કહેવાય છે.

૩૪૯. (મુનિને બાહ્ય પરિગ્રહની સાથે આ અભ્યંતર પરિગ્રહ પણ તજવા યોગ્ય છે.)

## ૨૨૮ નવ પ્રકારનો બાહ્ય પરિગ્રહ

**खित्त[१] वत्थू[२] धणधन्न-संचओ[३] मित्तणाइसंजोगो[४] ।**
**जाण[५] सयणा[६] सणाणि[७] य, दासदासी[८] कुव्वियं[९] च ॥३५०॥**

૧. ક્ષેત્ર (જમીન), ૨. વાસ્તુ (ઘર, હાટ વિગેરે), ૩. સોનું રૂપું વિગેરે ધન અને ધાન્યનો સંચય, ૪. મિત્ર જ્ઞાતિ વિગેરેનો સંયોગ, ૫. યાન (અશ્વ, હાથી, ગાય, ભેંસ વિગેરે ચતુષ્પદ), ૬. શયન (શય્યા, વસ્ત્ર વિગેરે), ૭. આસન (સિંહાસન, પાલખી વિગેરે), ૮. દાસ દાસી વિગેરે (નોકર) દ્વિપદ, તથા ૯. કુપ્ય (તાંબુ પીત્તળ વિગેરે ધાતુ - ઘરવકરી). આ નવ પ્રકારની બાહ્ય ગ્રંથિ (પરિગ્રહ) છે. ૩૫૦. (આ તો જરૂર તજવા યોગ્ય છે. ત્યાર પછી જ ચારિત્ર ધર્મ સ્વીકારી શકાય છે. આ નવ પ્રકાર બીજી રીતે પણ કહેલા છે.)

## ૨૨૯ સિદ્ધના એકત્રીશ ગુણ

**संठाण[५] वण्ण[५] गंध[२] रस[५] फास[८], तणु[१] वेय[३] संग[१] जणि[१] रहियं ।**
**एगतीसगुणसमिद्धं, सिद्धं बुद्धं च वंदेमो ॥३५१॥**

પાંચ સંસ્થાન (વાટલું ૧, ત્રિખુણીયું ૨, ચોખુણીયું ૩, લાંબું ૪, પરિમંડલ-વલયાદિ ૫), પાંચ વર્ણ (શ્વેત ૧, નીલ ૨, પીત ૩, રક્ત ૪, શ્યામ ૫), બે ગંધ (સુરભિગંધ ૧, દુરભિગંધ ૨) પાંચ રસ (ખારો ૧, ખાટો ૨, તીખો ૩, કષાયલો - તૂરો ૪, મધુર ૫) આઠ સ્પર્શ (શીત ૧, ઉષ્ણ ૨, લુખો ૩, સ્નિગ્ધ ૪, હળવો ૫, ભારે ૬, સુંવાળો ૭, બરસટ ૮) એક તનુ (શરીર એટલેકાયયોગ), ત્રણ વેદ (૧. સ્ત્રી વેદ, ૨. પુરૂષ વેદ, ૩. નપુંસક વેદ), એક પદાર્થોનો સંગ અને એક પુનર્જન્મ - આ કુલ એકત્રીશ પદાર્થ રહિત હોવાથી તે જ એકત્રીશ ગુણે કરીને સહિત સિદ્ધ બુદ્ધને હું વંદના કરું છું. ૩૫૧.

## ૨૩૦ સિદ્ધના પંદર ભેદ

जिण[1] अजिण[2] तित्था[3] तित्थ[4],
गिहि[5] अन्न[6] सलिंग[7] थी[8] नर[9] नपुंसा[10] ।
पत्तेय[11] संयबुद्धा[12], बुद्धबोहि[13] क्क[14] णिक्का[15] य ।।३५२।।

૧. તીર્થંકરસિદ્ધ, ૨. અતીર્થંકરસિદ્ધ, ૩. તીર્થસિદ્ધ, ૪. અતીર્થસિદ્ધ, ૫.ગૃહીલિંગસિદ્ધ, ૬. અન્યલિંગસિદ્ધ, ૭.સ્વલિંગસિદ્ધ, ૮.સ્ત્રીલિંગસિદ્ધ, ૯.પુરૂષલિંગસિદ્ધ, ૧૦. નપુંસકલિંગસિદ્ધ, ૧. પ્રત્યેક બુદ્ધ સિદ્ધ, ૧૨. સ્વયંબુદ્ધસિદ્ધ, ૧૩. બુદ્ધબોધિતસિદ્ધ, ૧૪. એકસિદ્ધ તથા ૧૫. અનેકસિદ્ધ- આ પંદર પ્રકારના સિદ્ધ હોય છે. ૩૫૨. હવે તે પંદર ભેદનું વિવરણ કરે છે.

जिणसिद्ध सयलअरिहा[1], अजिणसिद्धा य पुंडरियाइ[2] ।
गणहारी तित्थसिद्धा[3], अतित्थसिद्धा य मरुदेव[4] ।।३५३।।
गिहिलिंगसिद्ध भरहो[5], वक्कलचीरस्स अन्नलिंगंमि[6] ।
साहू सलिंगसिद्धा[7], थीसिद्धा चंदणापमुहा[8] ।।३५४।।
नरसिद्ध गोयमाई[9], गंगेयपमुहा नपुंसया सिद्धा[10] ।
पत्तेयसयंबुद्धा, भणिया करकंडू[11] कपिलाई[12] ।।३५५।।
इह बुद्धबोहिया खलु, गुरुबोहिया य अणेगविहा[13] ।
इगसमय एगसिद्धा[14], इगसमए अणेगसिद्धा[15] य ।।३५६।।

૧. સર્વે અરિહંતો સિદ્ધ થયા તે તીર્થંકર (જિન) સિદ્ધ કહેવાય, ૨. તે સિવાયના પુંડરીક

ગણધર વિગેરે સામાન્ય કેવળી જે જે સિદ્ધ થયા તે અજિન સિદ્ધ કહેવાય છે. ૩. તીર્થની સ્થાપના થયા પછી ગણધરાદિક સિદ્ધ થયા તે તીર્થસિદ્ધ કહેવાય છે, ૪. તીર્થની સ્થાપના થયા પહેલાં મરૂદેવા માતા સિદ્ધ થયા (અથવા તીર્થંકરોના આંતરામાં જાતિ સ્મરણાદિક વડે ધર્મ પાળી સિદ્ધ થયા) તે અતીર્થસિદ્ધ કહેવાય છે. ૫. ભરત ગૃહિલિંગે સિદ્ધ થયા, ૬. વલ્કલચીરી અન્ય (તાપસ) લિંગે સિદ્ધ થયા, ૭. સાધુઓ સ્વલિંગે (મુનિ વેષે) સિદ્ધ થયા અને ૮. ચંદના આર્યા વિગેરે સ્ત્રીલિંગે સિદ્ધ થયા કહેવાય છે. ૯. ગૌતમ વિગેરે પુરૂષલિંગે સિદ્ધ થયા, ૧૦. ગાંગેય વિગેરે (કૃત) નપુંસકલિંગે સિદ્ધ થયા ૧૧. કરકંડૂ વિગેરે પ્રત્યેક બુદ્ધ સિદ્ધ થયા, ૧૨. કપિલાદિક સ્વયંબુદ્ધ સિદ્ધ થયા, એમ કહેલ છે. ૧૩. ગુરૂએ પ્રતિબોધ પમાડેલા અનેક પ્રકારના સિદ્ધ થયા તે બુદ્ધબોધિત સિદ્ધ કહેવાય છે, ૧૪. એક સમયે એક જીવ સિદ્ધિ પદને પામે તે એક સિદ્ધ કહેવાય છે તથા ૧૫. એક સમયે અનેક જીવો સિદ્ધ થાય તે અનેક સિદ્ધ કહેવાયછે. ૨૫૩-૨૫૪-૨૫૫-૨૫૬.

## ૨૩૧ પંચપરમેષ્ઠીના ગુણોની સંખ્યા

**बारसगुण अरिहंता, सिद्धा अट्ठेव सूरि छत्तीसं ।**
**उवज्झाया पणवीसं, साहूणो सत्तवीसा य ।।३५७।।**

અરિહંતના બાર ગુણ, સિદ્ધના આઠ ગુણ, આચાર્યના છત્રીશ ગુણ, ઉપાધ્યાયના પચીશ ગુણ અને સાધુના સત્યાવીશ ગુણ કહ્યા છે. કુલ પંચ પરમેષ્ઠીના એકસો ને આઠ ગુણ થાય છે. ૩૫૭. (આ ગુણોનું વિવરણ અન્યત્ર ઘણે સ્થાનકે આવતું હોવાથી અહીં વિવરીને બતાવેલ નથી.)

## ૨૩૨ દીક્ષાને અયોગ્ય પુરૂષાદિકના પ્રકારની સંખ્યા

**अट्ठारस पुरिसेसु, वीस इत्थीसु दस नपुंसेसु ।**
**जिणपडिकुट्ठत्ति तओ, पव्वाविउं न कप्पंति ।।३५८।।**

પુરૂષને વિષે અઢાર પ્રકારના પુરૂષ, સ્ત્રીઓને વિષે વીશ પ્રકારની સ્ત્રીઓ અને નપુંસકને વિષે દશ પ્રકારના નપુંસકો જિનેશ્વરોને નિષિદ્ધ કરેલ છે, તેથી તેઓ દીક્ષા આપવાને યોગ્ય નથી. ૩૫૮. (આનું વર્ણન પ્રવચનસારોદ્ધારાદિકથી જાણવું.)

## બીજી રીતે દીક્ષાને અયોગ્ય જનો

बाले[१] वुड्ढे[२] नपुंसे[३] य, कीवे[४] जड्डे[५] वाहिए[६] ।
तेणे[७] रायावगारी[८] य, उम्मत्ते[९] य अदंसणे[१०] ॥३५९॥
दासे[११] दुट्ठे[१२] अ मूढे[१३] अ, अणित्ते[१४] जुंगिए[१५] एय ।
उववद्दए[१६] य भीए[१७] य, सेहे निप्फेडिया इयसि ॥३६०॥

૧. બાળક, ૨. વૃદ્ધ, ૩. નપુંસક, ૪. કાયર, ૫. જડ, ૬. રોગી, ૭. ચોર, ૮. રાજાનો અપરાધી (અપકારી), ૯. ઉન્મત્ત, ૧૦. અદર્શનીય કુરૂપ (ઇંદ્રિયહીન), ૧૧. દાસ, ૧૨. દુષ્ટ, ૧૩. મૂઢ, ૧૪. અસ્થિર ચિત્તવાળો, ૧૫. જુંગ-ચંડાળાદિ નીચ જાતિવાળો, ૧૬. ઉપદ્રવ કરનાર અને ૧૭. ભય પામેલ – આટલાને શિષ્ય કરવાનો નિષેધ કર્યો છે. ૩૫૯-૩૬૦.

## ૨૩૩ દશ સંજ્ઞા

आहार[१] भय[२] परिग्गह[३], मेहूण[४] तह कोह[५] माण[६] माया[७] य ।
लोभे[८] ओघे[९] लोगे[१०], दस सन्ना हुंति सव्वेसिं ॥३६१॥

૧. આહાર સંજ્ઞા, ૨. ભય સંજ્ઞા, ૩. પરિગ્રહ સંજ્ઞા, ૪. મૈથુન સંજ્ઞા, ૫. ક્રોધ સંજ્ઞા, ૬. માનસંજ્ઞા, ૭. માયાસંજ્ઞા, ૮. લોભસંજ્ઞા, ૯. ઓઘસંજ્ઞા તથા ૧૦. લોક સંજ્ઞા – આ દશ સંજ્ઞા સર્વ જીવોને હોય છે. ૩૬૧.

## સોળ સંજ્ઞા – (ઉપર જણાવેલી દશ ઉપરાંત ૭)

**सुह[११] दुह[१२] मोह[१३] सन्ना, वितिगिच्छा[१४] चउदसे मुणेयव्वा ।**
**सोके[१५] तह धम्मसन्ना[१६], सोलसए हुंति मणुएसु ।।३६२।।**

૧૧. સુખસંજ્ઞા, ૧૨. દુઃખસંજ્ઞા, ૧૩. મોહસંજ્ઞા, ૧૪. વિચિકિત્સા (સંદેહ કરવાની ટેવરૂપ ચૌદમી) સંજ્ઞા, ૧૫. શોક સંજ્ઞા તથા ૧૬. ધર્મ સંજ્ઞા – આ સર્વ મળીને સોળ સંજ્ઞાઓ મનુષ્યને વિષે હોય છે. ૩૬૨.

## ૨૩૪ વનસ્પતિકાયમાં જણાતી દશે સંજ્ઞા

**रुक्खाण जलाहारो[१], संकोयणिया भएण संकोइ[२] ।**
**नियतंतुएहिं वेढई, रुक्खं वल्ली परिग्गहेणं[३] ।।३६३।।**
**इत्थिपरिरंभणेण, कुरुबगतरुणो फलंति मेहुन्ने[४] ।**
**तह कोहनस्स कंदो, हुंकारो मुयइ कोहेणं[५] ।।३६४।।**
**माण झरइ रुयंती[६], छायइ वल्ली फलाइ मायाए[७] ।**
**लोहे बिल्लिपलासा, खिवंति मूले निहाणुवरिं[८] ।।३६५।।**
**रयणीए संकोओ, कमलाणं होइ लोगसन्नाए[९] ।**
**ओहे चइत्तु मग्गं, चडंति रुक्खेसु वल्लीओ[१०] ।।३६६।।**

૧. વૃક્ષોને જળનો આહાર છે – આહારથી તે વૃદ્ધિ પામે છે, આહાર વિના સુકાઇ જાય છે તેથી તેને આહાર સંજ્ઞા છે. ૨. સંકોચનિકા (લજ્જામણી) નામની ઔષધિ કોઇ સ્પર્શ કરે તો તેના ભયથી સંકોચ પામે છે તેથી ભય સંજ્ઞા છે. ૩. વેલડી પોતાના તંતુ વડે વૃક્ષને વીંટાય છે તેથી પરિગ્રહ સંજ્ઞા છે. ૪. સ્ત્રીના આલિંગનથી કુરૂબકવૃક્ષ ફળે છે તેથી તેને મૈથુન સંજ્ઞા છે.

૫. ક્રોધન નામનો કંદ હુંકાર શબ્દ કરે છે તેથી તેને ક્રોધ સંજ્ઞા છે. ૬. રૂદંતી નામની ઔષધિ કહે છે કે 'હું છતાં આ જગત દરિદ્રી કેમ ?' એવા અભિમાનથી તે આંસુ ઝરે છે તેથી તેને માનસંજ્ઞા છે. ૭. વેલડી પોતાના પાંદડા વડે ફળાદિકને (પુષ્પ-ફળને) ઢાંકી દે છે તેથી તેને માયાસંજ્ઞા છે. ૮. બિલ્વ અને પલાશ વૃક્ષો દ્રવ્યના નિધાન ઉપર પોતાના મૂળીયામાં પસારે છે - તેની ફરતાં ફરી વળે છે તેથી તેને લોભસંજ્ઞા છે. ૯. કમળો રાત્રે સંકોચ પામે છે - કરમાઇ જાય છે ને દિવસે વિકસ્વર થાય છે તેથી તેને લોકસંજ્ઞા છે. તથા ૧૦. વેલડીઓ માર્ગ - રસ્તાનો ત્યાગ કરી વૃક્ષ ઉપર ચડે છે તેથી તેને ઓઘસંજ્ઞા છે. આ રીતે વનસ્પતિકાયમાં દશે સંજ્ઞા સ્પષ્ટ રીતે દેખાય છે. બીજા એકેન્દ્રિયમાં તે સંજ્ઞાઓ અસ્પષ્ટ હોય છે. ૩૬૩-૩૬૬.

## ૨૩૫ સત્તર પ્રકારે અસંયમ

**पुढवी[1] आऊ[2] तेऊ[3], वाऊ[4] वणस्सइ[5] बि[6] ति[7] चउ[8] पणिंदी[9] ।**
**अजीव[10] पेही[11] संजम, अप्पेहा[12] अप्पमज्जणया[13] ॥३६७॥**
**पारिट्ठावणासंजम[14], मण[15] वयण[16] काइए[17] तहा चेव ।**
**एए सतरसभेया, असंजमकरा जिणमयम्मि ॥३६८॥**

૧. પૃથ્વીકાય, ૨. અપ્કાય, ૩. તેજસ્કાય, ૪. વાયુકાય, ૫. વનસ્પતિકાય, ૬. દ્વીંદ્રિય, ૭. ત્રીંદ્રિય, ૮. ચતુરિંદ્રિય, ૯. પંચેન્દ્રિય, (આ નવેની વિરાધનારૂપ અસંયમ), ૧૦. અજીવ અસંયમ, ૧૧. પ્રેક્ષા અસંયમ, ૧૨. અપેક્ષા અસંયમ, ૧૩. અપ્રમાર્જના અસંયમ, ૧૪. પારિષ્ઠાપનિકા અસંયમ, ૧૫. મન, ૧૬. વચન અને ૧૭. કાયાના યોગનો અસંયમ- જિન મતને વિષે આ સત્તર ભેદ અસંયમના કહેલા છે. એટલે કે પૃથ્વીકાયાદિકની રક્ષા ન કરે તો તે રૂપ અસંયમ કહેવાય છે, એમ દરેક બાબતમાં યોગ્ય રીતે સમજવું. ૩૬૭-૩૬૮.

## ૨૩૬ સત્તર પ્રકારે સંયમ

**पंचासववेरमणं[5], पंचिंदियनिग्गहो[5] कसायचऊ[4] ।**
**दंडगतियनिग्गहणे[3], सत्तरसया संयमो होइ ॥३६९॥**

૫ પ્રાણાતિપાતાદિક પાંચ આશ્રવથી વિરમવું. ૫. પાંચ ઈંદ્રિયોનો નિગ્રહ કરવો ૪. ચાર કષાયનો ત્યાગ કરવો, તથા મનદંડ, વચનદંડ અને કાયદંડ એ ત્રણ દંડનો નિગ્રહ કરવો - એ સત્તર પ્રકારે સંયમ છે. ૩૬૯.

## ૨૩૭ અઢાર ભાવ રાશિ

**तिरिया मणुआ काया, तह अग्गबीया य चुक्कगा चउरो ।**
**देवा य नेरइया, अट्ठारस भावरासीओ ।।३७०।।**

તિર્યંચ સંબંધી ૪ (બેઈંદ્રિય ૧, તેઈંદ્રિય ૨, ચઉરિંદ્રિય ૩ અને પંચેંદ્રિય ૪) મનુષ્ય સંબંધી ૪ - (સંમૂચ્છિમ ૧, કર્મભૂમિના ૨, અકર્મ ભૂમિના ૩ અને અંતરદ્વીપના ૪) કાયસંબંધી ૪ - (પૃથ્વીકાય ૧, અપ્કાય ૨, તેઉકાય ૩ અને વાયુકાય ૪), વનસ્પતિ સંબંધી ૪ - (અગ્રબીજ ૧, મૂળબીજ ૨, સ્કંધ બીજ ૩ અને પર્વ બીજ ૪) એ સર્વ મળીને સોળ તથા દેવ ૧ અને નારકી ૧ મળી અઢાર ભાવરાશિ જાણવી. ૩૭૦.

## ૨૩૮ તીર્થંકર નામકર્મ બાંધવાના વીશ સ્થાનો.

**अरिहंत[१] सिद्ध[२] पववण[३],**
**गुरु[४] थेर[५] बहुस्सुए[६] तवस्सीस[७] ।**
**वच्छलया य एसिं, भिक्खं नाणोवओगो अ[८] ।।३७१।।**
**दंसण[९] विणए[१०] आवस्सए[११],**
**सीलवय[१२] साहुवावारो[१३] ।**
**खणलवतव[१४] च्चियाए[१५],**
**वेयावच्चं[१६] समाही[१७] य ।।३७२।।**
**अपुव्वनाणग्गहणं[१८],**
**सुअभत्ती[१९] पवयणे पभावणया[२०] ।**
**एएहिं कारणेहिं, तित्थयरत्तं लहइ जीवो ।।३७३।।**

૧. અરિહંત, ૨. સિદ્ધ, ૩. પ્રવચન (જૈનશાસન), ૪. ગુરૂ (આચાર્ય), ૫. સ્થવિર, ૬. બહુશ્રુત (ઉપાધ્યાય) અને ૭. તપસ્વી (સર્વ સાધુ) આ સાતની વત્સલતા - સેવાભક્તિ કરવી. ૮. નિરંતર જ્ઞાનનો ઉપયોગ રાખવો, ૯. દર્શન - સમકિતનું આરાધન કરવું, ૧૦. દશ પ્રકારે વિનય કરવો, ૧૧. છ આવશ્યક કરવાં, ૧૨. શીલવ્રત અખંડ પાળવું, ૧૩. સાધુ વ્યાપાર એટલે ક્રિયા કરવી, ૧૪. ક્ષણલવ એટલે અનેક પ્રકારનો તપ કરવો, ૧૫. ગૌતમ પદની પૂજા કરવી, ૧૬. વૈયાવચ્ચ કરવી, ૧૭. સમાધિ-ચિત્તની એકાગ્રતા રાખવી, ૧૮. અપૂર્વ-નવું નવું જ્ઞાન દરરોજ ગ્રહણ કરવું, ૧૯. શ્રુતની ભક્તિ કરવી તથા ૨૦. પ્રવચનની - સંઘની પ્રભાવના કરવી - આ વીશ કારણો (સ્થાનો) વડે જીવ તીર્થંકરપણાને પામે છે. ૩૭૧-૩૭૨-૩૩.

## ૨૩૯ ક્યા તીર્થંકરે કેટલાં સ્થાનો આરાધ્યાં હતાં ?

**पढमेण पच्छिमेण य, एए सव्वे हि (वि) फासिया ठाणा ।**
**मज्झिमगेहि जिणेहिं, एगो दो तिन्नि सव्वे वि ।।३७४।।**

પહેલા ઋષભદેવ તીર્થંકરે અને છેલ્લા વર્ધમાન સ્વામીએ આ સર્વે (વીશે) સ્થાનો સ્પર્શ્યા (આરાધ્યા) હતા; મધ્યમના બાવીશ જિનેશ્વરોએ કોઇએ એક, કોઇએ બે, કોઇએ ત્રણ અને કોઇએ સર્વ સ્થાનો આરાધ્યા હતા. ૩૭૪.

## ૨૪૦ વીશ પ્રકારનો અવિનય

**दवदवचारु[१] पमज्जिय खित्तसिज्जआसणए[७] ।**
**रायणिए परिभासई[८], थेरे[९] भूओवधाई[१०] य ।।३७५।।**
**संजलण कोहणे[११] पिट्ठ-मंसओ अभिक्खमोधारी[१२] ।**
**अहिकरणकरो[१३] उदीरण[१४], अकालसज्झायकारी य[१५] ।।३७६।।**
**अपमज्जपाणिपाए[१६], सद्दकरो[१७] कलह[१८] झंझकारी[१९] य ।**
**सूरप्पमाणभोई[२०], वीस इमे अविणया समए ।।३७७।।**

૧. ધબધબ ચાલે, ૨. ક્ષેત્રનું અપ્રમાર્જન કરે, ૩. ક્ષેત્રનું દુષ્પ્રમાર્જન કરે, ૪. શય્યા (વસતિ)નું અપ્રમાર્જન કરે, ૫. શય્યાનું દુષ્પ્રમાર્જન કરે, ૬. આસનનું અપ્રમાર્જન કરે, ૭. આસનનું દુષ્પ્રમાર્જન કરે, ૮. રત્નાધિકની સામું બોલે, ૯. સ્થવિરની સામું બોલે, ૧૦. ભૂત (પ્રાણી)નો ઉપઘાત કરે, ૧૧. સંજ્વલન ક્રોધ કરે, ૧૨. નિરંતર પૃષ્ઠમાંસ ખાય એટલે વારંવાર પાછળથી નિંદા કરે, ૧૩. ક્રોધાદિકને અધિકરણરૂપ કરે, ૧૪. અન્યના ક્રોધાદિકની ઉદીરણા કરે, ૧૫. અકાળે સ્વાધ્યાય કરે, ૧૬. સચિત્ત રજથી ખરડાયેલા હાથ પગ ન પ્રમાર્જે, ૧૭. મોટેથી શબ્દ કરે (રાડો પાડે), ૧૮. કલહ કરે, ૧૯. ઝગડો કરે, તથા ૨૦. સૂર્ય હોય ત્યાં સુધી (અસ્ત થતા સુધી) ભોજન કરે - આ વીશ અવિનય સિદ્ધાંતમાં કહ્યા છે. તે મુનિએ તજવા યોગ્ય છે. ૩૭૫-૩૭૬-૩૭૭.

## ૨૪૧ ચોવીશ દંડક

**नेरइया[१] असुराई[११], पुढवाइ[१६] बेंदियाय तह विगला[१९] ।**
**पंचिंदियतिरिय[२०] नरा[२१], वंतर[२२] जोईस[२३] वेमाणी[२७] ।।३७८।।**

સાતે નારકીનો એક દંડક ૧, અસુર કુમાર વિગેરે ભવનપતિની દશ નીકાયના દશ દંડક ૧૧, પૃથ્વીકાયાદિક પાંચના પાંચ દંડક ૧૬, બેઇન્દ્રિયાદિક વિકલેંદ્રિયના ત્રણ દંડક ૧૯, પંચેન્દ્રિય તિર્યંચ ૨૦, મનુષ્ય ૨૧, વ્યંતર ૨૨, જ્યોતિષી ૨૩ અને વૈમાનિક દેવ ૨૪ - એ પાંચેનો એકેક દંડક - આ પ્રમાણે ચોવીશ દંડકો કહેલા છે. ૩૭૮.

## ૨૪૨ મુહપત્તીની પડિલેહણાના પચીશ તથા કાયાની પડિલેહણાના પચીશ કુલ પચાસ બોલ

**दिट्ठिपडिलेह एगा, नव अक्खोडा नव य पक्खोडा ।**
**पुरिमिल्ला छच्च भवे, मुहपत्ति होइ पणवीसा ।।३७९।।**
**पायाहिणेण तियतिय, वामेयर बाहु सीसमुहहियए ।**
**अंसुड्ढाउपिट्ठे, चउ छप्पय देह पणवीसा ।।३८०।।**

એક દૃષ્ટિ પડિલેહણા, નવ અખ્ખોડા, નવ પખ્ખોડા અને છ પ્રથમ ઉર્દ્ધ્વપખ્ખોડા મળી મુહપત્તિના પચીશ બોલ કહ્યા છે. તે આ પ્રમાણે – ''સૂત્ર અર્થ તત્વ કરી સદ્દહું' એ દૃષ્ટિ પડિલેહણા ૧, 'સમકિતમોહની ૨, મિશ્રમોહની ૩, મિથ્યાત્વમોહની ૪ પરિહરૂં, 'કામરાગ ૫ સ્નેહરાગ ૬ દૃષ્ટિરાગ ૭ પરિહરૂં' – આ છ ઉર્દ્ધ્વપખ્ખોડા સમજવા, હવે હાથ ઉપર–સુદેવ ૧, સુગુરૂ ૨, સુધર્મ ૩ આદરૂં (૧૦), કુદેવ ૧, કુગુરૂ ૨, કુધર્મ ૩ પરિહરૂં (૧૩, જ્ઞાન ૧, દર્શન ૨, ચારિત્ર ૩ આદરૂં (૧૬), જ્ઞાનવિરાધના ૧, દર્શનવિરાધના ૨, ચારિત્ર વિરાધના ૩ પરિહરૂં (૧૯), મનગુપ્તિ ૧, વચનગુપ્તિ ૨, કાયગુપ્તિ ૩ આદરૂં (૨૨), મનદંડ૧, વચનદંડ ૨, કાયદંડ ૩ પરિહરૂં (૨૫) એ – ૧૮ અખોડા પખોડા ડાબા હાથની હથેળીમાં કરવાના છે. કુલ ૨૫ મુહપત્તિની પડિલેહણા જાણવી.

હવે કાયાની પચીશ પડિલેહણા કહે છે – ડાબા હાથ ઉપર પ્રદક્ષિણાની રીતે 'હાસ્ય, રતિ, અરતિ પરિહરૂં (૩), જમણા હાથ ઉપર પ્રદક્ષિણાની રીતે 'ભય, શોક, દુગંચા પરિહરૂં (૬), મસ્તકે 'કૃષ્ણ–લેશ્યા, નીલલેશ્યા, કાપોતલેશ્યા પરિહરૂં (૯), મુખે 'રસગારવ, ઋદ્ધિ ગારવ, સાતાગારવ પરિહરૂં (૧૨), હૃદયે 'માયાશલ્ય, નિયાણશલ્ય, મિથ્યાત્વશલ્ય, પરિહરૂં (૧૫) ડાબી બાહુ ઉપર ખભે ને પછવાડે 'ક્રોધ, માન પરિહરૂં (૧૭), જમણી બાહુ ઉપર ખભે અને પછવાડે 'માયા, લોભ પરિહરૂં (૧૯) ડાબે પગે 'પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાયની રક્ષા કરૂં (૨૨), જમણે પગે 'વાયુકાય, વનસ્પતિકાય, ત્રસકાયની રક્ષા કરૂં (૨૫) – આ પચીશ કાયાની પડિલેહણા જાણવી. (બન્ને મળીને કુલ ૫૦ પડિલેહણા સમજવી.) ૩૭૯-૩૮૦.

## ૨૪૩ જિનકલ્પીની બાર પ્રકરની ઉપધિ

पत्तं[१] पत्ताबंधो[२], पायट्ठवणं[३] च पायकेसरिया[४] ।<br>
पडला[५] य रयत्ताणं[६], गुच्छाओ[७] पायनिज्जोगो ॥३८१॥<br>
तिन्नेव य पच्छागा[१०], रयहरणं[११] चेव होइ मुहपत्ती[१२] ।<br>
एसो दुवालसविही (हो), जहन्नियराणं जिणाणं तु ॥३८२॥

૧. પાત્ર, ૨. પાત્રબંધ (ઝોળી), ૩. પાત્રસ્થાપન (હેઠલનો ગુચ્છો), ૪. પાત્રકેસરીયા (ચરવળી), ૫. પડલા (ઝોળી ઢાંકવાના), ૬. રજસ્ત્રાણ (અંતર વસ્ત્ર) અને ૭. ગોચ્છા (ઉપર ઢાંકવાનું) - એ સાત પ્રકારનો પાત્ર નિયોગ - પાત્રના ઉપકરણો કહેવાય છે. તે ઉપરાંત ત્રણ પ્રચ્છદાન (એક ઊનનું અને બે સુતરના કપડા) ૧૦, એક રજોહરણ ૧૧ અને એક મુખવસ્ત્રિકા ૧૨ - આ બાર પ્રકારની ઉપધિ જઘન્યથી ઈતર એટલે હસ્તપાત્રની કે વસ્ત્રની લબ્ધિ વિનાના જિનકલ્પીને હોય છે. તેવી લબ્ધિવાળાને ઓછામાં ઓછી (જઘન્ય) મુહપત્તિને રજોહરણ એ બે પ્રકારની ઉપધિ જ હોય છે. ૩૮૧-૩૮૨.

## ૨૪૪ પાંચમા આરામાં મનુષ્યાદિકનું ઉત્કૃષ્ટ આયુષ્ય

**वाससयंमि सवीसं, सपंचदिणमाउ मणुअहत्थीणं ।**
**चउवीसवासमाउं, गोमहिसीण सएगदिणं ॥३८३॥**
**बत्तीसं तुरयाणं, सोलस पसु एलगाण वरिसाणं ।**
**बारस सम सुणगाणं, खरकरहाणं तु बत्तीसं ॥३८४॥**

મનુષ્ય અને હાથીનું ઉત્કૃષ્ટ આયુષ્ય એકસો વીશ વર્ષ અને પાંચ દિવસનું હોય છે, ગાય ભેંસનું ચોવીશ વર્ષ અને એક દિવસનું હોય છે, ઘોડાઓનું ઉત્કૃષ્ટ આયુષ્ય બત્રીશ વર્ષનું હોય છે, બકરા વિગેરે પશુનું સોળ વર્ષનું હોય છે, કુતરાઓનું બાર વર્ષનું અને ગધેડા તથા ઉંટનું ઉત્કૃષ્ટ આયુષ્ય બત્રીશ વર્ષનું હોય છે. ૩૮૩-૩૮૪.

## ૨૪૫ મનુષ્યાદિકનું જઘન્ય આયુષ્ય

**एवं उक्कोसेणं, अंतमुहुत्तं जहन्न सव्वेसिं ।**
**एवं भवम्मि भमिया, अणंतसो सव्वजोणीसु ॥३८५॥**

આ પ્રમાણે ઉત્કૃષ્ટ આયુષ્ય સમજવું. તે સર્વ મનુષ્યાદિકનું જઘન્ય આયુષ્ય અંતર્મુહૂર્તનું

જાણવું. આ પ્રમાણે ભવ (સંસાર)માં સર્વ જીવો સર્વ યોનિઓને વિષે અનંતવાર ભમ્યા છે. ૩૮૫.

## ૨૪૯ અઠ્ઠાવીશ લબ્ધિઓના નામ

**आमोसही[1] विप्पोसही[2], खेलोसही[3] जल्लमोसही[4] चेव ।**
**सव्वोसही[5] संभिन्ने[6], ओही[7] रिउ[8] विउल[9] मई लद्धी ।।३८६।।**
**चारण[10] आसीविस[11], केवली[12] य गणधारिणो[13] य पुव्वधरा[14]।**
**अरिहंत[15] चक्कवट्टी[16], बलदेवा[17] वासुदेवा[18] य ।।३८७।।**
**खीरामहुसप्पियासव[19], कोट्ठबुद्धी[20] पयाणुसारी[21] य ।**
**तह बीयबुद्धि[22] तेयग[23], आहारग[24] सीयलेसा[25] य ।।३८८।।**
**वेउव्वियदेहलद्धी[26], अखीणमहाणसी[27] पुलागा[28] य ।**
**परिणामतववसेणं,इमाइं अडवीस लद्धीओ ।।३८९।।**

૧. આમર્શૌષધિ, ૨. વિપ્રુષૌષધિ (લઘુનીતિ), ૩. ખેલૌષધિ (કફશ્લેષ્મ), ૪. જલ્લૌષધિ (મેલ), ૫. સર્વૌષધિ, ૬. સંભિન્નશ્રોત , ૭. અવધિજ્ઞાન, ૮. ઋજુમતિ, ૯. વિપુલમતિ લબ્ધિ, ૧૦. ચારણ , ૧૧. આશીવિષ, ૧૨. કેવળજ્ઞાન, ૧૩. ગણધર, ૧૪. પૂર્વધર, ૧૫. તીર્થંકર, ૧૬. ચક્રવર્તી, ૧૭. બળદેવ, ૧૮ .વાસુદેવ, ૧૯. ક્ષીરાશ્રવ મધ્યાશ્રવ, ૨૦. કોષ્ઠ બુદ્ધિ, ૨૧. પદાનુસારી, ૨૨. બીજબુદ્ધિ, ૨૩. તેજોલેશ્યા, ૨૪. આહારક શરીર, ૨૫. શીતલેશ્યા, ૨૬. વૈક્રિય શરીર લબ્ધિ, ૨૭. અક્ષીણ મહાનસી તથા ૨૮. પુલાક લબ્ધિ – આ અઠ્ઠાવીશ લબ્ધિઓ પરિણામ વિશેષ અને તપ વિશેષના વશથી પ્રાપ્ત થાય છે. ૩૮૬-૩૮૯.

આ લબ્ધિઓનું વર્ણન નીચે પ્રમાણે :-

# ૨૮ લબ્ધિઓનું વર્ણન

૧ જે મુનિના હાથ પગ વિગેરેના સ્પર્શથી સર્વ રોગ જાય તે આમર્ષ ઔષધિ લબ્ધિ.

૨ જે મુનિના મળ મૂત્રે કરી સર્વ રોગ જાય તે વિપ્રુષ્ ઔષધિ લબ્ધિ.

૩ જે મુનિના શ્લેષ્મ ઔષધિરૂપ હોય તે ખેલૌષધિ લબ્ધિ.

૪ જે મુનિના શરીરનો પ્રસ્વેદ ઔષધિરૂપ હોય તે જલૌષધિ લબ્ધિ.

૫ જે મુનિના કેશ રોમ નખાદિક સર્વ ઔષધિરૂપ હોય - સર્વ પ્રકારના વ્યાધિ નિવારવા સમર્થ હોય અને સુગંધી હોય તે સર્વૌષધિ લબ્ધિ.

૬ જે મુનિને એક સાથે બધી ઇંદ્રિયો વડે સાંભળવાની શક્તિ હોય અથવા એકેક ઇંદ્રિયોથી પાંચે ઇંદ્રિયોના વિષયો જાણવાની શક્તિ હોય અથવા બાર યોજનમાં પડેલા ચક્રવર્તીના સૈન્યમાં સર્વ વાજીંત્રો એક સાથે વાગે ત્યારે તેમાંના સર્વ વાજીંત્રોના શબ્દો જુદા જુદા જાણવાની શક્તિ હોય તે સંભિન્નશ્રોત લબ્ધિ.

૭ અવધિજ્ઞાન પ્રાપ્ત થવું, જેથી રૂપી દ્રવ્યો આત્મા વડે સાક્ષાત્ જોવાની શક્તિ પ્રાપ્ત થાય તે અવધિજ્ઞાન લબ્ધિ.

૮ જે મનઃપર્યવજ્ઞાન વડે અન્યના મનમાં કરેલા વિચારોને સામાન્યપણે જાણવાની શક્તિ તે ઋજુમતિ મનઃપર્યવલબ્ધિ.

૯ જે મનઃપર્યવ જ્ઞાન વડે અઢી દ્વીપમાં રહેલા સંજ્ઞી પંચેન્દ્રિય જીવોએ મનમાં કરેલા વિચારોને વિશેષપણે જાણવાની શક્તિ તે વિપુલમતિ મનઃપર્યવજ્ઞાન લબ્ધિ.

૧૦ ચારણલબ્ધિ બે પ્રકારે - જંઘાચરણ ને વિદ્યાચારણ. જે લબ્ધિ વડે આકાશગમન કરવાની શક્તિ મુનિને પ્રાપ્ત થાય તે ચારણ લબ્ધિ.

૧૧ જેની દાઢમાં વિષ હોય અને જેના ડંશ વડે અન્ય જીવ મૃત્યુ પામે તે આશીવિષલબ્ધિ - આ લબ્ધિનો પ્રયોગ સર્પાદિકના રૂપે થાય છે.

૧૨ જેના વડે લોકાલોકનું સ્વરૂપ જણાય તે કેવળજ્ઞાન લબ્ધિ.

૧૩ જેના વડે ગણધરપણું પ્રાપ્ત થાય તે ગણધર લબ્ધિ.

૧૪ ચૌદ પૂર્વધરને શ્રુતજ્ઞાન વડે થયેલી લબ્ધિ તે પૂર્વધર લબ્ધિ.

૧૫ જેના વડે તીર્થંકરની સમવસરણાદિક ઋદ્ધિ વિકુર્વી શકે તે તીર્થંકરતુલ્ય લબ્ધિ અથવા તીર્થંકરને તીર્થંકરપણાની લબ્ધિ.

૧૬ જેના વડે ચક્રવર્તીની ઋદ્ધિ ચૌદ રત્નાદિ વિકુર્વી શકે તે ચક્રવર્તી તુલ્ય લબ્ધિ અથવા ચક્રવર્તીને ચક્રવર્તીપણાની લબ્ધિ.

૧૭ જેના વડે બળદેવ જેટલી ઋદ્ધિ વિકુર્વી શકે તે બળદેવ જેવી લબ્ધિ અથવા બળદેવને બળદેવપણાની લબ્ધિ.

૧૮ જેના વડે વાસુદેવ જેટલી ઋદ્ધિ વિકુર્વી શકે તે વાસુદેવ જેવી લબ્ધિ અથવા વાસુદેવને વાસુદેવપણાની લબ્ધિ.

૧૯ જેની વાણીમાં દુધ સાકર વિગેરે કરતાં પણ વધારે મીઠાશ પ્રાપ્ત થાય તે ક્ષીરાશ્રવ, મધ્યાશ્રવ, ઘૃતાશ્રવ તથા ઇક્ષુરસાશ્રવ લબ્ધિ.

૨૦. જે મુનિના કોઠામાંથી સર્વ સૂત્રાર્થ ભરેલા નિધાનની જેમ નીકળી શકે – નીકળ્યા જ કરે અથવા કોઠારમાંથી અન્ન નીકળ્યા કરે તેમ નીકળે તે કોષ્ઠબુદ્ધિ લબ્ધિ.

૨૧. પદાનુસારિણી લબ્ધિ – શાસ્ત્રનું એક પદ સાંભળવાથી સર્વ પદનો આખા શાસ્ત્રનો બોધ થાય તે. તેના ત્રણ પ્રકાર છે. પ્રારંભનું પદ અથવા તેનો અર્થ સાંભળવાથી આખા શાસ્ત્રનો બોધ થવો તે અનુશ્રુત પદાનુસારિણી, અંતનું પદ અથવા તેનો અર્થ સાંભળવાથી પ્રારંભથી આખા ગ્રંથનો બોધ થવો તે પ્રતિકૂળ પદાનુસારિણી અને મધ્યનું ગમે તે પદ કે તેનો અર્થ સાંભળવાથી આખા શાસ્ત્રનો બોધ થવો તે ઉભય પદાનુસારિણી લબ્ધિ.

૨૨ જ્ઞાનાવરણીયાદિક કર્મના ક્ષયોપશમના અતિશયપણાથી એક અર્થરૂપ બીજનું જાણપણું થવાથી અનેક અર્થરૂપી બીજોનું જાણપણું જે થાય તે બીજબુદ્ધિ લબ્ધિ.

૨૩ ક્રોધના અતિશયપણાથી શત્રુ વિગેરેને સહજમાં બાળી દેવાની શક્તિ તે તેજોલેશ્યા લબ્ધિ.

૨૪ આહારક શરીર કરવાની શક્તિ તે આહારક લબ્ધિ.

૨૫ તેજોલેશ્યાના નિવારણ માટે શીત મૂકવાની શક્તિ તે શીતલેશ્યા લબ્ધિ.

૨૬ વિષ્ણુકુમારાદિકની જેમ યાવત્ લાખ યોજનનું શરીર વિકુર્વવાની શક્તિ તે વૈક્રિય લબ્ધિ. તેના અણુત્વ મહત્વાદિ અનેક પ્રકાર છે.

૨૭ અંતરાય કર્મના ક્ષયોપશમથી ભિક્ષા વડે લાવેલું અન્ન મુનિ પોતે આહાર કર્યા અગાઉ ગમે તેટલાને આપે – જમાડે તો પણ ખુટે નહીં તે અક્ષીણ મહાનસી લબ્ધિ. ગૌતમસ્વામીની જેમ.

૨૮ જે શક્તિ વડે મુનિ જૈન શાસનને અર્થે ચક્રવર્તીની સેનાને ચૂરી નાખવી હોય તો પણ ચૂરી શકે એવી લબ્ધિ તે પુલાક લબ્ધિ.

## ૨૪૭ અરિહંતના સમયમાં શું શું વિશેષ હોય ?

**अरिहंत समय बादर, विज्झ अग्गी बलाहगा थणिया ।**
**आगर दह नईओ, उवराग निसि वुड्ढि अयणं च ।।३९०।।**

અરિહંતના સમયમાં એટલે ભરત ઐરવતની અપેક્ષાએ તીર્થંકર થાય ત્યારથી બાદર અગ્નિ, વીજળી, બલાહક (મેઘ), સ્તનિત (ગર્જારવ), આકર (ખાણ)નું ખોદવું, દ્રહો બનાવવા અને નવી નદીઓનું વહેવું, ચંદ્ર સૂર્યનું ગ્રહણ, રાત્રિની વૃદ્ધિ અને ઉપલક્ષણની હાનિ તેમજ દક્ષિણાયન ને ઉત્તરાયન – આટલા વાના હોય છે. યુગળિયાના સમયમાં કલ્પવૃક્ષોનું સતત આચ્છાદન હોવાથી એટલા વાના હોતા નથી. તેમજ તેમાંના રાત્રિની વૃદ્ધિ હાનિ, અયન, ગ્રહણ વિગેરે ત્યાંના મનુષ્યોને જણાતા નથી. ૩૯૦.

## ૨૪૮ ચૌદ ગુણસ્થાનનાં નામ

**मिच्छे[१] सासण[२] मीसे[३], अविरय[४] देसे[५] पमत्त[६] अपमत्ते[७] ।**
**नियट्टी[८] अनियट्टी[९], सुहुम[१०] वसम[११] खीण[१२] सजोगी[१३] अजोगी[१४] गुणा ।।३९१।।**

૧. મિથ્યાત્વ ગુણસ્થાન, ૨. સાસ્વાદન, ૩. મિશ્ર, ૪. અવિરત સમ્યગ્ દૃષ્ટિ, ૫. દેશવિરતિ, ૬. પ્રમત્ત (સર્વ વિરતિ), ૭. અપ્રમત્ત, ૮. નિવૃત્તિ બાદર, ૯. અનિવૃત્તિ બાદર, ૧૦. સૂક્ષ્મ સંપરાય, ૧૧. ઉપશાંત મોહ, ૧૨. ક્ષીણ મોહ, ૧૩. સયોગી કેવળી અને ૧૪. અયોગી કેવળી – આ ચૌદ ગુણસ્થાનકો છે. ૩૯૧. (એનું વિશેષ સ્વરૂપ કર્મગ્રંથાદિકથી જાણવું.)

## ૨૪૯ એકેંદ્રિયમાં ગયા પછી દેવોને થતું દુઃખ

**एगिंदित्तणे जे देवा, चवंति तेसिं पमाणसो थोवा ।**
**कत्तो मे मणुअभवो, इय चिंतंतो सुरो दुहिओ ।।३९२।।**

જે દેવો ચ્યવીને એકેંદ્રિયપણે ઉત્પન્ન થાય છે તેઓનું પ્રમાણ ઘણું થોડું હોય છે. (તેવા જીવો ઘણા થોડા હોય છે.) પરંતુ તેઓ એકેંદ્રિયમાં ઉપજ્યા પછી 'મને હવે મનુષ્ય ભવ ક્યારે મળશે?' એમ વિચારતા અતિ દુઃખી થાય છે. ૩૯૨.

## ૨૫૦ વનસ્પતિનું અચિત્તપણું ક્યારે થાય છે ?

**पत्तं पुप्फं हरियं, अबंधबीयं च जं फली होइ ।**
**बिंटं मिलाणंमि य, नियमाउ होइ अच्चित्तं ।।३९३।।**

પત્ર, પુષ્પ, હરિત (તૃણ) તથા બીજ બંધાયા વિનાની જે કળી હોય તે સર્વનું બિંટ (ડિંટ) જ્યારે મ્લાન થાય છે ત્યારે તે નિશ્ચે અચિત્ત થઇ ગયેલ હોય છે એમ સમજવું. ૩૯૩.

## ૨૫૧ પાંચ પ્રકારના ચારિત્રના નામ

**सामाइयत्थ पढमं, छेओवट्ठावणं भवे बीयं ।**
**परिहारविसुद्धीयं, सुहुमं तह संपरायं च ।।३९४।।**
**तत्तो अ अहक्खायं, खायं सव्वम्मि जीवलोगम्मि ।**
**जं चरिऊण सुविहिया, वच्चंति अयरामरं ठाणं ।।३९५।।**

૧. પહેલું સામાયિક ચારિત્ર, ૨. બીજું છેદોપસ્થાપનીય ચારિત્ર છે , ૩. પરિહાર વિશુદ્ધિ ચારિત્ર, તથા ૪. સૂક્ષ્મ સંપરાય ચારિત્ર, ૫. ત્યાર પછી યથાખ્યાત ચારિત્ર એ સર્વ જીવલોકને વિષે પ્રસિદ્ધ છે, કે જેનું આચરણ કરીને સુવિહિત સાધુઓ અજરામર (મોક્ષ) સ્થાનને પામે છે. ૩૯૪-૩૯૫.

## ૨૫૨ નપુંસક સંબંધી

**पंडए वाइए कीबे, कुंभी सालुइतीसऊणी ।**
**तक्कामसेवय पक्खिया, परिकप्पिइय सोगंधिइय आसत्ता ।।३९६।।**

(આ ગાથાનો અર્થ અસલ પ્રતમાં લખેલ નથી, તેમ બરાબર સમજાતો પણ નથી તેથી અહીં લખેલ નથી.)

## ૨૫૩ નપુંસકના લક્ષણ

**महिलासहावो[१] सरवन्नभेओ[२], मोहो महंतो[३] महुया च वाणी[४] ।**
**ससद्दयं मुत्त[५] मफेणयं च[६], एयाणि छ पंडगलक्खणाणि ।।३१७।।**

૧. સ્ત્રી જેવો સ્વભાવ, ૨. સ્વર અને વર્ણનો ભેદ, ૩. અત્યંત મોહ, ૪. મધુર (મૃદુ) વાણી, ૫. શબ્દ સહિત લઘુનીતિ તથા ૬. લઘુનીતિમાં ફીણ ન હોય - આ છ લક્ષણો નપુંસકને હોય છે. ૩૯૭.

## ૨૫૪ ગળીવાળા વસ્ત્રના સંગથી થતી જીવોત્પત્તિ

**नीलीरंगियवत्थं, मणुयसेदेण होइ तक्कालं ।**
**कुंथु तसा य निगोया, उप्पज्जंती बहू जीया ।।३१८।।**

નીલી (ગળી)થી રંગેલું વસ્ત્ર મનુષ્યના સ્વેદ (પરેસવા) વડે વ્યાપ્ત થાય કે તરત જ તેમાં કુંથુ, ત્રસ અને નિગોદના ઘણા, જીવો ઉત્પન્ન થાય છે. ૩૯૮. (અહીં નિગોદના જીવો એટલે સંમુચ્છિમ પંચેન્દ્રિય જીવો હોવા સંભવ છે.)

**गुलिएण वत्थेण मणुस्सदेहे, पंचिंदिया तंमि निगोय जीवा ।**
**जीवाण उप्पत्तिविणाससंगे, भणइ जिणो पन्नवणाउवंगे ।।३१९।।**

ગળી વડે રંગેલા વસ્ત્રથી મનુષ્યના શરીરમાં પંચેન્દ્રિય તથા નિગોદના જીવો ઉત્પન્ન થાય છે. તેમાં જીવોની ઉત્પત્તિ અને વિનાશનો સંગમ જિનેશ્વરે શ્રી પન્નવણા ઉપાંગમાં કહ્યો છે. ૩૯૯. (અહીં પણ નિગોદ શબ્દે સૂક્ષ્મનિગોદ સમજવા નહીં)

**वालग्गकोडिसरिसा, उरपरिसप्पा गुलियमज्झम्मि ।**
**संमुच्छंति अणेगा, दुप्पेच्छा चरमचक्खूणं ॥४००॥**

ગળીના રંગમાં વાળના અગ્રભાગની અણી જેવડા અનેક ઉરપરિસર્પો સંમૂર્છિમપણે ઉત્પન્ન થાય છે, તે ચર્મચક્ષુથી જોઈ શકાય નહીં એવા સૂક્ષ્મ હોય છે. ૪૦૦. (આ ત્રણ ગાથામાં બતાવેલા કારણોથી ગળીવાળું વસ્ત્ર વાપરવું નહીં.)

## ૨૫૫ અભવ્ય જીવોને ન પ્રાપ્ત થાય તેવા સ્થાનો

**काले सुपत्तदाणं[१], सम्मत्तविसुद्धि[२] बोहिलाभं[३] च ।**
**अंते समाहिमरणं[४], अभव्वजीवा न पावंति ॥४०१॥**

૧. અવસરે (યોગ્યકાળે) સુપાત્રને દાન આપવું તે, ૨. સમકિતની વિશુદ્ધિ, ૩. બોધિનો લાભ (પ્રાપ્તિ) અને ૪. છેવટ સમાધિ મરણ – આ ચાર સ્થાનો અભવ્ય જીવો પામતા નથી. ૪૦૧.

## ૨૫૬ સાત કુલકરનાં નામ

**पढमित्थ विमलवाहण[१], चक्खू[२] जसमं[३] चउत्थमभिचंदे[४] ।**
**तत्तो पसेणजिय[५], मरुदेवो[६] चेव नाभी[७] य ॥४०२॥**

આ ભરત ક્ષેત્રમાં પહેલા ૧. વિમલવાહન, ૨. ચક્ષુષ્માન, ૩. યશસ્વાન, ૪. ચોથા અભિચંદ્ર, ત્યાર પછી ૫. પ્રસેનજિત, ૬. મરૂદેવ અને છેલ્લો ૭. નાભિ – આ પ્રમાણે અનુક્રમે સાત કુલકર થયા છે. ૪૦૨.

## ૨૫૭ સાત કુલકરની પત્નીઓનાં નામ

**चंदजसा[१] चंदकंता[२], सुरूव[३] पडिरूव[४] चक्खुकंता[५] य ।**
**सिरिकंता[६] मरुदेवी[७], कुलगरपत्तीण नामाइं ॥४०३॥**

૧. ચંદ્રયશા, ૨. ચંદ્રકાંતા, ૩. સુરૂપા, ૪. પ્રતિરૂપા, ૫. ચક્ષુઃકાંતા, ૬. શ્રીકાંતા અને ૭. મરૂદેવી. - આ સાત અનુક્રમે સાત કુલકરની પત્નીઓનાં નામ જાણવા. ૪૦૩.

## ૨૫૮ દ્વિદલ (વિદળ)નું લક્ષણ

**जम्मि य पीलिज्जंते, जं होइ नहो य तं विदलं ।**
**विदले वि हु निप्पफन्नं, ते हु न जहाय तो विदलं ।।४०४।।**

જે ઘંટી વિગેરે યંત્રમાં પીલાતાં જેમાં નખીયા હોય તે દ્વિદળ કહેવાય છે, તેના બે દળ નીપજ્યા તો પણ તેમાંથી નખીયા ન ગયા તેથી તે દ્વિદળ કહેવાય છે. ૪૦૪.

## ૨૫૯ મહાવિદેહ ક્ષેત્રના સાધુના આહારનું માન

**बत्तीसं कवलाहारो, बत्तीसं तत्थ मूडया कवलो ।**
**एगो मूडसहस्सो, चउवीसाए समहिओ य ।।४०५।।**

મહાવિદેહ ક્ષેત્રમાં રહેલા સાધુઓને પણ બત્રીશ કવળનો આહાર હોય છે. તેમનો બત્રીશ મુડાનો એક કવળ થાય છે. તેથી બત્રીશ કવળનું પ્રમાણ બત્રીશને બત્રીશે ગુણવાથી એક હજાર અને ચોવીશ મુડા થાય છે. એટલો એક સાધુને એક વખતનો આહાર હોય છે. ૪૦૫. (અહીં મુડાનું માપ કેવડું ગણાય છે તે સમજવામાં નથી.)

## ૨૬૦ મહાવિદેહના સાધુઓના મુખનું તથા પાત્રનું પ્રમાણ

**रयणीओ पन्नासं, विदेहवासम्मि वयणपरिमाणं ।**
**पत्ततलस्स पमाणं, सत्तरधणुहाइ दीहं तु ।।४०६।।**

મહાવિદેહ ક્ષેત્રને વિષે સાધુના મુખનું પ્રમાણ પચાસ હાથનું છે, તેના પાત્રના તળીયાનું પ્રમાણ સત્તર ધનુષ દીર્ઘ (લાંબું) હોય છે. ૪૦૬. (આ પ્રમાણ ઉત્સેધાંગુળે સમજવું. આપણા કરતાં ૫૦૦ ગણું સુમારે હોવાથી તે ઘટી શકે છે.)

## ૨૯૧ મહાવિદેહના સાધુની મુખવસ્ત્રિકાનું પ્રમાણ

**मुहणंतएण तेसिं, सट्ठिसहस्सा य एग लक्खा य ।**
**भरहस्स य साहूणं, एयं मुहणंतयं माणं ।।४०७।।**

તે મહાવિદેહ ક્ષેત્રના સાધુની એક મુખવસ્ત્રિકાએ કરીને આ ભરતક્ષેત્રમાં રહેલા સાધુઓની એક લાખ ને સાઠ હજાર મુખવસ્ત્રિકાઓ થાય છે, એટલું તેની એક મુખવસ્ત્રિકાનું પ્રમાણ છે. ૪૦૭. (અહીં કરતાં ૪૦૦ ગણી લાંબી ને ૪૦૦ ગણી પહોળી હોવાથી આ માપ ઘટી શકે છે.)

## ૨૯૨ સંગ્રહી રાખેલા ધાન્યની યોનિનો કાળ

**कोट्ठय पल्लय मंचय, मालाउत्ताण धन्नजाईणं ।**
**उल्लित्त लित्त पेहिय, मुद्दियकयलंछणाणं च ।।४०८।।**
**अहन्नं ते सालीणं, वीहि य गोधूम जवजवाणं च ।**
**केवइकालं जोणी, जहन्न उक्कोसिया ठिई ।।४०९।।**

માટીનો કોઠો, વાંસનો પાલો, સાંઠીનો માંચો, લાકડા વિગેરેનો માળ વિગેરેને વિષે જૂદા જૂદા ધાન્યની જાતિઓ રાખીને પછી તે કોઠાર વિગેરેને ચોતરફથી લીંપી, માથે ઢાંકણું ઢાંકી, મુદ્રા કરી લાંછન (ચિહ્ન) કરી સાચવી રાખેલ હોય તો તેમાં રહેલા શાલિ, વ્રીહિ, ગોધુમ અને યવ એ ધાન્યની યોનિ (ઉત્પન્ન થવાનો સ્વભાવ) જઘન્યથી અને ઉત્કૃષ્ટથી કેટલા કાળ સુધી રહે? ૪૦૮ - ૪૦૯. (તે હવે પછીની ગાથા વડે કહે છે.)

## ઉપરના પ્રશ્નનો જવાબ

**गोयम ! जहन्न अंतो - मुहुत्त उक्कोस तिन्नि वरिसाइं ।**
**अन्नाण वि धण्णाणं, अंतमुहुत्तं जहन्न ठिई ।।४१०।।**
**कलतिलकुलत्थचवला, मसूरमुग्गमासवल्लतुबरीणं ।**
**तहपलिमंथगाईणं, पंचवरिसाइ उक्कोसा ।।४११।।**
**तत्थ कलत्ति कलाया, हुंति मसूरा भिलिंग चणगाणो ।**
**पलिमंथ वट्टचणगा, बितीना कालचणग त्ति ।।४१२।।**
**सेसे पसिद्धभेया, इत्तो अयसि कुसुंभ कंगूणं ।**
**कोद्दव बरट्ट रालय, कुद्दुसग सरिसवाणं च ।।४१३।।**
**सणमूल बीयगाइण, वावि उक्कोस सत्त वरिसाइं ।**
**तेण परं पमिलाई, जोणी वण्णाइहीणा य ।।४१४।।**
**विद्धंसइ णंतरए, एवं बीयं अबीयमवि हुज्जा ।**
**तेण परं जोणीए, वुच्छेदे आवि पन्नत्ते ।।४१५।।**
**सत्तम उद्देसाओ, पण्णत्तीए सयस्स छट्ठस्स ।**
**धण्णाण उ पमाणं, उद्धरियं समरणट्ठाए ।।४१६।।**

હે ગૌતમ ! તે (ઉપલી ગાથામાં કહેલા) ધાન્યમાં યોનિભાવ (ઉત્પન્ન થવાનો સ્વભાવ) જઘન્યથી અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી ત્રણ વર્ષ સુધી રહે છે. બીજાં ધાન્યોની પણ જઘન્ય સ્થિતિ અંતર્મુહૂર્તની કહી છે. ૪૧૦. કલ-કલાય (ખુરસાણી), તલ, કળથી, ચોળા, મસૂર, મગ, અડદ, વાલ, તુવેર તથા પલિમંથ વિગેરેની ઉત્કૃષ્ટ સ્થિતિ પાંચ વર્ષની કહી છે. ૪૧૧. અહીં કલ એટલે કલાય નામનું ધાન્ય, મસૂર એટલે ભિલંગ ચણાની દાળ, પલિમંથ એટલે વાટલા ચણા (વટાણા), અને બિતિના એટલે કાળા ચણા. ૪૧૨. બીજાં ધાન્યનાં ભેદો - નામો

પ્રસિદ્ધ છે. હવે અળસી, કુસુંભો (કરકી), કાંગ, કોદરા, બંટી, રાલ, કોદુસગ, સરવસ, ૪૧૩. સણના બીજ, મૂળાના બીજ, ઈત્યાદિકની ઉત્કૃષ્ટ સાત વર્ષની સ્થિતિ છે, ત્યાર પછી તેની યોનિ કરમાઇ જાય છે, અને તેના વર્ણાદિક (વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ) હાનિને પામે છે. ૪૧૪. ત્યાર પછી તરત જ તે (યોનિ) વિધ્વંસ – વિનાશ પામે છે તેથી બીજ પણ અબીજ થઇ જાય છે. એટલે યોનિનો વિચ્છેદ થાય છે એમ કહ્યું છે. ૪૧૫. શ્રી ભગવતીસૂત્રના છઠ્ઠા શતકના ઉદ્દેશોમાંથી આ ધાન્યની યોનિનું પ્રમાણ સ્મરણને માટે ઉધર્યું છે. ૪૧૬.

## ૨૯૩ સાધ્વીના પચીશ ઉપકરણ

ओग्गहणंतग[१] पट्टो[२], अद्धोरुय[३] चलणिया[४] य बोधव्वा ।
अब्भितर[५] बाहिनियं - सणी[६] य तह कंचुए[७] चेव ॥४१७॥
उक्कच्छिय[८] वेगच्छिय[९], संघाडी[१०] चेव खंधगरणी[११] य ।
ओहोवहिंमि एए, अज्जाणं पण्णवीसं तु ॥४१८॥

અવગ્રહાંતક – હોડીના આકારવાળું ગુપ્ત સ્થાન ઢાંકવાનું વસ્ત્ર, પટ્ટ–ચાર અંગુલ પહોળો અને કેડ જેટલો લાંબો કેડે બાંધવાનો પાટો, જેને આધારે અવગ્રહાંતક રાખવામાં આવે છે તે ૨, અર્ધોરૂકકેડથી અર્ધા સાથળ સુધી પહેરવાની ચડી કે જે અવગ્રહાંતક અને પાટાને બન્નેને ઢાંકવાનું કામ કરે છે, તેનો આકાર ચોલણા જેવો હોય છે. તે બન્ને સાથળે કસવડે બંધાય છે. ૩, ચલણિકા (ચણીયો) પણ એવા જ આકારનો હોય છે, વિશેષ એ કે આ ચણીયો ઢીંચણ સુધી લાંબો હોય છે, તે પણ સીવ્યા વિનાનો કસોથી બાંધવામાં આવે છે ૪, અભ્યંતર નિવસની કેડથી અર્ધી જંઘા ઢકાય તેવું ઘાઘરાના આકારવાળું વસ્ત્ર, તે ઢીલું પહેરવામાં આવે છે કે જેથી આકુળતા થાય નહીં અને લોકમાં હાંસી થાય નહીં ૫, બહિર્નિવસની – કેડથી આરંભીને છેક પગની ઘુંટી ઢંકાય તેટલું લાંબુ ઘાઘરાના આકારવાળું વસ્ત્ર, તે કેડ પર નાડીથી બંધાય છે ૬, આ છ ઉપકરણો સાધ્વીને કેડથી નીચેના ભાગનાં છે. હવે કેડની ઉપરના ભાગના ઉપકરણો કહે છે :- કંચુક – પોતાના શરીર પ્રમાણે એટલે છાતી બરાબર ઢકાય તેવો સીવ્યા વિનાનો કંચુક કસોથી બાંધવામાં આવે છે ૭, ઉપકક્ષિકા – કાખલીને ઢાંકવાનું વસ્ત્ર તે સીવ્યા વિનાનું

સમચોરસ દોઢ હાથનું હોય છે, તેનાથી સ્તનભાગ તથા જમણું પડખું ઢંકાય છે ૮, વૈકક્ષિકા - આ ઉપકક્ષિકાથી વિલક્ષણ હોવાથી તેનું નામ વૈકક્ષિકા આપવામાં આવ્યું છે. આ વસ્ત્ર પાટાને આકારે હોય છે અને તે ડાબે પડખે પહેરવાના કંચુક જેવું હોય છે, તે ઉપકક્ષિકા અને કંચુક એ બન્નેને ઢાંકીને ડાબે પડખે પહેરવામાં આવે છે ૯, સંઘાટી - આ વસ્ત્ર શરીરના ઉપલા ભાગમાં ઓઢાય છે. આ સંઘાટીઓ ચાર રાખવામાં આવે છે. તેમાં એક તો બે હાથ પહોળી હોય છે. બીજી સંઘાટી ત્રણ હાથ પહોળી અને ચોથી ચાર હાથ પહોળી હોય છે. તથા ચારે સંઘાટીઓ લંબાઈમાં સાડા ત્રણ કે ચાર હાથ હોય છે. આમાંની પહેલી સંઘાટી માત્ર ઉપાશ્રયમાં જ ઓઢાય છે, બીજી ગોચરી જતાં અને ત્રીજી સ્થંડિલ જતાં ઓઢવામાં આવે છે. તથા વ્યાખ્યાન સાંભળવા જતાં અથવા સ્નાત્ર મહોત્સવાદિકમાં જતાં ચોથી ચાર હાથની પહોળી સંઘાટી ઓઢવામાં આવે છે. કેમ કે આવા અવસરે પ્રાયે ઉભા રહેવાનું હોય છે તેથી તે વડે આખું શરીર ઢાંકી શકાય છે ૧૦, સ્કંધકરણી - આ વસ્ત્ર ચાર હાથ પહોળું અને ચાર હાથ લાંબુ સમચોરસ હોય છે. તે ચોવડું કરીને ખભા પર રાખવામાં આવે છે, તેનાથી પહેરેલાં બીજા વસ્ત્રોને વાયુ ઉડાડી શકતો નથી, (તેને કામળી પણ કહે છે.) તેમજ તે રાખવાથી રૂપવાળી સાધ્વી કુરૂપ જેવી લાગે છે તેથી તે ઉપયોગી છે ૧૧, આ પ્રમાણે સાધ્વીઓને ઔધિક ઉપધિ પચીશ પ્રકારની કહી છે. ૪૧૭-૪૧૮. એટલે કે આ બે ગાથામાં બતાવેલી અગ્યાર પ્રકારની ઉપધિ તથા સાધુની જે ચૌદ પ્રકારની ઉપધિ છે, તે પણ સાધ્વીઓને હોય છે. તેથી કુલ પચીશ પ્રકારની ઉપધિ હોય છે. તે ચૌદ પ્રકારની ઉપધિ આ પ્રમાણે છે :-

પત્ત-પાત્ર ૧, પાત્રબંધ - જેમાં પાત્ર રાખવામાં આવે છે, તે ચાર છેડાવાળી વસ્ત્રની ઝોળી ૨, પાત્રસ્થાપન - પાત્ર રાખવાનું કંબલનું વસ્ત્ર ૩, પાત્ર કેસરિયા - પાત્ર પુંજવાની ચરવળી ૪, પટલ (પડલા) - ગોચરી જતાં પાત્ર ઉપર ઢાંકવાનું વસ્ત્ર ૫, રજસ્રાણ - પાત્રને વીંટવાનું વસ્ત્ર ૬, ગોચ્છક - પાત્રની ઉપર અને નીચે કામળીના ટુકડા રાખવામાં આવે છે તે ૭ - આ સાત પ્રકારનો પાત્ર નિયોગ કહેવાય છે. તથા બે કપડા સૂત્રના અને એક ઉનનું મળી ત્રણ કપડા ૧૦, એક રજોહરણ ૧૧, એક મુખવસ્ત્રિકા ૧૨, એક માત્રક ૧૩ અને એક ચોલપટ્ટક ૧૪. (સાધ્વીમાં ચોળપટ્ટાને બદલે સાડો સમજવો.)

## ૨૯૪ તિર્યંચ અને મનુષ્યની સ્ત્રીના ગર્ભની ઉત્કૃષ્ટ સ્થિતિ

**गब्भय तिरिइत्थीणं, उक्कोसा होइ अट्ठ वरिसाणि ।**
**सा बारस नारीणं, कायट्ठिई होइ चउवीसं ।।४१९।।**

તિર્યંચની સ્ત્રીના ગર્ભની સ્થિતિ ઉત્કૃષ્ટ આઠ વર્ષની હોય છે, અને મનુષ્ય સ્ત્રીના ગર્ભની સ્થિતિ ઉત્કૃષ્ટ બાર વર્ષની હોય છે. પરંતુ તે ગર્ભની કાયસ્થિતિ ઉત્કૃષ્ટ ચોવીશ વર્ષની હોય છે. એટલે કે પ્રથમના ગર્ભનો જીવ બાર વર્ષે ચવી જાય અને તે જ ગર્ભમાં તરત જ તે અથવા બીજો જીવ અવતરે અને તે પણ બાર વર્ષ સુધી રહે ત્યારે તેની કાયસ્થિતિ ઉત્કૃષ્ટ ચોવીશ વર્ષની થાય છે. ૪૧૯. (આ સ્થિતિ કાર્મણ વિગેરે પ્રયોગથી ગર્ભને સ્થંભિત કરી દેવામાં આવે ત્યારે પ્રાપ્ત થાય છે. સિદ્ધરાજ જયસિંહ બાર વર્ષ રહ્યો હતો.)

## ૨૯૫ દાન દેવાના દશ પ્રકાર (કારણ)

**वस[१] संग[२] भय[३] कारणिय[४], लज्जा[५] गारव[६] अधम्म[७] धम्मे[८] य ।**
**काहीय[९] कयमाणेण[१०], दाणमेयं भवे दसहा ।।४२०।।**

૧. વશથી - કોઇના પરતંત્રપણાથી દાન દેવું પડે છે ૨. સારી સંગતથી, ૩.ભયથી, ૪. કાંઇપણ કારણથી, ૫. લજ્જાથી, ૬. ગારવથી (ગર્વથી), ૭. અધર્મબુદ્ધિથી (ધર્મ નથી એમ જાણ્યા છતાં), ૮. ધર્મબુદ્ધિથી, ૯. કાર્ય કર્યા પછી અને ૧૦. કાર્ય કરાવવાની બુદ્ધિથી આ પ્રમાણે દશ પ્રકારે દાન દઇ શકાય છે. ૪૨૦.

## ૨૯૬ ઉચ્ચાર વિગેરે પરઠવવાની ભૂમિ

**अणावाए[१] असंलोए[२], परस्साणुवघाइए[३] ।**
**समे[४] अझुसिरे[५] यावि, चिरकालकयंम्मि[६] य ।।४२१।।**
**विच्छिन्ने[७] दूरमोगाढे[८], नासण्णे[९] बिलवज्जिए[१०] ।**
**तसपाणबीयरहिए[११], उच्चाराईणि वोसिरे ।।४२२।।**

**૧. અનાપાત -** જ્યાં લોકો વિગેરેનું જવું આવવું ન થતું હોય એવું સ્થાન, **૨. અસંલોક** - લોકો વિગેરે જોઇ ન શકે એવું (એકાંત) સ્થાન, **૩. પરાનુપઘાત -** બીજા ત્રસ પ્રાણીઓનો ઉપઘાત ન થાય એવું સ્થાન, **૪. સમ-** ઉંચું નીચું ન હોય એવું સમાન સ્થાન, **૫. અશુષિર -** છિદ્ર, પોલાણ વિગેરે ન હોય એવું સ્થાન , **૬. ચિરકાલકૃત -** ઘણા કાળથી કરેલું હોય એટલે લોકોએ જવા આવવાથી અથવા ખેડવા વિગેરેથી કરેલું હોય - વપરાયેલું હોય, **૭. વિસ્તીર્ણ** - વિશાળ - મોટું હોય પણ સાંકડું ન હોય એવું સ્થાન, **૮. દૂરાવગાઢ -** દૂર અવગાઢ હોય (દૂર રહેલું હોય), **૯.નાસન્ન -** ગ્રામાદિકની બહુ નજીકમાં ન હોય, **૧૦. બિલ**-દર, ગુફા વિગેરેથી રહિત હોય તથા **૧૧.** ત્રસ, પ્રાણ (એકેન્દ્રિય) અને બીજ (વનસ્પતિકાય) વડે રહિત હોય - આવા શુદ્ધ સ્થાન (સ્થંડિલ) ને વિષે ઉચ્ચાર વિગેરે તજવા યોગ્ય છે. (લઘુનીતિ, વડીનીતિ વિગેરે પરઠવવા લાયક છે.) ૪૨૧-૪૨૨.

## ૨૯૭ તૃણ પંચક

**तणपणगं पुण भणियं, जिणेहि जियरागदोसमोहेहिं ।**
**साली[1] वीहिय[2] कोद्दव[3], रालग[4] रण्णे[5] तणाइं च ॥४२३॥**

રાગ, દ્વેષ અને મોહને જીતનાર જિનેશ્વરોએ તૃણ પંચક આ પ્રમાણે કહ્યું છે - ૧. શાલિનું ઘાસ, ૨. વ્રીહિનું ઘાસ, ૩. કોદ્રવનું ઘાસ, ૪. રાલક (કાંગ)નું ઘાસ તથા ૫. અરણ્યનું ઘાસ - આ પાંચ જાતના તૃણનું આસન કે શયન વિગેરે કરવાથી તેની પડિલેહણા થઇ શકે નહીં, તેથી સાધુને તે તૃણપંચક કલ્પે નહીં. ૪૨૩.

## ૨૯૮ ચર્મ પંચક

**अय[1] एल[2] गावि[3] महिसी[4], मिगाण[5] मज्जिणं च पंचमं होइ ।**
**तलिगा[1] खल्लग[2] वद्धे[3], कोसग[4] कित्ती[5] य बीयं तु ॥४२४॥**

૧. બકરાનું ચર્મ, ૨. ઘેટાનું ચર્મ, ૩. ગાય-બળદનું ચર્મ, ૪. ભેંશ - પાડાનું ચર્મ અને ૫. મૃગનું ચર્મ - આ પાંચ પ્રકારનાં ચર્મ રાખવા સાધુને કલ્પે નહીં, કારણ કે તેની પડિલેહણા થઇ શકે નહીં. વળી બીજી રીતે ચર્મ પંચક આપ્રમાણે કહેવાય છે :-

૧. તળિયાં (એક તળીયાની કે બે, ત્રણ, ચાર તળીયાની સપાટ), ૨. પગરખાં (જોડા), ૩. વાધરી, ૪. કોશક (કોથળી) અને ૫. કૃતિ (ચામડું). આ ચર્મ પંચક કોઇ કોઇ વખત સબળ કારણે સાધુને કલ્પી શકે છે. ૪૨૪.

## ૨૬૯ સાધુનાં સત્તાવીશ ગુણો

**छव्वय[६] छक्कायरक्खा[१२], पंचिंदिय[१७] लोनिग्गहो[१८] खंती[१९] ।**
**भावविसुद्धि[२०] पडि - लेहणाकरणे विसुद्धी य[२१] ।।४२५।।**
**संजयजोए जुत्तय[२२], अकुलसलमण[२३] वयण[२४] काय[२५] संरोहो ।**
**सीआइ पीडसहणं[२६], मरणं उवसग्गसहणं[२७] च ।।४२६।।**

૧. પ્રાણાતિપાત વિરમણ, ૨. મૃષાવાદ વિરમણ, ૩. અદત્તાદાન વિરમણ, ૪. મૈથુન વિરમણ, ૫. પરિગ્રહ વિરમણ, ૬. રાત્રિભોજન વિરમણ એ છ વ્રતો, ૭. પૃથ્વીકાય, ૮. અપકાય, ૯. તેઉકાય, ૧૦.વાયુકાય, ૧૧. વનસ્પતિકાય અને ૧૨. ત્રસકાય એ છ કાયની રક્ષા, ૧૩ થી ૧૭. શ્રોત્રાદિક પાંચ ઇંદ્રિયોનો નિગ્રહ, ૧૮. લોભનો નિગ્રહ, ૧૯. ક્ષમા-ક્રોધનો નિગ્રહ, ૨૦. ભાવવિશુદ્ધિ, ૨૧. પડિલેહણા કરવામાં વિશુદ્ધિ, ૨૨. સંયમના યોગે કરીને યુક્તતા, ૨૩. અશુભ મન, વચન અને કાયનો નિરોધ, ૨૪. શીતાદિક પીડાનું (પરીસહોનું) સહન કરવું, તથા ૨૭. મરણાંત ઉપસર્ગનું સહન કરવું. આ સતાવીશ ગુણો સાધુના જાણવા. ૪૨૫-૪૨૬.

## २७० अष्टांग निमित्तादिक ओगणत्रीश प्रकारनुं पापश्रुत

**अट्ठ निमित्तगाई, दिव्वु[1] प्पाय[2] तलिक्ख[3] भोमं[4] च ।**
**अंग[5] सर[6] लक्खण[7] वंजण[8], तिविहं पुण होइ इक्किक्कं[24] ॥४२७॥**
**सुत्तं अत्थं तदुभयं च, पावइ सुअ गुणतीसविहं ।**
**गंधव्व[25] नट्ट[26] वत्थु[27], आउ[28] धणुव्वेय[29] संजुत्तं ॥४२८॥**

આઠ નિમિત્ત આ પ્રમાણે - ૧. દિવ્ય, ૨. ઉત્પાત, ૩.અંતરિક્ષ, ૪. ભૂમિકંપ વિગેરે ભૌમ, ૫. અંગ - અંગ ફરકવાથી શુભાશુભનું જ્ઞાન, ૬. સ્વર-પક્ષીઓના સ્વરથી શુભાશુભનું જ્ઞાન, ૭. લક્ષણ - હસ્તરેખાદિકનું જ્ઞાન, અને ૮. વ્યંજન-તલ, મસા આદિકથી શુભાશુભનું જ્ઞાન - આ આઠ પ્રકારનું નિમિત્ત છે. તે દરેકના ત્રણ ત્રણ ભેદ છે, તે આ પ્રમાણે - સૂત્ર, અર્થ અને તદુભય - સૂત્રાર્થ, એટલે આઠને ત્રણ ગુણા કરતાં ચોવીશ ભેદ થયા તથા ૨૫ ગંધર્વશાસ્ત્ર, ૨૬ નાટ્યશાસ્ત્ર, ૨૭ વાસ્તુશાસ્ત્ર, ૨૮ આયુર્વેદ, અને ૨૯ ધનુર્વેદની વિદ્યા - આ ઓગણત્રીશ પ્રકારનું પાપશ્રુત કહેવાય છે. ૪૨૭-૪૨૮. (મુનિ મહારાજને માટે એનું પ્રગટન વર્જ્ય છે.)

## २७१ આ અવસર્પિણીમાં થયેલા દશ અચ્છેરા. (આશ્ચર્ય)

**उवसग्ग[1] गब्भहरणं[2], हत्थीतित्थं[3] अभाविया परिसा[4] ।**
**कन्नस्स अपरकंका[5], अवयरणं चंदसुराणं[6] ॥४२९॥**
**हरिवसंकुलुप्पत्ती[7], चमरुप्पाओ[8] अ अट्ठसय सिद्धा[9] ।**
**असंजयाण पूआ[10], दस वि अणंतेण कालेण ॥४३०॥**

૧. કેવળજ્ઞાન થયા પછી તીર્થંકરને ઉપસર્ગ, ૨. ગર્ભનું હરણ, ૩. સ્ત્રી તીર્થંકર, ૪. અભાવિતા - વ્રત ગ્રહણ વિનાની પર્ષદા, ૫. કૃષ્ણનું અપરકંકા નગરીમાં ગમન, ૬. ચંદ્ર અને સૂર્યનું પોતાના શાશ્વત વિમાન સહિત પૃથ્વી પર અવતરણ, ૭. હરિવંશકુળની ઉત્પત્તિ, ૮. ચમરેંદ્રનો ઉત્પાત, ૯. એક સમયે એકસો ને આઠ ઉત્કૃષ્ટ અવગાહનાવાળા જીવોની સિદ્ધિ, તથા ૧૦. અસંયમીની પૂજા - આ દશ અચ્છેરા (આશ્ચર્યો) અનંત કાળે આ ભરત ક્ષેત્રમાં થયા છે. ૪૨૯ - ૪૩૦. (એનું વિશેષ વર્ણન કલ્પસૂત્રાદિથી જાણવું. બીજા ચાર ભરત અને પાંચ ઐરવતમાં પણ પ્રકારાંતરે દશ દશ અચ્છેરા થયેલા છે.)

**सिरीरिसहसीयलेसु, इक्किक्कं मल्लिनेमिनाहस्स ।**
**वीरजिणिंदे पंच य, एगो सुविहिस्स पाएण ।।४३१।।**

શ્રી ઋષભસ્વામી, શીતલનાથ, મલ્લીનાથ, નેમિનાથ અને સુવિધિનાથ - એ પાંચ તીર્થંકરોના તીર્થમાં એક એક અચ્છેરૂં (આશ્ચર્ય) થયું છે. તથા શ્રી મહાવીર જિનેન્દ્રના તીર્થમાં પાંચ અચ્છેરા (આશ્ચર્ય) થયા છે. ૪૩૧.

**रिसहो रिसहस्स सुया, भरहेण विवज्जिआ णवणवइ ।**
**अट्ठ भरहस्स सुया, सिद्धा इक्कम्मि समयम्मि ।।४३२।।**

એક ઋષભદેવ સ્વામી, ભરત વિના ઋષભદેવના નવાણુ પુત્રો તથા ભરતના આઠ પુત્રો - કુલ એકસો ને આઠ ઉત્કૃષ્ટ ૫૦૦ ધનુષ્યની અવગાહનાવાળા એક સમયે સિદ્ધ થયા છે. ૪૩૨.

## ૨૭૨ સંમૂર્ચ્છિમ પંચેંદ્રિય મનુષ્યની ઉત્પત્તિનાં ચૌદ સ્થાનો

**उच्चारे[१] पासवणे[२], खेले[३] सिंघाण[४] वंत[५] पित्तेसु[६] ।**
**सुक्के[७] सोणिय[८] गयजीव-कलेवरे[९] नगरनिद्धमणे ।।४३३।।**
**महु[११] मज्ज[१२] मंस[१३] मंखण[१४], सव्वेसु असुइट्ठाणेसु १५ ।**
**उप्पज्जंति चयंति य, समुच्छिमा मणुअपंचिंदी ।।४३४।।**

૧. ઉચ્ચાર (વડીનીતિ)માં, ૨. પ્રસ્રવણ (લઘુનિતિ)માં, ૩. ખેલ (શ્લેષ્મ)માં, ૪. સિંઘાણ (નાકના મેલ)માં, ૫. વાંત (વમન)માં , ૬. પિત્તને વિષે, ૭. શુક્ર (વીર્ય)ને વિષે, ૮. શોણિત (સ્ત્રીના રૂધિરને વિષે, ૯. જીવ રહિત ક્લેવર (શબ) ને વિષે, ૧૦. નગરની ખાળને વિષે, ૧૧. મધને વિષે, ૧૨. મદ્ય (મદિરા) ને વિષે, ૧૩. માંસને વિષે,૧૪. માખણને વિષે અને બીજા સર્વ અશુચિ સ્થાનોને વિષે સંમૂર્છિમ મનુષ્ય પંચેદ્રિયો ઉત્પન્ન થાય છે અને ચવે છે. ૪૩૩-૪૩૪. (આ ગાથામાં ચાર મહાવિગય સહિત સ્થાનમાં સંમૂચ્છિમ મનુષ્યની ઉત્પત્તિ કહી છે પરંતુ બીજે ઠેકાણે તે ચાર મહાવિગયમાં સંમુચ્છિમ મનુષ્યની ઉત્પત્તિ કહી નથી, પણ બેઇંદ્રિય જીવોની ઉત્પત્તિ કહી છે, તેથી તે ૪ જતાં બાકી ૧૧ ને મનુષ્યના શરીરનો મેલ, પ્રસ્વેદ અને સ્રીપુરૂષનો સંયોગ આ ૩ સ્થાન ઉમેરી ચૌદ સ્થાન કહ્યા છે. તે જીવો પણ ચૌદ સ્થાન કીયા જ કહેવાય છે.)

## ૨૭૩ પંદર યોગના નામ

**सच्चेयरमीसअसच्चमोसभासवय वेउव्वि आहारं ।**
**उरलं मीसा कम्मण, इय जोगा देसिया समए ।।४३५।।**

૧. સત્ય, ૨. ઇતર (અસત્ય), ૩. મિશ્ર (સત્યામૃષા), ૪. અસત્યામૃષા એ ચાર વચનયોગ તથા તે જ નામના ચાર મનયોગ મળી આઠ, વૈક્રિય કાયયોગ, આહારક કાયયોગ અને ઔદારિક કાયયોગ એ ત્રણ તથા તેના જ ત્રણ મિશ્ર મળી છ અને એક કાર્મણ કાયયોગ મળી સાત કાયયોગ - કુલ પંદર યોગ સિદ્ધાંતમાં કહ્યા છે. ૪૩૫

## ૨૭૪ બાર ઉપયોગ

**तिअण्णाण[३] णाणपण[५], चउदंसण[४] बार जियलक्खणुवओगा ।**
**इय बारस उवओगा, भणिया तेलुक्कदंसीहिं ।।४३६।।**

ત્રણ અજ્ઞાન ૩, પાંચ જ્ઞાન ૫ અને ચાર દર્શન ૪ આ બાર જીવના લક્ષણ રૂપ ઉપયોગ છે. આ પ્રમાણે બાર ઉપયોગ ત્રણ લોક તે જોનારા તીર્થંકરોએ કહ્યા છે. ૪૩૬.

## ૨૭૫ બાવીશ અભક્ષ્ય

**पंचुंबरि[५] महाविगई[९], हिम[१०] विस[११] करगे[१२] य सव्वमट्टी[१३] य ।**
**रयणीभोयण[१४] वइंगणं[१५], बहुबीअं[१६] अणंत[१७] संधाणं[१८] ।।४३७।।**
**विदलंमि गोरसाई[१९], अमुणियनामाणि पुप्फफलियाणि[२०] ।**
**तुच्छफल[२१] चलियरसं[२२], वज्जहऽभक्खाणि बावीसं ।।४३८।।**

પાંચ ઉદુંબર (ઉંબરા વિગેરે પાંચ જાતિના વૃક્ષના ફળો) ૫, ચાર મહાવિગઇ (મધ, માખણ, માંસ ને મદિરા) ૯, હિમ ૧૦, વિષ (સર્વ જાતિના ઝેર) ૧૧, કરા ૧૨, સર્વ જાતની માટી ૧૩, રાત્રિભોજન ૧૪, રીંગણાં ૧૫, બહુબીજ ૧૬, અનંતકાય (કંદમૂળ) ૧૭, સંધાન (બોળ અથાણું) ૧૮, કાચા ગોરસ સાથે દ્વિદલ ૧૯, અજાણ્યા પુષ્પ ફળ વિગેરે ૨૦, તુચ્છ ફળ ૨૧, અને જેનો રસ ચલિત (વિરસ) થયો હોય તે પદાર્થ ૨૨, આ બાવીશ અભક્ષ્ય વર્જવા યોગ્ય છે. (શ્રાવકને ખાવા યોગ્ય નથી તેથી તેને સારી રીતે સમજીને તેનો ત્યાગ કરવો.) ૪૩૭-૪૩૮.

## ૨૭૬ બત્રીશ અનંતકાય

**सव्वाओ कंदजाई, सूरणकंदो[१] य वज्जकंदो[२] य ।**
**अद्दहलिद्दा[३] य तहा, अद्द[४] तह अल्लकच्चूरो[५] ।।४३९।।**
**सतावरी[६] बिराली[७], कुंआरि[८] तह थोहरी[९] गलोई[१०] य ।**
**ल्हसण[११] वंसकरेल्ला[१२], गज्जर[१३] तह लूणओ[१४] लोढो[१५] ।।४४०।।**

गिरिकन्न[16] किसलयपत्ता[17], खरिसूअ[18] थेग[19] अल्लमुत्था[20] य ।
तह लूणरुक्खछल्ली[21], खीलोडो[22] अमियवल्ली[23] य ॥४४१॥
मूला[24] तह भूमिरुहा[25], वरुहाई ढंक[26] वत्थुलो[27] पढमो ।
सूअरविलो[28] य तहा, पल्लंको[29] कोमलंबिलिया[30] ॥४४२॥
आलू[31] तह पिंडालू[32], हवंति एए अणंतनामेहिं ।
अन्नमणंतं नेयं, लक्खणजुत्ताई समयाओ ॥४४३॥

સર્વ કંદની જાતિ-સૂરણ કંદ ૧, વજ્રકંદ ૨ વિગેરે. લીલી હળદર ૩, લીલું આદુ ૪, લીલો કચુરો ૫, શતાવરી ૬, બિરાલી ૭, કુંવાર ૮, બધી જાતના થોર ૯, ગળો ૧૦, લસણ ૧૧, વાંસ કરેલા ૧૨, ગાજર ૧૩, લૂણી ૧૪, જળ પોયણી (લોઢી) ૧૫, ગિરિકર્ણિકા (ગરમર)૧૬, પ્રત્યેક વનસ્પતિના કોમળ કિસલયને પત્ર ૧૭, ખરસુઓ ૧૮, થેગ ૧૯, લીલી મોથ ૨૦, લુણી વૃક્ષની છાલ ૨૧, ખીલોડા ૨૨, અમૃતવેલ ૨૩, મૂળાના કાંદા ૨૪, ભૂમિફોડા (છત્રાકારે) ૨૫, ઢંક ને વત્થુલાના પહેલા અંકુરા ૨૬-૨૭, સુઅરવેલ ૨૮, પલ્યંક વનસ્પતિ ૨૯, કુંણી આંબલી (અંદર બીજ બંધાયા વિનાના ૩૦, આલુ ૩૧ તથા પિંડાલુ ૩૨ - આ બત્રીશ અનંતકાય કહેવાય છે. બીજા પણ સિદ્ધાંતમાં કહેલા લક્ષણ વડે જે યુક્ત હોય તે પણ અનંતકાય જાણવા. ૪૩૯-૪૪૩.

## ૨૭૭ અનંતકાયનું તથા પ્રત્યેક વનસ્પતિનું લક્ષણ

गूढसिरसंधिपव्वं, समभंगमहीरुगं च छिन्नरुहं ।
साहारणं सरीरं, तव्विवरीअं च पत्तेयं ॥४४४॥

જેની સિરા (નસો) તથા સંધિ અને પર્વ (ગાંઠ) ગુપ્ત હોય, જેને ભાંગતા (ફાડતા) બે સરખા ભાગ થાય, જેમાં હીરક (તાંતણાં) ન હોય, જે છેદીને વાવવાથી ઉગે, તેવી સર્વ વનસ્પતિને સાધારણ શરીરવાળી એટલે અનંતકાય જાણવી. તેનાથી વિપરીત લક્ષણવાળી જે

વનસ્પતિ તેને પ્રત્યેક શરીરી જાણવી. ૪૪૪.

**वक्कस्स भज्जमाणस्स, जस्स गंठी हविज्ज दुन्निगुणो ।**
**तं पुढविसरिसभेयं, अणंतजीवं वियाणाहि ।।४४५।।**

જે ભાંગવાથી બમણો વક્ર ગ્રંથિ દેખાય - અંદર વાંકી ગાંઠ વળીયાવાળી દેખાય અને જેના સુકાયેલી પૃથ્વીમાં ફાટ પડે તે પ્રમાણે ભેદ પડે - કાકડા થાય તેને અનંતકાય જાણવી. ૪૪૫.

**गूढसिराए पत्तं, सच्छीरं जं च हुज्ज निच्छीरं ।**
**जं पि अपयाससंधी, अणंतजीवं वियाणाहि ।।४४६।।**

જેના પાંદડાંની સિરા (નસો) ગુપ્ત હોય તથા જે ક્ષીરવાળું હોય, તેમ જ જે ક્ષીર રહિત હોય છતાં તેની સંધિ દેખાતી ન હોય તે અનંતકાય જાણવા. ૪૪૬.

## ૨૭૮ રાત્રિભોજનનો દોષ

**बहुदोस आउ थोवं, तह पुण पभणेमि किं पि दोसस्स ।**
**भवछन्नुइ हणइ जीवा, सरसोसे इक्क तं पावं ।।४४७।।**
**सरसोसे अट्ठोत्तर-भवंमि जीवो करेइ जं पावं ।**
**तं पावं दवइक्के, इक्कुत्तरभवं दवं दिंति ।।४४८।।**
**इक्कुत्तरभवंमि दवे, जं पावं समुपज्जई पावो ।**
**कुवणिज्जे तंपावं, भवसयचिहुंआल कुकम्मे ।।४४९।।**
**जं कुकम्मे पावं, तं पावं होइ आलमेगं च ।**
**भवसयएगावन्ने, आलं तं गमण परइत्थी ।।४५०।।**

**नव्वाणुसयभवपरइत्थी - गमणेणं होइ जं पावं ।**
**तं पावं रयणीए, भोयणकरणेण जीवाणं ॥४५१॥**

દોષ ઘણા કહેવાના છે અને આયુષ્ય થોડું છે. તો પણ રાત્રિ-ભોજનના કાંઇક દોષને હું કહું છું - છન્નું ભવ સુધી કોઇ મચ્છીમાર જીવોને - મત્સ્યોને હણે, તેટલું પાપ એક સરોવરને સુકાવવાથી થાય છે. કોઇ જીવ એકસો ને આઠ ભવ સુધી સરોવરો સુકવીને જે પાપ બાંધે, તે પાપ એક દવદાન (દાવાનળ સળગાવવા) થી થાય છે. એવા એકસો ને એક ભવ સુધી કોઇ દવદાન આપે, તે એકસો ને એક ભવને વિષે દવદાન દેવામાં પાપી માણસ જે પાપ ઉપાર્જન કરે છે, તેટલું પાપ કોઇને એકવાર કૂટ (ખોટું) આળ દેતાં લાગે છે. એકસો ને એકાવન ભવ સુધી ખોટું આળ દેતાં જે પાપ લાગતું તેટલું એકવાર પરસ્ત્રીગમન કરવાથી પાપ લાગે છે. એકસો ને નવ્વાણુ ભવ સુધી પરસ્ત્રી ગમન કરતાં જેટલું પાપ લાગે, તેટલું પાપ જીવોને એક વાર રાત્રિભોજન કરવાથી લાગે છે. ૪૪૭-૪૫૧. (આટલો બધો રાત્રિભોજનનો દોષ કોઇ અપેક્ષાએ કહેલો સંભવે છે.)

## ૨૭૯ પાંચ પ્રકારના શરીર

**पाणाइ दुगुण साइमं, साइमतिगुणेण खाइमं होइ ।**
**खाइमतिगुणं असणं, राईभोए मुणेयव्वं ॥४५२॥**

રાત્રિ ભોજનને વિષે પાણીથી બમણું સ્વાદિમનું પાપ છે એટલે કે રાત્રિએ પાણી પીતાં જેટલું પાપ લાગે તેથી બમણું પાપ સ્વાદિમ ખાવાથી લાગે છે, એ જ પ્રમાણે સ્વાદિમથી ત્રણ ગણું ખાદિમ ખાવાથી પાપ લાગે છે અને ખાદિમથી ત્રણ ગણું અશન કરવાથી પાપ લાગે છે એમ જાણવું. ૪૫૨.

**जं चेव राइभोयणे, ते दोसा अंधयारंमि ।**
**जे चेव अंधयारे, ते दोसा संकडमुहम्मि ॥४५३॥**

રાત્રિ ભોજનને વિષે જે દોષ છે, તે જ દોષ અંધકારમાં ભોજન કરવાથી લાગે છે, અને અંધારે ભોજન કરવાથી જે દોષ લાગે છે, તે દોષ સાંકડા મુખવાળા પાત્રમાં ખાવાથી લાગે છે. ૪૫૩.

**नयणे न दीसई जीवा, रयणीए अंधयारम्मि ।**
**रयणीए वि निप्फन्नं, दिणभुत्तं राइभोअणं ।।४५४।।**

રાત્રિએ તથા અંધકારમાં સૂક્ષ્મ જીવો નેત્ર વડે જોઇ શકાતા નથી, તેથી રાત્રિએ રાંધેલું અન્ન દિવસે ખાધું હોય તો પણ તે રાત્રિભોજન તુલ્ય જ છે. ૪૫૪.

## ૨૭૯ પાંચ પ્રકારના શરીર

**ओरालिय[१] वेउव्विय[२], आहार[३] तेउ[४] कम्म[५] पणदेहा ।**
**नरतिरिय पढम बीयं, सुरनारय तइय पुव्वधरे ।।४५५।।**

૧. ઔદારિક, ૨. વૈક્રિય, ૩. આહારક, ૪. તૈજસ અને ૫. કાર્મણ. આ પાંચ પ્રકાના શરીર છે. તેમાં પહેલું ઔદારિક શરીર મનુષ્ય અને તિર્યંચને હોય છે, બીજું વૈક્રિય શરીર દેવ અને નારકીને હોય છે, ત્રીજું આહારક શરીર ચૌદપૂર્વીને જ હોય છે. ૪૫૫.

**चत्तारी वाराओ, चउदसपुव्वी करेइ आहारं ।**
**संसारम्मि वसंता, एगभवे दुन्नि वाराओ ।।४५६।।**

ચૌદપૂર્વી સંસારમાં રહે ત્યાં સુધીમાં વધારેમાં વધારે ચાર વાર આહારક શરીર કરી શકે છે, અને એક ભવમાં બે વાર આહારક શરીર કરી શકે છે. ૪૫૬.

**आहारपरिणामहेऊ, जं होइ तेयलेसाओ ।**
**जं कम्मवग्गणाणं, आहारो तं तु सव्वजिए ।।४५७।।**

ખાધેલા આહારનું પરિણામ (પાચન) કરનાર અને તેજોલેશ્યા ઉત્પન્ન કરનાર તૈજસ શરીર છે, અને જે કર્મની વર્ગણાઓનું ગ્રહણ કરવું તે કાર્મણ શરીર છે. આ બે શરીર (તૈજસ અને કાર્મણ) સર્વ સંસારી જીવોને હોય છે. ૪૫૭.

## ૨૮૦ દાન ધર્મની પ્રશંસા

**विणए सीसपरिक्खवा, सुहडपरिक्खवा य होइ संगामे ।**
**वसणे मित्तपरिक्खवा, दाणपरिक्खवा य दुक्काले ।।४५८।।**

શિષ્યની પરીક્ષા વિનયથી હોય છે, સુભટની પરીક્ષા સંગ્રામમાં હોય છે, મિત્રની પરીક્ષા સંકટ સમયે હોય છે અને દાનની પરીક્ષા દુકાળમાં હોય છે. ૪૫૮.

**कत्थ वि धणं न दाणं, कत्थ वि दाणं न निम्मलं वयणं ।**
**धणदाणमाणसहिया, ते पुरिसा तुच्छ संसारे ।।४५९।।**

કોઈને ત્યાં ધન હોય પણ તે દાન દેતો ન હોય, કોઈને ત્યાં દાન દેવાતું હોય પણ નિર્મળ (કોમળ) વચન બોલાતું ન હોય, માટે આ સંસારમાં ધન, દાન અને માન (આદર) સહિત પુરૂષો એટલે ધનનું દાન માન સહિત આપનારા મનુષ્યો ઘણા જ થોડા હોય છે. ૪૫૯.

## તે ઉપર દષ્ટાંત આપે છે

**कत्थ वि फलं न छाया, कत्थ वि छाया न सीयलं सलिलं ।**
**जलफलछायासहिया, तं पि अ सरोवरं विमलं ।।४६०।।**

કોઈ ઠેકાણે વૃક્ષોને ફળ હોય પણ સારી છાયા ન હોય, કોઈ ઠેકાણે છાયા હોય પણ શીતળ જળ ન હોય; માટે જળ, ફળ અને છાયા સહિત નિર્મળ સરોવર કોઈક ઠેકાણે જ હોય છે. ૪૬૦. (નિર્મળ જળવાળા સરોવરને કીનારે છાયા ને ફળવાળા વૃક્ષો હોય તો તે વધારે શાંતિ આપે છે. તેમ ધન, દાન અને માન યુક્ત હોવાથી શોભા પામે છે.)

## ૨૮૧ જીવ અને કર્મનું જાુદું જાુદું બળવાનપણું

**कत्थ वि जीवो बलिओ, कत्थ वि कम्माइ हुंति बलिआइं ।**
**जीवस्स य कम्मस्स य, पुव्वनिबद्धाइं वयराइं ।।४६१।।**

કોઇ વખત જીવ - આત્મા બળવાન હોય છે અને કોઇ વખત કર્મો બળવાન હોય છે. જીવ અને કર્મને પૂર્વભવના (અનંત ભવના) બાંધેલા વેર ચાલ્યા આવે જ છે. (કોઇ સત્સમાગમાદિકના કારણથી જીવ પોતાના સ્વરૂપનું ભાન થતાં યથાશક્તિ આત્મવીર્યને ફોરવે છે ત્યારે કર્મનું જોર ચાલતું નથી. અને કુસંગાદિકને લીધે જીવ મિથ્યાત્વ અવિરત્યાદિકની ક્રિયામાં મગ્ન થાય છે ત્યારે તે પોતાના સ્વરૂપને તથા સામર્થ્યને ભૂલી જવાથી કાંઇ પણ કાર્ય સ્વતંત્ર કરી શકતો નથી, તેથી તે કર્મને જ આધીન રહી તે કર્મ જેમ નચાવે તેમ નાચ કરતો ભવમાં ભ્રમણ કર્યા કરે છે.) ૪૬૧

## ૨૮૨ સુપાત્રદાનનું માહાત્મ્ય

**सिरिसिज्जंसकुमारो, निस्सेयसमाहिओ कहं न वि होइ ।**
**फासुअदाणपहावो, पयासिओ जेण भरहम्मि ।।४६२।।**

શ્રી શ્રેયાંસકુમાર નિઃશ્રેયસ સમાધિનો - મોક્ષનો અધિકારી કેમ ન હોય ? હોય જ. કારણ કે તેણે આ ભરતક્ષેત્રને વિષે પ્રાસુક દાનનો પ્રભાવ (વિધિ) પ્રથમ પ્રગટ કર્યો છે. (શ્રી ઋષભદેવ સ્વામીને બાર માસ સુધી ભિક્ષા મળી નહીં, છેવટ ભગવાનને જોઇ શ્રેયાંસકુમારને જાતિસ્મરણ થયું, તેથી તેણે ભગવાનને પ્રથમ પ્રાસુક ભિક્ષા આપી તથા આવા વેષવાળા સાધુઓને કેવી રીતે અને કેવી ભિક્ષા આપવી ? એ સર્વ વિધિ સર્વ લોકોને તેણે બતાવ્યો - શીખવ્યો. ત્યારથી આ ભરતક્ષેત્રમાં સુપાત્રદાનનો વિધિ પ્રચલિત થયો. તેથી શ્રેયાંસકુમાર મોક્ષના અધિકારી થાય તેમાં આશ્ચર્ય નથી.) ૪૬૨.

## ૨૮૩ સુપાત્રને અયોગ્ય દાન આપવાનું માઠું ફળ

**अमणुन्नभत्तपाणं, सुपत्तदिन्नं भवे भवे अणत्थाय ।**
**जह कडुअतुंबदाणं, नागसिरिभवम्मि दोवइए ।।४६३।।**

જો સુપાત્ર (સાધુ) ને અમનોજ્ઞ - અયોગ્ય ભક્તપાનનું દાન આપ્યું હોય તો તે ભવ ભવને વિષે મોટા અનર્થને માટે થાય છે. જેમ દ્રૌપદીએ પૂર્વે નાગશ્રીના ભવમાં સાધુને કડવા તુંબડાનું શાક વહોરાવ્યું હતું તેમ. ૪૬૩. (તે શાક પરઠવવાની ગુરૂ આજ્ઞા છતાં પરઠવતી વખતે તે શાકના એક બિંદુ વડે અનુભવ કરતાં ઘણા જીવોનો વિનાશ થતો જોઇ તે તપસ્વી સાધુએ અન્ય જીવો પરની દયાને લીધે પોતાના શરીરમાં જ તે સર્વ શાક પરઠવી દીધું અને તરત જ સમાધિ મરણ વડે મરણ પામીને તે સ્વર્ગે ગયા. પાછળથી આ વૃત્તાંત જાહેર થતાં નાગશ્રીના પતિ વિગેરેએ તેણીને વિડંબનાપૂર્વક કાઢી મૂકી. તે જ ભવમાં તે અતિ દુઃખ પામી અને ત્યારપછી ઘણા ભવો તેણે નારકી અને તિર્યંચના કર્યા. વિગેરે વિગેરે અનેક પ્રકારનાં ઉગ્ર દુઃખો તેને ભોગવવા પડ્યાં. માટે જે દાન આપવું તે શુદ્ધ અને યોગ્ય આપવું એ આ ગાથાનો ઉપદેશ છે.)

## ૨૮૪ ધર્મના અર્થી તથા તેના દાતારની અલ્પતા

**रयणत्थिणोऽवि थोवा, तदायरोऽवि य जहव लोगम्मि ।**
**इअ सुद्धधम्मरयण-त्थि दायगा दढयरं नेया ।।४६४।।**

રત્નના અર્થી થોડા મનુષ્યો જ હોય છે એટલે કે રત્નને ઇચ્છનાર તો સૌ કોઇ હોય છે, પરંતુ તે મેળવવાનો યત્ન કરનારા એવા અર્થીઓ તો કોઇક જ હોય છે. તથા તે રત્નના આકર પણ લોકને વિષે થોડા જ હોય છે, એટલે રત્નની ખાણો કોઇ કોઇ સ્થળે જ હોય છે. તે જ પ્રમાણે શુદ્ધ ધર્મરત્નના અર્થી અને તે શુદ્ધ ધર્મના દાતા અત્યંત થોડા જ હોય છે. ૪૬૪.

## ૨૮૫ જૈન ધર્મ સિવાય અન્યત્ર મોક્ષ નથી

हुंति जइ अवरेहिं, जलेहि पउराओ धन्नरासीओ ।
मुत्ताहलनिप्फत्ती, होइ पुणो साइनीरेण ।।४६५।।
एवं सुरनररिद्धी, हवंति अन्नाणधम्मचरणेहिं ।
अक्खयमुक्खसुहं पुण, जिणधम्माओ न अण्णत्थ ।।४६६।।

જો કે બીજા નક્ષત્રોની વૃષ્ટિમાં જળ વડે ઘણાં ધાન્યના સમૂહો પાકે છે, પરંતુ મુક્તાફળ (મોતી)ની ઉત્પત્તિ તો સ્વાતિ નક્ષત્રના જળથી જ થાય છે; તે જ પ્રમાણે દેવ અને મનુષ્યની સમૃદ્ધિ અજ્ઞાન (મિથ્યા) ધર્મના આચરણ વડે (અજ્ઞાન કષ્ટ વડે) પણ પ્રાપ્ત થઈ શકે છે, પરંતુ અક્ષય (જેનો નાશ નથી) એવું મોક્ષનું સુખ તો જિનધર્મથી અન્યત્ર નથી. જૈનધર્મમાં બતાવ્યા પ્રમાણે આચરણ કર્યા સિવાય મોક્ષસુખ પ્રાપ્ત થતું નથી. ૪૬૫-૪૬૬.

## ૨૮૬ જગતને કોણ શોભાવે છે ?

जं चिय खमइ समत्थो, धनवंतो जं न गव्विओ होइ ।
जं च सुविज्जो नमिओ, तं तिहिं अलंकिया पुहवी ।।४६७।।

જે પોતે સમર્થ (બળવાન) છતાં અન્ય ઉપદ્રવકારી મનુષ્યો ઉપર ક્ષમા રાખતો હોય, જે પોતે ધનવાન છતાં ગર્વિષ્ઠ ન હોય, તથા જે પોતે વિદ્યાવાન (વિદ્વાન) છતાં નમ્ર-વિનય ગુણવાળો હોય, તે આ ત્રણ પુરૂષોએ આ પૃથ્વી પર અલંકૃત કરી છે - શોભાવી છે. ૪૬૭. (એ ત્રણ પ્રકારના મનુષ્યોથી આ પૃથ્વી શોભે છે.)

## ૨૮૭ સજ્જનનો સ્વભાવ

न हसंति परं न थुणति, अप्पयं पियसयाइं जंपंति ।
एसो सुअणसहावो, नमो नमो ताण पुरिसाणं ।।४६८।।

સજ્જનો અન્યની હાંસી અથવા નિંદા વિગેરે કરતા નથી, પોતાની પ્રશંસા કરતા નથી, અને સેંકડો પ્રિય વચન બોલે છે, (એક પણ અપ્રિય વચન બોલતા નથી.) આવો સજ્જનનો સ્વભાવ જ હોય છે, તેવા પુરૂષોને નમસ્કાર હો, નમસ્કાર હો. ૪૬૮.

## ૨૮૮ સજ્જનની સમૃદ્ધિ સર્વને સામાન્ય હોય

**मेहाण जलं चंदस्स, चंदणं तरुवराण फलनिचयं ।**
**सुपुरिसाण य रिद्धी, सामन्नं सयललोयस्स ।।४६९।।**

મેઘનું જળ, ચંદ્રની ચંદ્રિકા, શ્રેષ્ઠ વૃક્ષોનો ફળસમૂહ અને સજ્જનોની સમૃદ્ધિ - આ ચારે વાના સમગ્ર લોકોને સામાન્ય છે. આ સર્વ વસ્તુઓ ભેદભાવ વિના સમગ્ર લોકના ઉપયોગમાં આવી શકે છે. ૪૬૯.

## ૨૮૯ સર્વોત્કૃષ્ટ સાર વસ્તુઓ

**लोयस्स य को सारो, तस्स य सारस्स को हवइ सारो ।**
**तस्स य सारो सारं, जइ जाणसि पुच्छिओ साहू ।।४७०।।**
**लोगस्स सार धम्मो, धम्मं पि य नाणसारयं बिंति ।**
**नाणं संजमसारं, संजमसारं च निव्वाणं ।।४७१।।**

પ્રશ્ન - લોકનો સાર શું છે એટલે કે આ જગતમાં સારભૂત વસ્તુ કઇ છે ? તેનો સાર શું છે ? તેનો પણ સાર શું છે ? અને તેનો પણ સાર શું છે ?

ઉત્તર - લોકનો (મનુષ્યની જન્મની પ્રાપ્તિનો) સાર ધર્મ છે, ધર્મનો સાર જ્ઞાન મેળવવું તે છે, જ્ઞાનનો સાર સંયમ (ચારિત્ર) ગ્રહણ કરવું તે છે અને સંયમનો સાર નિર્વાણ (મોક્ષ)ની પ્રાપ્તિ થાય તે છે.૪૭૦-૪૭૧.

## ૨૯૦ કોનો જન્મ નિષ્ફળ છે ?

**न कयं दीणुद्धरणं, न कयं साहम्मियाण वच्छल्लं ।**
**हिययम्मि वीयरागो, न धारिओ हारिओ जम्मो ।।४७२।।**

જેણે દીનજનોનો ઉદ્ધાર કર્યો નથી, સાધર્મી જનોની વત્સલતા (ભક્તિ) કરી નથી અને હૃદયમાં વીતરાગ દેવને ધારણ કર્યા નથી, તે મનુષ્યભવને હારી ગયો છે – તેનો મનુષ્યજન્મ નિષ્ફળ છે. ૪૭૨.

## ૨૯૧ ઉત્તમ મનુષ્ય કેવા હોય ?

**अलसा होउ अकज्जे, पाणिवहे पंगुला सया होउ ।**
**परतत्तिसु अ बहिरा, जच्चंधा परकलत्तेसु ।।४७३।।**

હે જીવ ! તું અકાર્ય કરવામાં આળસુ થા, પ્રાણીનો વધ કરવામાં સર્વદા પંગુ થા, પરની પંચાત (અવર્ણવાદ વિગેરે) સાંભળવામાં બધિર થા અને પરસ્ત્રી ઉપર કુદૃષ્ટિ કરવામાં જન્માંધ થા. ૪૭૩. (અર્થાત્ એ ચારે બાબતમાં આળસુ, પંગુ, બધિર ને અંધની જેવી પ્રવૃત્તિ રાખ.)

## ૨૯૨ આદરવા યોગ્ય અને ત્યાગ કરવા લાયક ૭-૭ વસ્તુઓ

**सत्त सया वड्ढंति, सत्त न मुच्चंति सत्त मुच्चंति ।**
**सत्त धरिज्जंति य मणे, सत्तं न वीससीयव्वं ।।४७४।।**

સાતને હમેશાં વૃદ્ધિ પમાડવા, સાતનો ત્યાગ કરવો, સાતનો ત્યાગ ન કરવો, સાતને મનમાં ધારણ કરવા અને સાતની ઉપર વિશ્વાસ ન કરવો. ૪૭૪. (આ પાંચે પ્રકારના સાત સાત વાના આ નીચે બતાવવામાં આવ્યા છે.)

## વૃદ્ધિ પમાડવાના સાત પદાર્થો

**कित्ती[1] कुलं[2] सुपुत्तो[3], कलया[4] मित्तं[5] गुणा[6] य सुस्सीलं[7] ।**
**सत्तेहि वड्ढं तेहि, धम्मो वड्ढे इ जीवाणं ।।४७५।।**

૧ કીર્તિ, ૨ કુળ, ૩ સુપુત્ર, ૪ કળા, ૫ મિત્ર, ૬ ગુણ અને ૭ શીળ – આ સાત પદાર્થો વૃદ્ધિ પામવાથી જીવોનો ધર્મ પણ વૃદ્ધિ પામે છે. તેથી તેને નિરંતર વૃદ્ધિ પમાડવા. ૪૭૫.

## ન મૂકવાના સાત પદાર્થો

**न वि माणं[1] गुरुभत्ती[2], सुसीलया[3] सत्त[4] तह दयाधम्मो[5] ।**
**विणओ[6] तवो[7] य पुत्ता !, सत्त न मुच्चंति खणमित्तं ।।४७६।।**

૧ અભિમાન કરવું નહીં, ૨ ગુરૂજનની ભક્તિ કરવી, ૩ વિશુદ્ધ શીળવ્રત પાળવું, ૪ સત્ત્વ (ધૈર્ય) ધારણ કરવું, ૫ દયાધર્મ પાળવો, ૬ વિનય રાખવો અને ૭ શક્તિ પ્રમાણે તપ કરવો – હે પુત્ર! આ સાત પદાર્થો એક ક્ષણવાર પણ મૂકવા નહીં – છોડવા નહીં. ૪૭૬.

## ત્યાગ કરવા લાયક સાત પદાર્થો

**खलसंगो[1] कुकलत्तं[2], वसण[3] कुधणागमो[4] य असमाही[5] ।**
**रागद्दोस[6] कसाया[7], मुच्चय पुत्ता ! पयत्तेणं ।।४७७।।**

૧ ખળ (નીચ) જનનો સંગ, ૨ ખરાબ સ્ત્રી, ૩ સાત પ્રકારના વ્યસન, ૪ અન્યાય વડે ધનનું ઉપાર્જન, ૫ અસમાધિ (ચિત્તની વ્યાકુળતા), ૬ રાગદ્વેષ, અને ૭ ક્રોધાદિક કષાયો – આ સાતે પદાર્થો હે પુત્ર! પ્રયત્નથી તજવા યોગ્ય છે. ૪૭૭.

## હૃદયમાં ધારણ કરવા લાયક સાત પદાર્થો

**उवयारो[1] गुरुवयणं[2], सुअणजणो[3] तह सुविज्जा[4] य ।**
**नियमं[5] च वीयरायं[6], नवकारं[7] हियए धरिज्जंति ।।४७८।।**

૧ કોઈએ ઉપકાર કર્યો હોય તે, ૨ ગુરૂનું કહેલું હિતવચન, ૩ સ્વજન જન (અથવા સજ્જન), ૪ શ્રેષ્ઠ વિદ્યા, ૫ અંગીકાર કરેલા નિયમ (વ્રત), ૬ વીતરાગ દેવ અને ૭ નવકાર મંત્ર - આ સાત પદાર્થો હૃદયમાં ધારણ કરવા; કોઈ પણ વખતે ભૂલવા નહીં. ૪૭૮.

## વિશ્વાસ ન કરવા લાયક સાત પદાર્થો

**वसणासत्ता[1] सप्पे[2], मुक्खे[3] जुवईजणे[4] जले[5] जलणे[6] ।**
**पुव्वविरुद्धे पुरिसे[7], असत्तण्हं न वीससीयव्वं ।।४७९।।**

૧ વ્યસનમાં આસક્ત થયેલા પુરૂષો, ૨ સર્પ, ૩ મૂર્ખ, ૪ સ્ત્રીજન, ૫ પાણી, ૬ અગ્નિ અને ૭ પૂર્વનો વિરોધી પુરૂષ - આ સાતનો કદી પણ વિશ્વાસ કરવો નહીં. ૪૭૯.

## ૨૯૩ શ્રાવકના મુખ્ય સાત ગુણ

**विणओ[1] जिणवरभत्ती[2], सुपत्तदाणं[3] सुसज्जणे राओ[4] ।**
**दक्खत्ते[5] निरीहत्ते[6], परोवयारो[7] गुणा सत्त ।।४८०।।**

૧ વિનય, ૨ જિનેશ્વરની ભક્તિ, ૩ સુપાત્ર દાન, ૪ સજ્જન ઉપર રાગ, ૫ દક્ષત્વ (ડાહ્યાપણું), ૬ નિઃસ્પૃહપણું અને ૭ પરોપકાર - આ સાત મુખ્ય ગુણો શ્રાવકના છે. ૪૮૦. (શ્રાવકે આ સાત ગુણો અવશ્ય ધારણ કરવા યોગ્ય છે.

## २९४ नव ग्रैवेयकनां नाम

**सुदंसणं[1] सुपइट्ठं[2], मणोरमं[3] सव्वभद्द[4] सुविसालं[5] ।**
**सुमणस्स[6] सोमणस्सं[7], पीइकरं[8] चेव आइज्जं[9] ।।४८१।।**

१ સુદર્શન, ૨ સુપ્રતિષ્ઠ, ૩ મનોરમ, ૪ સર્વભદ્ર, ૫ સુવિશાલ, ૬ સુમનસ, ૭ સૌમનસ્ય, ૮ પ્રીતિકર, અને ૯ આદિત્ય- આ નવ ગ્રૈવેયકનાં નામ છે. ૪૮૧.

## २९५ પાંચ સુમેરૂનાં નામ

**सुदंसणो[1] बीय विजयओ[2], अयलो[3] तह तइय पुक्खरद्धो[4] य ।**
**चउत्थो पुण विज्जुमाली[5], ए पंच सुमेरुनामानि ।।४८२।।**

૧ પહેલો જંબૂદ્વીપમાં સુદર્શન નામનો મેરૂ, ૨ બીજો વિજય નામનો મેરૂ ને ૩ ત્રીજો અચલ નામનો મેરૂ આ બે ઘાતકી ખંડમાં અને ૪ ચોથો પુષ્કરાર્ધ નામનો મેરૂ તથા ૫ પાંચમો વિદ્યુન્માલી નામનો મેરૂ, આ બે પુષ્કરાર્ધ દ્વીપમાં - આ પાંચ સુમેરૂનાં નામ જાણવા. ૪૮૨.

## २९६. એક રાજલોકનું પ્રમાણ

**जोअणलक्खपमाणं, णिमेसमित्तेण जाइ जो देवो ।**
**छम्मासेण य गमणं, एयं रज्जू पमाणेणं ।।४८३।।**

જે દેવ એક નિમેષમાત્રમાં લાખ યોજન પ્રમાણ પૃથ્વીને ઓળંગે, તે દેવ તેટલી જ શીઘ્ર ગતિએ છ માસ સુધી ચાલે ત્યારે પ્રમાણ વડે એક રજ્જુ (રાજ) થાય છે. એક રાજને ઓળંગતાં એવી ચાલવાળા દેવને છ માસ લાગે છે. ૪૮૩. (બીજો અર્થ તેટલા કાળે પણ તે ગતિએ એક

રાજ ઓળંગી શકતો નથી એમ અન્યત્ર કહેલ છે. આ પ્રમાણેની જ ગાથા ૪૮૫ ગાથાની વૃહત્ સંઘયણીમાં ૧૮૭મી છે, તેનું ચોથું પદ एवं रज्जं जिणा बिंति છે. અર્થમાં 'એટલું એક રાજનું પ્રમાણ જિને કહેલું છે' એમ લખે છે.)

**सयंभूपुरिमंताओ, अवरंतो जाव रज्जुओ ।**
**एएण रज्जुमाणेणं, लोगो चउदसरज्जुओ ।।४८४।।**

સ્વયંભૂરમણ સમુદ્રના પૂર્વ છેડાથી આરંભીને પશ્ચિમ છેડા સુધી એક રજ્જુ (રાજ) થાય છે, આ રજ્જુના પ્રમાણ વડે આખો લોક ચૌદ રાજ પ્રમાણ ઉંચો છે. (પહોળાઇનું પ્રમાણ ભિન્ન ભિન્ન છે.) ૪૮૪.

## ૨૯૭. ચોવીશે તીર્થંકરોના સમવસરણમાં રહેલા અશોકવૃક્ષનું પ્રમાણ

**उसहस्स तिन्नि गाउय, बत्तीस धणूण वद्धमाणस्स ।**
**सेसजिणाणं तु मओ, सरीरओ बारसगुणो अ ।।४८५।।**

ઋષભદેવને ત્રણ ગાઉ ઉંચો અશોકવૃક્ષ હતો, વર્ધમાન સ્વામીને બત્રીશ ધનુષ ઉંચો હતો અને બાકીના બાવીશ જિનેશ્વરોને પોતપોતાના શરીરથી બાર ગુણો ઉંચો અશોકવૃક્ષ હતો. ૪૮૫. ( આ પ્રમાણે ગણતાં વીર પ્રભુનું અશોકવૃક્ષ ૨૧ ધનુષ્યનું થાય, પરંતુ તેની ઉપર શાલવૃક્ષ ૧૧ ધનુષ્યનું હોવાથી કુલ ૩૨ ધનુષ્ય કહેલા છે, ઋષભદેવ માટે તો ૧૨ ગણું બરાબર છે.)

## ૨૯૮ પાંચ પ્રકારનું મિથ્યાત્વ

**अभिगहिय[1] मणभिगहियं[2], अभिनिवेसिय[3] संसई[4] अणाभोगा[5] ।**
**मिच्छत्तं पंचविहं, परिहरियव्वं पयत्तेणं ।।४८६।।**

૧ આભિગ્રહિક, ૨ અનાભિગ્રહિક, ૩ આભિનિવેશિક, ૪ સાંશયિક અને ૫ અનાભોગિક - આ પાંચ પ્રકારનું મિથ્યાત્વ પ્રયત્નથી ત્યાગ કરવા યોગ્ય છે. ૪૮૬.

## પાંચ પ્રકારના મિથ્યાત્વની વ્યાખ્યા

૧ આભિગ્રહિક - પોતપોતાના મતનો આગ્રહ - એટલે કે અમારો મત જ સત્ય છે, બીજા બધા અસત્ય છે. આવો કોઇ પણ મતનો આગ્રહ તે આભિગ્રહિક મિથ્યાત્વ - અહીં શિષ્ય શંકા કરે છે કે - 'આ વ્યાખ્યા પ્રમાણે જૈનમતનો આગ્રહ તે આભિગ્રહિક ખરૂં કે નહીં ?' ગુરૂ કહે છે કે - 'જૈન મતમાં આગ્રહને સ્થાન જ નથી. જૈન શાસ્ત્રો તો કહે છે કે - નિર્દોષ એવા દેવ ગુરૂ ધર્મ જે શાસ્ત્રમાં બતાવ્યા હોય તે શાસ્ત્ર અને તે ધર્મ અમારે પ્રમાણ છે. જૈન શબ્દનો આગ્રહ નથી. પરંતુ એવું એ ત્રણ તત્ત્વનું સર્વથા નિર્દોષ સ્વરૂપ જૈન શાસ્ત્રમાં જ જોવામાં આવે છે તેથી અમે તેને ગ્રહણ કરેલ છે. ૨ અનાભિગ્રહિક - તે સર્વ મત સારા છે, કોઇની નિંદાએ કરીએ નહીં અને કોઇની સ્તુતિ પણ કરીએ નહીં. આ મિથ્યાત્વ એટલા માટે છે કે - તેણે તો ગોળ ખોળને સરખા માન્યા. જે ધર્મ હિંસામાં, કન્યાદાનમાં, સંસારમાં લાગ્યા રહેવામાં ધર્મ કહે તે વાસ્તવિક ધર્મ હોઇ શકે નહીં. માટે સર્વને સરખા ન માનતાં તેમાં સત્યાસત્યની પરીક્ષા કરવી જોઇએ. ૩ આભિનિવેશિક - તે ધર્મનું સાચું સ્વરૂપ જાણ્યા છતાં દુરાગ્રહથી પોતાનું માનેલું છોડી શકે નહીં. આ મિથ્યાત્વ બહુ જ ચીકણું છે. ઘણું ભવભ્રમણ કરાવનાર છે. ૪ સાંશયિક - જે તે બાબતમાં શંકા કર્યા કરે - શંકા વર્ત્યા કરે. શંકા બે પ્રકારની હોય છે. એક તો સત્ય જાણવાની જીજ્ઞાસારૂપ શંકા તે સ્વીકાર્ય છે, બીજી અમુક બાબત પોતાને ન સમજાણી - બંધ ન બેઠી એટલે બીજું બધું તો સાચું કહ્યું છે પણ આ એક વાત તો બરાબર કહી નથી - એવી શંકા - તે પ્રાયે નિન્હવાદિકને હોય છે. ૫ અનાભોગિક - તે અવ્યક્તપણે એકેંદ્રિયાદિક જીવોને હોય છે. આ તો અનિવાર્ય છે. તેનું નિવારણ તો જીવ સંજ્ઞીપણું પામ્યા પછી જ અમુક કાળે થઇ શકે છે. ઇતિ.

## ૨૯૯ પાંચ પ્રકારનું સમકિત

**एसिं सद्दहणेणं, सम्मत्तं तं च होइ पंचविहं ।**
**वेयग[1] खवग[2] उवसम[3], रोयग[4] तह मीस[5] सेसाणं ।।४८७।।**

તો સત્યદેવ, ગુરૂ અને ધર્મ ઉપરની શ્રદ્ધા વડે સમકિત પ્રાપ્ત થાય છે તે પાંચ પ્રકારનું છે :- ૧ વેદક, ૨ ક્ષાયિક, ૩ ઔપશમિક, ૪ રોચક અને ૫ મિશ્ર એટલે ક્ષાયોપશમિક એ સમકિત શેષ જીવોને બહોળે ભાગે હોય છે. ૪૮૭.

## પાંચ પ્રકારના સમકિતનું સ્વરૂપ

૧ વેદક - તે ક્ષયોપશમ સમકિતનો છેલ્લો સમકિતમોહની વેદવાનો સમય - જેને બીજે સમયે ક્ષાયિક સમકિત થાય છે તે.

૨ ક્ષાયિક - તે દર્શન સપ્તકનો જેણે સર્વથા ક્ષય કરેલ છે તેને થાય છે તે - આ સમકિત પ્રાપ્ત થયા પછી જતું નથી.

૩ ઔપશમિક - તે અનાદિ મિથ્યાત્વીને ત્રણ કરણ કરવા વડે અંતર કરણને પ્રથમ સમયે મિથ્યાત્વના પુદ્ગળો વિપાકથી કે પ્રદેશથી વેદવાના ન હોય ત્યારે થાય છે તે. આની સ્થિતિ અંતર્મુહૂર્તની હોય છે. તે ક્ષાયિક સમકિતની વાનકી જેવું છે. ઉપશમ શ્રેણિના પ્રારંભમાં પણ આ સમકિત થાય છે.

૪ રોચક કહ્યું છે તે સાસ્વાદન સંભવે છે, કારણ કે રોચક નામનો ભેદ કારક, રોચક ને દીપક એમાં આવે છે, પણ તે રોચક તે ક્ષયોપશમ કે ક્ષાયિકરૂપ સંભવે છે. સાસ્વાદન ભાવ ઉપશમ સમકિતથી પડતો જીવ ઉત્કૃષ્ટ છ આવળી જેટલા વખત સુધી પામે છે અને પછી મિથ્યાત્વે જાય છે.

૫ ક્ષાયોપશમિક - પ્રાયે ઘણા સમકિતી જીવોને આ સમકિત જ હોય છે. તે સમકિતમાં સમકિત મોહનીયનો ઉદય હોય છે. મિથ્યાત્વ મોહનીનો સમયે સમયે ક્ષય કરે છે અને ઉદય આવે તેનો ઉપશમ કરે છે. એવી રીતે અહીં મિશ્રભાવ હોવાથી તે મિશ્ર પણ કહેવાય છે, પરંતુ આ મિશ્રમોહનીના ઉદયવાળું મિશ્ર સમજવું નહીં. આ સમકિતની સ્થિતિ ૬૬ સાગરોપમ ઝાઝેરી હોય છે, ત્યારપછી તે જીવ ક્ષાયિક સમકિત પામે છે અથવા મિથ્યાત્વે જાય છે.

## ૩૦૦ ક્ષમાશ્રમણ નામની સાર્થકતા ને નિરર્થકતા

**जइ खमसि तो नमिज्जसि, छज्जइ नामंति ते खमासमणो ।**
**अह न खमसि न नमिज्जसि, नामं पि निरत्थयं तस्स ।।४८८।।**

જો તું ક્ષમાગુણને ધારણ કરીશ અને ગુરૂજનને નમીશ તો તારૂં ક્ષમાશ્રમણ નામ છાજે છે – સાર્થક છે. અને જો ક્ષમા નહીં રાખે તથા ગુરૂજનને નહીં નમે તો ક્ષમાશ્રમણ એવું નામ પણ નિરર્થક છે – વ્યર્થ છે. ૪૮૮.

## ૩૦૧ મૃત્યુનો નિગ્રહ કોઈથી થતો નથી.

**तित्थयरा गणहारी, सुरवइणो चक्कि केसवा रामा ।**
**संहरिया हयविहिणा, इयरेसु नरेसु का गणणा ॥४८९॥**

તીર્થંકરો, ગણધરો, સુરેંદ્રો, ચક્રવર્તીઓ, વાસુદેવો અને બળરામો એ સર્વેને હત્યારા વિધાતાએ હરી લીધા છે, તો પછી બીજા મનુષ્યો (જીવો)ની શી ગણના ? (બીજા જીવો હરણ કરાય તેમાં શું આશ્ચર્ય ?) ૪૮૯.

## ૩૦૨ એકત્વ ભાવના

**एगो जायइ जीवो, एगो मरिऊण तह उपज्जेई ।**
**एगो भमइ संसारे, एगो चिय पावए सिद्धिं ॥४९०॥**

જીવ એકલો જ ઉત્પન્ન થાય છે, એકલો જ મરીને અન્યત્ર ઉત્પન્ન થાય છે, એકલો જ સંસારમાં ભ્રમણ કરે છે અને એકલો જ મોક્ષને પામે છે. ૪૯૦.

## ૩૦૩ જૈન ધર્મની ઉત્તમતા

**संसारम्मि अणंते, जीवा पावंति ताव दुक्खाइं ।**
**जाव न करंति कम्मं, जिणवरभणियं पयत्तेणं ॥४९१॥**

જ્યાં સુધી શ્રી જિનેશ્વરે કહેલું કર્મ (ધાર્મિક કાર્ય) પ્રયત્ન વડે કરવામાં ન આવે ત્યાં સુધી જ જીવો આ અનંત સંસારમાં દુઃખને પામે છે એટલે સંસારમાં ભ્રમણ કર્યા કરે છે. ૪૯૧.

## ૩૦૪ આ સંસારમાં દુર્લભ પદાર્થો

**माणुस्स[1] खित्त[2] जाई[3], कुल[4] रूवा[5] रुग्ग[6] आउयं[7] बुद्धि[8] ।**
**सवण[9] ग्गह[10] सद्धा[11] संजमो[12] उ इय लोयम्मि दुल्लहा ॥४९२॥**

૧ મનુષ્ય ભવ, ૨ આર્યક્ષેત્ર, ૩ ઉત્તમ જાતિ, ૪ ઉચ્ચ કુળ, ૫ સારૂં રૂપ (પાંચ ઇંદ્રિય પૂરા), ૬ નીરોગતા, ૭ લાંબું આયુષ્ય, ૮ તીક્ષ્ણ બુદ્ધિ, ૯ શાસ્ત્રનું શ્રવણ, ૧૦ શાસ્ત્રમાં કહેલા વિધિનું ગ્રહણ (સમજવું.), ૧૧ શ્રદ્ધા અને ૧૨ સંયમ (ચારિત્ર) – આ બાર પદાર્થો આ સંસારમાં દુર્લભ છે. ૪૯૨. (આ ગાથામકાં બહુ સાર સંગ્રહેલો છે, તાત્પર્ય એ છે કે – જો આર્યક્ષેત્રમાં ઉત્તમ કુળજાતિમાં મનુષ્યપણું પામ્યો હોય અને પાંચ ઇંદ્રિય પૂરા, આરોગ્ય અને દીર્ઘ આયુષ્ય પામતો હોય તે તીક્ષ્ણ બુદ્ધિથી ધર્મનું શ્રવણ કરી, સમજી, તેના પર શ્રદ્ધા લાવી આચારમાં મૂકે – તદ્રૂપ પ્રવૃત્તિ કરે તો સંસારના પારને પામે.)

## ૩૦૫ સર્વ જીવોનો સામાન્ય સ્વભાવ

**सव्वे वि दुक्खभीरू, सव्वे वि सुहाभिलासिणो जीवा ।**
**सव्वे वि जीवनपिया, सव्वे मरणाओ बीहंति ॥४९३॥**

સર્વ જીવો દુ:ખથી ભીરૂ (બીકણ) છે, સર્વ જીવો સુખના અભિલાષી છે, સર્વ જીવોને જીવન પ્રિય છે અને સર્વ જીવો મરણથી ભય પામે છે. ૪૯૩. (છતાં તેને અનુસરતા – દુ:ખ ન પ્રાપ્ત થાય ને સુખ મળે, એકાએક મરણ પામવું ન પડે પણ સુખી સ્થિતિવાળું જીવન લંબાય એવા કારણો સેવતા નથી એ ખેદનો વિષય છે.)

## ૩૦૬ હિંસાનો પ્રતિકાર – તેનું નિવારણ મુશ્કેલ છે.

**मेरुगिरिकणयदाणं, धन्नाणं जो देइ कोडिरासीओ ।**
**इक्कं च हणइ जीवं, न छुट्टइ तेण दाणेण ॥४९४॥**

જે માણસ એક જીવને હણે અને પછી તે હિંસાનું પાપ દૂર કરવા માટે મેરૂપર્વત જેટલા સુવર્ણનું દાન કરે તથા ધાન્યના મોટા કરોડો ઢગલાનું દાન કરે, તો પણ તે મનુષ્ય તે દાન વડે કરેલા પાપથી છુટતો નથી. ૪૯૪.

## ૩૦૭ જીવદયાનું માહાત્મ્ય

**कल्लाणकोडिजणणी, दुरंतदुरियाइविग्घनिट्ठवणी ।**
**संसारजलहितरणी, इक्का चिय होइ जीवदया ॥४९५॥**

માત્ર એક જીવદયા (અહિંસા) જ કરોડો કલ્યાણકોને ઉત્પન્ન કરનારી છે, દુરંત પાપ અને વિઘ્નોનો નાશ કરનારી છે, તથા સંસારરૂપી સમુદ્રને તારવામાં નૌકા સમાન છે. ૪૯૫. (જીવદયાની અંદર બીજા સર્વ ધર્મોનો ઓછે વધતે અંશે સમાસ થઈ જ જાય છે.)

## ૩૦૮ જીવનું સામાન્ય લક્ષણ

**चित्तं[१] चेअण[२] नाणं[३], विन्नाणं[४] धारणा[५] य बुद्धी[६] य ।**
**ईहापोह[७] वियारो[८], जीवस्स लक्खणा एए ॥४९६॥**

૧ મન, ૨ ચૈતન્ય, ૩ જ્ઞાન, ૪ વિજ્ઞાન, ૫ ધારણા, ૬ બુદ્ધિ, ૭ ઈહાપોહ (તર્કવિતર્ક) અને ૮ વિચાર - આ આઠ જીવનાં સામાન્ય લક્ષણ છે. ૪૯૬. (આ લક્ષણો જડ પદાર્થમાં હોતા નથી અને જીવ તે લક્ષણ વિનાનો હોતો નથી.)

## ૩૦૯ પૃથ્વીકાય જીવોના શરીરની સૂક્ષ્મતા

**एगस्स दुन्नि तिन्नि वि, संखिज्जाणं न पासिउं सक्का ।**
**दीसंति सरीराइं, पुढवीजीवा असंखिज्जा ॥४९७॥**

પૃથ્વીકાય જીવનાં શરીરો એક, બે, ત્રણ યાવત્ સંખ્યાતા ભેગા થયેલા હોય તો પણ તે દૃષ્ટિએ જોઇ શકાતા નથી, પરંતુ પૃથ્વીજીવના અસંખ્યાતા શરીરો ભેગા થયેલા હોય તો જ તે દેખી શકાય છે, એટલા તે શરીરો સૂક્ષ્મ છે. ૪૯૭.

## ૩૧૦ બીજા એકેંદ્રિયોનાં શરીરની સૂક્ષ્મતા

**आऊ तेऊ वाऊ, एसिं सरीराणि पुढविजुत्ताणि ।**
**दीसंति वणसरीरा, जीवा असंख संखिज्जा ।।४९८।।**

અપ્‌કાય, તેઉકાય અને વાયુકાય એ ત્રણનાં શરીરો પણ પૃથ્વીકાયની જેમ અસંખ્યાતા મળેલા હોય તો જ તે દેખી શકાય છે. અને વનસ્પતિ જીવોનાં શરીરો એક બે ત્રણ અથવા સંખ્યાતા ભેળા થયે પણ દેખી શકાય છે અને અસંખ્યાતા ભેળા થયે પણ દેખી શકાય છે. (આ પ્રત્યેક વનસ્પતિકાયને માટે જાણવું. સાધારણ વનસ્પતિના જીવો અનંતાના અસંખ્ય શરીરો ભેગા થયા હોય તો જ દેખી શકાય છે. તે પણ બાદરનિગોદ માટે સમજવું, સૂક્ષ્મના તો અનંત જીવોના અસંખ્ય શરીર ભેળા થયેલા પણ દેખી શકાતા નથી.) ૪૯૮.

## ૩૧૧ નિગોદના જીવોનું સ્વરૂપ

**अह अयधंतो गोलो, जाओ तत्ततवणिज्जसंकासो ।**
**सव्वो अगणिपरिणओ, निगोयजीवे तहाऽणंते ।।४९९।।**

જેમ અગ્નિમાં ધમેલો લોઢાનો ગોળો તપાવેલા સુવર્ણના વર્ણ જેવો રાતો થયો સતો તે આખો અગ્નિપરિણત થઇ જાય છે, એટલે કે અગ્નિમય બની જાય છે, તે જ પ્રમાણે એક નિગોદ શરીરમાં અનંત જીવો પરિણમીને રહેલા છે. ૪૯૯.

## ૩૧૨ સમ્યક્ત્વનું માહાત્મ્ય – સમકિતીની ગતિ વિગેરે

**जह गिरिवराण मेरू, सुराण इंदो गहाण जह चंदो ।**
**देवाणं जिणचंदो, तह धम्माणं च सम्मत्तं ।।५००।।**

જેમ સર્વ શ્રેષ્ઠ પર્વતોને વિષે મેરૂપર્વત મુખ્ય છે, સર્વ દેવોમાં ઇંદ્ર મુખ્ય છે, સર્વ ગ્રહોમાં ચંદ્ર મુખ્ય છે, સર્વ બ્રહ્માદિક દેવોમાં જિનેંદ્ર મુખ્ય છે, તેમ સર્વ ધર્મને વિષે સમકિત મુખ્ય છે. ૫૦૦.

**सम्मद्दिठ्ठी जीवो, गच्छइ नियमा विमाणवासीसु ।**
**जइ न विगयसम्मत्तो, अहव न बद्धाउओ पुव्वं ।।५०१।।**

સમ્યગ્દષ્ટિ જીવ જો પોતે સમકિતથી ભ્રષ્ટ થયો ન હોય અથવા સમ્યક્ત્વ પામ્યા પહેલાં પરભવનું આયુષ્ય બાંધ્યું ન હોય તો તે અવશ્ય વિમાનવાસી દેવને વિષે જ ઉત્પન્ન થાય છે. ૫૦૧.

**ते धन्ना ताण नमो, तं चिय चिरजीविणो बुहा ते उ ।**
**जं निरइयारमेयं, धरंति सम्मत्तवररयणं ।।५०२।।**

જે મનુષ્યો આ સમ્યકત્વરૂપી શ્રેષ્ઠ રત્નને અતિચાર રહિતપણે ધારણ કરે છે, તે મનુષ્યો જ ધન્ય છે, તેમને નમસ્કાર છે, તેઓ જ ચિરંજીવી છે અને તેઓ જ પંડિત છે. ૫૦૨.

**लब्भइ सुरसामित्तं, लब्भइ पहुअत्तणं न संदेहो ।**
**इक्कं नवरि न लब्भइ, दुल्लहं रयणसम्मत्तं ।।५०३।।**

દેવોનું સ્વામીપણું પામી શકાય છે, પ્રભુપણું (ઐશ્વર્ય) પામી શકાય છે, તેમાં કાંઇ પણ સંદેહ નથી. પરંતુ દુર્લભ એવું એક સમ્યક્ત્વરૂપી રત્ન જ પામી શકાતું નથી. પામવું અતિ મુશ્કેલ છે. ૫૦૩

## ૩૧૩ મિથ્યાત્વી અને નિન્હવોનું સ્વરૂપ

**पयमक्खरं पि इक्कं, जो न रोएइ सुत्तनिद्दिठ्ठं ।**
**सेसं रोयंतो वि हु, मिच्छद्दिठ्ठी जमालि व्व ।।५०४।।**

સૂત્ર (આગમ)માં કહેલું એક જ પદ (શબ્દ) કે અક્ષર જેને રૂચતો ન હોય અને તે સિવાય સર્વ આગમ રૂચતા હોય તો પણ તેને જમાલિની જેમ મિથ્યાદૃષ્ટિ જાણવો. (અમુક એક પદ અથવા અક્ષરને નહીં રૂચવાતા - સત્ય નહીં માનતા જમાલિ જેવા નિન્હવો કહેવાય છે અને બીજા એટલે એક કે અનેક પદ કે અક્ષરને રૂચવાતા - સત્ય નહીં માનતા સર્વે મિથ્યાદૃષ્ટિ કહેવાય છે. એમ અન્યત્ર કહ્યું છે.) ૫૦૪.

## ૩૧૪ પાંચ પ્રકારના દાનનું સ્વરૂપ

### ૧ અભયદાનનું સ્વરૂપ લક્ષણ

**सव्वेसिं जीवाणं, अणारियजणेण हणियमाणेणं ।**
**जहसत्तीए वारण, अभयं तं बिंति मुणिपवरा ।।५०५।।**

કોઈ પણ જીવને અનાર્ય મનુષ્ય મારતો હોય - દુઃખ દેતો હોય તેને પોતાની શક્તિથી નિવારવો, અર્થાત્ સર્વ જીવને એવા મરણથી યથાશક્તિ બચાવવા એ જ અભયદાન છે એમ મુનિવરો કહે છે. ૫૦૫. (આ દાન તો શરીર સુખના અર્થીએ નિરંતર દેવા યોગ્ય છે.)

### ૨ સુપાત્ર દાનનું સ્વરૂપ

**पंचमहव्वयपरिपालणाणं, पंचसमिईहिं समिआणं ।**
**तिगुत्ताण य वंदिय, साहूणं दाणमुत्तमयं ।।५०६।।**

પાંચ મહાવ્રતોને પાળનારા, પાંચ સમિતિ વડે સમિત અને ત્રણ ગુપ્તિ વડે ગુપ્ત એવા સાધુઓને વંદન કરીને જે દાન આપવું તે ઉત્તમ દાન (સુપાત્રદાન) કહેલું છે. ૫૦૬ (આ દાન સર્વોત્કૃષ્ટ છે.)

### ૩ અનુકંપા દાનનું સ્વરૂપ

**मंदाण य टुंटाण य, दीणअणाहाण अंधबहिराणं ।**
**अणुकंपादाणं पुण, जिणेहि न कहिंचि पडिसिद्धं ।।५०७।।**

માંદા (રોગી), ઠુંઠા, દીન, અનાથ, અંધ અને બધિર એવા જનોને જે અનુકંપા વડે દાન આપવું તે જિનેશ્વરોએ કોઇ પણ ઠેકાણે નિષેધ્યું નથી. ૫૦૭. (દયાળુ અંતઃકરણવાળાએ નિરંતર અનુકંપા દાન આપ્યા કરવું, તે જીવોના દુઃખો દૂર કરવા પ્રયત્ન કરવો, તેથી જ તેનો કરૂણાભાવ બન્યો બન્યો રહે છે.)

## ૪ ઉચિત દાનનું સ્વરૂપ

**उच्चियदाणं एयं, वेलमवेलाइ दाण पत्ताणं ।**
**तं दाणं दिन्नेणं, जिणवयणपभावगा भणिया ।।५०८।।**

વેળાએ અથવા કવેળાએ પાચક તરીકે પ્રાપ્ત થયેલાને જે દાન દેવું તે ઉચિતદાન કહેલું છે. તે દાન દેનારા જિનશાસનના પ્રભાવક કહ્યા છે. ૫૦૮. (કારણ કે એવું દાન લેનારા તે દાતારની અને તેના ધર્મની - જૈન ધર્મની પ્રશંસા કરે છે.)

## ૫ કીર્તિદાનનું સ્વરૂપ

**जिणसाहुसाहुणीण य, सुकित्तिकरणेण भट्टबडुआणं ।**
**जं दाणं तं भणियं, सुकित्तिदाणं मुणिवरेहिं ।।५०९।।**

જિનેશ્વરના સાધુ અને સાધ્વી વિગેરેની સત્કીર્તિનું કીર્તન કરનારા ભાટ, ચારણ અને બ્રાહ્મણ વિગેરેને જે દાન આપવું તે શ્રેષ્ઠ મુનિઓએ કીર્તિદાન કહ્યું છે. ૫૦૯. (ગૃહસ્થોએ આ દાન પણ આપવું જોઇએ. તેની પણ જરૂર છે.)

## ૩૧૫ ઉપવાસને બદલે કરી શકાતા બીજા પચ્ચખ્ખાણો

**नवकारसहिएहिं, पणयालीसेहिं होइ उववासो ।**
**पोरसी चउवीसाए, वीसाए सङ्ढपोरसीए ।।५१०।।**

**अट्ठहि पुरिमड्ढेहिं, निव्विगइतिगेण अंबिलदुगेणं ।**
**एगभत्तचउक्केणं, अट्ठहिं दोहिं ठाणेहि ॥५११॥**

પીસ્તાળીશ દિવસ નવકારશીના પચ્ચખ્ખાણ કરવાથી એક ઉપવાસ જેટલું ફળ થાય છે, ચોવીશ દિવસ પોરસીના પચ્ચખ્ખાણ કરવાથી, વીશ દિવસ સાઢપોરસી કરવાથી, આઠ પુરિમાર્ધ કરવાથી, ત્રણ નીવી કરવાથી, બે આયંબિલ કરવાથી, ચાર એકાસણાં કરવાથી અથવા આઠ બેઆસણા કરવાથી એક ઉપવાસ જેટલું ફળ થાય છે. (ઉપવાસ ન કરી શકે તેને અપવાદ માર્ગે આ પચ્ચખ્ખાણો કરવાથી ઉપવાસનું કાર્ય સરે છે.) ૫૧૦-૫૧૧.

## ૩૧૬ ગ્રંથિસહિત (ગંઠશી)ના પ્રત્યાખ્યાનનું ફળ

**गंठीसहिए मासे, अट्ठावीसं हवंति उववासा ।**
**जहसत्ति मुत्तिहेउं, भवियजणा कुणह तवमेयं ॥५१२॥**

નિરંતર ગ્રંથિસહિતનું પચ્ચખ્ખાણ કરનારને એક માસે અઠ્ઠાવીશ ઉપવાસનું ફળ થાય છે, (ઉપર જણાવેલ નવકારશી વિગેરેની જેમ ઉપવાસને બદલે આ પચ્ચખ્ખાણ થઇ શકતું નથી. પરંતુ આ ગ્રંથિસહિતનું પચ્ચખ્ખાણ કરવાથી ચતુર્વિધ આહારની મોટી વિરતિ થાય છે. એટલે કે હિસાબે ગણતાં એક માસમાં આ પચ્ચખ્ખાણવાળાનું મુખ અમુક કલાકો જ છુટું રહે છે કે જે કલાકોના માત્ર બે જ દિવસ થઇ શકે, તેથી બાકીના અઠ્ઠાવીશ દિવસ જેટલા કલાકો તેના અનશનના જ જાય છે. તેથી આ પચ્ચખ્ખાણનું આટલું બધું ફળ કહેલું છે.) તેથી કરીને હે ભવ્યજનો! મુક્તિને માટે તમે આ તપને યથાશક્તિ કરો. ૫૧૨.

## ૩૧૭ શત્રુંજય તીર્થના સ્મરણપૂર્વક તે તીર્થે કરાતા તપનું ફળ

**नवकार[१] पोरसीए[२], पुरिमड्ढे[३] गासणं[४] च आयामं[५] ।**
**पुंडरियं समरंतो, फलकंखी कुणइ अभत्तट्ठं[६] ।।५१३।।**
**छट्ठ[१] ट्ठम[२] दसम[३] दुवालस[४], मासद्ध[५] मासखमणेणं[६] ।**
**तिगरणसुद्धो लहई, सेत्तुंजो संभरंतो य ।।५१४।।**

ઉત્તમ ફળની કાંક્ષાવાળો જે પુરૂષ પુંડરીક (શત્રુંજય) તીર્થનું સ્મરણ કરતો સતો ૧ નવકારશી, ૨ પોરસી, ૩ પુરિમઢ, ૪ એકાસણું, ૫ આંબેલ કે ૬ અભક્તાર્થ (ઉપવાસ)નું પચ્ચખ્ખાણ કરે તો તે, ત્રિકરણ (મન, વચન અને કાયા)ની શુદ્ધિ વડે શત્રુંજય તીર્થનું સ્મરણ કરતો સતો અનુક્રમે ૧ છઠ્ઠ (બે ઉપવાસ), ૨ અઠ્ઠમ (ત્રણ ઉપવાસ), ૩ દશમ (ચાર ઉપવાસ), ૪ દ્વાદશમ (પાંચ ઉપવાસ), ૫ માસાર્ધ (પંદર ઉપવાસ) અને ૬ માસખમણ (ત્રીશ ઉપવાસ)નું ફળ પામે છે. એટલે કે નવકારશી કરનાર છઠ્ઠનું ફળ પામે છે યાવત્ ઉપવાસ કરનાર માસખમણનું ફળ પામે છે. ૫૧૩-૫૧૪. (આ ફળ શત્રુંજય તીર્થે કરાતા તપનું સમજવું.)

## ૩૧૮ તપથી ખપતા કર્મોનું પ્રમાણ

**पोरसी चउत्थ छट्ठे, काउं कम्मं खवंति जं मुणिणो ।**
**तं तह नारयजीवा, वाससहस्सेहि कोडीओ ।।५१५।।**

મુનિઓ પોરસી, ચતુર્થભક્ત (ઉપવાસ) અને છઠ્ઠ (બે ઉપવાસ) કરવાથી જેટલાં કર્મોને ખપાવે છે, તેટલાં કર્મો નારકીના જીવો હજાર, લાખ ને કોટિ વર્ષે દુઃખ ભોગવીને ખપાવે છે. ૫૧૫. (અર્થાત્ પોરસીથી હજાર વર્ષ, ઉપવાસથી લાખ વર્ષ અને છઠ્ઠથી ક્રોડ વર્ષ સુધી ભોગવવા પડે તેવા અશુભ કર્મોનો ક્ષય થાય છે.)

## ૩૧૯ સાધુને કલ્પનીય જળ

**गिण्हइ जुआरजलं, अंबिलधोअणतिदंडमुक्कलयं ।**
**वन्नंतरायपत्तं, फासुअसलिलं च तदभावे ।।५१६।।**

જુવારના ધોવાણનું પાણી, આંબલીના ધોવણનું પાણી અને ત્રણ ઉભરાએ ઉકાળેલું પાણી સાધુને ગ્રહણ કરવા લાયક છે. તેવું જળ ન મળે તો બીજા વર્ણને પામેલું એટલે જેના વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ બદલાઇ ગયા હોય એવું પ્રાસુક જળ પણ લેવું કલ્પે છે. ૫૧૬.

## ૩૨૦ શ્રી સીમંધર સ્વામીના જન્માદિકનો કાળ તથા જન્મ સ્થાન

**पुक्खलवईयविजये, पुव्वविदेहम्मि पुंडरिगिणीए ।**
**कुंथुअरहंतरम्मि अ, जाओ सीमंधरो भयवं ।।५१७।।**

પૂર્વ મહાવિદેહ ક્ષેત્રને વિષે પુષ્કલાવતી નામના વિજયમાં પુંડરિકિણી નામની નગરીમાં કુંથુનાથ અને અરનાથના આંતરામાં શ્રી સીમંધર નામના ભગવાન થયા છે - જન્મ્યા છે. ૫૧૭.

**मुणिसुव्वयजिणनमिजिण - अंतरे रज्जं चइत्तु निक्खंतो ।**
**सिरिउदयदेवपेढाल - अंतरे पावई मुक्खं ।।५१८।।**

મુનિસુવ્રતસ્વામી અને નમિનાથના આંતરામાં સીમંધર સ્વામીએ રાજ્યનો ત્યાગ કરી દીક્ષા ગ્રહણ કરી છે તથા શ્રી ઉદય જિન અને પેઢાલજિન જે આવતી ચોવીશીમાં ૭ મા અને ૮ મા તીર્થંકર થવાના છે તેમના આંતરામાં તે નિર્વાણ પામવાના છે. ૫૧૮.

## ૩૨૧ સાડાબાર કરોડ સુવર્ણના તોલનું પ્રમાણ

**इगलक्ख तीससहस्सा, दो सय मणाइं सेर तेरजुआ ।**
**टंकणा य चउवीसं, सड्ढीबार कोडि कणयंम्मि ।।५१९।।**

સાડાબાર કરોડ સુવર્ણનો તોલ એક લાખ ત્રીશ હજાર અને બસો મણ, તેર શેર અને ચોવીશ ટાંક (રૂપીયાભાર) એટલો થાય છે. ૫૧૯ (તીર્થંકર જ્યાં પારણું કરે ત્યાં દેવો આટલા દ્રવ્યની વૃષ્ટિ કરે છે.)

## ૩૨૨ સાધુને લેવાના આહારમાં ટાળવાના ૪૭ દોષ

### ૧ પિંડ ઉદ્‌ગમના એટલે ઉત્પન્ન થતાં લાગે તેવા ૧૬ દોષ

**आहाकम्मु[१] द्देसिय[२], पूईकम्मे[३] य मीसजाए[४] य ।**
**ठवणा[५] पाहुडियाए[६], पाओयर[७] कीय[८] पामिच्चे[९] ।।५२०।।**
**परिअट्टिए[१०] अभिहडु[११], ब्भिन्न[१२] मालोहडे[१३] य अच्छिज्जे[१४] ।**
**अणिसिट्ठं[१५] ज्झोयरए[१६], सोलस पिंडुग्गमे दोसा ।।५२१।।**

૧ **આધાકર્મ દોષ** – સાધુને નિમિત્તે એટલે સાધુને મનમાં ધારીને સચિત્ત વસ્તુને અચિત્ત કરે અથવા અચિત્ત વસ્તુને સંધે તે. ૨ **ઔદ્દેશિક દોષ** – પૂર્વે તૈયાર કરેલા ભાત લાડુ વિગેરેને મુનિને નિમિત્તે દહીં ગોળ વિગેરે વડે મિશ્ર કરી સ્વાદિષ્ટ બનાવે તે. ૩ **પૂર્તિકર્મ** – શુદ્ધ આહાર આધાકર્મી આહારમાં નાંખી મિશ્ર કરવો અથવા આધાકર્મી આહારથી ખરડાયેલી કડછી વિગેરે વડે શુદ્ધ આહાર વહોરાવવો તે. ૪ **મિશ્રજાત** – જે આહાર પોતાને માટે તથા સાધુને માટે પ્રથમથી જ સંકલ્પ કરીને બનાવવો તે. ૫ **સ્થાપના** – સાધુને માટે ક્ષીર વિગેરે વસ્તુ જૂદી કરી જુદા વાસણમાં રાખી મૂકવી તે. ૬ **પ્રાભૃતિકા** – વિવાહાદિકનો પ્રસંગ આવવાને વિલંબ હોય

છતાં સાધુને ગામમાં રહેલા જાણી તે લાભ લેવા માટે વહેલો વિવાહમહોત્સવ કરવો અથવા વિવાહાદિકનો સમય નજીક છતાં સાધુને આવવાની રાહ જોવા માટે વિલંબ૦ કરવો તે. ૭ **પ્રાદુષ્કરણ** - અંધકારમાં રહેલી વસ્તુ દીપક વિગેરે કરવા વડે અથવા ભીંત વિગેરે દૂર કરવા વડે પ્રકાશિત કરીને આપવી તે. ૮ **ક્રીત** - સાધુને માટે કોઇ પણ વસ્તુ વેચાતી લઇને - લાવીને આપવી તે. ૯ **પ્રામિત્ય** - સાધુને માટે કોઇ પણ વસ્તુ ઉધારે કે ઉછીતી લઇને આપવી તે. ૧૦ **પરાવર્તિત** - સાધુને માટે પોતાની વસ્તુ બીજાની વસ્તુ સાથે બદલાવી સાધુને ખપે તેવી લાવીને તે સાધુને આપવી તે. ૧૧ **અભ્યાહત** - આહારાદિક સાધુના ઉપાશ્રય વિગેરેમાં સન્મુખ લાવીને સાધુને આપવો તે. ૧૨ **ઉદ્‌ભિન્ન** - કુડલા વિગેરેમાંથી ઘી વિગેરે કાઢવા માટે તેના મુખ ઉપરથી માટી વિગેરે દૂર કરી અથવા કપાટ, તાળું વિગેરે ઉઘાડી તેમાંથી જોઇતી વસ્તુ કાઢી સાધુને વહોરાવવી તે. ૧૩ **માલાપહૃત** - માળ, ભોંયરા કે શીંકા ઉપરથી ઉતારી સાધુને વહોરાવવું તે. ૧૪ **આચ્છિદ્ય** - પોતે બળવાન હોવાથી બીજાની વસ્તુ ઝુંટી લઇને સાધુને આપવી તે. ૧૫ **અનિસૃષ્ટ** - જેના એકથી વધારે સ્વામી હોય એવા (ભાગવા) આહારાદિકને સર્વમાંથી કોઇ એક જણ બીજાઓની રજા લીધા વિના સાધુને આપે તે. તથા ૧૬ **અધ્યવપૂરક દોષ** - સાધુનું આગમન સાંભળી પોતાને માટે રંધાતા અન્નમાં બીજું વધારે નાંખી તે રસોઇમાં વધારો કરવો તે. આ સોળ પિંડોદ્‌ગમના દોષો છે. આ દોષો શ્રાવકથી એટલે દાતારથી ઉત્પન્ન થાય છે. ૫૨૦-૫૨૧.

## ૨ સાધુથી ઉત્પન્ન થતા ઉત્પાદનના ૧૬ દોષો

**धाई[1] दूइ[2] निमित्ते[3], आजीव[4] वणीवगे[5] तिगिच्छा[6] य ।**
**कोहे[7] माणे[8] माया[9], लोभे[10] अ हवंति दस एए ।।५२२।।**
**पुव्विं पच्छा संथव[11], विज्जा[12] मंते[13] अ चुण्ण[14] जोगे[15] अ ।**
**उप्पायणाइ दोसा, सोलसमे मूलकम्मे[16] य ।।५२३।।**

૧ **ધાત્રી** - બાળકને ધવરાવનાર, સ્નાન કરાવનાર, અલંકાર પહેરાવનાર, રમાડનાર અને ખોળામાં બેસાડનાર - આ પાંચ પ્રકારની ધાત્રી માતા કહેવાય છે. તેમાંથી કોઇ પણ કર્મ

સાધુ ભિક્ષાને માટે કરે તો તે **ધાત્રી પિંડ દોષ** કહેવાય છે. ૨ દૂતિની જેમ ભિક્ષાને માટે સંદેશો લાવે અથવા લઈ જાય તે **દૂતિપિંડ દોષ**, ૩ ભિક્ષાને માટે ભૂત, ભવિષ્ય અને વર્તમાન કાળ સંબંધી શુભાશુભ ફળ કે નિમિત્ત કહીને ભિક્ષા ગ્રહણ કરવાથી **નિમિત્ત પિંડદોષ**, ૪ ભિક્ષાને માટે પોતાની જાતિ, કુળ, ગચ્છ, કર્મ, શિલ્પ વિગેરેના વખાણ કરવાથી લાગે તે **આજીવ પિંડ દોષ** , ૫ બ્રાહ્મણ, શ્રમણ વિગેરેના ભક્તો પાસેથી આહાર લેવાની ઈચ્છાથી 'હું પણ તેનો ભક્ત છું' એમ કહી આહાર ગ્રહણ કરે તે **વનીપક પિંડદોષ**, ૬ વૈદ્યની જેમ ઔષધ આપી અથવા બતાવી આહાર ગ્રહણ કરવાથી લાગે તે **ચિકિત્સાપિંડદોષ**, ૭ વિદ્યા અને તપ વિગેરેનો પ્રભાવ દેખાડી, રાજાનું માન્યપણું દેખાડી અથવા ક્રોધનું ફળ દેખાડી ભિક્ષા ગ્રહણ કરવાથી **ક્રોધપિંડ દોષ**, ૮ પોતાની લબ્ધિની પ્રશંસાથી અથવા બીજાએ ઉત્સાહ આપવાથી અથવા કોઈએ અપમાન કરવાથી 'હું સારો આહાર લાવી આપું.' એમ અહંકાર કરી શ્રાવકની વિડંબના કરી આહાર લાવવો તે **માનપિંડ દોષ**, ૯ વિવિધ પ્રકારના વેષ અને ભાષા વિગેરે બદલીને આહાર લેવો તે **માયાપિંડ દોષ**, ૧૦ અતિલોભથી આહાર માટે અટન કર્યા કરે તે **લોભપિંડ દોષ**, ૧૧ આ દશ દોષો તથા પૂર્વ એટલે દાતારના માબાપનો અને પશ્ચાત એટલે દાતારના સાસુસસરાનો પોતાની સાથે પરિચય બતાવી - ઓળખાણ કાઢી ગ્રહણ કરવી તે **પૂર્વપશ્ચાત્ સંસ્તવ નામનો દોષ**, ૧૨ વિદ્યાનો ઉપયોગ કરી ભિક્ષા લેવી તે **વિદ્યાપીંડ દોષ**, ૧૩ મંત્રનો પ્રયોગ કરી ભિક્ષા લેવી તે **મંત્રપિંડ દોષ**, ૧૪ નેત્રાંજન વિગેરે ચૂર્ણનો ઉપયોગ કરી આહાર લેવો તે **ચૂર્ણપિંડ દોષ**, ૧૫ પાદલેપ વિગેરે યોગનો ઉપયોગ કરી આહાર લેવો તે **યોગપિંડ દોષ**, તથા ૧૬ મૂળકર્મ એટલે ગર્ભનું સ્તંભન, ગર્ભનું ધારણ, ગર્ભપાત, રક્ષાબંધન વિગેરે કર્મ કરી ભિક્ષા લેવી તે **મૂળકર્મપિંડ દોષ** - આ સોળ ઉત્પાદનાના દોષો સાધુથી ઉત્પન્ન થાય છે. ૫૨૨-૫૨૩.

## ૩ ગૃહસ્થ અને સાધુ એ બન્નેથી ઉત્પન્ન થતા એષણાના દશ દોષો.

**संकिय[1] मक्खिय[2] निक्खित्त[3], पिहिय[4] साहरिय[5] दायगु[6] म्मिस्से[7] ।**
**अपरिणय[8] लित्त छड्डिय[10], एसणदोसा दस हवंति ।।५२४।।**

૧ દાતારને અથવા સાધુને આહાર આપતાં કે ગ્રહણ કરતાં આધાકર્માદિક કોઇ પણ દોષની શંકા થાય તે **શંકિત દોષ**, ૨ પૃથ્વી વિગેરે સચિત્ત અથવા મધ વિગેરે નિંદ્ય અથવા પોતે નિષેધ કરેલા અચિત્ત પદાર્થથી મિશ્રિત થયેલો આહાર દેતાં અથવા લેતાં લાગે તે **મ્રક્ષિત દોષ**, ૩ પૃથ્વીકાય વિગેરે છ કાય ઉપર સ્થાપન કરેલો અચિત્ત આહાર પણ દેતાં અથવા લેતાં લાગે તે **નિક્ષિપ્ત દોષ**, ૪ ફળાદિક સચિત્ત વસ્તુથી ઢાંકેલી વસ્તુને આપતાં કે ગ્રહણ કરતાં લાગે તે **પિહિત દોષ**, ૫ દેવાના પાત્રમાં રહેલી કાંઇક બીજી વસ્તુને સચિત્ત એવા પૃથ્વીકાયાદિક ઉપર મૂકી તે પાત્ર વડે દેતાં અથવા લેતાં લાગે તે **સંહૃત દોષ**, ૬ બાળ, વૃદ્ધ, નપુંસક, ધ્રુજતો, અંધ, મદોન્મત્ત, હાથપગ વિનાનો, બેડીમાં નાંખેલો, પાદુકાપર ચઢેલો, ખાંસીવાળો, ખાંડનાર, પીસનાર, ભુંજનાર, કાપનાર, પીંજનાર, દળનાર, ફાડનાર, તોડનાર વિગેરે છકાયના વિરાધક પાસેથી તેમજ ગર્ભિણી, તેડેલા છોકરાવાળી અથવા ધાવતા બાળકવાળી સ્ત્રી પાસેથી આહાર લેતાં લાગે તે **દાયક દોષ**, ૭ સચિત્ત ધાન્યના કણથી મિશ્રિત સાકર વિગેરે વસ્તુ દેતાં અથવા લેતાં **ઉન્મિશ્ર દોષ**, ૮ અચિત્તપણાને પામ્યા વિનાની વસ્તુ દેતાં અથવા લેતાં **અપરિણિત દોષ**, ૯ અકલ્પ્ય વસ્તુથી લેપાયેલો પાત્ર કે હસ્ત વડે દેતાં અથવા લેતાં **લિપ્ત દોષ** તથા ૧૦ પૃથ્વીપર ઘી વિગેરેનાં ટીપાં પડતાં હોય એવી રીતે દેતાં અથવા લેતાં **છર્દિત દોષ.** તેવી રીતે ટીપાં પાડવાથી ત્યાં રહેલા તથા બીજા આગંતુક જીવોની પણ ઘૃતબિંદુના ઉદાહરણની જેમ વિરાધના થાય છે - આ એષણાના દશ દોષ દાયક અને ગ્રાહક બન્નેથી ઉત્પન્ન થનારા છે. ૫૨૪.

## ૪ ગ્રાસૈષણાના (આહાર કરતી વખતના) પાંચ દોષો

**संजोयणा १ पमाणे २, इंगाले ३ धूम ४ कारणे ५ पढमा ।**
**वसइबहिरंतरे वा, रसहेऊ दव्वसंजोगा ।।५२५।।**

૧ **સંયોજના** નામનો પહેલો દોષ રસના હેતુથી એટલે સારો સ્વાદ કરવાના હેતુથી ઉપાશ્રયની બહાર અથવા અંદર આવીને માંડા વિગેરેની સાથે ઘી ખાંડ વિગેરે દ્રવ્યોનો સંયોગ કરવાથી લાગે છે, ૨ જેટલો આહાર કરવાથી ધીરજ, બળ, સંયમ, તથા મન, વચન અને કાયાના યોગને બાધા ન આવે તેટલો આહાર કરવો જોઇએ, તેથી વધારે આહાર કરે તો

**પ્રમાણાતિરિક્તતા** નામનો બીજો દોષ ૩, સ્વાદિષ્ટ અન્નના અથવા તેના દાતારના વખાણ કરતો આહાર કરે તો તે સાધુ રાગરૂપ અગ્નિથી ચારિત્રરૂપ કાષ્ઠને બાળી ધુમાડારૂપ કરે છે, તેથી તે ચોથો **ધુમ્રદોષ**,૫ કારણ વિના ભોજન કરે તો પાંચમો **કારણભાવ** નામનો દોષ. મુનિને ભોજન કરવાનાં છ કારણો કહ્યાં છે. તે આ પ્રમાણે - ૧ ક્ષુધાવેદના સહન ન થઇ શકે તો આહાર કરવો, ૨ આચાર્ય, બાળ, વૃદ્ધ અને ગ્લાન વિગેરેની વૈયાવચ્ચ કરવાના કારણે આહાર કરવો, ૩ ઇર્યાસમિતિની શુદ્ધિ થઇ શકે માટે આહાર કરવો, ૪ સંયમનું પાલન કરવા માટે આહાર કરવો, ૫ જીવિતવ્યની રક્ષા કરવા માટે આહાર કરવો, તથા ૬ ધર્મધ્યાનને સ્થિર કરવા માટે આહાર કરવો - આ છ કારણોને માટે આહાર કરવાની જરૂર છે. તે કારણો સિવાય આહાર કરે તો **અકારણ દોષ** લાગે છે. - આ પાંચ આહાર કરતી વખતના દોષો છે. (કુલ પિંડના ૪૭ દોષ થયા) ૫૨૫.

## ૩૨૩ ક્રોધ, માન, માયા અને લોભપિંડના ઉદાહરણો

**कोहे घयवरखवगो, माणे सेवइअ साहुलाभाय ।**
**माया आसाढभूई, लोभे केसरिसाहु त्ति ।।५२६।।**

ક્રોધ ઉપર ઘૃતવર (ઘેબર) ક્ષપકનું દૃષ્ટાંત છે, માન ઉપર સેવતિકા સાધુનું દૃષ્ટાંત છે, માયા ઉપર અષાઢભૂતિ મુનિનું દૃષ્ટાંત છે, અને લોભ ઉપર કેસરી સાધુનું દૃષ્ટાંત છે - આ ચારેની સંક્ષિપ્ત કથા નીચે પ્રમાણે -

૧ કોઇ નગરમાં કોઇ બ્રાહ્મણને ત્યાં કોઇનું મરણ થયું, તેના માસિકને દિવસે તે બ્રાહ્મણ બીજા બ્રાહ્મણોને ઘૃતપૂર (ઘેબર)નું દાન આપતો હતો. તે વખતે ત્યાં કોઇ સાધુ માસક્ષમણને પારણે આવી ચડ્યા. તેને દ્વારપાળે દાનનો નિષેધ કર્યો. ત્યારે તે સાધુએ કોપથી કહ્યું કે -''આ માસિકમાં મને ન મળ્યું તો બીજા માસિકે મળશે.'' એમ કહી તે સાધુ અન્યત્ર ગયા. દૈવયોગે તે જ બ્રાહ્મણના ઘરમાં બીજા મનુષ્યનું મરણ થયું. તેના માસિકને દિવસે તે જ સાધુ માસક્ષમણને પારણે આવ્યા. તે વખતે પણ દ્વારપાળે તેમનો નિષેધ કર્યો, ત્યારે ફરીથી ક્રોધ વડે પ્રથમની જેમ કહીને તે સાધુ અન્યત્ર ગયા. દૈવયોગે તેના જ ઘરમાં ત્રીજા મનુષ્યનું મરણ થયું. તેના માસિકને દિવસે તે જ સાધુ આવ્યા. તે વખતે પણ દ્વારપાળે નિષેધ કર્યો, ત્યારે તે સાધુ ફરીથી પણ ક્રોધથી તે

જ પ્રમાણે બોલ્યા, એટલે દ્વારપાળે વિચાર્યું કે - ''આ મુનિના ક્રોધયુક્ત વચનથી આ ઘરધણીના મનુષ્યો મરે છે.'' એમ વિચારી તેણે ઘરધણીને સર્વ વૃત્તાંત કહ્યો. તે સાંભળી તે ઘરધણીએ એકદમ સાધુ પાસે આવી તેમને ખમાવી યથેચ્છ ઘેબર વિગેરે આહાર વહોરાવ્યો. આ ક્રોધપિંડ ઉપર દૃષ્ટાંત જાણવું.

૨ ગિરિપુષ્પિત નગરમાં સિંહ નામના સૂરિ પરિવાર સહિત રહ્યા હતા. તેવામાં એકદા તે નગરમાં સેવતિકા (સેવ) ખાવાનું પર્વ આવ્યું. તે દિવસે સૂત્રપોરસી થઇ રહ્યા પછી સાધુના સમુદાયમાંથી એક સાધુએ કહ્યું કે - આજે સૌ સાધુઓને સંપૂર્ણ થઇ રહે તેટલી ઘી ગોળ સહિત સેવતિકા વહોરી લાવે તેવો કોઇ સાધુ છે ? '' તે સાંભળી એક સાધુએ ગર્વથી કહ્યું કે - ''હું સર્વને થાય તેટલી લાવી આપીશ.'' આ પ્રમાણે પ્રતિજ્ઞા કરી તે સાધુ ફરતા ફરતા કોઇ કૌટુંબિકની સ્ત્રી પાસે તેની યાચના કરી, પણ તે સુલોચના નામની સ્ત્રીએ તેને આપવાનો નિષેધ કર્યો. ત્યારે અમર્ષથી સાધુએ કહ્યું કે - ''હું આ ઘી ગોળ સહિત સેવતિકા અવશ્ય ગ્રહણ કરીશ.'' એમ પ્રતિજ્ઞા કરી. સુલોચનાએ પણ અમર્ષથી કહ્યું કે - ''જો તને આમાંથી કાંઇ પણ મળે તો મારૂં નાક તે કાપ્યું એમ હું સમજીશ.'' પછી તે સાધુ જ્યાં સભામાં મિત્રોની સાથે સુલોચનાનો પતિ વિષ્ણુદત્ત બેઠો હતો ત્યાં કોઇના કહેવાથી ગયા અને વિષ્ણુદત્તને કહ્યું કે - ''જો તું શ્વેતાંગુલિક ૧, બકોડ્ડાયક ૨, કિંકર ૩, સ્નાયક ૪, ગૃધ્રરિંખી ૫ અને હદજ્ઞ ૬ - આ છ પ્રકારના બાયલામાંથી કોઇ પણ પ્રકારનો ન હો તો હું તારી પાસે કાંઇક યાચના કરૂં.'' એમ કહી તે છએની કથા કહી, એટલે વિષ્ણુદત્તે કહ્યું કે - ''હું કાંઇ એવો સ્ત્રીને વશ નથી, માટે જે માગવું હોય તે માગો.'' ત્યારે સાધુએ તેની પાસે તેને ઘેર તૈયાર કરેલી ઘી ગોળ સહિત સેવતિકા માગી. વિષ્ણુદત્તે ઘેર જઇ યુક્તિથી પોતાની સ્ત્રી ન જાણે તેમ તે સાધુને ઘી ગોળ સહિત સેવતિકા વહોરાવી. સાધુ પણ સુલોચનાને સંકેતથી નાક કાપ્યાનું બતાવીને ઉપાશ્રયે ગયા. આ માનપિંડ જાણવો.

૩ રાજગૃહ નગરમાં સિંહરથ રાજા હતો. ત્યાં વિશ્વકર્મા નામનો નટ હતો. તેને બે પુત્રીઓ અત્યંત રૂપવાળી હતી. એકદા તે નગરમાં ધર્મરૂચિ નામના આચાર્ય પરિવાર સહિત પધાર્યા. તેમના એક આષાઢભૂતિ નામના શિષ્ય બુદ્ધિના નિધાન હતા. તે ભિક્ષાને માટે અટન કરતા વિશ્વકર્મા નટને ઘેર ગયા. ત્યાં તેમને એક મોદક મળ્યો. તે લઇ તેના ઘરની બહાર જઇ તેણે વિચાર્યું કે - ''આ મોદક આચાર્ય મહારાજને આપવો પડશે, મારે ભાગ તો આવશે નહીં.''એમ વિચારી તેણે રૂપવરાવર્તનની વિદ્યાથી કાણા સાધુનું રૂપ કરી તેને જ ઘેર જઇ બીજો મોદક લીધો. બહાર નીકળી વિચાર્યું કે - ''આ તો ઉપાધ્યાયને આપવો પડશે.'' એમ વિચારી કુબ્જનું રૂપ લઇ

ત્રીજો મોદક લીધો. ફરીથી બહાર નીકળી વિચાર્યું કે - ''આ તો રત્નાધિક સાધુને આપવો પડશે.''એમ વિચારી કુષ્ઠિનું રૂપ કરી ચોથો લાડુ લીધો. આ સર્વ તેની માયા માળ ઉપર રહેલા વિશ્વકર્માએ છાની રીતે જોઇને વિચાર્યું કે - ''જો આ સાધુ આપણી પાસે હોય તો તે મોટા નટનું કામ કરી શકે.'' એમ વિચારી તેને લોભ પમાડવા માટે નીચે આવી તે સાધુને ઘણા મોદકો આપ્યા. અને હમેશાં પધારવા વિનંતિ કરી. તથા તેના ગયા પછી તે વિશ્વકર્માએ પોતાની બન્ને પુત્રીઓને કહ્યું કે - ''તમે તે સાધુને હમેશાં ઉત્તમ મોદક આપી હાવ, ભાવ, કટાક્ષ વિગેરે વડે તેને વશ કરી તમારો પતિ થાય તેમ કરજો.'' તે પુત્રીઓએ તે જ પ્રમાણે વર્તી તેને વશ કરી પોતાનો પતિ કર્યો. તે સર્વ નટોમાં મુખ્ય થયો. એકદા નિષેધ કર્યા છતા તે બન્ને પુત્રીઓ પતિની હાજરી નહીં હોવાથી મદિરાપાન કરી મદોન્મત્ત બની માળ ઉપર બેભાનપણે સુતી હતી. તેવામાં અકસ્માત અષાઢભૂતિ ત્યાં આવ્યો. તેમને તેવી બીભત્સ અવસ્થાવાળી જોઇ તેને ઉત્કટ વૈરાગ્ય થયો. તેથી તે ત્યાંથી નીકળી ગયો. પરંતુ તે વૃત્તાંત જાણવામાં આવવાથી વિશ્વકર્માએ તે બંને પુત્રીઓને શીખવી તેની પાછળ મોકલી. તે બંનેએ ઘણી આજીજી કરી. છેવટ અષાઢભૂતિએ તેમનું વચન માન્યું નહીં. ત્યારે તેઓએ પોતાની આજીવિકાનું સાધન માગ્યું. તેથી દયાને લીધે અષાઢભૂતિ પાછા વળ્યા અને ભરત ચક્રવર્તીના ચરિત્રને પ્રકાશ કરનારૂં રાષ્ટ્રપાળ નામનું નાટક રચી સિંહરથ રાજા પાસેથી ભૂષણાદિકવડે સુશોભિત પાંચસો ક્ષત્રિયો લઇ તેમને નાટકના પાઠ શીખવ્યા. પછી તે અદ્‌ભુત નાટક સિંહરથ રાજા પાસે ભજવી બતાવ્યું. તેમાં તેને પુષ્કળ ધન ઇનામ તરીકે મળ્યું. તે સર્વ તેણે તે બંને સ્ત્રીઓને આપ્યું. નાટકને અંતે તે પાંચસો રાજપુત્રો સહિત અષાઢભૂતિએ ગુરૂ પાસે જઇ દીક્ષા ગ્રહણ કરી. ઇત્યાદિ. આ માયાપિંડ ઉપર દૃષ્ટાંત જાણવું.

૪ ચંપાનગરીમાં સુવ્રત નામના સાધુ હતા. એકદા તે નગરીમાં મોદકનું પર્વ આવ્યું. તે દિવસે તે સાધુએ વિચાર કર્યો કે - ''આજે મારે સિંહકેસરીઆ મોદક જ વહોરવા. બીજું કાંઇ લેવું નહીં.'' એમ વિચારી તે ભિક્ષાને માટે અટન કરવા લાગ્યા. પરંતુ અઢી પહોર સુધી અટન કર્યા છતાં પણ તેને સિંહ કેસરીઆ મોદક મળ્યા નહીં. તેથી તેનું ચિત્ત વિકળ થયું, તેથી જેના ગૃહદ્વારમાં પ્રવેશ કરે ત્યાં ધર્મલાભને બદલે સિંહ કેસરીઆ એવા શબ્દ બોલવા લાગ્યા. એ રીતે આખો દિવસ અને રાત્રિના પણ બે પહોર સુધી તેણે અટન કર્યું, પણ મોદક મળ્યા નહીં. તેવામાં તે એક શ્રાવકના ઘરમાં પેઠા અને ધર્મલાભને ઠેકાણે સિંહકેસરીઆ એવો શબ્દ બોલ્યા. તે સાંભળી ગૃહધણી શ્રાવક શાસ્ત્રમાં પ્રવીણ અને ડાહ્યો હોવાથી તેણે વિચાર્યું કે - ''આ સાધુને ઈચ્છિત સિંહકેસરીઆ મોદક મળ્યા નથી તેથી તેનું ચિત્ત વિકળ થયું જણાય છે.''એમ વિચારી

તેના ચિત્તની સમાધિ માટે તેની પાસે સિંહકેસરીઆ મોદકનો ભરેલો થાળ લાવી કહ્યું કે – ‘‘હે પૂજ્ય ! આ સર્વ સિંહકેસરીઆ મોદકો ગ્રહણ કરો.’’ તે જોઇ સાધુએ તે ગ્રહણ કર્યા અને તેનું મન સ્વસ્થ થયું. પછી શ્રાવકે તેમને કહ્યું કે – ‘‘હે પૂજ્ય ! આજે મારે પૂર્વાર્ધ (પુરિમઢ્ઢ)નું પચ્ચખ્ખાણ છે, તે પુરૂં થયું કે નહીં ?’’ તે સાંભળી સાધુએ ઉપયોગ પૂર્વક ઉંચે આકાશમાં જોયું, તો મધ્ય રાત્રિનો સમય જાણ્યો. એટલે તેમણે પશ્ચાતાપ કરવા પૂર્વક શ્રાવકને કહ્યું કે – ‘‘તમે મને સારી પ્રેરણા કરીને સંસારસમુદ્રમાં ડુબતાં બચાવ્યો.’’ ઇત્યાદિ કહી આત્માની નિંદા કરતા તથા વિધિપૂર્વક તે વહોરેલા મોદકોને પરઠવતા શુદ્ધ ધ્યાનમાં મગ્ન થઇ ઘાતિકર્મનો ક્ષય કરી કેવળજ્ઞાન પામ્યા. ઈત્યાદિ. આ લોભપિંડ ઉપર દૃષ્ટાંત જાણવું.

આ ચારે દૃષ્ટાંતો વિસ્તારથી પિંડનિર્યુક્તિની ટીકામાં આપેલા છે. ૫૨૬.

## ૩૨૪ સાત સમુદ્દઘાતનાં નામ

**वेयण[१] कसाय[२] मरणे[३], वेउव्विय[४] तेअए[५] य आहारे[६] ।**
**केवलिय समुग्घाए[७] सन्नीण सत्त समुग्घाया ॥५२७॥**

૧ વેદના સમુદ્દઘાત, ૨ કષાય સમુદ્દઘાત, ૩ મરણ સમુદ્દઘાત, ૪ વૈક્રિય સમુદ્દઘાત, ૫ તૈજસ સમુદ્દઘાત, ૬ આહારક સમુદ્દઘાત અને ૭ કેવલિ સમુદ્દઘાત – આ સાતે સમુદ્દઘાત સંજ્ઞી પંચેન્દ્રિય મનુષ્યને હોય છે. ૫૨૭. (આ સાત પૈકી એક છેલ્લો સમુદ્દઘાત કેવળીને અને બાકીના છ છદ્મસ્થને હોય છે. પ્રારંભના ત્રણ સર્વ જીવોને હોય છે. આ સાતનો વિસ્તાર દંડકાદિ પ્રકરણોથી જાણવો.)

## ૩૨૫ પાપની આલોચના

**जे मे जाणंति जिणा, अवराहं बिसु ठाणेसु ।**
**तेहिं आलोएमि, उवट्ठिओ सव्वभावेण ॥५२८॥**

મારા જે અપરાધ જુદા જુદા સ્થાનમાં (કારણોમાં) થયેલા જિનેશ્વરે જાણ્યા હોય તે સર્વને સર્વ ભાવ વડે ઉજમાળ થયેલો હું આલોચું છું. ૫૨૮

## ૩૨૬ અઢાર પાપસ્થાનના નામ

**पाणाइवाय[१] मलियं[२], चोरिक्कं[३] मेहुणं[४] दविणमुच्छं[५] ।**
**कोहं[६] माणं[७] माया[८], लोभं[९] पिज्जं[१०] तहा दोसं[११] ।।५२९।।**
**कलहं[१२] अब्भक्खाणं[१३], पेसुन्नं[१४] रइअरई[१५] समाउत्तं ।**
**परपरिवायं[१६] माया - मोसं[१७] मिच्छत्तंसल्लं[१८] च ।। ५३० ।।**
**वोसिरिसु इमाइं, मुक्खमग्गसंसग्गविग्घभूयाइं ।**
**दुग्गइनिबंधणाइं, अट्ठारस पावठाणाइं ।।५३१।।**

૧ પ્રાણાતિપાત, ૨ મૃષાવાદ, ૩ ચોરી, ૪ મૈથુન, ૫ દ્રવ્યપરની મૂર્છા, ૬ ક્રોધ, ૭ માન, ૮ માયા, ૯ લોભ, ૧૦ પ્રેમ (રાગ), ૧૧ દ્વેષ, ૧૨ કલહ, ૧૩ અભ્યાખ્યાન (ખોટું આળ દેવું તે), ૧૪ પિશુનતા (ચાડી), ૧૫ રતિઅરતિવડે સહિતપણું, ૧૬ પરના અવર્ણવાદ (નિંદા), ૧૭ માયામૃષા અને ૧૮ મિથ્યાત્વ શલ્ય. આ અઢાર પાપસ્થાનો મોક્ષમાર્ગના સંસર્ગમાં તેની પ્રાપ્તિમાં વિઘ્નભૂત છે તથા દુર્ગતિનું કારણ છે, તેથી તે સર્વ ત્યાગ કરવા યોગ્ય છે. ૫૨૯-૫૩૦-૫૩૧.

## ૩૨૭ ઉત્કૃષ્ટને જઘન્યકાળે થતા તીર્થંકરોની સંખ્યા તથા જન્મ સંખ્યા

**सत्तरिसमुक्कोसं, जहन्न वीसा य जिणवरा हुंति ।**
**जम्मं पइमुक्कोसं, वीस दस हुंति य जहन्ना ।।५३२।।**

અઢી દ્વીપમાં થઈને ઉત્કૃષ્ટા - વધારેમાં વધારે એક કાળે (ઉત્કૃષ્ટ કાળે) એકસો ને સીત્તેર તીર્થંકરો હોય છે, (મહાવિદેહ ક્ષેત્રની બત્રીશ વિજયોમાં એક એક તીર્થંકર હોવાથી એક

મહાવિદેહ ક્ષેત્રમાં બત્રીશ તીર્થંકરો હોય, તે જ પ્રમાણે પાંચે મહાવિદેહ ક્ષેત્રમાં દરેક વિજયમાં એક એક હોવાથી એકસો ને સાઠ તીર્થંકરો હોય અને તે જ કાળે દરેક ભરત અને દરેક ઐરવત ક્ષેત્રમાં પણ એક એક હોવાથી પાંચ ભરતના પાંચ અને પાંચ ઐરવતના પાંચ મળી દશ તીર્થંકરો એકસો ને સાઠ સાથે મેળવતાં કુલ એકસો ને સીત્તેર થાય છે.) અને જઘન્ય કાળે વીશ તીર્થંકરો હોય છે. (જઘન્ય કાળે એટલે વર્તમાનકાળે એકેક મહાવિદેહ ક્ષેત્રમાં ચાર ચાર તીર્થંકરો વિહરમાન છે, તેથી પાંચ મહાવિદેહના મળીને વીશ થાય છે. જઘન્ય કાળ ભરત અને ઐરવત ક્ષેત્રમાં જ્યારે તીર્થંકરો ન હોય તે સમજવો, કેમ કે જ્યારે પાંચ ભરત ને પાંચ ઐરવતમાં એકેક હોય ત્યારે તે દશ મળીને ત્રીશ તીર્થંકરો વિચરતા હોય છે. આ મધ્ય કાળ સમજવો. આ બાબત વિચરતા તીર્થંકરોને આશ્રીને કહી છે.) જન્મને આશ્રીને તો એકી વખતે ઉત્કૃષ્ટ વીશ તીર્થંકરોનો જન્મ થાય છે અને જઘન્યથી દશ તીર્થંકરો એક કાળે જન્મે છે. ૫૩૨. (પાંચે મહાવિદેહના વીશ તીર્થંકરો સમકાળે જન્મતા હોવાથી વીશ અને ભરત ઐરવતમાં સમકાળે જન્મતા હોવાથી દશ સમજવા.)

## ૩૨૮ વીશ વિહરમાન તીર્થંકરોના લાંછન

**वसह[१] गय[२] हरिण[३] मक्कड[४], रवि[५] चंद[६] मियारि[७] हत्थी[८] तह चंद[९] ।**
**सूरे[१०] वसहे[११] वसहे[१२], पउमे[१३] पऊमे[१४] य ससि[१५] सूरा[१६] ।।५३३।।**
**हत्थी[१७] वसहे[१८] चंदा[१९], सूरे[२०] ऊरूसु हुंति लंछणया ।**
**इय विहरमाण जिणवर - वीसा य जहक्कमे नेया ।।५३४।।**

વૃષભ ૧, ગજ ૨, હરણ ૩, વાનર ૪, સૂર્ય ૫, ચંદ્ર ૬, સિંહ ૭, હાથી ૮, ચંદ્ર ૯, સૂર્ય ૧૦, વૃષભ ૧૧, વૃષભ ૧૨, કમળ ૧૩, કમળ ૧૪, ચંદ્ર ૧૫, સૂર્ય ૧૬, હાથી ૧૭, વૃષભ ૧૮, ચંદ્ર ૧૯ અને સૂર્ય ૨૦ - આ વીશ લાંછનો આ કાળે વિહરમાન (વિચરતા) વીશ તીર્થંકરોને અનુક્રમે ઊરૂ - સાથળને વિષે હોય છે એમ જાણવું. ૫૩૩-૫૩૪.

## ૩૨૯ અભવ્ય જીવોને અસંભવિત (અપ્રાપ્ત) સ્થાનો

**इंदत्तं १ चक्कित्तं २, पंचाणुत्तरविमाणवासित्तं ३ ।**
**लोगंतियदेवत्तं ४, अभव्वजीवेहि नो पत्तं ।।५३५।।**

૧ ઈંદ્રપણું, ૨ ચક્રવર્તીપણું, ૩ પાંચ અનુત્તર વિમાનમાં વસવાપણું (દેવપણું) અને ૪ લોકાંતિક દેવપણું – આ ચાર સ્થાન અભવ્ય જીવો પામ્યા નથી, પામતા નથી અને પામશે પણ નહીં. (વાસુદેવ, બળદેવ, પ્રતિવાસુદેવ, મોક્ષ વિગેરે સ્થાનો પણ અભવ્ય જીવો પામતા નથી તે અભવ્ય કુલકાદિથી જાણવું.) ૫૩૫.

## ૩૩૦ નરકાદિ ગતિમાં જનારા જીવોનાં લક્ષણ
## ૧ નરકે જનારનાં લક્ષણ

**जो घायइ सत्ताइं, अलियं जंपेइ परधणं हरइ ।**
**परदारं चिय वच्चइ, बहुपावपरिग्गहासत्तो ।।५३६।।**
**चंडो माणी थद्धो, मायावी निठ्ठुरो खरो पावो ।**
**पिसुणो संगहसीलो, साहूण निंदओ अहम्मो ।।५३७।।**
**दुठ्ठबुद्धी अणज्जो, बहुपावपरायणो कयग्घो य ।**
**बहुदुक्खसोगपरओ, मरिउं निरयम्मि सो जाइ ।।५३८।।**

જે પ્રાણી હિંસા કરતો હોય, અસત્ય વચન બોલતો હોય, પરધનનું હરણ કરતો હોય, પરસ્ત્રીનું સેવન કરતો હોય, બહુ પાપવાળા પરિગ્રહમાં આસક્ત હોય, વળી જે ક્રોધી, માની, સ્તબ્ધ, માયાવી, નિષ્ઠુર (કઠોર વચન બોલનાર), ખળ, પાપી (અન્ય પાપો કરનાર), પિશુન

(ચાડીયો), સંગ્રહ કરવાના સ્વભાવ વાળો (કૃપણ), સાધુજનોનો નિંદક અને અધર્મી (ધર્મની શ્રદ્ધા રહિત) હોય, તેમજ જે દુષ્ટ બુદ્ધિવાળો, અનાર્ય, બહુ પાપ (આરંભ)ના કાર્યમાં તત્પર, કૃતઘ્ન (કરેલા ગુણને નહીં જાણનાર), તથા ઘણા દુઃખ અને શોકમાં જ નિરંતર મગ્ન રહેનારો - તેવો મનુષ્ય મરીને નરકમાં ઉત્પન્ન થાય છે. ૫૩૬-૫૩૭-૫૩૮.

## ૨. તિર્યંચ ગતિમાં જવાનાં લક્ષણ

**कज्जत्थी जो सेवइ, मित्तं कज्जे उ कए विसंवयइ ।**
**कूरो मूढमईओ, तिरिओ सो होइ मरिऊणं ।।५३९।।**

જે કાર્યને અર્થે (મતલબને માટે) મિત્રને સેવે - કામ હોય ત્યારે મિત્રનો આશ્રય કરે અને કાર્ય થઈ રહ્યા પછી તેનો વિસંવાદ (ત્યાગ) કરે અથવા વાંકું પણ બોલે - મિત્ર તરીકે માને નહીં, તથા જે ક્રૂર અને મૂઢ મતિવાળો હોય, તે મનુષ્ય મરીને તિર્યંચ થાય છે. ૫૩૯.

## ૩ મનુષ્યગતિમાં જવાનાં લક્ષણ

**अज्जवमद्दवजुत्तो, अकोहणो दोसवज्जिओ वाई ।**
**न य साहुगुणेसु ठिओ, मरिउं सो माणुसो होइ ।।५४०।।**

જે આર્જવ (સરળતા) અને માર્દવ (કોમળતા) વડે યુક્ત હોય, ક્રોધ રહિત, દ્વેષ રહિત, વાદી (અન્યના ગુણને બોલનાર) હોય અને સાધુના ગુણોમાં રહેલો ન હોય, અર્થાત્ મુનિપણું ગ્રહણ કર્યું ન હોય તે મનુષ્ય મરીને પણ મનુષ્ય થાય છે. (સાધુપણું લીધેલ હોય તો તો દેવગતિ કે મોક્ષ પામે છે તેથી સાધુપણું ગ્રહણ કર્યા વિનાનો કહ્યો છે. દેશવિરતિ શ્રાવક પણ દેવ જ થાય છે.) ૫૪૦.

અહીં દેવગતિમાં જનારા જીવોના લક્ષણની ગાથા જોઈએ પણ લખેલ નથી, તેથી સ્થાન શૂન્ય ન રહેવા માટે કર્મગ્રંથ પહેલામાંથી તે સંબંધી ગાથા લખી છે.

# ૪ દેવગતિએ જનાર જીવોના લક્ષણો

**अविरयमाइ सुराउ, बालतवो ऽकामनिज्जरो जयइ ।**
**सरलो अगारविल्लो, सुहनामं अन्नहा असुहं ।।५४१।।**

અવિરતિ સમકિત દૃષ્ટિ વિગેરે જીવો તથા બાળતપ - અજ્ઞાન કષ્ટ કરનારા જીવો અને અકામ નિર્જરા કરનારા જીવો દેવગતિનું આયુ બાંધે છે. સરલ, ગર્વ વિનાના તેમજ તેવા બીજા ગુણવાળા જીવો શુભ નામકર્મ બાંધે છે અને તેથી અન્યથા - વિપરીત વર્તનારા જીવો અશુભ નામકર્મ બાંધે છે. ૫૪૧.

અવિરતિ સમ્યક્દૃષ્ટિ એવા મનુષ્ય ને તિર્યંચ દેવાયુ બાંધે છે. તેમાં ઘોલના પરિણામે, સુમિત્ર સંયોગે, ધર્મરૂચિપણે, દેશવિરતિગુણે, સરાગ સંયમે વૈમાનિકનું આયુ બાંધે.

બાલતપ એટલે દુઃખગર્ભિત, મોહગર્ભિત વૈરાગ્યે કરી દુષ્કર કષ્ટ, પંચાગ્નિસાધન, રસપરિત્યાગાદિક અનેક પ્રકારના મિથ્યાત્વયુક્ત તપ કરતો, સનિદાન અને ઉત્કટ એટલે અત્યંત આકરા રોષે કે ગારવે તપ કરતો અસુરાદિક યોગ્ય આયુ બાંધે.

અકામ નિર્જરાએ - અજ્ઞાનપણે ભૂખ, તૃષા, ટાઢ, તાપ, રોગાદિક કષ્ટ સહેતો, સ્ત્રી અણસેવતો શીલ ધારણ કરતો, વિષયસંપત્તિને અભાવે વિષય અણસેવતો ઇત્યાદિક વડે થતી અકામ નિર્જરાએ તથા બાલમરણમાં કાંઇક તત્પ્રાયોગ્ય શુભ પરિણામે વર્તતો રત્નત્રયી વિરાધનાએ વ્યંતરાદિ યોગ્ય આયુ બાંધે.

આચાર્યાદિકની પ્રયત્નીકતાએ કિલ્વીષિકાયુ બાંધે. તથા મુગ્ધપણે મિથ્યાત્વીના ગુણ પ્રશંસતો, મહિમા વધારતો, પરમાધામીનું આયુ બાંધે.

એ પ્રમાણે આયુકર્મના બંધહેતુ જાણવા. અકર્મભૂમિના મનુષ્યને અણુવ્રત, મહાવ્રત, બાલતપ, અકામનિર્જરાદિક દેવાયુના બંધહેતુ વિશેષ કોઇ નથી, તેમજ તેમાં કેટલાએક મિથ્યાત્વી પણ હોય છે તેથી તેને દેવાયુ કેમ સંભવે ? એમ કોઇ પ્રશ્ન કરે તેને માટે શીળપાલન, સરલપણું, કષાયની મંદતા વિગેરે તેને દેવગતિના બંધ હેતુ સમજવા એમ કહેલું છે. ૫૪૧.

(ઉપરની બીજી અરધી ગાથા શુભ અશુભ નામ કર્મના બંધ માટે છે તેથી તેનો વિશેષાર્થ લખવામાં આવ્યો નથી.)

# ૩૩૧ છ લેશ્યાવાળા જીવોના દૃષ્ટાંતો

**मूल[1] साह[2] प्पसाहा[3], गुच्छ[4] फले[5] पडियजंबु[6] भक्खणया ।**
**सव्वं[1] माणुस[2] पुरिसे[3], साउह[4] झुज्झंत[5] धणहरणा[6] ।।५४२।।**

૧ મૂળ, ૨ શાખા, ૩ પ્રશાખા, ૪ ગુચ્છ, ૫ ફળ અને ૬ પડેલાં ફળ નું ભરણ તથા ૧ સર્વ, ૨ મનુષ્ય, ૩ પુરૂષ, ૪ આયુધ સહિત, ૫ યુદ્ધ કરનાર અને ૬ ધન હરણ - આ છએ લેશ્યાના અનુક્રમે દૃષ્ટાંતો જાણવાં. ૫૪૨. આ ગાથાનો સાર નીચે પ્રમાણે :-

કેટલાક મિત્રો જંબૂવૃક્ષના ફળ ખાવાની ઇચ્છાથી જંબૂવૃક્ષ પાસે ગયા. ત્યાં કોઇએ કહ્યું કે - ૧ ''મૂળ સહિત આ વૃક્ષ છેદીને પછી તેનાં ફળ આપણે ખાઇએ.'' આવું કહેનાર કૃષ્ણલેશ્યાવાળો જાણવો. ૨ બીજાએ કહ્યું - ''આખા વૃક્ષને પાડવાનું શું કામ છે ? મોટી મોટી શાખાઓ જ કાપીને નીચે પાડીએ.'' આ પ્રમાણે કહેનાર નીલલેશ્યાવાળો જાણવો. ૩ ત્રીજાએ કહ્યું કે - ''મોટી શાખા શા માટે પાડવી જોઇએ ? નાની નાની શાખાઓ જ પાડવી.'' આમ કહેનાર કાપોતલેશ્યાવાળો જાણવો. ૪ ચોથાએ કહ્યું કે - ''નાની નાની શાખાઓ કાપવાનું પણ શું કામ છે ? માત્ર ફળવાળા ગુચ્છા જ કાપવા.''આવું કહેનાર તેજોલેશ્યાવાળો જાણવો. ૫ પાંચમાએ કહ્યું - ''ગુચ્છા કાપવાનું પણ શું કામ છે ? માત્ર ફળો જ પાડવા.'' આવું કહેનાર પદ્મલેશ્યાવાળો જાણવો. ૬. છેવટે છઠ્ઠાએ કહ્યું કે - ''ફળો પાડવાનું શું કામ છે ? પાકેલાં ફળો જે નીચે સ્વયં પડેલાં છે તે જ ખાઇએ.'' આવું કહેનાર શુક્લલેશ્યાવાળો જાણવો.

અથવા - કોઇ પલ્લીપતિ પોતાના સૈન્ય સહિત કોઇ ગામમાં લુંટ કરવા ચાલ્યો. ૧ તેમાં કોઇએ કહ્યું કે - ''ગામમાં પ્રવેશ કરતાં જે કોઇ દ્વિપદ કે ચતુષ્પદ વિગેરે સામા મળે તે સર્વને મારી નાંખવાં.'' આમ કહેનાર કૃષ્ણલેશ્યાવાળો જાણવો. ૨ બીજાએ કહ્યું - ''ચતુષ્પદને મારવાથી શું ફળ ? માત્ર દ્વિપદ (મનુષ્યો)ને જ મારવા.'' આમ બોલનાર નીલલેશ્યાવાળો જાણવો. ૩. ત્રીજો બોલ્યો - ''સર્વ મનુષ્યોને મારવાથી શું ફળ છે ? માત્ર પુરૂષોને જ મારવા.'' આમ બોલનાર કાપોતલેશ્યાવાળો જાણવો. ૪. ચોથાએ કહ્યું - ''સર્વ પુરૂષોને શા માટે મારવા જોઇએ ? જે પુરૂષોએ આયુધ ધારણ કર્યા હોય તેમને જ મારવા.'' આમ કહેનાર તેજોલેશ્યાવાળો જાણવો. ૫. પાંચમાએ કહ્યું - ''સર્વ આયુધવાળાને શા માટે મારવા જોઇએ ?

માત્ર જેઓ આપણી સામા થાય તેમને જ મારવા.'' આમ કહેનાર પદ્મલેશ્યાવાળો જાણવો. ૬. છઠ્ઠાએ કહ્યું - ''સામા થનારને પણ શા માટે મારી નાંખવા જોઇએ ? આપણે તો ધનનું જ કામ છે, માટે માત્ર ધન જ હરણ કરવું.'' આમ બોલનાર શુક્લલેશ્યાવાળો જાણવો. આ છ લેશ્યાઓમાં પૂર્વ પૂર્વની લેશ્યા અશુભ છે અને ઉત્તર ઉત્તરની લેશ્યા શુભ છે.

## ૩૩૨ મોક્ષનો માર્ગ

**पूया जिणंदेसु रई वएसु, जुत्तो अ सामाइयपोसहेसु ।**
**दाणं सुपत्ते सवणं सुसत्थे, सुसाहुसेवा सिवलोयमग्गो ।।५४३।।**

જિનેશ્વરની પૂજા, વ્રતોને વિષે રતિ (પ્રીતિ), સામાયિક અને પૌષધનું કરવાપણું, સુપાત્રને દાન, ઉત્તમ શાસ્ત્રોનું શ્રવણ અને શ્રેષ્ઠ સાધુઓની સેવા - આ મોક્ષનો માર્ગ છે. ૫૪૩.

## ૩૩૩ શ્રાવકનું કર્તવ્ય

**पव्वेसु पोसहवयं, दाणं सीलं तवो अ भावो अ ।**
**सज्झायनमुक्कारो, परोवयारो य जयणा य ।।५४४।।**

અષ્ટમી અમાસ-પૂનમ વિગેરે પર્વતિથિએ પૌષધ વ્રત કરવું, દાન, શીળ, તપ ને ભાવ - આ ચારે પ્રકારના ધર્મનું આરાધન કરવું, સ્વાધ્યાય-સજ્ઝાય ધ્યાન કરવું, નવકારમંત્રનો જાપ કરવો, પરોપકાર કરવો અને સર્વ ક્રિયામાં યતના (જયણા) રાખવી - આ સર્વ શ્રાવકનાં કર્તવ્ય છે. ૫૪૪.

## ૩૩૪ પ્રચાર કરવા યોગ્ય પાંચ પ્રકાર

**पूआ[१] पच्चक्खाणं[२], पडिक्कमणं[३] पोसहो[४] परोवयारो[५] य ।**
**पंच पयारा चित्ते, न पयारो तस्स संसारे ।।५४५।।**

જિનેશ્વરની પૂજા ૧, પચ્ચખ્ખાણ ૨, પ્રતિક્રમણ ૩, પૌષધ વ્રત ૪ અને પરોપકાર ૫ - આ પાંચ પ્રકાર જેના ચિત્તમાં હોય તેનો સંસારમાં પ્રચાર થતો નથી, એટલે કે તે ચિરકાળ સંસારમાં ભ્રમણ કરતો નથી - સ્વલ્પ કાળમાં મોક્ષ પામે છે. ૫૪૫.

## ૩૩૫ બાર ચક્રવર્તીના શરીરનું માન

**पणसय धणुह भरहे[१], चउसद्वी धणुह सगरतणुमाणं[२] ।**
**बायलीसं मघवो[३], सणंकुमारो य इयगालं[४] ।।५४६।।**
**संती[५] कुंथू[६] अरहा[७], चत्तालीस पणतीस तीसा य ।**
**अट्ठावीस चउवीसा, धणू सुभूमो[८] महापउमो[९] ।।५४७।।**
**इय चक्कियतणुमाणं, हरिसेणो[१०] जयस्स[११] बंभदत्तस्स[१२] ।**
**पन्नरस बारस सत्त - धणु गाहा आगमे भणिया ।।५४८।।**

૧ ભરત ચક્રવર્તીની કાયાનું માન પાંચસો ધનુષ, ૨ સગર ચક્રીના શરીરનું માન સાડા ચારસો ધનુષ, ૩ મઘવા ચક્રવર્તીનું બેંતાળીશ ધનુષ, ૪ સનત્કુમારનું એકતાળીશ ધનુષ, ૫ શાંતિનાથનું ચાળીશ ધનુષ, ૬ કુંથુનાથનું પાંત્રીશ ધનુષ, ૭ અરનાથનું ત્રીશ ધનુષ, ૮ સુભૂમ ચક્રીનું અઠ્ઠાવીશ ધનુષ, ૯ મહાપદ્મ ચક્રવર્તીનું ચોવીશ ધનુષ, ૧૦ હરિષેણ ચક્રીનું પંદર ધનુષ, ૧૧ જય ચક્રીનું બાર ધનુષ, ૧૨ બ્રહ્મદત્તનું સાત ધનુષ - આ પ્રમાણે આ ભરત ક્ષેત્રમાં આ અવસર્પિણીમાં થયેલા બારે ચક્રવર્તીઓના શરીરની અવગાહના આગમને વિષે કહેલી છે. ૫૪૬-૫૪૭-૫૪૮.

## ૩૩૬ કર્તાનું નામ-સ્થાન-ગુરૂનું નામ વિગેરે.

**गुज्जरजणवयमज्झे, लोलवाडय नाम पुर पसिद्ध ।**
**अंचलगणिनायकसिरि-गुणनिहाणसुरीउवएसे ।।५४९।।**

**हरिसभरे हरिससूरिए, बडुए रयणसंचयं सुकयं ।**
**सुयसायरा उद्धरिओ, नंदउ जा दुप्पसहसूरि ॥५५०॥**

ગુજરાત દેશની મધ્યે લોલપાટક નામના પ્રસિદ્ધ પુરમાં અંચલગચ્છના નાયક ગણિ શ્રી ગુણનિધાન સૂરિના ઉપદેશથી હર્ષના સમૂહવાળા હર્ષસૂરિ નામના બટુકે (શિષ્યે) શ્રુતસાગરથી ઉદ્ધરીને આ રત્નસંચય નામનો ગ્રંથ સારી રીતે તૈયાર કર્યો છે. તે દુપ્પસહ સૂરિ મહારાજા થાય ત્યાં સુધી જયવંત વર્તો. ૫૪૯-૫૫૦.

**તપચક્રવર્તી, અચલગચ્છાધિપતિ**
**પ.પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરિ પુણ્ય પ્રભાવક સામ્રાજ્યે**
**તત્ આજ્ઞાનુવર્તીની શાસન પ્રભાવિકા પ.પૂ.સા. જયલક્ષ્મીશ્રીજી મ.સા.**
**સુશિષ્યા સા. જયદર્શિતાશ્રીજી ઉપદેશેન**
**ગુણોદયસાગરસૂરિ સૂવર્ણ વરસીતપ મહામહોત્સવ વર્ષે**
**શ્રી અચલગચ્છાધિપતિશ્રી ગુણનિધાનસૂરિ શિષ્ય**
**શ્રી હર્ષનિધાનસૂરિ વિરચિત (સંગૃહિત)**
**શ્રી રત્નસંચય ગ્રંથ સભાષાંતર**
**વિશેષાર્થ સંયુક્ત પુનઃ પ્રકાશિત.**
**વિ.સં. ૨૦૭૩ - ઈ.સ. ૨૦૧૭**